સાંજના ગુજરાતી અખબારોમાં સૌથી વધુ નકલોનો ફેલાવો ધરાવતું...

સાંજ સમાચાર

ચૈત્ર વદ – ૯ | પાના : ૧૬ | રૂા. ૪.૦૦ સ્થાપક : બાબુભાઈ શાહ તા. ૨–૫–૨૦૨૪ – ગુરૂવાર | રાજકોટ (સીટી)

વર્ષ : ૩૮ અંક : ૨૧૪ RNI Reg.No 46322/86. Reg.No Rajkot/266/2023 PST:RMS-RJT તંત્રી : પ્રદિપભાઈ નરોત્તમદાસ શાહ sanjsamachar@gmail.com | sanjsamachar.net | SANJ SAMACHAR - RAJKOT

મોદી કમલમમાં; વધુ મતદાન, વહેલું મતદાન, રાજ્ય ભાજપ માટે જીતનો મંત્ર બની રહેશે ૧૬

ડ્રાયફ્રુટ સુકી કચોરી
MGC
મધુભાઈ ગોરધનભાઈ ચેવડાવાળા
લીમડા ચોક • રૈયા રોડ • કોઠારીયા રોડ • અમીન માર્ગ
નાના મોવા રોડ • જામનગર રોડ • આનંદ બંગલા ચોક
કુવાડવા રોડ • બાપા સીતારામ ચોક • યુનીવર્સીટી રોડ

સૌરાષ્ટ્રે મને પ્રથમ વખત ધારાસભ્ય બનાવ્યો, કંઈ કાચો પડયો હોય તો કહેજોઃ ટંકાર

શાહજાદાને વડાપ્રધાન બનાવવા પાકિસ્તાનને ઉતાવળ છેઃ મોદી

ગુજરાતમાં ચૂંટણી પ્રચારના બીજા દિવસે આણંદ બાદ સૌરાષ્ટ્રમાં સુરેન્દ્રનગર–જુનાગઢમાં વડાપ્રધાનનું કોંગ્રેસ પર કાર્પેટ બોમ્બીંગઃ ધર્મ આધારીત અનામત નહી આપે તે કોંગ્રેસ લેખીતમાં આપેઃ પડકાર

મે કલમ ૩૭૦ નાબુદ કરી સરદાર પટેલ સાહેબના સ્વપ્નને સાકાર કર્યું છેઃ પાક.ને પણ હડફેટમાં લેતા મોદીઃ જે એક દિવસ બોમ્બ લઈને ફરતુ હતુ તેના હાથમાં આજે કટોરો છે

રાજકોટઃ ગુજરાતમાં રસપ્રદ બની રહેલી લોકસભા ચૂંટણીમાં રાજ્યમાં ફરી એક વખત ભાજપ અને મોદીનો વેવ સર્જનાર બે દિવસના ચૂંટણી પ્રચારમાં આજે અંતિમ દિવસે વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદીએ એક તરફ અનામત મુદ્દે કોંગ્રેસ સહીત ઈન્ડી ગઠબંધનને પડકાર ફેંક્યો હતો. સાથોસાથ કાશ્મીરની કલમ ૩૭૦ની નાબુદી કરીને તેમની સરકારે સરદાર વલ્લભભાઈ પટેલના સ્વપ્નને સાકાર કર્યુ હોવાનું જણાવ્યું હતું. ગઈકાલથી જ રાજ્યનો વાયુવેગે પ્રચાર કરી રહેલા શ્રી મોદીએ આજે પહેલા આણંદ અને બાદમાં સૌરાષ્ટ્રમાં સુરેન્દ્રનગર તથા જુનાગઢમાં જંગી મેદનીને સંબોધી હતી અને સાંજે તેઓ જામનગરમાં પણ સભાને સંબોધશે. શ્રી મોદીએ સુરેન્દ્રનગરની સભામાં હકડેઠઠ મેદનીને સંબોધનમાં કહ્યું કે ૧૦ વર્ષ પુર્વે દુનિયા ભારતને કંગાળ દેશ તરીકે જોતી હતી આજે આપણો વિશ્વમાં ડંકો વાગી રહ્યો છે. શ્રી મોદીએ કોંગ્રેસને રોંગ ડીલીવરી પાર્ટી તરીકે પણ ઓળખાવી હતી અને પાકિસ્તાન પર પણ જબરા

(અનુસંધાન છઠ્ઠા પાને)

કોંગ્રેસ રોંગ ડીલીવરી પાર્ટીઃ કટાક્ષ

કોંગ્રેસ હંમેશા રોંગ ડિલીવરી વારી પાર્ટી છે, દેશને આઝાદી અપાવવાની હતી, તો તેઓએ દેશના ભાગલા પાડી નાખ્યા, દેશનો વિકાસ કરવાનો હતો એના બદલે જે હતું તે પણ લૂંટી લીધું. ગરીબોના રૂપિયા ગરીબો પાસે જવા જોઈએ તેના બદલે કોંગ્રેસની તીજોરીમાં પહોંચી ગયા.

સિધ્ધુ મુઝેવાલા મર્ડરના માસ્ટર માઈન્ડની હત્યામાં ખુલાસો

અમેરિકામાં ફાયરીંગમાં ગેંગસ્ટર ગોલ્ડી બ્રાર નહીં, અન્ય શખ્સ માર્યો ગયેલો

ફાયરીંગમાં મરનાર આફ્રિકી શખ્સ ગ્લેડને

નવીદિલ્હી તા.૨

સિધ્ધુ મુઝેવાલા મર્ડરનો માસ્ટર માઈન્ડ ગોલ્ડી બ્રારની અમેરિકામાં હત્યાની ખબર આવી હતી. પરંતુ માર્યો ગયેલો શખ્સ ગોલ્ડી બ્રાર નહીં પણ એક આફ્રિકી શખ્સ ગ્લેડને હોવાનું બહાર આવ્યું છે. જ્યારે બીજી બાજુ ગોલ્ડી બ્રાર જીવતો છે.

આ અંગેની વિગત મુજબ સિધ્ધુ મુસેવાલા મર્ડર કેસનો માસ્ટર માઈન્ડ ગોલ્ડી બ્રારની અમેરિકામાં હત્યા થઈ હોવાની ખબરો આવી હતી અને આ હત્યા હરીફ ગેંગ અર્શ ડલ્લા ગેંગે કરી

(અનુસંધાન છઠ્ઠા પાને)

એપ્રિલ મહિનો છેલ્લા ૧૨૩ વર્ષોનો સૌથી 'ગરમ' રહ્યો

મે મહિનામાં ૧૧ દિવસ હિટવેવની હાલત રહેશેઃ ગુજરાતમાં તા. ૮ થી ૧૧ આકરી ગરમી પડશે

સમગ્ર મે માસમાં તાપમાન નોર્મલ કરતા ઉંચુ રહેશેઃ હવામાન ખાતાની આગાહી

નવી દિલ્હી તા.૨

ભારતમાં ઉનાળો ઘણો આકરો નિવડી રહ્યો છે.એપ્રિલ મહિનામાં સરેરાશ ઉંચા તાપમાનનો ૧૨૭ વર્ષનો રેકોર્ડ તૂટયો છે અને મે મહિનાનું તાપમાન પણ નોર્મલ કરતા ઉંચુ રહેવા સાથે ૧૧ દિવસ હીટવેવની હાલત રહેવાની આગાહી હવામાન વિભાગે કરી છે.

ભારતીય હવામાન વિભાગ દ્વારા ચાલુ મે મહિનાનાં સંભવીત તાપમાનનો

રીપોર્ટ જારી કરવામાં આવ્યો છે. વેધશાળાનાં વડા મૃત્યુંજય મહાપાત્રએ કહ્યું કે એપ્રિલમાં તા.૫ થી ૭ અને પછી ૧૫ થી ૩૦ તારીખ દરમ્યાન બે તબકકામાં લુ–હીટવેવની સ્થિતિ સર્જાઈ હતી. સરેરાશ મહતમ તાપમાન ૩૧ ડીગ્રી નોંધાયુ હતું. પૂર્વ તથા પૂર્વોતમ ભારતમાં સરેરાશ ન્યુનતમ તાપમાન ૨૮.૦૨ ડીગ્રી નોંધાયુ હતું. ૧૯૦૧ પછીના ૧૨૩ વર્ષોમાં પ્રથમ વખત

(અનુસંધાન છઠ્ઠા પાને)

તમામ મસાલાની કવોલીટી ચકાસવા રાજ્યોને આદેશ

એમડીએચ તથા એવરેસ્ટ બ્રાન્ડના મસાલાના વિવાદ બાદ કેન્દ્ર સરકારનો આદેશ

નવી દિલ્હી તા.૨

ભારતમાંથી નિકાસ થયેલા એમડીએચ તથા એવરેસ્ટ બ્રાંડનાં મસાલા કેટલાંક દેશોએ રીજેકટ કરતા સર્જાયેલા વિવાદના પગલે કેન્દ્ર સરકારે તમામ રાજ્યોને મસાલાની કવોલીટી ચકાસવાનો આદેશ કર્યો છે.

એમડીએચ તથા એવરેસ્ટ બ્રાંડના મસાલાના વિવાદ બાદ ભારતીય સ્પાઈસ બોર્ડ તથા ફૂડ સેફ્ટી એન્ડ સ્ટાન્ર્ડ ઓથોરીટી ઓફ ઈન્ડીયાએ કેટલાંક સેમ્પલ લીધા હતા છતા ત્યારબાદ કવોલીટી વિશે કોઈ સતાવાર નિવેદન કરવામાં આવ્યું છે.

ઉતરાખંડમાં ફૂડ સેફ્ટી કમીશ્નર ડો.આર.રાજેશકુમારે રાજ્યમાં ઉત્પાદીત તમામ મસાલાની ચકાસણી કરવાનો આદેશ કર્યો હતો.રાજ્યમાં ૫૦ થી વધુ મસાલા ઉત્પાદકો છે.૧૩ જીલ્લાનાં તમામ ઉત્પાદન કેન્દ્રોમાં તપાસ કરીને સેમ્પલ લેવાની સુચના આપવામાં આવી છે. ચેકીંગ કવોલીટી રીપોર્ટનાં આધારે આગળની કાર્યવાહી થશે.

એમડીએચનાં તથા એવરેસ્ટ મસાલાનાં વિવાદથી અર્ધોઅર્ધ મસાલા

(અનુસંધાન છઠ્ઠા પાને)

ઓનલાઈન મંગાવેલા ઈલેકટ્રોનિક પ્રોડકટના પાર્સલમાં બ્લાસ્ટ : પિતા-પુત્રીના મોત

સાબરકાંઠાના વડાલીનો બનાવ : પાર્સલમાં ઈલેકટ્રોનિક પ્રોડકટ આવતા પરિવારના સભ્યો સાથે બેસીને તે ખોલવા બેઠા ત્યાં જ પ્રચંડ ધડાકો થયો : અન્ય બે બાળકીઓ પણ ગંભીર રીતે ઘાયલ : પોલીસ કાફલો ઘસી ગયો : બોમ્બની શંકાનો ઈન્કાર

હિંમતનગર, તા. ૨

ગુજરાતના સાબરકાંઠા જિલ્લામાં ઓનલાઈન મંગાવેલ પાર્સલમાં એકાએક પ્રચંડ વિસ્ફોટ થતા ૧૧ વર્ષની તરૂણી સહિત બે લોકોના મૃત્યુ નિપજ્યા હતા. પાર્સલમાં ઈલેકટ્રોનિક પ્રોડકટ મંગાવવામાં આવી હતી અને તેમાં વિસ્ફોટ થયો હતો. ઘટનાની જાણ થતા પોલીસ કાફલો ઘસી ગયો હતો અને એફએસએલ નિષ્ણાંતો મારફત તપાસ શરૂ કરવામાં આવી હતી.

આ ચોંકાવનારા બનાવ અંગે જાણવા મળતી વિગતો પ્રમાણે સાબરકાંઠા જિલ્લાના વડાલીમાં જીતુભાઈ વણઝારા નામના પરિવાર દ્વારા ઈલેકટ્રોનિક પ્રોડકટ ઓનલાઈન મંગાવવામાં આવી હતી. આજે સવારે આ ઈલેકટ્રોનિક પ્રોડકટનું પાર્સલ આવ્યું હતું જે ખોલતાની સાથે પ્રચંડ ધડાકો થયો હતો અને તેમાં બે લોકોના મોત થયા હતા અને અન્ય બે બાળકીઓ ગંભીર રીતે ઘાયલ થતા સારવાર માટે હોસ્પિટલમાં ખસેડવામાં આવી છે.

આજે સવારે જીતેન્દ્રભાઈ વણઝારાના ઘરે ઈલેકટ્રોનિક પ્રોડકટનું પાર્સલ આવતા જ પરિવારના સભ્યોએ ભેગા બેસીને તે ખોલવાનું શરૂ કર્યુ હતું અને તે સાથે જ પ્રચંડ ધડાકો થયો હતો.

(અનુસંધાન છઠ્ઠા પાને)

તૃતિય પુણ્યતિથીએ
શ્રદ્ધાંજલી

સ્વ.નિશિત ચંદુલાલ પટેલ
જન્મ તા: ૧૪-૦૪-૧૯૭૧ - સ્વ.તા: ૦૨-૦૫-૨૦૨૧

પરિવાર જેનું મંદિર હતું, સ્નેહ જેની શક્તિ હતી.
પરિશ્રમ જેનું કર્તવ્ય હતું. પરમાર્થ જેની ભક્તિ હતી.
ધર્મ કદી ભૂલ્યા નહીં, વ્યવહાર કદી ચૂક્યા નહીં.
પરિવાર માટે ફૂલો પાથરી ગયા એવા દિવ્યાત્માને
અમો સૌ છત્રાળા પરિવાર શ્રધ્ધાંજલી અર્પીએ છીએ.

ચંદુલાલ રવજીભાઈ છત્રાળા
પરિવારનાં જયશ્રી કૃષ્ણ

સેબીએ મ્યુચ્યુઅલ ફંડ ખાતાના રોકાણકારોને આપી રાહત

મ્યુચ્યુઅલ ફંડમાં જોઈન્ટ ખાતાઓ માટે હવે નોમીનેશન વૈકલ્પિક

વ્યક્તિગત મ્યુચ્યુઅલ ફંડ હોલ્ડર્સ માટે નોમિની જરૂરી

મુંબઈ તા.૨

કેપિટલ માર્કેટ રેગ્યુલેટર સિકયોરિટીઝ એન્ડ એકસચેન્જ બોર્ડ ઓફ ઈન્ડિયા (સેબી)એ સંયુકત (જોઈન્ટ) રીતે રાખવામાં આવતા મ્યુચ્યુઅલ ફંડ ખાતા માટે કોઈ વ્યકિતનું નોમીનેશન કરવું ઓપ્શનલ (વૈકલ્પિક) બનાવી દીધું છે.

સેબીએ આ પગલુ એક વર્કીંગ ગ્રુપ દ્વારા મ્યુચ્યુઅલ ફંડ રેગ્યુલેશનની સમીક્ષ કરવા અને કારોબારને સરળ બનાવવા માટે ઉપાયોની ભલામણ કર્યા બાદ ઉઠાવ્યું છે. નિષ્ણાંતોનું માનવું છે કે જોઈન્ટ ફોલિયો હોલ્ડર્સ માટે કોઈને નોમિનેટ કરવાની જરૂરિયાતોમાં આ છુટ ફાયદાકારક હશે. આથી જીવિત સભ્યને નોમીનેટ માનવામાં આવશે અને નોમિનેશનની પ્રોસેસ સરળ બનશે.

વ્યક્તિગત મ્યુચ્યુઅલ ફંડ હોલ્ડર્સ માટે નોમિની જરૂરીઃ આ સાથે જ રેગ્યુલેટરે બધા મોજૂદ વ્યક્તિગત મ્યુચ્યુઅલ ફંડ હોલ્ડર્સ માટે કોઈપણ વ્યક્તિને નોમિનેટ કરવાની છેલ્લી તારીખ ૩૦ જૂન ૨૦૨૪ નકકી કરાઈ છે. જો તે તેનું પાલન કરવામાં વિફળ રહે છે તો તેમના એકાઉન્ટસ ઉપાડ માટે 'ફ્રીઝ' કરી દેવામાં આવશે.

આ છૂટ ફાયદાકારક રહેશે?: મ્યુચ્યુઅલ ફંડ હોલ્ડર્સ માટે નોમિની અનિવાર્ય કરવામાં આવ્યા બાદ રોકાણકાર નોમિનેશન પ્રોસેસમાં લાગેલા છે. આ દરમિયાન રોકાણકારોને લાગ્યું કે જોઈન્ટ રીતે રાખવામાં આવેલ મ્યુચ્યુઅલ ફંડ એકાઉન્ટમાં જે જીવિત સભ્ય છે તે ઓટોમેટીક રીતે નોમિની જ માનવામાં આવશે.

હવે ફંડ મેનેજમેન્ટનો ખર્ચ ઓછો થશે

સેબીએ ફંડ મેનેજરનાં સંબંધમાં હાલની જોગવાઈને સરળ બનાવવાની પ્રક્રિયા શરૂ કરી છે. જે અંતર્ગત સેબીએ 'ફંડ હાઉસ'ને કોમોડીટી અને રોકાણની દેખરેખ માટે એક જ 'ફંડ મેનેજર'રાખવાની મંજુરી આપી છે. આથી તેના મેનેજમેન્ટનો ખર્ચ ઓછો આવશે. સેબીએ જણાવ્યું હતું કે કોમોડીટી આધારીત ફંડ જેમ કે ગોલ્ડ ઈટીએફ (એકસચેંજ ટ્રેડેડ ફંડ) સિલ્વર એટીએફ અને કોમોડીટી બજારમાં ભાગ લેનાર અન્ય ફંડ માટે સમર્પિત ફંડ મેનેજરની નિયુકિત વૈકલ્પિક હશે.ઘરેલુ અને વિદેશી કોમોડીટી ફંડ માટે એક ફંડ મેનેજરની નિયુકિતનું લક્ષ્ય તેના મેનેજમેન્ટનાં ખર્ચને ઘટાડવાનો છે.

Kaneriya Oil Industries
www.ranioil.com
Since 1979
રેસિપી હોય દાદીની... કે નાનીની... કે મમ્મીની...
સિંગતેલ તો રાણીનું જ!
બારેમાસ બેમિસાલ અસ્સલ અથાણાં
બનાવવાં આજે જ તમારા ઘરે લઈ આવો.
RANI®
GOLD સિંગતેલ

કંપની રીટેલ આઉટલેટ • રાજકોટ સીટી :- ગોકુલ ધામ : 0281-2333499, 2360201 જવાહર રોડ : 0281-2222700/800
રૈયા રોડ : 97125 72000, 97125 73000 • શાપર : 97273 83000/84000/85000
• અમદાવાદ સીટી :- ચોખા બજારની સામે, કાલુપુર. 72111 51781/82
SMART BAZAAR | big basket પર પણ ઉપલબ્ધ

રિપબ્લિક ફર્સ્ટ બેંકની નાદારી : અમેરિકન બેન્કિંગ સેક્ટર પર તોળાતી કટોકટી!

અમેરિકામાં ૩૨ શાખાઓ ધરાવતી રિપબ્લિક ફર્સ્ટ બેંક નાદાર થઇ છે. અમેરિકાના નિયમનકારોએ રિપબ્લિક ફર્સ્ટ બેંકની લગામ પોતાના હાથમાં લીધી બાદ તેને ફુલટન બેંકને વેચી દીધી છે. ગયા વર્ષે, પ્રાદેશિક બેંકિંગ કટોકટીના કારણે અમેરિકામાં પાંચ બેંકો નાદાર થઈ ગઈ હતી. ત્યારથી ઘણી પ્રાદેશિક બેંકો દબાણ હેઠળ છે. તેનો પ્રથમ શિકાર રિપબ્લિક ફર્સ્ટ બેંક ઓફ ફિલાડેલ્ફિયા બની છે.

એક તરફ ચીનમાં બેન્કિંગથી લઈને રિયલ એસ્ટેટની કટોકટી ચરમસીમા પર છે તો અમેરિકામાં પણ બેંકિંગ કટોકટી વધુ ઘેરી બની છે. આ વર્ષે અમેરિકાની પહેલી બેન્ક નાદાર થઇ ગઇ છે. અમેરિકામાં ૩૨ શાખાઓ ધરાવતી રિપબ્લિક ફર્સ્ટ બેંક નાદાર થઇ છે. અમેરિકાના નિયમનકારોએ રિપબ્લિક ફર્સ્ટ બેંકની લગામ પોતાના હાથમાં લીધી બાદ તેને ફુલટન બેંકને વેચી દીધી છે. ગયા વર્ષે, પ્રાદેશિક બેંકિંગ કટોકટીના કારણે અમેરિકામાં પાંચ બેંકો નાદાર થઈ ગઈ હતી. ત્યારથી ઘણી પ્રાદેશિક બેંકો દબાણ હેઠળ છે. તેનો પ્રથમ શિકાર રિપબ્લિક ફર્સ્ટ બેંક ઓફ ફિલાડેલ્ફિયા બની છે.

અમેરિકન બેંકિંગ ક્ષેત્રની કટોકટી હળવી થઇ નથી એ વાતને પુરવાર કરતા હોય એમ ગયા શુક્રવારે યુએસ નિયમનકારોએ રિપબ્લિક ફર્સ્ટ બેન્કોર્પને જપ્ત કરી લીધું હતું. એ બેન્કને ફુલટન બેન્કને વેચવા માટે સહમતી દેખાડી હતી. ફુલટન બેંકે હવે રિપબ્લિક ફર્સ્ટ બેંકનો કબજો મેળવી લીધો છે. ફુલટન બેંકે આ બેંકની તમામ થાપણો અને સંપત્તિઓ ખરીદી લીધી છે. એટલું જ નહીં, શનિવારથી રિપબ્લિક ફર્સ્ટ બેંકની ૩૨ શાખાઓ પણ ફુલટન બેંક બ્રાન્ચના નામે ખોલવામાં આવી છે. આ પહેલા સિટીઝન બેંક, સિલિકોન વેલી અને સિગ્નેચર બેંક પણ બંધ થઈ ચુકી છે, રિપબ્લિક ફર્સ્ટ બેંક પાસે ૩૧ જાન્યુઆરી, ૨૦૨૪ સુધીમાં ૬ અબજ ડોલરની સંપત્તિ અને લગભગ ૪ અબજ ડોલરની થાપણો હતી. આ બેંકની નિષ્ફળતા બાદ ડિપોઝિટ ઈન્સ્યોરન્સ ફંડને લગભગ ૬૬૭ મિલિયન ડોલરનો બોજ ઉઠાવવો પડી શકે છે. યાદ રહે કે ગયા વર્ષે ૨૦૨૩ માં રિપબ્લિક ફર્સ્ટ બેંકે એક રોકાણ જૂથ સાથે સોદો કર્યો હતો, પરંતુ આ પ્રયાસ પણ ફેબ્રુઆરી ૨૦૨૪ માં નિષ્ફળ જતાં FDIC એ બેંકને જપ્ત કરીને વેચવાના પ્રયાસો ફરી શરૂ કર્યા હતા. રિપબ્લિક ફર્સ્ટ બેંકમાં કટોકટી ગયા વર્ષથી વધુ ઘેરી બની હતી. એ સમયે બેન્કે બચવા માટે નોકરીઓમાં ભારે કાપ મૂકવાનું શરૂ કર્યું હતું. એટલું જ નહીં, તે મોર્ટગેજ બિઝનેસમાંથી બહાર નીકળી ગઇ હતી. વર્ષ ૨૦૨૪ સુધીમાં, બેંકના શેર પણ ખરાબ સ્થિતિમાં હતા અને ૨૬ એપ્રિલના રોજ, બેંકના એક શેરની કિંમત ૨ ડોલરથી ઘટીને લગભગ ૧ સેન્ટ થઈ ગઈ હતી અને તેની બજાર મૂડી ઘટીને ૨૦ લાખ ડોલરથી ઘટી ગઇ હતી.

ગયા વર્ષે નવેમ્બર બાદ અમેરિકામાં પ્રથમ વખત કોઈ બેંક પડી ભાંગી છે, ત્યારપછી આયોવા સ્ટેટની સેક સિટીની સિટીઝન્સ બેંક નાદાર થઈ ગઈ હતી. રિપબ્લિક ફર્સ્ટ બેન્ક અલગ એવી ફર્સ્ટ રિપબ્લિક બેન્ક ગયા વર્ષે પડી ભાંગી હતી. આ સાન ફ્રાન્સિસ્કોની બેંક મે મહિનામાં પડી ભાંગી હતી અને તેની સંપત્તિ જેપી મોર્ગન ચેઝને વેચી દેવામાં આવી હતી. રિપબ્લિક ફર્સ્ટ બેંક એવા સમયે પડી ભાંગી છે જ્યારે પ્રાદેશિક બેંકો ખરાબ સમયમાંથી પસાર થઈ રહી છે. ઊંચા વ્યાજ દરોને કારણે ક્રેડિટ આધારિત

આ પહેલા સિટીઝન બેંક, સિલિકોન વેલી અને સિગ્નેચર બેંક પણ બંધ થઈ ચુકી છે, રિપબ્લિક ફર્સ્ટ બેંક પાસે ૩૧ જાન્યુઆરી, ૨૦૨૪ સુધીમાં ૬ અબજ ડોલરની સંપત્તિ અને લગભગ ૪ અબજ ડોલરની થાપણો હતી. આ બેંકની નિષ્ફળતા બાદ ડિપોઝિટ ઈન્સ્યોરન્સ ફંડને લગભગ ૬૬૭ મિલિયન ડોલરનો બોજ ઉઠાવવો પડી શકે છે. યાદ રહે કે ગયા વર્ષે ૨૦૨૩ માં રિપબ્લિક ફર્સ્ટ બેંકે એક રોકાણ જૂથ સાથે સોદો કર્યો હતો, પરંતુ આ પ્રયાસ પણ ફેબ્રુઆરી ૨૦૨૪ માં નિષ્ફળ જતાં FDIC એ બેંકને જપ્ત કરીને વેચવાના પ્રયાસો ફરી શરૂ કર્યા હતા.

ઉદ્યોગને ખરાબ અસર થઈ છે. ગયા વર્ષે સિલિકોન વેલી બેંકના પતન પછી બેંકિંગ કટોકટી શરૂ થઈ હતી. થોડા દિવસો પછી, સિગ્નેચર બેંક અને પછી ફર્સ્ટ રિપબ્લિક બેંક નાદાર થઈ હતી. તાજેતરમાં જ ન્યુયોર્ક કોમ્યુનિટી બેંકના શેરમાં ભારે ઉથલપાથલ જોવા મળી હતી. બેંકે કહ્યું હતું કે તેને કંપનીના નિયંત્રણમાં ઘણી ખામીઓ મળી છે. આ પછી, ગ્રાહકોએ ઉતાવળમાં બેંકમાંથી પૈસા ઉપાડવાનું શરૂ કર્યું. અંતે, માર્ચમાં, બેન્કને રોકાણકારો પાસેથી એક અબજ ડોલરના ઇક્વિટી રોકાણની લાઇફલાઇન મળી. બેંકના રોકાણકારોમાં ભૂતપૂર્વ ટ્રેઝરી સેક્રેટરી સ્ટીવન મનુચીનની કંપની લિબર્ટી સ્ટ્રેટેજિક કેપિટલનો સમાવેશ થાય છે. અમેરિકામાં બેન્કો કાચી પડી રહી છે, એ બેન્કિંગ સેક્ટરની કટોકટી ઘેરી બનાવી રહી છે. બેન્કોની નિષ્ફળતા પાછળ ઘણા કારણો છે, પરંતુ તેમાંથી સૌથી મોટું કારણ મિલકત સામે લીધેલી બાકી લોનના મૂલ્યમાં સતત ઘટાડો છે. નોંધનીય છે કે ઉચ્ચ સ્તરના વ્યાજ દરો (યુએસ પોલિસી રેટ) અને કોમર્શિયલ રિયલ એસ્ટેટના મૂલ્યમાં ઘટાડાથી ઘણી પ્રાદેશિક અને સામુદાયિક બેંકો માટે નાણાકીય જોખમ વધ્યું છે.

ગયા વર્ષે અમેરિકામાં ૫ બેંકો કાચી પડી હતી, આ વર્ષે તેની શરૂઆત રિપબ્લિક ફર્સ્ટ બેંકથી થઈ હતી. અમેરિકાની સેન્ટ્રલ બેન્કે લોકોને સરળ નાણાં અને જંગી લિક્વિડીટીની લત લગાડી છે. એ કારણે લોકો લોન લેતા રહ્યા હતા. પરંતુ હવે સેન્ટ્રલ બેન્ક ફુગાવાને કાબૂમાં રાખવા માટે નીતિને વધુ કડક બનાવી રહી છે, જેના કારણે અમેરિકામાં નાણાકીય વ્યવસ્થામાં કટોકટી સર્જાઈ રહી છે. બેંકોની ખોટ વધી રહી છે. લોકો બેંકમાંથી પૈસા ઉપાડી રહ્યા છે તો ઊંચા વ્યાજદરના કારણે લોનનું વિતરણ કરવું મુશ્કેલ બની રહ્યું છે. નિષ્ણાતો કહે છે કે લગભગ એક દાયકાથી કેન્દ્રીય બેંકોએ લોકોને સરળ નાણાં અને જંગી લિક્વિડિટીના વ્યસની બનાવી દીધા છે. હવે તેઓ નીતિને કડક બનાવી રહ્યા છે જેના કારણે નાણાકીય વ્યવસ્થામાં કટોકટી સર્જાઈ છે.

લાઈવ WIRE
પરેશ ભટ્ટ
bhattparakh@yahoo.com

અમેરિકન બેંકોને વર્ષ ૨૦૨૨માં ૬૨૦ અબજ ડોલરનું નુકસાન થયું હતું. યુએસ ફેડરલ રિઝર્વ દ્વારા ફુગાવાને અંકુશમાં લેવા માટે જે રીતે વ્યાજદરમાં વધારો કરવામાં આવ્યો હતો તેના કારણે બેંકોની હાલત કફોડી બની હતી. જો કે હવે અમેરિકાની આ નાણાકીય કટોકટીની અસર પણ વૈશ્વિક ઇકોનોમી ઉપર પડશે એમાં કોઇ શંકા નથી. આજે શેરબજારમાં પણ એના પડઘા પડે તો નવાઇ પામવા જેવું નથી. અમેરિકાએ તેની બેન્કિંગ સેક્ટરને મજબુત બનાવવું પડશે, તો મંદીના માહોલની આગાહીને ખોટી પાડી શકાશે.

નિષ્ણાતો કહે છે કે લગભગ એક દાયકાથી કેન્દ્રીય બેંકોએ લોકોને સરળ નાણાં અને જંગી લિક્વિડિટીના વ્યસની બનાવી દીધા છે. હવે તેઓ નીતિને કડક બનાવી રહ્યા છે જેના કારણે નાણાકીય વ્યવસ્થામાં કટોકટી સર્જાઈ છે. અમેરિકન બેંકોને વર્ષ ૨૦૨૨માં ૬૨૦ અબજ ડોલરનું નુકસાન થયું હતું. યુએસ ફેડરલ રિઝર્વ દ્વારા ફુગાવાને અંકુશમાં લેવા માટે જે રીતે વ્યાજદરમાં વધારો કરવામાં આવ્યો હતો તેના કારણે બેંકોની હાલત કફોડી બની હતી.

દેશમાંથી તો ઠીક, વિદેશમાં પણ વિવાદ ચાલતો હતો

હરિપ્રસાદ સ્વામીની વારસાઈના કાનૂની જંગમાં ન્યૂઝિલેન્ડ કોર્ટનો હરિપ્રબોધમ પરિવારની તરફેણમાં ચૂકાદો

ન્યૂઝિલેન્ડ યોગી ડિવાઈન સોસાયટી ટ્રસ્ટની સંસ્થાકીય અને ટ્રસ્ટની જવાબદારી હરિપ્રબોધમ પરિવાર સંભાળશે



વેલિંગટન : હરિધામ સોખડાને ગુજરાતના ટોચના તીર્થક્ષેત્ર બનાવનાર હરિપ્રસાદ સ્વામીના બ્રહ્મલીન થયા બાદ છેલ્લા ઘણા સમયથી સંતોના બે જૂથ વચ્ચે ગાદી અને ૭ મંદિરના વહીવટને લઈને વિવાદ ચાલી રહ્યો છે. જેમાં એક તરફ બ્રહ્મલીન હરિપ્રસાદ સ્વામીના ગુરૂભાઈ પ્રેમસ્વરૂપ સ્વામી છે તો બીજી તરફ હરિપ્રસાદ સ્વામીના શિષ્ય પ્રબોધ સ્વામી છે.

સોખડા સ્વામિનારાયણ મંદિરના નવા ગાદીપતિ તરીકે પ્રેમસ્વરૂપદાસ સ્વામીની નિમણુંક કરવામાં આવી હતી. ત્યારે બે સ્વામિનારાયણ સંતોની આધ્યાત્મિક વારસાની લડાઈ વિદેશની કોર્ટમાં પણ ચાલી રહી હતી. ન્યુઝીલેન્ડ કોર્ટમાં ચાલી રહેલા લડાઈના અંતે આખરે ચુકાદો હરિપ્રબોધમ પરિવારનાં તરફે આવ્યો છે.

સોખડા સ્વામિનારાયણ સંપ્રદાયના સ્થાપક હરિપ્રસાદ સ્વામી પહેલા બોચાસણવાસી અક્ષર પુરુષોત્તમ સ્વામીનારાયણ સંસ્થા સાથે જોડાયેલા હતાં. તેમણે વર્ષ ૧૯૭૧માં સોખડા ખાતે પ્રથમ ૫ સંતોને દીક્ષા આપીને સંપ્રદાયની શરૂઆત કરી હતી. જુલાઈ ૨૦૨૧માં હરિપ્રસાદસ્વામીના નિધન બાદ તેમના વારસદારની નિમણૂક માટે ૨ સંતો (પ્રબોધ સ્વામી અને પ્રેમ સ્વામી) ના સમર્થકોએ પોતપોતાના ગુરૂને દાવેદાર તરીકે રજૂ કરતાં વિવાદ થયો હતો. આ વિવાદ એટલી હદે વકર્યો છે કે હવે ૧૫૦ મોટા સંતોમાં પણ ભાગલા પડી ગયા છે અને મુખ્ય ગુરૂની ગાદી માટે પ્રબોધસ્વામી અને પ્રેમસ્વરૂપ સ્વામીના ભક્તો બે જૂથમાં વહેંચાઈ ગયા છે.

વડોદરાના હરિધામ સોખડા મંદિરના બે સંતોનો વિવાદ વિદેશમાં પહોંચ્યો હતો. હરિપ્રસાદ સ્વામીના અવસાન બાદ બે સંતો વચ્ચે આધ્યામિક વારસાઈ માટે લડાઈ ચાલતી હતી. બે સંતો વચ્ચેની લડાઈ અંગે વડોદરા કોર્ટમાં પણ પિટિશન દાખલ થઈ હતી.

બે સંતોની કાયદાકીય લડાઈ ભારત સુધી સીમિત ન રહી, વિદેશ સુધી પહોંચી હતી. ન્યુઝીલેન્ડની હાઈકોર્ટમાં સોખડાના પ્રેમ સ્વરૂપસ્વામી જૂથ દ્વારા પિટીશન દાખલ કરાઈ હતી. યોગી ડિવાઈન સોસાયટી ન્યુઝીલેન્ડના સંચાલન, વહીવટ તેમજ સત્સર્ગે કેન્દ્ર માટે પિટીશન દાખલ કરવામાં આવી હતી.

ધામના કપાટ ૧૨મેએ ખુલી રહ્યા છે ત્યારે...

બદ્રીનાથ ધામની યાત્રા શ્રધ્ધાળુઓ માટે બનશે વધુ સુગમઃ આસ્થા પથ બનીને થયો તૈયાર

ધામમાં નવા આંતરિક માર્ગોનું પણ નિર્માણકાર્ય ચાલુ

ચમોલી તા.૨

બદ્રીનાથ ધામનાં કપાટ ૧૨ મેના રોજ શ્રધ્ધાળુઓ માટે ખુલશે. જિલ્લા પ્રશાસન યાત્રા સાથે જોડાયેલા વિભાગો સાથે ચારધામ યાત્રાની તૈયારીઓમાં લાગ્યુ છે. યાત્રા માર્ગને સુગમ અને સુરક્ષિત બનાવવા માટે સડક માર્ગનું સુધારીકરણ અને હાઈવે પરથી કાટમાળના નિકાલનું કામ ચાલુ છે. બદરીશપુરીમાં શ્રધ્ધાળુઓ માટે વીજળી, પાણી, રાત્રી વિજ્ઞાન સહીત મુળભૂત સુવિધાઓ બહાલ કરવામાં આવી રહી છે.

બદરીનાથ ધામમાં નારાયણનાં દર્શનને વધુ સુગમ બનાવવા માટે નવો આસ્થા પક્ષ તૈયાર થઈ ગયો છે. અહી સાકેત તિરાહાથી નવો આસ્થા પથ બનાવવામાં આવ્યો છે. જેથી શ્રધ્ધાળૂઓને ઘણી સુવિધા મળશે.

બદરીનાથ ધામની યાત્રાને સુગમ, સુરક્ષિત અને સુવ્યવસ્થિત બનાવવા માટે જિલ્લાધિકારીનાં માર્ગદર્શનમાં સંબંધિત વિભાગો પોતપોતાની તૈયારીઓમાં લાગ્યા છે. નગર પંચાયત દ્વારા ધામમાં સ્વચ્છતા જાળવી રાખવા માટે સફાઈ વ્યવસ્થા પણ શરૂ કરાઈ છે.

વામણી ગામથી બદરીનાથ મંદિર સુધી પહોંચવા માટે પણ લગભગ ૩૦૦ મીટર નવા રસ્તાનું નિર્માણ કરવામાં આવી રહ્યું છે.

અહી રીવર ફ્રન્ટનાં કાર્યથી જુનો રસ્તો ક્ષતિગ્રસ્ત થઈ ગયો છે. બદરીનાથ ધામ પરિસરની આજુબાજુ હોટેલ, ધર્મશાળા અને આવાસીય મકાન હતા. હવે તેમને હટાવી દેવાયા છે. નગર પંચાયતનાં ૪૫ પર્યાવરણ મિત્ર બદરીનાથ ધામ પહોંચી ગયા છે. ધામમાં આંતરિક માર્ગોનાં નિર્માણનું કામ કરવામાં આવી રહ્યું છે.

આવતીકાલનું પંચાંગ

વિક્રમ સંવત-૨૦૮૦ : વીર સંવત- ૨૫૫૦, શાલિવાહન સંવત-૧૯૪૫
ચૈત્ર વદ-૧૦, તા.૩/૫/૨૪, શુક્રવાર

સૂર્યોદય : ૬-૧૫, સૂર્યાસ્ત : ૭-૧૨, જૈન નવકારશી : ૭.૦૩
રાશિ : કુંભ (ગ.શ.સ.ષ)

ગૌચરના ગ્રહો
સૂર્ય-મેષ, મંગળ-મીન, રાહુ-મીન, કેતુ-કન્યા, બુધ-મીન, ગુરૂ-વૃષભ, હર્ષલ-મેષ, પ્લુટો-મકર, શુક્ર-મેષ, શનિ-કુંભ, નેપ્ચ્યુન-મીન, ચંદ્ર-કુંભ

શુભ ચોઘડીયા : ચલ, શુભ, લાભ, અમૃત
અશુભ ચોઘડીયા : રોગ, કાળ, ઉદ્વેગ

રાશીફળ

મેષ : આત્મવિશ્વાસ જાળવી રાખજો, ઘર અને ઓફિસ બંનેની જવાબદારીઓ ઉપર ધ્યાન દેવું પડે, કર્જ ન કરવું.
વૃષભ : મહેનતનું ફળ મળવાનું, સીઝનલ ધંધામાં લાભ રહે, અધિકારી વર્ગનો સાથ સહકાર સારો રહેવાનો, પ્રવાસ થાય.
મિથુન : તમારી જરૂરીયાતો પૂર્ણ થવાની છે, ભાગીદારોને સહકાર દેજો, નોકરીમાં બદલીના ચાન્સ ઉભા થાય, રાજકીય લાભ રહે.
કર્ક : નવા આયોજન બાબત આગળ વધશો, ખેતીવાડી જમીનના કાર્યોમાં સફળતા મળવાની, મિત્રોથી લાભ રહેશે.
સિંહ : સંયુકત પરિવારના વ્યવસાયમાં મહત્વના ફેરફારો શકય બને, સ્વાસ્થ્ય બાબત સુધારો થાય, ધાર્મિક કાર્યમાં સફળતા.
કન્યા : આધ્યાત્મિક વિચારો પ્રબળ બનાવો, જવાબદારીઓ બાબત સજાગ રહેજો, વિદેશ જવાની તક મળે, કર્જ ન કરવું.
તુલા : મનગમતી વ્યકિત સાથે ગેરસમજો ન થાય તેનું ધ્યાન રાખજો, જરૂરીયાતોને કાબુમાં રાખજો, નોકરીમાં લાભ રહે.
વૃશ્ચિક : પરિવર્તન કરવાની ઈચ્છા ફળવાની, વધુ પડતી મહત્વકાંક્ષાને કાબુમાં રાખજો, અધિકારીઓને સાથ આપજો.
ધન : ટેલેન્ટનો લાભ સંસ્થાને મળવાનો, મનગમતી વ્યકિત સાથે પ્રવાસ થાય, સમાધાન વૃતિથી વિશેષ લાભ રહે.
મકર : તમારા પ્રયત્નો યોગ્ય છે, જરૂર સફળતા મળશે, લખાણના કાર્યોમાં અનુકુળતા રહે, સ્વાસ્થ્ય બાબત જાળવવું.
કુંભ : નવી જવાબદારીઓ નિભાવવી પડે, રોમાન્સમાં સફળતા, સંતાનોની સગાઈ લગ્નના કાર્યોમાં આગળ વધશો.
મીન : તંદુરસ્તી પ્રત્યે બેદરકારી ન રાખતા બનવાની આવકનું પ્રમાણ જળવાઈ રહેશે, પ્રેકટીકલ ખાસ જરૂર છે.

મનોરંજન સાથે જ્ઞાન વિસ્તાર કરતી આઈક્યૂ ટેસ્ટ જેવી શબ્દ રમત



આડી ચાવી
૧. 'માહી' તરીકે ઓળખાતા ક્રિકેટર (૭)
૪. અંકલ (૨)
૬. એડવાઇઝ (૩)
૭. એક કઠોળ (૨)
૮. સમાન આલોચના કરનાર (૫)
૧૧. નાટક - અમે ...ના પંખી (૩)
૧૩. ફિલ્મ : ... આજ ઔર ... (૨)
૧૫. રાજાશાહી ઠાઠવાળુ (૪)
૧૮. શર્મિલા ટાગોરની પુત્રવધુ (૬)
૧૯. ... (ગયા) જુલાઇમાં (૨)
૨૦. ફાંસી શું છે ? (૨)
૨૨. તલ્લિન (૨)
૨૩. ઓસ્કાર વિજેતા ભારતીય સંગીતકાર (૭)
૨૫. ઇશ્વરે આ અંગ બે આપ્યા છે (૨)
૨૬. રકામ - ઉંધું લખો (૩)
૨૭. માથું (૨)
૨૮. ઉતરતું, હલકું (૪)
૨૯. તલમાંથી બનતી વાનગી (૨)

ઉભી ચાવી
૧. મનમાં ને મનમાં (૪)
૨. જંગલનો રાજા (૨)
૩. પારાવાર-બેસુમાર જેવો શબ્દ (૪)
૪. ચતુર, હોશિયાર (૩)
૫. જહાં ... વહાં રાહ (૨)
૬. સત્ય-હિન્દી (૨)
૮. ફિલ્મ : હમ ... ચોર હૈ ! (૨)
૯. લફંગો - ગુજરાતી (૨)
૧૦. મોરબી પાસેનું ગામ (૪)
૧૨. ભારતીય સ્ત્રીનું પરિધાન (૨)
૧૪. ગુડ..., બેડ... (૨)
૧૬. પ્રખ્યાત, વિખ્યાત (૫)
૧૭. ...નું વતેસર (૨)
૧૮. ચાપલૂસી (૫)
૨૦. ગવર્નમેન્ટ (૪)
૨૧. અપમાનની લાગણી (૪)
૨૩. ચશ્મા (૩)
૨૪. સ્પોર્ટસ વર્લ્ડ ... જગત (૩)

શે	ખા	દ	મ	આ	બુ	વા	લા		મ
ર			જા	ગ	ર	ણ		કા	ગ
ડી	પ	વે	લ		ણ		મા	ટ	લું
	લ	વ			ની	ર	સ		
વા	ટ		મ			જા	ખ		બે
હ	વા	મ	હે	લ			મ	ગ	ર
ન	ર		મા	તા		મ	ણ	વ	ર
		શા	ન		પા	નો		લી	
શ	ના	પ		સ	ર	હ	દ		પા
	પ	ર	દા	દા		ર	મ	ઝા	ન

સુવિચાર

આનંદથી જીવી લેવું કેમ કે રોજ સાંજે સુર્ય નહિ પણ આ અનમોલ જીંદગીનો એક કિંમતી દિવસ આથમી જાય છે

આજનું ચિંતન

હિંમત હંમેશા ફાયદાકારક બને છે

હિંમત જ્યારે ઉત્કટ બને છે ત્યારે માણસ પાસે પ્રતિકૂળ સમયને અને પ્રતિકૂળ સંયોગોને ઘોળીને પી જવાનું સામર્થ્ય પ્રગટી જાય છે.

અરે, કહેવું હોય તો એમ પણ કહી શકાય કે હિંમતની ઉત્કટતા સમયને કે સંયોગને પ્રતિકૂળ માનવા તૈયાર જ હોતી નથી.

યાદ રાખજે,

કચરા વિનાનો રસ્તો હજી કદાચ મળી જાય, કીચડ વિનાની નદી અને કાંટા વિનાનું પુષ્પ હજી કદાચ મળી જાય, પણ કષ્ટો વિનાનું જીવન સજ્જનોને માટે તો સંભવિત નથી જ, પણ સંતો માટેય સુલભ નથી. અરે, ખુદ પરમાત્મા માટેય સુલભ નથી.

વાસ્તવિકતા જ્યારે આ જ છે ત્યારે આપણે એક જ પરિબળને હાથવગું રાખી શકીએ છીએ અને એ પરિબળનું નામ છે, હિંમત

હિંમત એ એવું બળવાન ઉંટ છે કે જે સહારાના રણ જેવી કષ્ટોની ઘગઘગતી રેતી વચ્ચે પણ એના પર બેસનારને સહજતાથી અને સરળતાથી મંજિલે પહોંચાડીને જ રહે છે.

- પદ્મભૂષણ જૈનાચાર્ય શ્રી રત્નસુંદરસૂરીજી મ.

સાંજ સમાચાર

દેશ - વિદેશના સચોટ સમાચાર
ઝડપથી વાંચવા માટે
આજે જ ડાઉનલોડ કરો
સાંજ સમાચાર મોબાઈલ એપ

GET IT ON Google Play

Download on the App Store

(એપ ડાઉનલોડ કરવા માટે ગુગલ પ્લે સ્ટોર અથવા એપલ એપ સ્ટોરના આઇકોન પર ક્લિક કરો)

(સોશિયલ મીડિયા પર 'સાંજ સમાચાર' ફોલો કરવા આઇકોન પર ક્લિક કરો)

96622 96699

(વોટસએપ પર સમાચાર વાંચવા માટે ઉપર આપેલ નંબર પર અત્યારે જ ''Hi'' મેસેજ કરો)

૭મી મેના ત્રીજા તબક્કા પૂર્વે સટ્ટાબજાર પણ 'જોર'માં આવવા લાગ્યું

ચૂંટણીનું સટ્ટાબજાર! ભાજપ-NDAને ૩૩૮-૩૪૨ બેઠકોનું અનુમાનઃ ગુજરાતમાં ચાર બેઠકો પર 'ફાઈટ', ભાજપને એકાદ-બે સીટ ગુમાવવી પડે

ભાજપને એકલા હાથે ૨૯૮ થી ૩૦૫ તથા કોંગ્રેસને ૪૫ થી ૪૭ બેઠકોનું અનુમાન

સટ્ટાબજારમાં ચૂંટણી ભાવ ખુલ્યા બાદ એનડીએની કુલ ૩૦ બેઠકો ઓછી થઈઃ પ્રારંભે ૩૬૫ બેઠકોનું અનુમાન લગાવાતું હતું

ભાવનગર, જામનગર, કચ્છ તથા આણંદ બેઠકોમાં ભાજપ કોંગ્રેસ વચ્ચે જોરદાર સ્પર્ધા હોવાનું બૂકીઓનું તારણ

રાજકોટ, તા.૨

દેશમાં લોકસભાની ચૂંટણીનો દોર ચાલી રહ્યો છે ગુજરાત સહિતના અનેક રાજ્યોમાં ૭મી મેના રોજ ત્રીજા તબક્કામાં ચૂંટણી યોજવાની છે તે પૂર્વે બુકી બજારમાં જોર આવવા લાગ્યું હોય તેમ સટ્ટાના દાવની સાથોસાથ ઉત્તેજના પણ વધવા લાગી છે. મતદાનના ચાર તબક્કા પૂર્ણ થયા બાદ ઘણા અંશે ચિત્ર સામે આવવા લાગશે તેવા સૂર વચ્ચે સટ્ટાબજાર હાલ ભાજપ-એનડીએને ૩૩૮-૩૪૨ બેઠકો મળવાનું અનુમાન લગાવી રહ્યું છે. મહત્વની વાત એ છે કે ચૂંટણી સટ્ટો ચાલુ થયો ત્યાર પછી ભાજપની સ્થિતિ ઘસાઈ રહી છે અને એનડીએને મળવાની સંભાવિત બેઠકોના અનુમાનમાં ૩૦ સીટોનો ઘટાડો થઇ ગયો છે.

ચૂંટણી સટ્ટા બજારના સુત્રોએ જણાવ્યું છે કે ચૂંટણીના દાવ જોર પકડવા લાગ્યા છે અને મોટા પ્રમાણમાં દાવ લાગી રહ્યા છે. ખાસ કરીને ગુજરાતમાં તમામ ૨૬ બેઠકોનું મતદાન ત્રીજા તબક્કામાં હોવાથી ગુજરાતની બેઠકોમાં પણ રસ વધી રહ્યો છે. ગુજરાતને લાગે વળગે છે ત્યાં સુધી છેલ્લી બે ટર્મથી તમામ ૨૬ બેઠકો મેળવતા ભાજપને આ વખતે એક થી બે બેઠક ગુમાવાનો વખત આવે તેવું હાલનું અનુમાન છે. આ સંજોગોમાં ભાજપને ૨૪ થી ૨૫ બેઠક મળી શકશે. ૨૦૧૪ અને ૨૦૧૯ની લોકસભાની ચૂંટણીમાં તમામ ૨૬ બેઠકો પર ભાજપે જીત મેળવી હતી તે અત્રે ઉલ્લેખનીય છે.

ભાજપને એકાદ-બે સીટ ગુમાવવાનો વખત આવે તેવા અનુમાનની સાથોસાથ સટ્ટા બજાર ગુજરાતની ચાર બેઠકો પર 'ફાઇટ' હોવાનો અંદાજ દર્શાવી રહ્યો છે. આ ચારમાંથી ત્રણ બેઠકો તો માત્ર સૌરાષ્ટ્ર-કચ્છની છે. સૌરાષ્ટ્રની ભાવનગર, જામનગર અને કચ્છ ઉપરાંત આણંદ બેઠક પર ભાજપ અને કોંગ્રેસ વચ્ચે જોરદાર મુકાબલો હોવાનું તેઓ માની રહ્યા છે.

ગરમી મોટો પડકાર સર્જી શકે

ગુજરાત 'ગઢ' હોવાથી નુકશાનીની આશંકાથી ભાજપ અત્યારથી સજાગ

રાજકોટ, તા.૨

રાજકીય સટ્ટાબજારના ખેલૈયાઓ મતદારોના માનસની સાથોસાથ કુદરતી વાતાવરણ અને રાજકીય પક્ષો દ્વારા ઘડાતી રણનીતિ પર પણ નજર રાખતા હોય છે. સટ્ટા બજારના એક નિષ્ણાંતે એમ કહ્યું કે ૭મેના રોજ યોજનારી ત્રીજા તબક્કાની ચૂંટણી વખતે આકરી ગરમી અને ઉંચુ તાપમાન રહેવાની આગાહી થઇ છે. ગુજરાતને લાગે-વળગે છે ત્યાં સુધી રાજ્ય ભાજપનો ગઢ છે. છેલ્લી બે ટર્મથી તમામ ૨૬ બેઠક પર ભાજપ વિજય મેળવી રહ્યું છે અને તે પાછળનું એક કારણ ખુબ સારુ મતદાન હોય છે. આ વખતે આકરા ઉનાળાના કારણે મતદાનમાં અસર થઇ શકે છે. ભાજપના ગઢમાં મતદાન ઓછુ થાય તો દેખીતી રીતે તેને જ નુકશાન થાય. આ સંજોગોમાં ભાજપની નેતાગીરી અત્યારથી જ સજાગ બની ગઇ છે અને શક્ય તેટલું વધુ મતદાન કરવા માટે પૂર્વ તૈયારી શરૂ કરી દેવામાં આવી છે. પરિણામ અને લીડમાં મતદાનના આંકડા પણ ભાગ ભજવી શકે છે.

જુદા જુદા કારણોના આધારે રાજકીય અનુમાન લગાવતા સટ્ટા બજારના સુત્રોએ એમ પણ કહ્યું કે ગુજરાતની અનેક બેઠકોમાં ક્ષત્રિયના વિરોધનું ફેક્ટર કામ કરી રહ્યું છે ઉપરાંત ભાજપમાં આંતરીક કલહ પણ મોટો ભાગ ભજવે છે. અમુક બેઠકમાં ભાજપમાં અંદરો-અંદરી ખાનગી લડાઇથી મુશ્કેલી છે.

સુત્રોના કહેવા પ્રમાણે લોકસભાની ચૂંટણીમાં સરકાર ભાજપ-એનડીએ બનશે તે વિશે સટ્ટાબજારમાં કોઇ શંકા નથી પરંતુ બેઠકના ગણિતમાં ઘણો ફેરફાર થતો રહ્યો છે. લોકસભાની ચૂંટણીના પ્રથમ ભાવ નીકળ્યા ત્યારે ભાજપ-એનડીએને ૩૬૫ સીટ મળવાનું અનુમાન વ્યકત થતું હતું પરંતુ હવે આ આંકડો ૩૩૮ થી ૩૪૨ પર આવી ગયો છે. અગાઉના અંદાજની સરખામણીએ ૩૦ બેઠકો ઓછી થઇ ગઇ છે. એકલા હાથે ભાજપને ૨૯૮ થી ૩૦૫ બેઠકો મળવાનું અનુમાન વ્યકત થઇ રહ્યું છે જ્યારે કોંગ્રેસને એકલા હાથે માત્ર ૪૫ થી ૪૭ બેઠકો જ મળે તેવો અત્યારનો અંદાજ છે.

તેઓએ એવી ચોખવટ કરી હતી કે ચૂંટણીના હજુ પાંચ તબક્કા બાકી છે અને સટ્ટા બજારમાં હજુ ઘણા બદલાવો અને ફેરફાર આવતા રહેવાનું નિશ્ચિત છે. ૭મી મેના ત્રીજા તબક્કાનું મતદાન છે અને ત્યારબાદ ચોથા તબક્કાનું મતદાન પૂર્ણ થયા બાદ ઘણા અંશે રાજકીય ચિત્ર સ્પષ્ટ થઇ શકશે અને ત્યારપછી ભાવમાં મોટા બદલાવ થવાની શક્યતા ઓછી થઇ જશે.



રામ, રાશન, રીઝર્વેશન (અનામત) તથા રીલીજીયન (ધર્મ) જેવા ચાર 'R' પર થતું વિશ્લેષણ

રાજકોટ, તા.૨

સટ્ટા બજારના સુત્રોએ તેમના દ્વારા થતાં રાજકીય ચૂંટણી વિશ્લેષણ વિશે એવી મહત્વની માહિતી આપતા એમ કહ્યું કે આ વખતની ચૂંટણીમાં માત્ર ગુજરાત જ નહીં સમગ્ર દેશ લેવલે ચાર 'આર' મોટો ભાગ ભજવી શકે તેમ છે અને સટ્ટા બજારના વિશ્લેષકો પણ આ ચાર ફેક્ટરને અગત્યના ગણીને તારણ કાઢી રહ્યા છે.

ચાર 'આર'માં પ્રથમ 'રામ' છે. મોદી સરકારમાં અયોધ્યામાં ભગવાન શ્રી રામનું ભવ્ય મંદિર નિર્માણ પામ્યું છે અને બે મહિના પહેલા તેનો પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવ યોજાયો હતો. રામ મંદિરનો લાભ લેવાનો ભાજપ પ્રયત્ન કરતું હોવાનું સ્પષ્ટ છે.

બીજો 'આર' રાશનનો છે. ચૂંટણી પૂર્વે મોદી સરકારે દેશના ૮૫ કરોડ જરૂરીયાતમંદોને આવતા પાંચ વર્ષ સુધી મફત રાશન આપવું જાહેર કર્યું હતું. તેનો પણ રાજકીય લાભ લેવામાં આવે તે નક્કી વાત છે.

ત્રીજો 'આર' રીઝર્વેશન (અનામત)નો છે આ મામલો ઘણો પેચીદો રહ્યો છે અને દેશભરમાં તેના વ્યાપક પ્રત્યાઘાતો પડતા હોવાનું સ્પષ્ટ છે. અમિત શાહનો ફેક વીડિયો તાજેતરમાં જ બહાર પડ્યો હતો જેમાં તેમનું અનામત વિષે ખોટું નિવેદન વાયરલ કરવામાં આવ્યું હતું. ભાજપ દ્વારા ક્યારેય અનામત દૂર નહીં થવાનું હવે જાહેર કરવામાં આવી રહ્યું છે. કોંગ્રેસ દ્વારા પણ અનામત વિશે વ્યાપક પ્રચાર કરવામાં આવે જ છે. દેશભરમાં મોટી વસ્તી ધરાવતા અનામત વર્ગમાં આ મુદ્દાની ઘણી અસર થતી હોય છે.

ચોથો 'આર' રીલીજીયન (ધર્મ)નો છે. રાજકીય પક્ષો ચૂંટણી પ્રચારમાં વખતો વખત આચાર સંહિતાની છટકબારીનો ઉપયોગ કરીને ધર્મના નામે પ્રચાર કે વિવાદ સર્જીને મત મેળવવાના પ્રયત્નો કરતાં જ હોય છે.

સુત્રોના કહેવા પ્રમાણે રામ અને રાશનના મુદ્દે ભાજપનો હાથ ઉપર છે પરંતુ અનામત અને ધર્મના ફેક્ટરમાં વિપક્ષ બરાબરની ટક્કર આપી રહ્યો છે એટલે આ ચારેય ફેક્ટરમાં કેવા વળાંક આવે છે તે પણ આવતા દિવસોમાં મહત્વનું રહેશે.

અમદાવાદમાં ઓલિમ્પિકની તૈયારીઓ શરૂ? એરપોર્ટમાં ૨૨ નવા ચેક ઈન કાઉન્ટર તૈયાર કરાશે, ૨૦૨૫ના અંત સુધીમાં મેટ્રોને એરપોર્ટ સાથે જોડી દેવાશે

ડિપાર્ચરમાં પહેલા ૧૪ ઈમિગ્રેશન કાઉન્ટર હતા, હવે વધીને ૧૯ કરાયા છે. જ્યારે અરાઈવલમાં ૧૬ ઈમિગ્રેશન કાઉન્ટરથી વધી ૨૪ થયા : અનેક સુવિધામાં વધારો કરાશે

અમદાવાદ :

સરદાર વલ્લભભાઈ પટેલ ઈન્ટરનેશનલ એરપોર્ટ પર છેલ્લા ૨-૩ વર્ષમાં મુસાફરોની સંખ્યામાં વધારો થયો છે. તેને ધ્યાનમાં રાખી એરપોર્ટને સુવિધાથી વધારવામાં આવી રહી છે. મુસાફરોને સમયમાંથી રાહત મળે તે માટે એરપોર્ટના ટર્મિનલ-૨ પર માર્ચ ૨૦૨૫માં ૪ નવા એરોબ્રિજ કાર્યરત થવાની જાહેરાત કરી છે. પીકઅવર્સમાં અને ફેસ્ટિવલ સિઝનમાં ચેકઈન કાઉન્ટર ઓછા હોવાથી મુસાફરોને હાલાકી ભોગવવી પડતી હતી. આથી એરપોર્ટ સંચાલકો દ્વારા ૨૨ નવા ચેકઈન કાઉન્ટર બનાવવાની જાહેરાત કરવામાં આવી છે.

ટર્મિનલ ૨ પર ડોમેસ્ટિકથી ઈન્ટરનેશનલ ટ્રાન્સફર ડેસ્ક પણ તૈયાર કરવામાં આવ્યું છે. વિવિધ સુવિધાઓ અને એરોબ્રિજમાં પણ વધારો થતાં આગામી સમયમાં ફ્લાઇટની સંખ્યા વધશે. ફ્લાઇટોની સંખ્યા વધવાથી ભાડાં પણ ઘટી શકે છે જેથી પેસેન્જરોને ફાયદો મળશે. તો બીજી તરફ ટર્મિનલ-૨નું એક્સટેન્શન થઈ રહ્યું છે. જેનાથી આ ટર્મિનલ પરથી ઈન્ટરનેશનલ અને ડોમેસ્ટિક પેસેન્જરો કનેક્ટિંગ ફ્લાઇટ સહેલાઈથી પકડી શકશે. હવે આ ટર્મિનલ પરથી ઇન્ટરનેશનલ અને ડોમેસ્ટિકની ફ્લાઈટો ઓપરેટ થશે. આ ટર્મિનલ પર હવે ગુજરાતની હસ્તકલા, સ્થાપત્ય અને વારસાનો અનુભવ થશે. તેમજ દાંડીયાત્રા અને દેશના સ્વતંત્રતામાં ગુજરાતના યોગદાનની ઝાંખી પણ ઊભી કરાશે.

અમદાવાદ એરપોર્ટના ટર્મિનલ-૨માં આ સુવિધામાં વધારો કરાશે :

- ★ ચેકિંગ કાઉન્ટર અત્યારે ૩૪ છે, જેમાં વધુ ૨૨ કાઉન્ટરનો સમાવેશ આવનારા દિવસોમાં થતાં કુલ ૫૬ ચેકિંગ કાઉન્ટર થશે.
- ★ સિક્યોરિટી એરિયામાં ૪ એક્સ-રે મશીન હતા જે હવે ૧૪ થઈ ગયા છે.
- ★ પહેલાં બે બસ બોર્ડિંગ ગેટ હતા, જે વધીને આવનારા દિવસોમાં ૮ થશે.
- ★ અરાઇવલમાં ૪ લગેજ બેલ્ટ હતા, જે વધીને હવે ૬ લગેજ બેલ્ટ થયા છે.
- ★ અરાઇવલમાં ઇન્ટરનેશનલ કનેક્ટિંગ ફ્લાઇટના પેસેન્જર માટે ઇન્ટરનેશનલ ટુ ઇન્ટરનેશનલ ટ્રાન્સફર ફેસિલિટી ઉભી કરવામાં આવી છે.
- ★ ડિપાર્ચરમાં પહેલા ૧૪ ઇમિગ્રેશન કાઉન્ટર હતા, હવે વધીને ૧૯ કરાયા છે. જ્યારે અરાઇવલમાં ૧૬ ઇમિગ્રેશન કાઉન્ટરથી વધી ૨૪ થયા છે.
- ★ આ સાથે ટર્મિનલ પર મેટલ ડિટેક્ટરમાં વધારો કરાયો છે, ૨૦ મેટલ ડિટેક્ટરની વ્યવસ્થા ઊભી કરાવામાં આવી છે

અબુધાબી-દુબઈમાં ફરી આંધી સાથે ભારે વરસાદ

અબુધાબીના માર્ગો જળબંબાકારઃ કાર સહિતના વાહનો પાણીમાં ગરકાવઃ દુબઈમાં પણ ભારે વરસાદથી અસર, સંખ્યાબંધ ફ્લાઈટો રદઃ અનેક ડાયવર્ટ કરવી પડી

દુબઇ, તા.૨

સંયુક્ત આરબ અમિરાતમાં અસામાન્ય વરસાદથી સર્જાયેલી ભારે તારાજીના પડઘા હજુ શાંત થયા નથી ત્યાં હવે અબુધાબીનો વારો નીકળ્યો હોય તેમ આજે ભારે વરસાદ ખાબકતા સર્વત્ર જળબંબાકારની પરિસ્થિતિ સર્જાઇ હતી. દુબઇમાં પણ ઘણા અંશે પાણી ભરાયા હતા અને જનજીવન પર વ્યાપક અસર થઇ હતી.

અબુધાબી તથા દુબઈમાં આજે સવારે તોફાની પવન સાથેની આંધી વચ્ચે ભારે વરસાદ ખાબક્યો હતો પરિણામે સર્વત્ર જળબંબાકારની સ્થિતિ સર્જાઇ હતી અનેક વિમાનો રદ કરવામાં આવ્યા હતા અને દુબઈની બસ સેવા અટકાવી દેવામાં આવી હતી. દુબઇની પાંચ ફ્લાઇટોને ડાઇવર્ટ કરવામાં આવી હતી જ્યારે નવ ફ્લાઇટો કેનશનલ કરવામાં આવી હતી. દુબઈની સરકારી એરલાયન્સ એમીરેટસ દ્વારા પણ સંખ્યાબંધ ફ્લાઇટ રદ કરવાની જાહેરાત કરવામાં આવી હતી. લોકલ મીડિયાના રીપોર્ટમાં એમ જણાવવામાં આવ્યું હતું કે આજે વહેલી સવારે એકાએક તોફાની પવન સાથે આંધી શરૂ થઇ ગઇ હતી. પરોઢીયે વિજળીના કડાકા-ભડાકા અને તોફાની પવન ફુંકાવા લાગ્યો હતો અચાનક હવામાન પલ્ટાથી વહેલી સવારે લોકો ડઘાઇ ગયા હતા. વહેલી સવારે ૪ વાગ્યે દુબઇના હવામાન વિભાગ દ્વારા વરસાદી એલર્ટ જાહેર કરવામાં આવ્યું હતું. આવતીકાલ સુધી વરસાદી વાતાવરણ રહેવાની ચેતવણી આપવામાં આવી હતી. લોકોને સુરક્ષી સ્થાને રહેવા સલાહ આપવામાં આવી હતી.

રિપોર્ટમાં જણાવાયા પ્રમાણે અબુધાબીના અનેક ભાગોમાં માર્ગો જળબંબાકાર બન્યા હતા જ્યારે જેબલઅલ્હી, અલ મકટોમ એરપોર્ટ, દુબઇ ઇન્ડસ્ટ્રીયલ સીટી, દુબઇ ઇન્વેસ્ટમેન્ટ પાર્ક સહિતના ભાગોમાં જળબંબાકાર સર્જાયો હતો.

સંયુક્ત આરબ અમીરાત દ્વારા ગુરુવાર સુધી મધ્યમ ભારે વરસાદની આગાહી કરવામાં આવી હતી અને લોકોને ઘરેથી જ કામ કરવાની સલાહ આપવામાં આવી હતી.

અત્રે ઉલ્લેખનીય છે કે દુબઇમાં ગત સમાહમાં રેકોર્ડબ્રેક વરસાદ પડ્યો હતો અને તેમાં ત્રણ લોકોના મોત થવા સાથે વ્યાપક તારાજી થઇ હતી અને જનજીવન સ્થગીત થઇ ગયું હતું. દુબઇ ઇન્ટરનેશનલ એરપોર્ટને પણ ઓપરેશન નોર્મલ કરવામાં ઘણો સમય કવાયત કરવી પડી હતી અને ગત શનિવારથી જ બે અને ત્રણ નંબરના ટર્મીનલમાં વિમાની વ્યવહાર નોર્મલ થઇ શક્યો હતો આ વખતે પણ દુબઇ અને અબુધાબીના કેટલાક ભાગો પાણીમાં જ રહ્યા હતા હવે અબુધાબીમાં ભારે વરસાદ અને જળબંબાકારની પરિસ્થિતિને કારણે ફરી એક વખત વ્યાપક અસર રહેવાની આશંકા છે. અબુધાબીને મોટી ભાગનો માલ સામાન દુબઇ મારફત આવતો હોવાથી તેમાં પણ અસર થવાની આશંકા છે.

અમેરિકાએ વ્યાજદર યથાવત રાખતા સોના-ચાંદીમાં ફરી તેજી

રાજકોટ, તા. ૨

સોના-ચાંદીમાં અફડાતફડીનો દૌર ચાલુ રહ્યો હોય તેમ બે દિ'ની મંદી બાદ આજ ફરી ઉછાળો નોંધાયો હતો. સોનામાં રૂા.૫૦૦ તથા ચાંદીમાં રૂા.૧૦૦૦નો ઉછાળો નોંધાયો હતો.

રાજકોટમાં હાજર સોનુ રૂા.૫૦૦ના સુધારાથી ૭૩૮૦૦ થયું હતું. કોમોડીટી એકસચેંજમાં ભાવ ઉંચકાઇને ૭૦૭૦૦ સાંપડયો હતો. હાજર ચાંદી ૧૦૦૦ના સુધારાથી ૮૨૫૫૦ હતી. ઝવેરીઓના કહેવા પ્રમાણે વિશ્વ બજારની તેજી-મંદીના પગલે અફડાતફડીનો દૌર ચાલી રહ્યો છે અને હજુ તે યથાવત જ રહેવાની સંભાવના છે. અમેરિકી ફેડરલ રિઝર્વ દ્વારા વ્યાજદરમાં કોઇ ઘટાડો કરવામાં આવ્યો ન હોવાથી માનસ મજબુત બન્યું હતું. અત્યાર સુધી એવી અટકળો પ્રર્વતતી હતી કે અમેરિકામાં આ વખતે વ્યાજદરમાં ઘટાડો કરવામાં આવશે. ગઇકાલે ફેડરલ રિઝર્વની

બેઠકમાં વ્યાજ યથાવત રાખવાનું જાહેર કરવામાં આવ્યું હતું. ફુગાવાની સ્થિતિ હજુ યોગ્ય સ્તરે ન હોવાથી વ્યાજદર ઘટાડવાની યોજના સ્થગિત કરી દેવામાં આવ્યાનું માનવામાં આવી રહ્યું છે. વ્યાજ નહીં ઘટતા સોના-ચાંદીમાં ફરી તેજી થઇ ગઇ હતી.

સોની બજારના વેપારીઓના કહેવા પ્રમાણે બે દિવસના ઘટાડાથી આગામી અખાત્રીજમાં ઘરાકી સારી નીકળશે તેવો આશાવાદ સર્જાયો હતો પરંતુ આજથી ફરી ભાવ વધવા લાગતા ઘરાકી વિશે ફરી અનિશ્ચિતતા ઉભી થવા લાગી છે.

દારૂ અને ચરસની પ્યાસ બુઝાવવા સોહિલ અને ઈમરાને રિધ્ધિસિધ્ધિ સોસાયટીમાં ચોરી કરી'તી

રેખાબેન પરમાર અને તેનો પરીવાર નિંદ્રાધીન હતો ત્યારે મોડી રાત્રે ત્રાટકેલા તસ્કરોએ મોબાઈલ, રોકડ સહિત રૂા.૮૫ હજારની ચોરી કરી'તીઃ થોરાળા પોલીસ મથકના પીઆઈ એન.જી. વાઘેલાની ટીમે ગાણતરીની કલાકોમાં આરોપીને દબોચી મુદ્દામાલ કબ્જે કર્યો

રાજકોય તા.૨

દૂધસાગર રોડ પર આવેલ રિધ્ધિસિધ્ધિ સોસાયટીમાં મોડી રાતે થયેલ ચોરીનો ભેદ થોરાળા પોલીસે ગણતરીની કલાકોમાં ઉકેલી બે ચરસી શખ્સોને પકડી ચોરી કરેલ રૂા.૮૫ હજારનો તમામ મુદ્દામાલ કબ્જે કર્યો હતો.

બનાવ અંગે દૂધસાગર રોડ પર રિધ્ધિસિધ્ધિ સોસાયટી શેરી નં.૧૮, ગુજરાત હાઉસીંગ બોર્ડમાં રહેતા રેખાબેન પ્રવિણભાઈ પરમાર (ઉ.૩૦)એ નોંધાવેલ ફરીયાદમાં જણાવ્યું હતું કે ગઈ તા.૨૮ના ભાવનગર રહેતા તેમના બહેનપણી નયનાબેન અને ઉર્વીબેન તેમના ઘરે આવ્યા હતા. મોડી રાતે તેઓ પરીવાર સાથે સુઈ ગયેલ હતા. બાદમાં બીજા દિવસે વહેલી સવારે તેમણે રાખેલો પોતાનો મોબાઈલ જોવા ન મળ્યો. બાદમાં તેમની બહેનપણીઓએ રાખેલ મોબાઈલ પણ જોવા મળ્યો ન હતો જે બાદ અન્ય રૂમમાં તપાસ કરતા ત્યાં રહેલ કબાટનો લોક તૂટેલ હતો અને કબાટમાં ચેક કરતા તેમાં રાખેલ રોકડ રૂા.૨૦ હજાર અને ચાંદીના સાંકળા જોવા મળેલ નથી તેથી કોઈ અજાણ્યા શખ્સો મોડી રાતે ઘરમાં ઘુસી ચાર મોબાઈલ રોકડ સહિત રૂા.૮૫ હજારનો મુદ્દામાલ ચોરી કરી નાસી છુટયા હતા.

બનાવ અંગેની ફરીયાદ પરથી થોરાળાનગર પોલીસ મથકના પીઆઈ એન.જી. વાઘેલાની રાહબરી હેઠળ પીએસઆઈ જે.એમ. પરમાર અને તેની ટીમ પેટ્રોલીંગમાં હતી ત્યારે હે.કો. હસમુખ નીનામા, કિશોર પરમાર અને કોન્સ. નિલેશ ચૌહાણને આજી જીઆઈડીસી મેઈન રોડ પર એક શખ્સ શંકાસ્પદ ચોરીના મોબાઈલ સાથે ઉભો હોવાની મળેલ ચોકકસ બાતમીના આધારે સ્ટાફે શખ્સને પકડી તલાસી લેતા તેની પાસેથી અલગ અલગ કંપનીના ચાર મોબાઈલ, રૂા.૨૦ હજાર રોકડા અને એક ચાંદીના સાંકળાની જોડી મળી આવતા તેનું નામ પૂછતા સોહિલ ઉર્ફે પોચો ઉર્ફે ગાંડો ઉર્ફે યાકુબ મહમદ મીર (ઉ.૩૧) રહે. ત્રણ માળીયા કવાર્ટર શિવ હોટલ પાસે ગોંડલ રોડ, અને ઈમરાન ઉર્ફે ઈમલો સલીમ ઠેબા (રહે. કોટડા નાયાણી- વાંકાનેર) જણાવ્યું હતું. પોલીસે બન્ને શખ્સોની આગવીઢબે પૂછપરછ કરતા રીધ્ધી સીધ્ધી સોસાયટીમાં મોડી રાત્રે મકાનમાંથી કરેલ ચોરીનો મુદ્દામાલ હોવાની કબુલાત આપી હતી.

વધુમાં પોલીસ સુત્રોએ જણાવ્યું હતું કે ચરસી અને દારૂના બંધાણી હોવાથી દારૂ અને ચરસ ખરીદવા માટે ચોરીને અંજામ આપતા હતા.

ઈન્સ્ટાગ્રામમાં સંપર્કમાં આવ્યા બાદ સગીરા પર દુષ્કર્મ આચરનાર ટ્રક ડ્રાઈવર અજયની ધરપકડ

સામાકાંઠે મોરબી રોડ પરનો બનાવઃ લગ્નની લાલચ આપી આરોપી ૧૭ વર્ષની તરૂણીને પોતાના ઘરે લઈ જઈ અવારનવાર દેહ અભડાવ્યોઃ બી. ડિવિઝન પોલીસ મથકના પીઆઇ એસ.એમ.જાડેજા અને ટીમે ત્વરિત કાર્યવાહી કરી

રાજકોટ. તા.૦૨

સામાકાંઠે મોરબી રોડ પર ૧૭ વર્ષની સગીરાને ઇન્સ્ટાગ્રામમાં સંપર્કમાં આવ્યા બાદ ફિલ્ડમાર્શલ વાડી પાસે રહેતાં ટ્રક ડ્રાઇવર અજયએ ફસાવી તેણીને અવારનવાર પોતાના ઘરે લઈ જઈ લગ્નની લાલચ આપી દુષ્કર્મ કરતાં ચકચાર મચી ગઇ હતી. બનાવ અંગે બી. ડિવિઝન પોલીસે ગુનો નોંધી પીઆઇ એસ.એમ.જાડેજા અને ટીમે ત્વરિત કાર્યવાહી કરી આરોપીનો ધરપકડ કરી હતી.

બનાવ અંગે શહેરના સામાકાંઠે મોરબી રોડ પર રહેતાં પ્રોઢે નોંધાવેલ ફરિયાદમાં આરોપી તરીકે અજય રાજેશ પ્રજાપતિ (રહે. ઉજ્જવલ સોસાયટી, શેરી નં.૧, ફિલ્ડમાર્શલ વાડી, મોરબી રોડ) નું નામ આપતાં બી. ડિવિઝન પોલીસે દુષ્કર્મ અને પોકસોની કલમ હેઠળ ગુનો નોંધી આરોપીની ધરપકડ કરી હતી.

વધુમાં ફરિયાદીએ જણાવ્યું હતું કે, તેમની ૧૭ વર્ષની પુત્રી ગઈકાલે વહેલી સવારે ઘરેથી કોઈને કહ્યા વગર જતી રહ્યા બાદ પરત આવી ત્યારે પરિવારના સભ્યોએ પૂછપરછ કરતા કહ્યું કે, આરોપી સાથે તેને બે મહિના પહેલાં ઈન્સ્ટાગ્રામ મારફત ઓળખાણ થઈ હતી. જેને કારણે બંને મિત્રો બની ગયા હતા. એટલું જ નહીં અવાર-નવાર એકબીજા સાથે ફોનમાં વાતો કરતા હતા. ક્યારેક-ક્યારેક મળતા પણ હતા. આરોપીએ તેને કહ્યું હતું કે હું તને ખુબ જ પ્રેમ કરૂ છું, મારે તારી સાથે લગ્ન કરવા છે.

દોઢેક માસ પહેલાં આરોપીએ પરિવારના સભ્યો સુઈ ગયાનું જણાવી તેને પોતાના ઘરે બોલાવી હતી. ત્યાં જતાં આરોપીએ શરીર સંબંધ બાંધ્યો હતો. તેના થોડા દિવસો બાદ ફરીથી ઘરે બોલાવી હતી. ફરીથી શરીર સંબંધની વાત કરતા તેણે લગ્ન પછી કહ્યું હતું. આ વખતે આરોપીએ કહ્યું હતું કે, આપણે લગ્ન કરવાના જ છે, એટલે તું ચિંતા ના કર બાદમાં તેની સાથે શરીર સંબંધ બાંધ્યો હતો. આજે વહેલી સવારે ફરીથી તેને પોતાના ઘરે બોલાવી હતી. તે વખતે આરોપીએ કહ્યું કે, હવે તારી ઉંમર પુરી થાય એટલે આપણે લગ્ન કરી લઈશું, હું તારા સિવાય કોઈની સાથે લગ્ન નહીં કરૂ તેમ કહી ફરીથી શરીર સંબંધ બાંધ્યો હતો.

પુત્રી પાસેથી માહિતી મેળવ્યા બાદ વાલીઓએ પોલીસનો સંપર્ક કર્યો હતો. બનાવ અંગેની ફરીયાદ પરથી બી. ડિવિઝન પોલીસે ગુનો નોંધી આરોપીની ધરપકડ કરી હતી. વધુમાં પોલીસ સૂત્રોએ જણાવ્યું હતું કે, આરોપી ટ્રક ડ્રાઇવર અને અપરિણીત છે.

આ પ્રકારના ગંભીર આક્ષેપોવાળી ખોટી ફરીયાદો પુરૂષો માટે ઘાતક હોવાનુ અદાલતનું તારણ

શિક્ષિકા પર દુષ્કર્મના બનાવમાં પ્રિન્સીપાલ નિર્દોષ, ખોટો કેસ કરવા બદલ ફરિયાદીને ૩૦ દિવસની સજા

સને– ૨૦૧૫ માં રાજકોટ નજીક આણંદપર(નવાગામ) પ્રાથમિક શાળામાં આચાર્ય તરીકે ફરજ બજાવતા રતુભાઈ ચાવડા વિરૂદ્ધ શિક્ષિકાએ ફરીયાદ કરી હતી

ફરીયાદીએ કાયદાનો દુરૂપયોગ કર્યો, તપાસ કરનાર બે મહિલા પીએસઆઈ વિરૂદ્ધ પોલીસ કમિશ્નરે જાતે ખાતાકીય તપાસ કરવાનો આદેશ કરતા ખળભળાટ

રાજકોટ, તા.૨

આણંદપર શાળાના પ્રિન્સીપાલ (આચાર્ય) વિરૂદ્ધ શાળાની શિક્ષિકાએ કરેલ દુષ્કર્મ, છેડતી અને જાનથી મારી નાખવાની ધમકીના કેસમાં રાજકોટની અદાલતે સીમાચિન્હ રૂપ ચુકાદો આપી પ્રિન્સીપાલ રતુભાઈ રાયધનભાઈ ચાવડાને તમામ ગુન્હામાંથી નિર્દોષ ઠરાવી છોડી મુકાવનો આદેશ કરેલ છે. સાથોસાથ ખોટી ફરીયાદ કરવા બદલ ફરીયાદીને ખર્ચ ચુકવવા તેમજ તપાસ કરનાર બન્ને પીએસઆઇ વિરૂધ્ધ ખાતાકીય તપાસ કરવાનો હુકમ કરતા ખળભળાટ મચી ગયો છે.

આ કેસની હકીકત એવી છે કે, સને- ૨૦૧૫ માં આણંદપર(નવાગામ) પ્રાથમિક શાળામાં આચાર્ય તરીકે ફરજ બજાવતા રતુભાઈ ચાવડા (રહે. રાજકોટ) વિરૂધ્ધ તે શાળામાં જ શિક્ષિકા તરીકે ફરજ બજાવતી ફરીયાદીએ પોતે શિક્ષિકા તરીકે નોકરી કરતી હતી તે દરમ્યાન આરોપી આચાર્યએ ફરીયાદી વિકલાંગ હોવાનુ જાણવા છતા અને પોતે રાજય સેવક હોય ફરીયાદીને બદનામ કરી દેવાની તથા બીજે બદલી કરી નાખવાની અને ફરીયાદીના પતિને તથા દીકરાને જાનથી મારી નાખવાની ધમકી આપી ફરીયાદી સાથે બિભત્સ અડપલા કરી ફરીયાદીની મરજી વિરૂધ્ધ શાળામાં તથા અલગ અલગ જગ્યાઓએ શારીરિક સંબંધ બાંધેલ અને ફોનમાં પણ બિભત્સ વાતો કરી ધરાર સંબંધ રાખવા મજબુર કરતા હોવાની વિગતવારની ફરીયાદ રાજકોટ મહિલા પોલીસ સ્ટેશનમાં આપતા પોલીસ દ્વારા ભારતીય દંડ સંહિતાની કલમ ૩૭૬(૨) (બી) (એલ)(એન), ૩૫૪(એ), ૫૦૬(૨) મુજબનો ગુન્હો દાખલ કરવામાં આવેલ હતો.

અદાલતમાં રાજોકટ મહિલા પોલીસ સ્ટેશનના તત્કાલીન પીએસઆઇ એસ.એમ.ચૌધરી અને એચ.ડી.સોલંકીનએ તપાસ પુર્ણ કરી ચાર્જશીટ રજુ કરેલ હતુ. કેસ ચાલતા આરોપી તરફે ધારાશાસ્ત્રી તુષાર ગોકાણી અદાલત સમક્ષ હાજર થયેલ. આરોપી તરફે ઉલટ તપાસ દ્વારા એવી હકીકતો રેકર્ડ પર લાવવામાં આવેલ કે, ફરીયાદી જે તા.૧/૧/૨૦૧૪ ના રોજ પ્રથમ બનાવ બનેલ હોવાનું જણાવે છે તે તારીખ કાલ્પનીક રીતે ઉભી કરવામાં આવેલ ઘટનામાં સરળતાથી યાદ રહી જાય તે માટે ગોઠવેલી તારીખ છે. ફરીયાદીના પતિ વકીલ છે પરંતુ પોલીસ તેમજ અદાલત સમક્ષ પોતે કોઈ જ કામ ધંધો કરતા નથી તેવુ સોગંદ ઉપર ખોટું જણાવેલ છે. ફરીયાદી તથા તેના પતિએ મલિન ઈરાદા સાથે ખોટી કાલ્પનીક વાર્તા ઉભી કરી ફરીયાદ દાખલ કરાવેલ છે. ફરીયાદી રીસેષ સમય દરમ્યાન બનાવ બનેલ હોવાનુ જણાવે છે જયારે ઉલટ તપાસ દરમ્યાન રીસેષનો સમય સરકારના નિર્ધારીત સમય કરતા અલગ સમયનો ઉલ્લેખ કરે છે. ફરીયાદી જે સમય દરમ્યાન બનાવ બનેલ હોવાનુ જણાવે છે તે સમય બાદ ફરીયાદી આરોપીના પુત્રના લગ્નમાં હાજર હોવાના ફોટોગ્રાફસ રજુ કરવામાં આવેલ જેથી પણ ફરીયાદીની ફરીયાદ ખોટી હોવાનું ઉલટ તપાસ દ્વારા રેકર્ડ પર આવેલ છે. સમય કોલ ડીટેઈલ પરથી જ ખોટા ઠરે છે. ડોકટર દ્વારા તા.૧૫/૦૮/૧૫ ના રોજ ફરીયાદીને ચકાસી

એડવોકેટ તુષાર ગોકાણી

તબીબી અભિપ્રાય આપવામાં આવેલ હતો. પણ સોનોગ્રાફી રીપોર્ટમાં તા. ૧૬/૦૮/૧૫નો ઉલ્લેખ હતો. એટલે અભિપ્રાય ઉભો કરાયેલ હોવાનું સાબિત કરેલ હતુ.

તપાસકર્તા પી.એસ.આઈ. શિલ્પા એમ. ચૌધરી તથા પી.એસ.આઈ. હંસાબા ડી. સોલંકીની આરોપી તરફે ઉલટ તપાસમાં પી.એસ.આઈ. દ્વારા એવુ કબુલ કરવામાં આવેલ કે તપાસ દરમ્યાન ફરીયાદીના કેસને સમર્થન કરતા કોઈ સ્વતંત્ર પુરાવો તેઓને મળી આવેલ નહી. ચાર્જશીટના પેપરનો અભ્યાસ કરેલ નથી માત્ર અદાલતમાં રજુ કરેલ છે તેવી પણ કબુલાત કરેલ છે. પી.એસ.આઈ. દ્વારા શાળાના અન્ય શિક્ષિકા, ગામલોકોના નિવેદનો નોંધવામાં આવેલ તે નિવેદનો ફરીયાદીના કેસને સમર્થન આપતા ન હોય તેવા નિવેદનો ચાર્જશીટ કરતા અગાઉ ઉપરી અધિકારીને મોકલેલ નહી કે અદાલતમાં પણ રજુ કરેલ નથી તેવુ ઉલટ તપાસમાં કબુલ કરેલ છે. આ ઉપરાંત આરોપીએ પોતે સંપુર્ણપણે સાચા હોય નાર્કો ટેસ્ટ કરાવવા માટે પણ સંમતિ આપેલી.

ફરિયાદી પક્ષે આજીવન કેદની સજા કરવા દલીલો કરવામાં આવેલ હતી. જયારે આરોપી તરફે તુષાર ગોકાણી દ્વારા એવી દલીલો કરાયેલ કે, ફરીયાદી પોતે સ્ત્રી અને શારિરિક અસક્ષમ હોવા માત્રથી તે સત્ય બોલે છે. તેવુ માની શકાય નહીં. ફરીયાદી તથા તેનો પતિ શાળાના સમય દરમ્યાન ગામ લોકો તથા અન્ય શિક્ષિકાઓ સાથે ગેરવર્તણૂક કરતા હોય આરોપીએ તેને જાહેરમાં ટપારતા ફરીયાદીનો પતિ કે જે વકીલ છે, તેના સહયોગથી સંપુર્ણપણે કાલ્પનીક વાર્તા ઉભી કરી ફરીયાદ કરેલ છે. આ ફરીયાદીએ બદલી થયા બાદ અન્ય શાળાના પ્રિન્સીપાલ વિરૂધ્ધ પણ છેડતીની ફરીયાદ કરેલી છે. એટલે કે ફરીયાદી પોતે સ્ત્રી અને વિકલાંગ હોવાનો ગેરલાભ લઈ પોતાનુ ધાર્યું કરાવવા ટેવાયેલ છે. જેથી આરોપીને નિર્દોષ છોડી મુકવા દલીલ કરેલી.

તમામ પક્ષકારોની વિસ્તૃત દલીલો તેમજ રેકર્ડ પરના પુરાવાના આધારે રાજકોટના અધિક જિલ્લા ન્યાયાધીશ શ્રી જે. ડી. સુથારે પોતાના ચુકાદામાં ઠરાવેલ કે, "ભોગ બનનાર જણાવે છે તેવુ દુષ્કૃત્ય તેની સાથે થાય તે અતિશયોક્તિ ભર્યું ગણી શકાય અને તેવું કૃત્ય થવુ અસંભવિત છે. આ તબકકે ખુબ જ દુઃખ સાથે અત્રે નોંધવુ પડે છે કે ભોગ બનનાર સ્ત્રી વિકલાંગ હોવાના કારણે પોતાને મળતા તમામ કાયદેસરના લાભો મેળવીને, કાયદાનો સહારો લઈ, સહાનુભૂતિ મેળવી, બીલકુલ ગેરવ્યાજબી, તદ્દન ખોટી તથા રાગદ્વેષયુકત રીતે બળાત્કાર જેવા ગંભીર પ્રકારના આક્ષેપો આરોપી સામે કરી કાયદાનો દુરૂપયોગ કરેલ છે, પોલીસ અધિકારીની એવી ફરજ બને છે કે, તેઓએ સત્ય શોધી, આરોપી વ્યકિત સામે જે તે ગુના સંબંધિત ગુનો બનતો હોય તો ચાર્જશીટ કરવાનુ હોય છે તેમ કરવાને બદલે સદર સાહેદે, ભોગ બનનારને મદદરૂપ થાય તેવા સાહેદોના નિવેદનો લઈ તેમજ તેવી તપાસ કરી તેમજ આરોપીને સમર્થનકારી હકીકતો ધ્યાને ન લઈ, તેવી હકીકતો હકીકતો અદાલતમાં રજૂ ન કરી, પોતાની નિષ્ઠાપૂર્વકની ફરજ બજાવવામાં ખુબ જ ગંભીર કસુર કરેલ છે, તેવું અવલોકન કરી કોર્ટે આરોપીને આક્ષેપિત તમામ ગુનાઓમાંથી નિર્દોષ ઠરાવી છોડી મુકેલ હતા. ઉપરાંત ફરીયાદીને વળતર ચુકવવા અને ન ચુકવે તો કેદની સજા કરવા હુકમ કરી તેમજ તપાસ કરનાર બન્ને પી.એસ.આઈ. વિરૂધ્ધ રાજકોટ પોલીસ કમિશનરએ જાતે ખાતાકીય તપાસ કરી તે તપાસનો રીપોર્ટ અદાલતને રજુ કરવાનો આદેશ કરતા ખોટા કેસો કરનારાઓમાં ફફડાટ મચી જમા પામેલ છે. અદાલતે ચુકાદાની નકલ રાજયના ગૃહ વિભાગ, પોલીસ મહાનિર્દેશક, જિલ્લા કલેકટર તથા જિલ્લા શિક્ષણ અધિકારીને મોકલવાનો હુકમ કરતા ચુકાદાના અવલોકનો સંદર્ભે કડક કાર્યવાહી થાય તેવુ પોલીસ બેડામાં ચર્ચાય રહ્યું છે. આ કેસમાં આરોપી રતુભાઈ ચાવડા વતી ખ્યાતનામ ધારાશાસ્ત્રી તુષાર ગોકાણી, રીપન ગોકાણી, કેવલ પટેલ, હાર્દિક શેઠ, ઉઝેર કુરેશી, જશપાલસિંહ જાડેજા, યશ વૈષ્ણવ, વિરમ ધ્રાંગીયા, નદીમ ધંધુકીયા, વિશાલ કૌશિક તથા ભુમિકા નંદાણી રોકાયેલ હતા.

રાજકોટના જાણીતા શિક્ષણવિદ્, સમાજસેવિકા ઉષાબેન જાનીનું નિધનઃ સાંજે સ્મશાનયાત્રા

ઉષાબેન સ્ત્રી–સશકિતકરણના પ્રખર હિમાયતી હતા, તેઓ રાજકોટની જાણીતી શિક્ષણ સંસ્થા સિસ્ટર નિવેદિતા શૈક્ષણિક સંકુલના સ્થાપક તથા અનેક સામાજીક અને શૈક્ષણિક સંસ્થાઓ સાથે સંકળાયેલા હતા : શિક્ષણ જગતમાં ઘેરો શોક

મધર ટેરેસા

મધર ટેરેસા સાથે ઉષાબેન તથા ગુલાબભાઇ જાની (ફાઇલ તસ્વીર)

ગુજરાત સ્ત્રી કેળવણી મંડળ દ્વારા અપાતો શ્રીમતી ઇન્દ્રાબા બી. દિવેટિયા એવોર્ડ પૂ. મોરારીબાપુના હસ્તે સ્વીકારતા ઉષાબેન જાની (ફાઇલ તસ્વીર)

રાજકોટ, તા. ૨

રાજકોટના જાણીતા શિક્ષણવિદ્, સમાજસેવિકા અને સ્ત્રી–સશક્તિકરણના પ્રખર હિમાયતી એવા શ્રીમતી ઉષાબેન ગુલાબભાઈ જાની (ઉં વર્ષ. ૯૦)નું તા. ૧ મે ૨૦૨૪ના રોજ અવસાન થયેલ છે. તેઓ રાજકોટની જાણીતી શિક્ષણ સંસ્થા સિસ્ટર નિવેદિતા શૈક્ષણિક સંકુલના સ્થાપક અને અનેક સામાજિક અને શૈક્ષણિક સંસ્થાઓ સાથે સંકળાયેલા હતા. તેઓ ગુલાબભાઈ જાનીના પત્ની, સ્વ. ડી. પી. જોશી ના પુત્રી, વિભાવરીબેન (યુ.એસ.એ) અને આનંદભાઈ (યુ.એસ.એ) ના માતૃશ્રી, કાનનબેનના સાસુ, આર્નવ અને આરૂષના દાદી થતા હતા. સ્વર્ગસ્થની સ્મશાનયાત્રા તા.૨ના ગુરૂવારના સાંજે ૫:૦૦ કલાકે તેમના નિવાસસ્થાન ૧૯/નીલ્સ બંગલો, નીલ સીટી, સૌરાષ્ટ્ર યુનિવર્સિટી ગેઇટથી નીકળી કાલાવાડ રોડ સ્થિત મોટા મૌવા સ્મશાન જશે.

જીવન પરિચય

ઉષાબહેનનો જન્મ તા. ૧૮ એપ્રિલ, ૧૯૩૪માં સંસ્કૃતના પ્રકાંડ પંડિત અને પ્રિન્સિપાલ ડી. પી. જોશી તથા રમાબહેનને ત્યાં થયો હતો. નાની વયે માતાના અવસાન બાદ પિતાશ્રીએ પોતાની વહાલસોયી દીકરીઓનો ઉછેર કર્યો અને અભ્યાસ કરી ખૂબ આગળ વધે તેવી ભાવના હતી તે સાર્થક કરી. એમ.એ., બી.એડ્.નો અભ્યાસ એ સમયમાં કરીને અલિયાબાડા કોલેજમાં પ્રાધ્યાપિકા બન્યા અને હજારો. છાત્રોના જીવન ઘડતરમાં નિમિત્ત બન્યાં.

શિક્ષણક્ષેત્રે તેઓ પર સ્વ. પિતાશ્રી ડી. પી. જોશી, ડોલરભાઈ માંકડ, ગિજુભાઈ બધેકા, નાનાભાઈ ભટ્ટ, મેડમ મોન્ટેસરી, મૃદુલાબહેન ઠાકર વગેરેની બહુ મોટી અસર રહી છે. તે સમયમાં પોતાના સહાધ્યાયી ગુલાબભાઈ સાથે લગ્ન કરવાનો પિતાજીને વિચાર જણાવ્યો. પિતાએ સહર્ષ આશીર્વાદ આપ્યા. સામે ગુલાબભાઈ અત્યંત સાદાઈથી લગ્નમાં માને. ખાદીના લેંઘા–ઝભામાં લગ્ન માટે આવ્યા. ન જાન, ન જાનેયા. ઉષાબહેનના લગ્ન પિતાજીએ જ કરાવ્યા. લગ્ન બાદ તેઓએ ક્યારેય સોના–ચાંદીના આભૂષણ પહેરેલ નથી.

શ્રી રામકૃષ્ણ આશ્રમ, રાજકોટના અધ્યક્ષ પૂજ્ય સ્વામી આત્મસ્થાનંદજીની પ્રેરણાથી કોલેજના પ્રાધ્યાપિકાનું પદ છોડી ઈ. સ. ૧૯૬૮માં સિસ્ટર નિવેદિતા સ્કૂલનો બાલમંદિર સ્થાપી પ્રારંભ કર્યો. માત્ર ૧૩ વિદ્યાર્થીઓથી શરૂ કરેલ બાલમંદિર આજે સિસ્ટર નિવેદિતા શૈક્ષણિક સંકુલ શૈક્ષણિક તીર્થની સાથે સામાજિક પ્રવૃત્તિનું પાવરહાઉસ બની ગયેલ છે. એટલું જ નહીં, આ સંસ્થામાંથી શિક્ષણ અને સંસ્કાર મેળવીને વિદ્યાર્થીઓ દેશ–વિદેશમાં ઉચ્ચ પદે બિરાજી રહ્યા છે.

સાહિત્યપ્રેમી હોવાના નાતે સંસ્થા દ્વારા ચાલતી ગ્રંથગોષ્ટિ અને 'સમુદગાર' ત્રીમાસિક સામયિક અને 'બાલવીર'ના પ્રકાશનમાં અંગત રસ લેતા હતા. એટલું જ નહીં, બાળકો નાનપણથી જ સર્જનાત્મક પ્રવૃત્તિ તરફ વળે તે માટે હસ્તલિખિત અંક છાત્રો પાસે તૈયાર કરાવતા. જીવનમાં સતત પ્રગતિશીલ રહીને ક્ષણ–ક્ષણનો ઉપયોગ કરનારા ઉપાબહેનના લેખો અનેક સામયિકો, વર્તમાનપત્રોમાં પ્રસિદ્ધ થતાં રહેતા.

માત્ર શિક્ષિત નહીં, પણ સારો માણસ સર્જવો એ જ ધ્યેયથી આજીવન કાર્યરત રહેલ વિદુષિ ઉપાબહેનને મળેલ અવોર્ડ્સ– પુરસ્કારની યાદી બહુ લાંબી છે. તેઓને દર્શક અવોર્ડ, સાંદિપની વિદ્યાનિકેતન–પોરબંદર દ્વારા લાઈફ ટાઈમ એચીવમેન્ટ અવોર્ડ, નારી ગૌરવ અવોર્ડ, શ્રેષ્ઠ મહિલા સેવક અવોર્ડ, અશોક ગોંધિયા અવોર્ડ, એસ. રાધાકૃષ્ણન અવોર્ડ, ગુજરાતના શ્રેષ્ઠ શિક્ષણશાસ્ત્રી અવોર્ડ, ધરતી રત્ન અવોર્ડનો સમાવેશ થાય છે.

રાજકોટ–જેસીસ, નોર્થ જેસીસ–૧૮૭૭, રામકૃષ્ણનગર મહિલામંડળ– રાજકોટ, સ્ત્રી–નિકેતન–રાજકોટ, સૌરાષ્ટ્ર હોર્ટિકલ્ચર સોસાયટી–રાજકોટ, પ્રિન્સિપાલ્સ એસોસિએશન–રાજકોટ, સંસ્કૃત વિશ્વ પરિષદ–રાજકોટ, ગુજરાત સ્ટેટ ભારત સ્કાઉટ ઍન્ડ ગાઈડ્સ–અમદાવાદ, તારાબહેન મોડક જન્મશતાબ્દી સમિતિ– ગુજરાત, નૂતન બાલશિક્ષણ સંઘ–રાજકોટ ડિસ્ટ્રિક્ટ, આકાશવાણી સલાહકાર સમિતિ, 'લેખિની'–રાજકોટ, ઈન્ટરનેશનલ લીર્વીંગ સ્કીમ – રાજકોટ સહિતની ૩૭ જેટલી સંસ્થાઓમાં સેવા આપી હતી.

પારિવારિક ટૂંકી માહિતી

પતિ : ગુલાબભાઈ જાની, (એમ. એ., એમ. એડ., એલ.એલ.બી., કોવિદ) પુત્રીઃ વિભાવરી જાની(આર્કિટેક્ટ એસોસિએટ પ્રોફેસર, ઈન્ટિરીયર આર્કિટેક્ચર ઍન્ડ પ્રોડક્ટ ડિઝાઈન ધી કોલેજ ઑફ આર્કિટેક્ચર, પ્લાનિંગ ઍન્ડ ડિઝાઈન કેનસાસ સ્ટેટ યુનિવર્સિટી, મેનહટન, યુ.એસ.એ.) પુત્રઃ આનંદ જાની, એમ.એસ.(કમ્પ્યૂટર), એમ.બી.એ. અમેરિકામાં ટીમ લીડર તરીકે બ્લુ કોર્સ બ્લુ શીલ્ડ કંપનીમાં કાર્ય કરે છે. પુત્રવધુઃ કાનન જાની, ફીઝ્યોથેરાપીસ્ટ અમેરિકામાં હોસ્પિટલમાં કાર્ય કરે છે.પૌત્રઃ આર્નવ, આરૂષ છે. તેમના નિધનથી શૈક્ષણિક જગતમાં ઘેરો શોક છવાઈ જવા પામ્યો છે.

લિફ્ટમાં માથુ ફસાઈ જવાથી મોત નીપજવાના ગુનામાં આરોપીને જામીન પર મુકત કરતી હાઈકોર્ટ

મોડી ફરીયાદ દાખલ કરવાનો સંતોષકારક ખુલાસો એફ.આઈ.આર.માં કરવામાં આવેલ નથીઃ હાઈકોર્ટ

એડવોકેટ સુરેશ ફળદ

રાજકોટ, તા.૨

વાવડી ગેઈટ ની સામે આવેલ કારખાનામાં માલસામાન હેરફેર કરવાની લિફ્ટમાં માથું ફસાઈ જતા શ્રમિક ગીતાબેન રમેશભાઈ દયાતરનું મોત નીપજ્યું હતું.

જેમાં રાજકોટ તાલુકા પોલીસ સ્ટેશનમાં મનુષ્ય સાપરાધ વધનો ગુનો દાખલ થયો હતો. જેથી કારખાનાના માલિક આરોપી પિયુષભાઈ દેવચંદભાઈ ખુંટની ધરપકડ થઈ હતી. પિયુષભાઈએ જામીન પર મુક્ત થવા સેસન્સ અદાલતમાં કરેલ અરજી રદ થઈ હતી. તે હુકમ હાઈકોર્ટમાં પડકારી રજુઆત કરવામા આવેલ કે, બનાવ તા. ૧૫/૨/૨૦૨૪ના રોજ બનેલ છે. જ્યારે એફઆઈઆર તા.૧/૪/૨૦૨૪ ના રોજ દાખલ કરાઈ છે. મોડી ફરીયાદ અંગે એફઆઈઆરમાં કોઈ સંતોષકારક ખુલાસો નથી. ઉપરાંત યાંત્રીક ખામીથી કે સાધનોના અભાવે કોઈ બનાવ બનેલ નથી. લેબર અદાલતમાં પણ વળતર કમ્પન્સેશન અન્વયે રૂ.૨.૫૦ લાખ જમા કરાવેલ છે. વગેરે રજુઆતો કરી આરોપીના વકીલે જામીન ઉપર મુક્ત કરવા અરજ ગુજારેલ હતી. દલીલો ધ્યાને લઇ કારખાનેદાર પિયુષભાઇ ખુંટને રેગ્યુલર જામીન પર મુક્ત કરતો હુકમ હાઈકોર્ટ ધ્વારા ફરમાવવામા આવેલ હતો.

આ કેસમાં આરોપી વતી અમદાવાદના પ્રતીકભાઈ જસાણી તથા રાજકોટના એડવોકેટ સુરેશ ફળદુ, ભુવનેશ શાહી, કુણાલ શાહી, રીપલ ગેવરીયા, પાર્થ સંઘાણી, મંથન વીરડીયા, કિશન માંડલીયા, ભાવીક ફેફર, જય પીઠવા, તથા મદદમા યુવરાજ વેકરીયા, નીરવ દોંગા, પ્રીન્સ રામાણી, આર્યન કોરાટ રોકાયેલ હતા.

જંગલેશ્વરમાં ૧૧ કિલો ગાંજાના જથ્થા સાથે ઝડપાયેલ આરોપી જામીન પર મુકત

સ્કૂટર પર ગાંજાનો જથ્થો લઈ આવતો સગીર આરોપી ઝડપાયો હતો

ગૌરાંગ ગોકાણી એડવોકેટ

રાજકોટ, તા.૨

શહેરના જંગલેશ્વર વિસ્તાર પાસે અત્રેના ગાંજાના કેસમાં આરોપી હબીબ હારૂનભાઈ ખીયાણી (રહે. જંગલેશ્વર, શેરી નં. ૯)ને રાજકોટ એન.ડી.પી.એસ. સ્પે. કોર્ટે કાયમી જામીન પર મુકત કરવાનો હુકમ કરેલ હતો.

આ કેસની હકીકત એવી છે કે, પોલીસે બાતમીના આધારે તા.૧૪/૨/૨૦૨૪ ના રોજ જંગલેશ્વર વિસ્તારમાં એક એકસેસ સ્કૂટર આરોપી હબીબ ખીયાણીના ઘરની સામે ઉભુ હોય. તેમાં કાળા કલરની શંકાસ્પદ બેગ જોવામાં આવતા તે સ્કૂટરમાં ચાલક આરોપી સગીર હતો. બેગ ચેક કરતા રૂ.૧ લાખની કિંમતનો ૧૧ કિલો ગાંજો મળી આવેલ. સગીર પાસેથી મળી આવેલ જથ્થો નાર્કોટીક સબસ્ટન્સ હેઠળ આવતો હોય, જેથી હાલના આરોપી હબીબ ખીયાણીની અટક કરતા રાજકોટ શહેર ભકિતનગર પોલીસ સ્ટેશનમાં એનડીપીએસ એકટની કલમ ૮(સી), ૨૦(બી), ૨૯ મુજબનો ગુન્હો દાખલ કરવામાં આવેલ હતો. આરોપીની ધરપકડ કરી જેલ હવાલે કરાતા આરોપી હબીબએ તેના એડવોકેટ ગૌરાંગ ગોકાણી મારફત રેગ્યુલર જામીન કરતા, આરોપીના વકીલની દલીલોને તથા વિવિધ કોર્ટના ચુકાદાઓને ગ્રાહય રાખીને રાજકોટ સેશન્સ કોર્ટ દ્વારા આરોપીને જામીન પર મુક્ત કરવાનો હુકમ કરેલ હતો. આ કેસમાં આરોપી વતી રાજકોટ યુવા એડવોકેટ ગૌરાંગ પી. ગોકાણી, વૈભવ બી. ડુંડલીયા તથા લીગલ આસી. શિવરાજસિંહ એમ. જાડેજા રોકાયેલ હતા.

અવસાન નોંધ

ગોંડલઃ સોની તરૂણકુમાર ગુલાબચંદ માંડલિયા (અમરેલીવાળા) તે ગો.વા. જેઠાલાલ ગોકળદ

અદાલતોમાં રજાઓ-વેકેશન મામલે ટીકાઓ પર સુપ્રિમ કોર્ટની ટિપ્પણી

જે લોકો કોર્ટોમાં રજાઓની ટીકા કરે છે તેમને ખબર નથી કે જજોને વીકમાં એક રજા પણ નથી મળતીઃ સુપ્રિમ કોર્ટ

રજાઓમાં જજોએ નિર્ણયો લખવા પડતા હોય છેઃ જસ્ટિસ ગોગોઈ

નવી દિલ્હી તા.૨

સામાન્ય રીતે એવુ કહેવાય છે કે અદાલતોમાં રજાઓ, વેકેશનો વધુ હોય છે. દેશની અદાલતોમાં જયારે મોટી સંખ્યામાં કેસો પેન્ડીંગ પડયા હોય છે. ત્યારે અદાલતોમાં રજાઓની ટીકા પણ થતી હોય છે. ત્યારે સુપ્રિમ કોર્ટે આ મામલે સુનાવણી દરમ્યાન એવો ફોડ પાડયો હતો કે જજોને સપ્તાહમાં એક રજા પણ નથી મળતી હોતી.

સુપ્રિમ કોર્ટે જણાવ્યું હતું કે જે લોકો સુપ્રિમ કોર્ટ અને હાઈકોર્ટમાં લાંબી રજાઓને લઈને ટીકા કરતા હોય છે તેમને એ ખબર નથી કે જજોને તો શનિવાર અને રવિવારની રજા પણ નથી મળતી.

જસ્ટીસ બીઆર ગોગોઈ અને સંદીપ મેહતાની પીઠે કહ્યું હતું કે જજોને વીક એન્ડ પર અન્ય કાર્યો ઉપરાંત વિભિન્ન સંમેલનમાં જવાનું હોય છે.

સુપ્રિમ કોર્ટ અને હાઈકોર્ટમાં રજાનો મુદ્દો ત્યારે આવ્યો જયારે પીઠ પશ્ચિમ બંગાળ સરકારની એક અરજી પર સુનાવણી માટે ગુરૂવારનો દિવસ નકકી કર્યો અને બન્ને પક્ષોને કહ્યું કે સુપ્રિમ કોર્ટનાં ગ્રીષ્મ કાલીન રજામાં જતા પહેલા દલીલો પુરી કરવામાં આવે જે ૨૦ મેથી શરૂ થશે.કોર્ટે કહ્યું કે આમ થઈ જશે તો રજાઓ દરમ્યાન અમે નિર્ણય લખી શકશુ.

આ વાત પર ભારત સરકારના સોલીસીટર જનરલ તુષાર મેહતાએ જજોનાં ખૂબ જ કડક શેડયુલની વાત ઉઠાવી હતી. ત્યારબાદ અદાલતે આ ટીપ્પણી કરી હતી.

રોજના ૫૦ થી ૬૦ કેસ

કેસની સુનાવણી માટે કેન્દ્ર તરફથી સોલીસીટર જનરલ મેહતાએ પીઠને કહ્યું હતું કે સુપ્રિમ કોર્ટનાં જજ રોજના ૫૦ થી ૬૦ કેસ જુએ છે એટલે રજાના હકકદાર છે. વરિષ્ઠ વકીલ કપિલ સીબ્બલે કહ્યું હતું કે આ દેશમાં સૌથી અઘરૂ કામ છે.

રજાઓમાં નિર્ણયો લખે છે

જસ્ટીસ ગવઈએ કહ્યું હતું કે રજાઓ દરમ્યાન જજ તેમના દ્વારા સંભળાવવામાં આવતા કેસનાં નિર્ણયો રજાઓમાં જ લખવાના હોય છે. સોલીસીટર જનરલે કહ્યું હતું કે જેમને ન્યાયપાલીકાનાં બારામાં ખબર નથી તે લોકો તેની ટીકા કરતા હોય છે.

SSC નું પરિણામ તા.૧૫ ની આસપાસ જાહેર થવાની સંભાવના

ધો.૧૦ ના પરિણામમાં વિલંબ થતા ડીપ્લોમાં પ્રવેશનો નવો કાર્યક્રમ જાહેર, હવે તા.૧૩ જૂન સુધી રજિસ્ટ્રેશન થશે

તા.૨૪ જૂને પ્રોવિઝનલ મેરીટ જાહેર થશે, ૨૪ થી ૨૭ સુધી મોક રાઉન્ડના પરિણામ સાથે ફાઈનલ મેરીટ જાહેર કરાશે

અમદાવાદ, તા.૨

ધોરણ ૧૦ અને ૧૨ની બોર્ડ પરીક્ષાના પરિણામો હવે ચૂંટણી બાદ જાહેર થવાના છે ત્યારે ધોરણ ૧૦ના પરિણામમાં વિલંબ થતા ધોરણ ૧૦ પછીના પ્રથમ વર્ષ ડિપ્લોમા ઈજનેરી અભ્યાસક્રમોમાં પ્રવેશ માટેના કાર્યક્રમમાં ફેરફાર કરવામાં આવ્યો છે અને રજિસ્ટ્રેશન મુદત લંબાવીને નવો પ્રવેશ કાર્યક્રમ જાહેર કરવામાં આવ્યો છે. જે મુજબ રજિસ્ટ્રેશન હવે ૧૩મી જૂન સુધી ચાલશે. પ્રોવિઝનલ મેરિટ ૨૪ જૂને જાહેર થશે અને ૨૪થી ૨૭ જૂન મોક રાઉન્ડના પરિણામ સાથે ફાઈનલ મેરિટ લિસ્ટ જાહેર થશે. ૧લીથી ૫ જુલાઈ સુધી પ્રથમ રાઉન્ડ માટે ચોઈસ ફિલિંગ થશે. ૯ મી જુલાઈએ પ્રથમ રાઉન્ડનું સીટ એલોટમેન્ટ જાહેર થશે. ધોરણ ૧૦ પછીના ડિપ્લોમા ઈજનેરી અભ્યાસક્રમોમાં પ્રવેશ માટે ઓનલાઈન સેન્ટ્રલાઈઝ્ડ પ્રક્રિયા અંતર્ગત પ્રવેશ સમિતિ દ્વારા આ વર્ષે વહેલી પ્રવેશ પ્રક્રિયા શરૂ કરવામાં આવી છે. અગાઉ જાહેર કરવામાં આવેલા પ્રવેશ કાર્યક્રમ મુજબ ડિપ્લોમાં ઈજનેરી પ્રથમ વર્ષ પ્રવેશ માટે ૧૫ મે સુધી રજીસ્ટ્રેશન મુદત હતી. પરંતુ ૩૦ મી એપ્રિલ સુધીના ૧૫ દિવસમાં ડિપ્લોમા માટે ૭૬૮ વિદ્યાર્થીઓનું જ રજિસ્ટ્રેશન થયું છે.

ધોરણ ૧૦નુંબોર્ડ પરીક્ષા પરિણામ પણ હવે ચૂંટણી બાદ ૧૫ મી મેની આસપાસ જાહેર થાય તેવી સંભાવના છે. જેથી રજિસ્ટ્રેશન મુદત લંબાવીને પ્રવેશ કાર્યક્રમમાં ફેરફાર કરવો પડે તેમ હોય પ્રવેશ સમિતિ દ્વારા નવો પ્રવેશ કાર્યક્રમ જાહેર કરવામાં આવ્યો છે. અગાઉ ૬ઠ્ઠી જૂન પ્રથમ રાઉન્ડ એલોટમેન્ટ થનાર હતું. હવે નવા કાર્યક્રમ મુજબ પ્રવેશ મેળવનાર વિદ્યાર્થીઓ ૯ થી ૧૨ જુલાઈ દરમિયાન ફી ભરીને પ્રવેશ કન્ફર્મ કરવાનો રહેશે. આમ ડિપ્લોમા ઈજનેરી પ્રવેશ પ્રક્રિયા એક મહિના પાછી ઠેલાય છે.

દિલ્હીની સ્કુલોને ઉડાવી દેવાની ધમકીમાં પાકિસ્તાની ISI તથા ચીનનો હાથ : તપાસમાં ખુલાસો

નવી દિલ્હી, તા. ૨

પાટનગર દિલ્હી તથા એનસીઆરમાં ૨૦૦થી વધુ સ્કુલોને બોમ્બથી ઉડાવી દેવાની ધમકી આપતા ઈ-મેઈલ પ્રકરણમાં નવો ખુલાસો થયો છે અને પાકિસ્તાની ગુપ્તચર સંસ્થા આઈએસઆઈ તથા ચીનનો હાથ હોવાનું બહાર આવ્યું છે.

દિલ્હી એનસીઆરમાં ૨૦૦થી વધુ સ્કુલોને એકસાથે ધમકીભર્યા ઈ-મેઈલ મળ્યા હતા અને સ્કુલોને ઉડાવી દેવાનો ચેતવણીભર્યો સંદેશ પાઠવવામાં આવ્યો હતો. આ ધમકીના પગલે તમામે તમામ સ્કુલોમાં રજા જાહેર કરીને વિદ્યાર્થીઓને ઘેર મોકલી દેવામાં આવ્યા હતા. સ્કુલો ખાલી કરાવીને તપાસ શરૂ કરવામાં આવી હતી. દિલ્હીની સ્પેશ્યલ પોલીસની ઈન્ટેલીજન્સ ફયુઝન એન્ડ સ્ટેટેજીક ઓપરેશન દ્વારા તપાસનો દૌર શરૂ કરવામાં આવ્યો હતો અને રશિયામાંથી ધમકીભર્યા ઈ-મેઈલ થયા હોવાનું પ્રાથમિક તપાસમાં ખુલ્યુ હતું. હવે એવું જાહેર થયું છે કે સમગ્ર કારસ્તાન પાછળ પાકિસ્તાની એજન્સી આઈએસઆઈ અને ચીનનો હાથ રહ્યો છે. ઈ-મેઈલમાં ધમકી આપનારનું નામ સાવારીમ દર્શાવવામાં આવ્યું છે. આ શબ્દ ઈસ્લામિક ગીત પરથી લેવામાં આવ્યો છે. આ ગીત આઈએસઆઈએ બનાવ્યું હતું અને તેમાં હત્યા, ખુનખરાબા અને યુધ્ધની વાત હતી. આ ઈ-મેઈલ પણ તેને મળતો આવે છે. પોલીસના સુત્રોએ કહ્યું કે આરોપીઓ સુધી પહોંચવાનું કામ સરળ નથી. સમગ્ર ષડયંત્ર અત્યંત વિસ્તૃત અને પૂર્વયોજીત જણાઈ રહ્યું છે. સવારે ૪ વાગ્યાથી ધમકીભર્યા ઈ-મેઈલ મોકલવાનું શરૂ થયું હતું અને છ વાગ્યા સુધી વારા ફરતી જુદી જુદી સ્કુલોને મોકલવામાં આવતા રહ્યા હતા. રશિયન વિપીએનનો ઉપયોગ કરવામાં આવ્યો હતો. ષડયંત્રકારોએ આ વીપીએનને નષ્ટ કરી નાખ્યો હોવાની શંકા છે જેને કારણે તપાસમાં વિઘ્ન ઉભુ થઈ શકે છે. રશિયન ઈ-મેઈલ સર્વિસનો ઉપયોગ કરાયો તેને તાજેતરમાં જ યુક્રેને બંધ કરી દીધુ હતું પ્રારંભિક તપાસમાં એવું માનવામાં આવી રહ્યું છે કે ચીન અને પાકિસ્તાનની એજન્સી આઈએસઆઈ દ્વારા સામાન્ય જનજીવનને પ્રભાવિત કરવા માટે આ ષડયંત્ર રચાયું હોઈ શકે છે.

ઉચ્ચ અભ્યાસ બાદ પણ યોગ્ય નોકરી ન મળે તો વિદ્યાર્થીઓ અને વાલીઓએ નિરાશ થવાની જરૂર નથી

જૂનાગઢની તન્ના એકાઉન્ટ્સ પ્રા.લી.ના Accounts, G.S.T., I.T.ના કોર્ષ આપે છે નોકરીની ૧૦૦% ગેરંટી

દેશના ૭પથી વધુ શહેરો અને ૧૦થી વધુ દેશોમાં સેંકડો વિદ્યાર્થીઓએ બનાવી છે ઉચ્ચ કારકિર્દી

: જુનાગઢ :

આજના સમયમાં દરેક માતા-પિતાના સ્વપ્ન હોય છે કે તેમના સંતાન ઉચ્ચ શિક્ષણ મેળવે. આ શિક્ષણ પાછળ માતા પિતા પોતાના સંતાનો માટે લાખો રૂપિયા ખર્ચ કરતા અચકાતા નથી પરંતુ આટલા ખર્ચ બાદ પણ જોઈએ તેવી નોકરી ન મળે ત્યારે સંતાનો સાથે વાલીઓ પણ નિરાશા અનુભવે છે પરંતુ એવું નથી હાલના સમયે વિદ્યાર્થીઓ માટે એકાઉન્ટન્સીનું ક્ષેત્ર ખુબ જ લાભદાયી છે અને જૂનાગઢમાં છેલ્લા ૩૭ વર્ષથી કાર્યરત તન્ના એકાઉન્ટ્સ પ્રા.લી. અત્યાર સુધીમાં સેંકડો વિદ્યાર્થીઓને સન્માનજનક પગાર સાથે નોકરી અપાવવા સફળ રહી છે. અહીં કોર્ષ કર્યા બાદ બીજા જ દિવસે વિદ્યાર્થીને ૧૦૦ ટકા જોબ ગેરંટી મળી રહે છે.

સૌરાષ્ટ્રના વિદ્યાર્થીઓ B.Com., B.Sc., M.SC. C.P.T. સહિતના વિવિધ ઉચ્ચ અભ્યાસ કરીને પણ યોગ્ય નોકરી મેળવી શકતા નથી. તેમના માતા-પિતા લોન લઈને પણ સંતાનોને ભણતર અપાવી રહ્યા છે તેવી સ્થિતિમાં નોકરી ન મળે તો વિદ્યાર્થી સહિત માતા-પિતા પણ નિરાશાની ગર્તામાં ડુબી જાય છે. આજે ભારત વિશ્વની ત્રીજી અર્થ વ્યવસ્થા બનવાની દિશામાં છે ત્યારે વિદ્યાર્થીઓએ નિરાશ થવાની કોઈ જરૂર નથી. હિસાબી કામકાજની આજે દરેક ક્ષેત્રમાં પ્રાથમિક અગ્રતા હોય છે. પેઢી હોય કે નાની-મોટી કંપની એકાઉન્ટ વિભાગ વગર તેના સંચાલનની કલ્પના પણ કરી શકાતી નથી. હવે એ સમય નથી રહ્યો કે B.Com., B.sc., B.A. કે અન્ય ઉચ્ચ અભ્યાસક્રમો કરીને જ કારકિર્દી બનાવી શકાય. હાલના સમયની માંગને અનુરૂપ એકાઉન્ટ્સ વિષયના વિવિધ કોર્ષ વિદ્યાર્થીઓને ઉચ્ચ કારકિર્દી બનાવવા ખુબ જ મદદરૂપ થઈ રહ્યા છે.

તન્ના એકાઉન્ટ્સ પ્રા.લી.ના ચેરમેન જે.બી. તન્ના અને તેમનો કાર્યદક્ષ સ્ટાફ વિદ્યાર્થીઓ માટે પ્રોત્સાહક બની આશિર્વાદરૂપ બની રહેલ છે. આ સંસ્થાના દશકાઓના અનુભવના નિચોડના પરિણામ સ્વરૂપ Accounts, G.S.T. તથા Income Tax (I.T.) કોર્ષ ડેવલોપ કરાયા છે. જેમાં ૮ માસનો Accounts તથા G.S.T. કોર્ષ તેમજ ૧૫ માસનો Iccome Tax G.S.T. કોર્ષ કરી સેંકડો વિદ્યાર્થીઓ આકર્ષક પગાર સાથે કારકિર્દી ઘડતર કરી શકયા છે અને પગભર થયા છે. ગુજરાત તથા ભારતભરમાં આ એક એવી સંસ્થા છે જેમાં Accounts તેમજ G.S.T. Income Tax કોર્ષ કર્યા બાદ વિદ્યાર્થી બીજા જ દિવસે બે વર્ષ અને ત્રણ વર્ષ આર્ટીકલ્સ કરાવે છે. જે વિદ્યાર્થીઓએ કોર્ષ ફી ભરેલ છે તેના કરતા બમણી ફી આર્ટીકલ્સમાં પરત આપેલ છે અને વિદ્યાર્થીને બે વર્ષ આર્ટીકલ્સ જે Accounts તથા Income Tax-G.S.T. જે ફી ભરેલ હોય તેના કરતા ડબલ ફી પરત મળેલ છે. દેશની એકમાત્ર આ સંસ્થાના ચેરમેન જે.બી. તન્ના મધ્યમ વર્ગના દિકરા-દિકરીઓને દેશભરમાં નાના-મોટા શહેરોમાં એકાઉન્ટની નોકરી મળે તેવા પ્રયાસો સાથે વિદ્યાર્થીઓને ઉચ્ચ કારકિર્દી ઘડતરમાં મદદરૂપ પણ થઈ રહ્યા છે.

તન્ના એકાઉન્ટ્સ પ્રા.લી. સંસ્થામાં હાલના સમયની માંગને અનુરૂપ વિદ્યાર્થીઓ માટે વિવિધ એકાઉન્ટન્સી કોર્ષ ઉપલબ્ધ છે. એડમીશન તેમજ વધુ માહિતી માટે ૯૮૨૫૨ ૨૦૦૬૭ તથા ૯૫૩૭૫ ૫૫૫૫૮ નંબરનો સંપર્ક સાધવા તન્ના એકાઉન્ટ્સ પ્રા.લી. જૂનાગઢની એક યાદીમાં જણાવાયું છે.

G.S.T.ના જાણકાર તજજ્ઞોની માંગ દિન-પ્રતિદિન વધતી જાય છે

ભારતમાં **G.S.T**નો કાયદો અમલમાં આવવાથી એકાઉન્ટ એકસપર્ટ ખાસ કરીને **G.S.T.** કાયદા સબંધિત જ્ઞાન ધરાવતા તજજ્ઞ વિદ્યાર્થીઓની માંગ વધતી જાય છે. છેલ્લા ૭ વર્ષથી અમલી બનેલ આ કાયદા અંતર્ગત નાની-મોટી પેઢી કે ઈન્ડસ્ટ્રીઝમાં એકાઉન્ટન્ટની ફરજીયાત જરૂરીયાત હોય છે ત્યારે વિદ્યાર્થીઓએ મુંજવાની જરૂર નથી, તન્ના એકાઉન્ટ્સમાં કોર્ષ કરો અને ઉજ્જવળ કારકિર્દી તરફ આગળ વધો તેવી સૌ વિદ્યાર્થીઓને મારી શુભેચ્છા.

-J.B.Tanna
(Chairman, Tanna Accounts Pvt. Ltd.)

જર્મનીમાં અભ્યાસ કરી ચુકેલા તજજ્ઞનું માર્ગદર્શન વિદ્યાર્થીઓને મળી રહે છે

તન્ના એકાઉન્ટ્સ પ્રા.લી. સંસ્થામાં **C.E.O.** તથા Director તરીકે ફરજરત દર્શન તન્ના કે જેઓએ તેમજ જર્મનીમાં આર્ટીકલશીપ કરી છે અને હાલના સમયે તન્ના એકાઉન્ટ્સમાં તેઓ G.S.T. તથા Income Taxના લેકચર લઈ વિદ્યાર્થીઓનું કારકિર્દી ઘડતર કરી રહ્યા છે.

ઈઝરાયેલ પેલેસ્ટાઈન વોર

યુએનમાં ભારતે ઈઝરાયલને આપ્યો ઝટકો, આપ્યું પેલેસ્ટાઈનને સમર્થન

ન્યુ દિલ્હી : ઈઝરાયેલ અને પેલેસ્ટાઈનને લઈને ભારતે મોટું નિવેદન આપ્યું છે, જેને ઈઝરાયેલ માટે ઝટકા તરીકે જોવામાં આવી રહ્યું છે. વાસ્તવમાં, ભારતે સંયુક્ત રાષ્ટ્રમાં ઈઝરાયેલ અને પેલેસ્ટાઈન માટેના બે-રાજ્ય ઉકેલને સમર્થન આપ્યું હતું. યુએનની બેઠકમાં ભારતના સ્થાયી પ્રતિનિધિ રૂચિરા કંબોજે જણાવ્યું હતું કે ભારત બે-રાજ્ય ઉકેલને સમર્થન આપવા માટે પ્રતિબદ્ધ છે, જ્યાં પેલેસ્ટાઈનના લોકો સુરક્ષિત સરહદોની અંદર સ્વતંત્ર દેશમાં રહી શકશે. તેમણે સંયુક્ત રાષ્ટ્રમાં પેલેસ્ટાઈનની અરજી પર પુનર્વિચાર કરવાની વાત કરી હતી. ભારતના આ પગલાને ઈઝરાયેલ માટે ફટકા તરીકે જોવામાં આવી રહ્યું છે જ્યારે ઈઝરાયેલના વડાપ્રધાન પેલેસ્ટાઈન રાજ્યને ખતરા તરીકે જોઈ રહ્યા છે. તમને જણાવી દઈએ કે પેલેસ્ટાઈને તાજેતરમાં જ યુએનના સભ્યપદ માટે અરજી કરી હતી, જે અમેરિકાના વીટોના કારણે પાસ થઈ શકી ન હતી. કંબોજે કહ્યું કે અમને આશા છે કે યોગ્ય સમયે આ અંગે પુનર્વિચાર કરવામાં આવશે અને પેલેસ્ટાઈનના સંયુક્ત રાષ્ટ્રના સભ્ય બનવાના પ્રયાસને સમર્થન આપવામાં આવશે.

ભારતે પણ હમાસની નિંદા કરી હતી. ૭ ઓક્ટોબર, ૨૦૨૩ ના રોજ, હમાસે ઈઝરાયેલ પર હુમલો કર્યો. તેમણે કહ્યું કે આતંકવાદને યોગ્ય ઠેરવી શકાય નહીં. ભારત હંમેશા આતંકવાદની વિરુદ્ધ રહ્યું છે. અમે તમામ બંધકોની બિનશરતી મુક્તિની પણ માંગ કરીએ છીએ. કંબોજે ગાઝામાં આંતરરાષ્ટ્રીય કાયદાઓ અને માનવતાવાદી કાયદાઓનું પાલન કરવાનું કહ્યું.

ભવિષ્યમાં પેલેસ્ટાઈનને મદદ કરવાનું ચાલુ રાખશે,

વાતચીત દરમિયાન કંબોજે ગાઝાના લોકો માટે મદદ વધારવાનું પણ કહ્યું હતું. તેમણે કહ્યું કે, પરિસ્થિતિ સુધારવા માટે લોકોની મદદ કરવી જરૂરી છે. ગાઝાના લોકોને માનવતાવાદી સહાયતા વધારવાની તાત્કાલિક જરૂર છે. તેમણે સૌને સાથે આવવા અનુરોધ કર્યો હતો. કહ્યું કે, અમે આ મામલે સંયુક્ત રાષ્ટ્ર અને આંતરરાષ્ટ્રીય સમુદાયના પ્રયાસોનું સ્વાગત કરીએ છીએ. ભારતે પેલેસ્ટાઈનના લોકોને માનવતાવાદી સહાય પૂરી પાડી છે અને તે કરતી રહેશે.

The Rajkot Commercial Co. Operative Bank Ltd
Web : www.rccbank.in
Ph. : 0281-2238946
નાના વેપારી,ઉદ્યોગો વ્યવસાયીકો માટે, મશીનરી, વાહન લોન
૧૦ લાખ સુધીના તમામ ધિરાણ
7.95 % વ્યાજના રાહતદરે
0 પ્રોસેસીંગ ચાર્જ
વધુ માહિતી માટે સંપર્કસુત્રઃ ધર્મેશ હિંડોચા 94093 29051
શૈલેષ પટેલ 94294 72052
'રોઢ શ્રી જયંતિલાલ કુંડલીયા સુવિધા સંકુલ', મહાત્મા ગાંધી મ્યુઝીયમ પાછળ, ચંદુલાલ બુચ માર્ગ, રાજકોટ.

સીવીલ કોર્ટ નોટીસ

રાજકોટના મહે. બીજા સીનીયર સીવીલ જજ શ્રી એ.આર.તાપીયાવાલા સાહેબની કોર્ટમાં મુ. રાજકોટ, દિ.પ.અ.નં. ૯૯૨/૨૦૨૪ના કામમાં અરજદાર **મનિષ વિનોદરાય રૂપારેલ** જેઓએ તેમોના માતુ સ્વ. દિપિકાબેન વિનોદરાય રૂપારેલના નામની નીચે મુજબની સ્થાવર મિલ્કત આવેલ છે.

(૧) રાજકોટ તાલુકાના હાલ રાજકોટ મ્યુનિ. કોર્પો.માં સમાવિષ્ટ થયેલ ગામ ઘંટેશ્વરના રેવન્યુ સર્વે નં. ૧૪૦ પૈકી તથા સર્વે નં. ૧૦૩ના રહેણાંક હેતુ માટેના બીનખેતી પ્લોટસ પૈકી 'વર્ધમાન નગર' તરીકે ઓળખાતા વિસ્તારના પ્લોટ નં. એચ-૨૧૬ની જમીન ચો.મી.આ. ૨૨૧-૦૦ શ્રી નિલેષ હરીલાલ ભોજાણી તથા શ્રી દિપિકાબેન વિનોદરાય રૂપારેલએ રજીસ્ટર્ડ વેચાણ દસ્તાવેજ અનુક્રમ નં. ૨૦૫૭ તા.૨૬/૦૩/૨૦૧૫થી સંધ્યાબેન બરતરાભાર પટેલ પાસેથી ખરીદ કરી કબ્જો ભોગવટો સંભાળેલ છે. આથી સદરહું મિલ્કતમાં સ્વ. દિપિકાબેન વિનોદરાય રૂપારેલનો ૫૦%નો અવિભાજ્ય હિસ્સો સમાયેલ હોય તથા (૨) અમદાવાદ શહેરના ગોતા વિસ્તારના ગુજરાત હાઉસીંગ બોર્ડ દ્વારા બાંધવામાં આવેલ મુખ્યમંત્રી આવાસ યોજના નં. બાજ્ય/ફાળવણી/૧૦૧૬૯ફી ફાળવેલ ફલેટ જેના ટી.પી. સ્કીમ નં. ૫૩, એફ.પી.નં. ૨૩ની જમીન ઉપર આવેલ યોજના અંતર્ગત ૯૮૦+૩૪ MIG-1 ગોતા સ્વયં નાણાં સંચાલીત યોજના-અમદાવાદની અરજી નં. OA000000360 માંહેના **ફલેટ નં. MIG-1/AD/0703** જેનો કારપેટ એરીયા ચો.મી. ૬૫-૦૦ શ્રી દિપિકાબેન વિનોદરાય રૂપારેલએ રજીસ્ટર્ડ કન્વેયન્સ ડીડ અનુક્રમ નં. ૩૯૮ તા. ૦૫/૦૧/૨૦૧૮થી જાગીર વ્યવસ્થાપક, ગુજરાત હાઉસીંગ બોર્ડ-અમદાવાદ પાસેથી ખરીદ કરી કબ્જો ભોગવટો સંભાળેલ છે. સદરહું મિલ્કતનું હેરસીપ સર્ટીફીકેટ મળવા **મનિષ વિનોદરાય રૂપારેલ** એ તેમના **વહીલ શ્રી છ.એલ.રામાણી તથા શ્રી નિરવ છ. રામાણી** મારફતે ઉપરોકત દિ.પ.અ. અત્રેની કોર્ટ સમક્ષ દાખલ કરેલ છે. સદરહું અરજી સબંધે જેને વાંધો, તકરાર હોય તો તે સબંધે લેખીત જવાબ વાંધા અત્રેની કોર્ટ સમક્ષ મુદત તા. ૨૦/૦૬/૨૦૨૪ સુધીમાં રજુ કરવા તેમજ સદરહું મિલ્કત સબંધે જો કોઈના વાંધા તકરાર ન રજુ થાય તો આગળની કાર્યવાહી માટે યોગ્ય હુકમ કરવામાં આવશે તેની સ્પષ્ટ નોંધ લેશો.

આજરોજ તા. ૧/૫/૨૦૨૪ના મારી સહી તથા સિકકો કરીને આપ્યું.

તૈયાર કરનાર (પી.એસ.જાડેજા) (આસીસ્ટન્ટ) — કોર્ટનો સીકકો — હુકમથી (જે.જે.ચાવડા) રજીસ્ટ્રાર બિન્સીપાલ સિનિયર સિવિલ કોર્ટ રાજકોટ

સીવીલ કોર્ટ નોટીસ

રાજકોટના મહે. સીનીયર સીવીલ જજ પી.જે.ચોપરી સાહેબની કોર્ટમાં દિ.પ.અ.નં. ૩૮૮/૨૪ના અરજદાર (૧) ડો. ઉર્વી કનૈયાલાલ ઘોડાસરા વા./ઓ. શાંતનુ જીવાણી તથા (૨) અમી કનૈયાલાલ ઘોડાસરા વા./ઓ. યતીન ઠ૭વાણી બંને રહે. રાજકોટ તે (૧) જુ. સ્વ. કનૈયાલાલ લક્ષ્મીદાસ ઘોડાસરા તથા (૨) ગુજ. સ્વ. નિર્મળાબેન રામજીભાઈ દેત્રોજા વા./ઓ. કનૈયાલાલ ઘોડાસરાના સીધી લીટીના વારસદાર છે. ગુજ. સ્વ. (૧) કનૈયાલાલ લક્ષ્મીદાસ ઘોડાસરાની માલીકીની અને કબ્જા ભોગવટાની સ્થાવર મિલ્કત **ગુજરાત** રાજ્યના **રાજકોટ** જિલ્લાના તાલુકા **રાજકોટ**ના **નાનાવડા** રેવન્યુ **સર્વે નં. ૩૮** પૈકી **ટી.પી. સ્કીમ નં.૨** નાનાવડાના **ફાઈનલ પ્લોટ નં.૧૫૩, ૧૫૪** પૈકી **૧૭૧, ૧૭૭** પૈકી તથા **નાનાવડા** રેવન્યુ **સર્વે નં. ૩૨** ના પ્લોટસ પૈકી **પ્લોટ નં. ૪૫** તથા **૪૭** જે **ટી.પી. સ્કીમ નં. ૩** નાનાવડા પૈકી **ફાઈનલ પ્લોટ નં. ૨૧૫** પૈકીની **જમીન ચો.મી.આ. ૩,૫૩૭.૯૫** ઉપર શહેરી જમીન ટોચ મર્યાદા અને નિયમન-અધિનિયમ-૧૯૭૬ની કલમ ૨૧:૧ તળેની મંજુર થયેલ ફલેટોની યોજના જે **'શ્રી સયાપાર્ક'**ના નામથી ઓળખાય છે તે માંહેના **ફાઈનલ પ્લોટ નં. ૧૫૩, ૧૫૪** વાળી કુલ જમીન ચો.મી.આ. ૩૫૯-૦૦ પૈકીની જમીન ઉપર આવેલ **બિલ્ડીંગ બી-૨** ટાઈપના ગ્રાઉન્ડ ફલોરમાં આવેલ **ફલેટ નં.૩** જેનો બાંધકામ એરીયા **ચો.મી.આ. ૫૯.૮૬** આવેલ છે. તે ફલેટ ગુજરનાર સ્વ. કનૈયાલાલ લક્ષ્મીદાસ ઘોડાસરાએ તેમના જોગના રજીસ્ટર્ડ વેચાણ દસ્તાવેજ અનુક્રમ નં. ૧૪૨૩૬, તારીખ ૨૫/૦૩/૧૯૯૬ નવો નંબર ૧ નંબરની બુકના નં. ૪૯૯ તારીખ ૦૧/૦૨/૨૦૦૦ના રોજ ખરીદ કરેલ તથા ગુજરનાર (૨) સ્વ. નિર્મળાબેન રામજીભાઈ દેત્રોજા વા./ઓ. કનૈયાલાલ ઘોડાસરાની ૨૫ અનડીવાઈડેડ હિસ્સાની માલીકીનો અને કબ્જા ભોગવટાની સ્થાવર મિલ્કત અનુક્રમે (૧) **ગુજરાત** રાજ્યના **રાજકોટ** જિલ્લાના તાલુકા **રાજકોટ**ના ગામ **રતનપર**ના રેવન્યુ સર્વે નં. ૨૨૯ પૈકીની રહેણાંકના હેતુ માટે બીનખેડવાણ અને ઈમારત બાંધવાની મંજુરીવાળા જમીનના પ્લોટસ કે જે **'ડ્રીમલેન્ડ પાર્ક'** તરીકે ઓળખાય છે તે પ્લોટસ પૈકી **પ્લોટ નં. ૮૬**ની જમીન **ચો.મી.આ. ૧૭૨.૦૦** તથા (૨) **પ્લોટ નં. ૬૦**ની જમીન **ચો.મી.આ. ૧૬૬.૭૬** આવેલ છે. તે જમીન ગુજરનાર સ્વ. નિર્મળાબેન રામજીભાઈ દેત્રોજા વા./ઓ. કનૈયાલાલ ઘોડાસરા વિગેરેએ સંયુક્ત રીતે તેમના જોગના અનુક્રમે રજીસ્ટર્ડ વેચાણ દસ્તાવેજ (૧) અનુક્રમ નં. ૬૯૭, તારીખ ૨૪/૦૧/૨૦૧૧ના રોજ ખરીદ કરેલ તથા (૨) રજીસ્ટર્ડ વેચાણ દસ્તાવેજ અનુક્રમ નં. ૧૦૦૦, તારીખ ૨૪/૦૧/૨૦૧૧ના રોજ ખરીદ કરેલ .

તેમની સદરહું મિલ્કત અંગેનું વારસા સર્ટીફીકેટ મેળવવા માટે અરજદારે તેમના **એડવોકેટ શ્રી નીતિન કે. સગપરીયા તથા શ્રી કલ્પેશ બી. સગપરીયા** મારફતે અરજી કરેલ છે. તે બાબતે જે કોઈને વાંધો, તકરાર, હકક-હીત, હીસ્સો હોય તેઓએ મુદત તારીખ ૧૮/૬/૨૦૨૪ના રોજ પોતે જાતે અથવા તેમના વકીલ મારફત હાજર રહેવું અન્યથા ગેરહાજર રહ્યે યોગ્ય હુકમ કરવામાં આવશે.

આજ તારીખ ૩૦/૦૪/૨૦૨૪ના રોજ મારી સહી તથા કોર્ટનો સિકકો કરી આપ્યું છે.

તૈયાર કરનાર (જી.બી.લકુમ) આસીસ્ટન્ટ — કોર્ટનો સીકકો — હુકમથી (જે.જે.ચાવડા) રજીસ્ટ્રાર

જાહેર નોટીસ

આથી હું નીચે સહી કરનાર તે અમારા ખરીદનારાની સુચનાથી લાગતા વળગતા તમામને નોટીસ આપી જણાવવાનું કે, નીચે મુજબની મિલ્કત નીચે લખ્યા આસામી પાસેથી અમારા ખરીદનાર ખરીદ કરવા મીંખીક કરાર કરેલ છે.

માલીકનું નામ	ગામ	તાલુકો	રે.સ.નં.	હે.આરે.ચો.મી.	ખાતા નં.
રૈયાભાઈ બાવનજીભાઈ વેકરીયા રહે. ઉમરાળી	ઉમરાળી	જેતપુર	૨૬૦	૨-૪૯-૮૯	૧૩૪૬

સબબ ઉપરોકત મિલ્કત મારા ખરીદનાર ખરીદ કરવા માંગે છે તે પરત્વે કોઈ વ્યકિત, પેઢી, બેંક, મંડળી કે એસાઈનીઓનો કોઈપણ પ્રકારનો ભાગ, લાગ, હકક, હિત, હિસ્સો, દર કે દાવો સાટાખત/મુખત્યારની રૂએ યા વારસાઈ હકક, અથવા અન્ય કોઈપણ આસામીનો કોઈપણ પ્રકારનો વાંધો તકરાર હોય તો આ જાહેર નોટીસ પ્રસિધ્ધ થયેથી દિવસ-૧૦(દસ)માં આ નીચે લખ્યા સરનામે લેખીત દસ્તાવેજી પુરાવા સાથે જાણ કરવી, મુદત વિત્યે આ મિલ્કતો પરત્વે કોઈનો કોઈપણ જાતનો હકક, હિત, હિસ્સો નથી અને હોય તો જતો **(WAIVE)** કરેલ છે તેમ માની અમાર ખરીદનારા આ મિલ્કતની વેચાણની આગળની કાર્યવહી પુરી કરશે અને ત્યારબાદ કોઈપણ જાતના વાંધા કે તકરાર અમારા ખરીદનારાને બંધનકર્તા રહેશે નહી તેની આ નોટીસથી સર્વે સબંધકર્તાએ સ્પષ્ટ નોંધ લેવી.

ખબારા મારફત :
ભરતકુમાર કે. વોરા, બી.કોમ. એલએલ.બી., ઠે. કોર્ટની બાજુમાં ગોંડલ
તે ખરીદનારની સુચના મુજબ, તા. ૨/૫/૨૦૨૪, મો. ૯૮૨૫૭ ૨૦૬૬૯

જાહેર નોટીસ

આથી જાહેર જનતા તથા લાગતા વળગતાને જાણ કરવાની કે રાજકોટ શહેરમાં સમાવિષ્ટ ગામ રૈયાના રે.સ.નં. ૧૩૩, ૧૩૮ તથા ૧૩૯ના બ

બાળ માનસ કેવા માર્ગે ? ૯ વર્ષના બાળકે રીક્ષા ચાલકને છરી ઝીંકી દીધી

હરીહર ચોક પાસે આવેલી દરગાહ નજીકનો બનાવ : સાયકલ સાથે રીક્ષા અથડાતા બાળક ઘરમાંથી છરી લાવ્યો અને ચાલક આશીફભાઈ શેખને હાથમાં મારી દીધી : ઈજાગ્રસ્તને સીવીલ હોસ્પિટલમાં ખસેડાયા

રાજકોટ, તા. ૨

શહેરના હરીહર ચોકમાં આવેલી દરગાહ પાસે એક ૯ વર્ષના બાળકે યુવાનને છરી ઝીંકી દીધી હતી. ઈજાગ્રસ્તને તત્કાલ રાજકોટ સીવીલ હોસ્પિટલમાં ખસેડાયો હતો. બનાવની વિગત મુજબ શહેરના રૈયા રોડ પર બ્રહ્મસમાજ પાસે શિવપરા શેરી નં.૮માં રહેતા આશીફભાઇ હાજીભાઇ શેખ (ઉ.વ.૪૧) તેનો પુત્ર આદિલ મનાલી ગયો હોય તેને તેડવા રેલ્વે સ્ટેશને રીક્ષા લઈને ગયા હતા. ત્યાંથી પરત આવતી વખતે તેઓ હરીહર ચોકમાં રહેતા તેના કાકીના ઘરે ગયા હતા. જયાં કાકીને અગાઉના લીધેલા રૂપિયા આપી પરત રીક્ષામાં બેઠા ત્યારે રીક્ષા ચાલુ કરતી વખતે આગળ રહેલી સાયકલને અડી ગઇ હતી. આ સાયકલ ૯ વર્ષના બાળકની હતી. બાળક દરગાહ નજીક જ રહેતો હોય, ઘરમાં જઇ છરી લાવ્યો હતો અને આશીફના દિકરા આદિલ સાથે બોલાચાલી કરવા લાગ્યો હતો.

દરમ્યાન આશીફભાઇ વચ્ચે પડતા તેને છરી મારી દીધી હતી. આશીફભાઇ જાગનાથમાં ફલોર મીલ ચલાવે છે. તેને સંતાનમાં બે દિકરા છે. હાલ તેઓ સીવીલ હોસ્પિટલમાં સારવાર હેઠળ છે.

સીવીલ હોસ્પીટલ બ્રીજ પરથી બોલેરોમાં ગેરકાયદેસર ભરેલ ૮ પશુઓને બચાવતા ગૌસેવકો

કૃપા ફાઉન્ડેશનના ગૌસેવકોએ એ ડીવીઝન પોલીસને સાથે રાખી વાંકાનેર તરફથી બોલેરોમાં અબોલ જીવોને ભરી આવતા ફીરદોશ જુણેજાને દબોચ્યોઃ ગુનો નોંધાયો

રાજકોટ તા.૨

સીવીલ હોસ્પીટલ ચોક બ્રીજ પરથી બોલેરોમાં ગેરકાયદેસર રીતે લઈ જવાતા ૮ અબોલ જીવોને કૃપા ફાઉન્ડેશનના ગૌસેવકો અને એ ડીવીઝન પોલીસે સાથે મળી બચાવી લીધા હતા. વાંકાનેરથી રાજકોટ તરફ પશુઓને ગે.કા. લઈ આવતા વાંકાનેર પંથકના ફીરદોશ જુણેજાની ધરપકડ કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી.

બનાવ અંગે રામવન પાસે રામપાર્ક સોસાયટીમાં રહેતા જયેન્દ્રભાઈ ચંદ્રવાણીયા (ઉ.૩૦)એ નોંધાવેલ ફરીયાદમાં આરોપી તરીકે બોલેરો પીકઅપનો ચાલક ફીરદોશ મુનાફ જુણેજા (રહે. ચંદ્રપુર વાંકાનેર)નું નામ આપી જણાવ્યું હતું કે તેઓ કૃપા ફાઉન્ડેશનમાં ગૌસેવક તરીકે કામ કરે છે. ગઈ મોડી રાત્રે બાતમી મળેલ કે એક માલવાહક ગાડીમાં નાના મોટા ભેંસના પાડા પાડી ગેરકાયદેસર રીતે ભરી વાંકાનેર તરફથી રાજકોટ તરફ આવવાના છે જેથી તેઓએ ગૌરક્ષક તરીકે કામ કરતા ભાવિનભાઈ પટેલ, કૃપાલભાઈ ગાલોરીયા, વિકીભાઈ સોનપાલ સહિતના લોકો સીવીલ હોસ્પીટલની ઉપર આવેલ પુલ પર વોચમાં હતા ત્યારે ત્યાંથી પસાર થયેલ બોલેરો પીકઅપ ગાડીને રોકી એ ડીવીઝન પોલીસ મથકને જાણ કરતા સ્ટાફ દોડી આવ્યો હતો અને બોલેરોના ચાલકનું નામ પુછતા ફીરદોશ મુનાફ જુણેજા જણાવ્યું હતું. બોલેરોની પાછળના ભાગે જોતા તેમાં ભેંસના પાડા અને પાડી મળી કુલ ૮ જીવો ગેરકાયદેસર રીતે ખીચોખીચ પાણી તેમજ ઘાસચારાની વ્યવસ્થા વગર ભરેલ હતા. જેથી બોલેરો ચાલકની ધરપકડ કરી પશુઓને મુકત કરવામાં આવેલ હતા.

દિવેલીયાપરા વિસ્તારની ૧૪ વર્ષની સગીરાનું અપહરણ : ગુનો નોંધાયો

રાજકોટ, તા.૨

કુવાડવા રોડ પોલીસ મથકે દિવેલીયાપરા વિસ્તારની ૧૪ વર્ષની સગીરાનું અપહરણ થયાનું ગુનો નોંધાયો છે. ફરિયાદી ૩૫ વર્ષીય માતાએ તેની ૧૪ વર્ષની દીકરીના અપહરણ અંગે ફરીયાદ નોંધાવી છે. જેમાં તેમણે જણાવ્યું કે, હું પરિવાર સાથે નવાગામ આણંદપરના દિવેલીયાપરા વિસ્તારમાં રહું છું. હું મજુરીકામ કરું છું. મારા પતિ આશરે ત્રણેક વર્ષ પહેલા બીમારીથી મૃત્યુ પામ્યા હતા. મારે સંતાનમા એક દિકરી અને એક દિકરો છે. મોટી દિકરી ૧૪ વર્ષની છે. જ્યારે પુત્ર ૧૨ વર્ષનો છે. મારી દિકરીએ ધોરણ ૯ સુધી અભ્યાસ કર્યો છે. ગત તાઃ-૨૮/૪ના રાત્રીના અમે હું અને મારા બંને સંતાન જમીને રાત્રે સુઇ ગયા હતા. બાદ તાઃ-૨૯/૪/ના વહેલી સવારે આશરે ત્રણેક વાગ્યે મારી નીંદર ઉડેલ ત્યારે મેં ઉભા થઈને જોયું તો મારી દિકરી જોવા મળેલ નહીં. મેં ઘર આસપાસ તપાસ કરી પરંતુ મારી દિકરી કયાય જોવા મળેલ નહી. સવાર પડતા મે મારા સગા વ્હાલાને ફોન કરી તપાસ કરતા સગા વ્હાલામાં કયાય મારી દીકરીની ભાળ મળી નહોતી. જેથી કોઈ અજાણ્યો શખ્સ મારી દીકરીનું અપહરણ કરી ગયાની મને શંકા થતા પોલીસને જાણ કરી હતી. આ અંગે કુવાડવા રોડ પોલીસે ગુનો નોંધી આરોપી અને ભોગબનનારની શોધખોળ શરૂ કરી છે.

ફેફસાંની બીમારીથી કંટાળી ઝેરી દવા પી વિજયભાઈ લીંબાસીયાએ જીવન ટુંકાવ્યું

મવડી પ્લોટ વિસ્તારનો બનાવઃ ઘરે ઝેરી દવા પીધીઃ સારવારમાં યુવકે દમ તોડી દીધો

રાજકોટ, તા.૨

મવડી પ્લોટ વિસ્તારના યુવકે ફેફસાંની બીમારીથી કંટાળી પોતાના ઘરે ઝેરી દવા પી જીવન ટુંકાવ્યું હતું. બનાવની અંગે મૃતકના પરિવારમાં ગમગીની છવાઈ ગઈ છે.

બનાવની વિગત મુજબ વિજયભાઈ વિઠ્ઠલભાઈ લિંબાસિયા (ઉ.વ.૪૨ રહે- ન્યુ રાજદીપ સોસાયટી મવડી પ્લોટ ૧૫૦ ફૂટ રિંગ રોડ) નામનાં યુવકે ગઈ કાલે સાંજના સમયે પોતાનાં ઘરે ઝેરી દવા પી લેતાં સારવાર અર્થે રાજકોટ સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યો હતો. જયાં સારવારમાં યુવકે દમ તોડી દિધો હતો. યુવક સેન્ટીંગનું કામ કરતો હતો. મૃતકને ફેફસાંને બીમારી હતી. જે બીમારીથી કંટાળી યુવકે આપઘાત કર્યાનું પરિવારજનોએ જણાવ્યું હતું.તેઓ બે ભાઈ અને એક બહેનમાં મોટા હતાં. બે દિકરી અને એક દિકરાએ પિતાની છત્રછાયા ગુમાવતા પરિવારમાં કલ્પાંત છવાયો છે.

અપહરણ, લૂંટના ગુનામાં ફરાર દેવશી મકવાણા અને ચંદ્રકાંત નવા થોરાળામાંથી ઝડપાયા

પાંચ માસ પહેલા જુની અદાવતનો ખાર રાખી યુવકને રીક્ષામાં ઢસડી જઈ છરીના ઘા ઝીંકયા'તાઃ થોરાળા પોલીસ મથકના પીઆઈ એન.જી. વાઘેલા અને ટીમની કામગીરી

રાજકોટ તા.૨

નવા થોરાળામાં અપહરણ, લૂંટના ગુનામાં ફરાર દેવશી મકવાણા અને ચંદ્રકાંતને થોરાળા પોલીસે પકડી પાડી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી.

બનાવ અંગે રામનાથપરા ભવાનીનગર શેરીમાં રહેતા દિનેશભાઈ ઘેલાભાઈ ગોહેલ (ઉ.૩૦)એ નોંધાવેલ ફરીયાદમાં જણાવ્યું હતું કે ગઈ તા.૭-૧૧-૨૦૨૩ના તેઓને મકાન વેચવા બાબતે લીમડા ચોક પાસે તેઓ પરીવાર સાથે જતા હતા ત્યારે સર્વોદય સોસાયટી પાસે રોહિત ઉર્ફે બાઠી અને હરેશ ખીમસુરીયા બાઈક લઈને પાછળ આવતા તેઓએ બાઈક ભગાડેલ હતું. ત્યારે અમુલ સર્કલ પાસે પહોંચતા એકસેસ અથડાવી નીચે પાડી દીધા હતા અને કહેવા લાગેલ કે તને ના પાડેલ છે કે થોરાળામાં આવીશ તો મારી નાખીશ તેમ કહી છરી કાઢી હુમલો કર્યો હતો. બાદમાં દોડી આવેલા અજય જાદવ, હરેશ ખીમસુરીયા, દેવશી મકવાણા, ધર્મેશ સોલંકી સહિતના શખ્સો ઘસી આવ્યા હતા ત્યારે ઢીકાપાટુનો માર મારી છરીનો ઘા પડખામાં ઝીંકી દીધો હતો.

બાદમાં અજાણી રીક્ષામાં બેસાડી અપહરણ કરી નવા થોરાળામાં જીવણભાઈના ઘર પાસે લઈ જઈ ફરીવાર શખ્સોએ માર માર્યો હતો અને જાનથી મારી નાખવા ધમકી આપી હતી. બાદમાં પોલીસ આવી જતા આરોપીઓએ સામે અમારી બહેન દીકરીઓની છેડતી કરે છે તેવો આક્ષેપ કર્યો હતો. બનાવ અંગેની ફરીયાદ પરથી થોરાળા પોલીસે અપહરણ, રાયોટીંગ, લુંટ સહિતની કલમો હેઠળ ગુનો નોંધી તપાસ હાથ ધરતા છેલ્લા પાંચ માસથી નાસતા ફરતા આરોપી દેવશી મકા મકવાણા (ઉ.૬૧) રહે. નવા થોરાળા, ગોકુલપરા શેરી નં.૧ અને ચંદ્રકાંત ઉર્ફે ચંદ્રેશ ઉર્ફે સંજય દલા ખીમસુરીયા (ઉ.૩૩) રહે. નવા થોરાળા શેરી નં.૪ને નવા થોરાળા પાસેથી પકડી પાડી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી.

દારૂના ગુનામાં ૧૦ મહિનાથી ફરાર અંકલેશ્વરનો કુખ્યાત રીયાઝખાન ઝડપાયો

બી ડીવીઝન પોલીસે કાર્યવાહી કરીઃ આરોપી વિરૂધ્ધ લૂંટ, છેતરપીંડી, દારૂ સહિતના ગુના નોંધાયેલ છે

રાજકોટ તા.૨

બી ડીવીઝન પોલીસ મથકના દારૂના ગુનામાં ૧૦ મહિનાથી ફરાર રીયાઝખાનને પોલીસે ઝડપી પાડયો હતો.

પ્રાપ્ત વિગત મુજબ બી ડીવીઝન પોલીસ મથકના પીઆઈ એસ.એમ. જાડેજાની રાહબરીમાં પીએસઆઈ કે.ડી. માડૂ ટીમ સાથે પેટ્રોલીંગમાં હતા ત્યારે સાથેના હે.કો. રાજેશ બાળા સહિતના સ્ટાફને મળેલ ચોકકસ બાતમીના આધારે બી ડીવીઝન પોલીસ મથકના દારૂના ગુનામાં છેલ્લા ૧૦ મહિનાથી ફરાર રીયાઝખાન ઉર્ફે મુન્નો મહેબુબ ખાન પઠાણ (ઉ.૪૨) રહે. હાલ અંબોલી રોડ, સ્ટાર એવન્યુ, અંકલેશ્વર મુળ જામનગરને દબોચી કાયદેસરની કાર્યવાહી કરી હતી. ઉલ્લેખનીય છે કે આરોપી વિરૂધ્ધ અગાઉ રાજયના અલગ અલગ પોલીસ મથકમાં દારૂ, લૂંટ, છેતરપીંડી સહિતના અનેક ગુના નોંધાયા છે.

રાજકોટ બારમાં પ્રથમ વખત ઈ-ડીરેકટરી, ફોટો સાથેની ડીરેકટરી બનાવાશે

રાજકોટ બાર એસો.નો એક પણ સભ્ય ડીરેકટરીનું ફોર્મ ભરવામાં રહી ન જાય તે માટે બાર આગેવાનોનો સભ્યોને અનુરોધ

રાજકોટ, તા.૨

રાજકોટ બાર એસો. વર્ષ-૨૦૨૪ ની ચુંટાયેલ બોડી દ્વારા સર્જનાત્મક કામ હાથ ધરી સને ૨૦૧૬ ના અરસાથી રાજકોટ બારના સભ્યોની ડીરેકટરી બનેલ ન હોય ઘણા બધા એડવોકેટનું નિધન થયેલ હોય અને ઘણા બધા નવા વકીલોનું ઉમેરો થયેલ હોય તેથી સને ૨૦૨૪ ના અરસામાં અત્યાર સુધીની ડીરેકટરીથી અલગ પ્રકારની એટલે કે બાર ના સભ્યોની ફોટા સાથેની ફીઝીકલ ઉપરાંત ઈ-ડીરેકટરી બનાવવામાં આવશે.

જેમાં ગયા વર્ષનો જુનો ડેટા એટલે કે ૫૮૬ વકીલઓના ફોર્મ ભરેલા, જેની એ.બી.સી.ડી. પ્રમાણેના નામની પી.ડી.એફ. રાજકોટ બાર એશોસીએશન દવારા વકીલશ્રીઓના વોટસએપ ગ્રુપમા ફેરવવામાં આવેલ છે. તથા કોર્ટમાં લાયબ્રેરીમાં આ લીસ્ટ રાખેલ છે. જે વકીલઓના નામ છે તે વકીલઓએ ડીરેક્ટરીના ફોર્મ ભરવાના નથી, માત્ર ફોર્મમાં કોઈ ફેરફાર કરવો હોય તો લાયબ્રેરીમાં આવી કરાવી શકશે. જે વકીલ સભ્યોએ ડીરેકટરીનું ફોર્મ ભરેલ નથી તેવા વકીલ સભ્યોને સત્વરે રાજકોટ બારમાંથી ફોર્મ મેળવી ફોર્મ ભરી જવાનું રહેશે.

નવું ફોર્મ ભરનારે ફોર્મમાં ફોટો ચોટાડી વકીલના બી.સી.જી.નું આઈકાર્ડની નકલ સાથે રાજકોટ બારની લાયબ્રેરીમા વેકેશન પહેલા વહેલી તકે પહોંચતું કરવાનું રહેશે. આ તજે પ્રમુખ બકુલભાઈ વી. રાજાણી, ઉપપ્રમુખ સુરેશભાઈ આર. ફળદુ, સેક્રેટરી પી.સી. વ્યાસ, જોઈન્ટ સેક્રેટરી જયેન્દ્રભાઈ ગોંડલીયા, ટ્રેઝરર આર.ડી.ઝાલા, લાયબ્રેરી સેક્રેટરી મેહુલભાઈ મહેતા તથા મહીલા કારોબારી સભ્ય રેખાબેન લીંબાસીયા અને કારોબારી સભ્યો અજયભાઈ પીપળીયા, કૌશલભાઈ વ્યાસ, ભાવેશભાઈ રંગાણી, અમીતભાઈ વેકરીયા, નિકુંજ શુકલ, પિયુષભાઈ સખીયા, અજયસિંહ ચૌહાણ, રણજીત મકવાણા, હીરલબેન જોષી જહેમત ઉઠાવી રહેલ છે તથા આ ડીકેરટરી અંગેની માહીતી માટે જયેન્દ્રભાઈ ગોંડલીયા મો.૯૩૭૪૧૭૯૨૪૧, અજયભાઈ પીપળીયા મો.૯૪૨૬૯૩૨૦૦૧, નીકુંજભાઈ શુકલ મો.૯૯૭૪૬૦૯૯૯૯, રેખાબેન લીંબાસીયા મો. ૯૮૯૮૦૨૦૧૦૪, પિયુષભાઈ સખીયા મો. ૯૭૨૩૮૯૧૦૯૧, અમીતભાઈ વેકરીયા મો. ૯૮૭૯૫૦૦૭૭૦, કૌશલભાઈ વ્યાસ મો. ૯૮૯૮૫૭૮૫૮૪ નો સંપર્ક કરવાનો રહેશે.

'મારે અલગ થવું છે, સાસુનો ત્રાસ છે' ભાઈ સાથે વાત કરી બહેનનો આપઘાત

આંબેડકરનગરમાં રહેતી ૨૫ વર્ષીય પરિણીતાએ ગૃહકલેશથી કંટાળી ફાંસો ખાઈ જીવન ટુંકાવી લીધુ : પરિવારમાં કલ્પાંત : માલવિયાનગર પોલીસ દોડી ગઈ

રાજકોટ, તા. ૨

આંબેડકરનગર શેરી નં. ૫માં રહેતી ૨૫ વર્ષીય પરિણીતાએ ગૃહકલેશથી કંટાળી જામનગર રહેતા તેના ભાઈને છેલ્લો ફોન કરી ગળાફાંસો ખાઈ આપઘાત કરી લેતા પરીવારમાં અરેરાટી વ્યાપી ગઈ હતી. બનાવની જાણ થતા માલવિયાનગર પોલીસ દોડી ગઈ હતી.

પ્રાપ્ત વિગત મુજબ આંબેડકરનગર શેરી નં.૫માં રહેતા કાજલબેન હિતેષભાઇ રાઠોડ (ઉ.વ.૨૫) નામની પરિણીતાએ આજે સવારે ૧૦ વાગ્યાની આસપાસ પોતાના ઘરે રૂમમાં પંખાના હુકમાં ચુંદડી વડે ફાંસો લગાવી આપઘાત કરી લીધો હતો. બનાવની પરિવારને જાણ થતા ૧૦૮ને ફોન કરી બોલાવતા ૧૦૮ની ટીમે પરિણીતાને તપાસી મૃત જાહેર કર્યા હતા. બનાવ અંગે માલવિયાનગર પોલીસને જાણ થતા સ્ટાફ ઘટના સ્થળે દોડી આવ્યો હતો અને જરૂરી કાર્યવાહી કરી મૃતદેહને પીએમ અર્થે સીવીલ હોસ્પિટલે ખસેડવામાં આવ્યો હતો.

વધુમાં બનાવ અંગે જામકંડોરણા રહેતા મૃતક કાજલબેનના ભાઇ મનહર પરમારે જણાવ્યું હતું કે આજે સવારે ૮ વાગ્યે તેમની બહેનનો ફોન આવ્યો હતો અને જણાવ્યું હતું કે મારે સાસુનો બહુ જ ત્રાસ છે, મારે અલગ થવું છે પણ મારો પતિ બહાના બતાવ્યા રાખે છે. જેથી તેમને હિંમત આપી હતી કે સારૂ થઇ જશે. પરંતુ ૧૦ વાગ્યે તેમના જીજાજીનો ફોન આવ્યો હતો કે તેમની બહેને આપઘાત કરી લીધો છે. મૃતક ત્રણ બહેન, એક ભાઇમાં નાના હતા અને તેઓના ડ્રાઇવીંગ કામ કરતા હિતેષ સાથે ચાર વર્ષ પહેલા લગ્ન થયા હતા. મૃતક ખાનગી પેટ્રોલ પંપમાં નોકરી કરતા હતા. આ બનાવથી પરિવારમાં શોક છવાયો હતો.

રાજકોટમાં ૧૭ વર્ષના સગીર અને ૪૦ વર્ષીય યુવાનનું હાર્ટએટેકથી મોત

ધો.૧૧માં અભ્યાસ કરતો હર્ષિલ ગોરી ટ્રાન્સપોર્ટ ઓફિસે પાણી પીતા-પીતા ઢળી પડયો : યુવાન મુકેશ ફોરિયાતળ ઘરે બેઠા-બેઠા જ બેભાન થઈ ગયો



રાજકોટ, તા.૨

નાની ઉંમરે હાર્ટ એટેકના બનાવો વધ્યા છે, જે ચિંતાનો વિષય છે. ત્યારે રાજકોટમાં ૧૭ વર્ષના સગીરા અને ૪૦ વર્ષીય યુવાનનું હાર્ટ એટેકથી મોત થતા ખળભળાટ મચી ગયો છે. ધો.૧૧માં અભ્યાસ કરતો હર્ષિલ ગોરી ટ્રાન્સપોર્ટ ઓફિસે પાણી પીતા-પીતા ઢળી પડયો હતો. યુવાન મુકેશ ફોરિયાતળ ઘરે બેઠા-બેઠા જ બેભાન થઈ ગયો હતો.

બનાવોની વિસ્તૃત માહિતી મુજબ, સગીર હર્ષિલ કમલેશભાઈ ગોરી (ઉ.વ.૧૭, રહે. સંત કબીર રોડ, ગોકુલનગર) ગઈકાલે રાત્રે ૧૦ વાગ્યે નવાગામ પંચાયત ઓફિસ પાસે આવેલ ટ્રાન્સપોર્ટ પેઢીએ પોતાના ટ્રક ચાલક કાકાને મળવા ગયો ત્યાં પાણી પીતા-પીતા ઢળી પડયો હતો. તેને તત્કાલ સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યો હતો. જ્યાં સારવારમાં તેને મૃત ઘોષિત કરવામાં આવ્યો હતો. બનાવના પગલે કુવાડવા રોડ પોલીસની ટીમ દોડી ગઈ હતી. મૃતદેહને પીએમ માટે ખસેડી જરૂરી કાગળ કાર્યવાહી કરી હતી. પરિવારની પૂછપરછમાં જાણવા મળેલ કે, હર્ષિલ લાલબહાદુર શાસ્ત્રી હાઈસ્કૂલમાં ધો.૧૧માં અભ્યાસ કરતો હતો. તે તેના માતા પિતા સાથે રહે છે. પણ તેના કાકા ટ્રક ચલાવે છે. કાકા નવાગામની નારણજી પેરા ટ્રાન્સપોર્ટ ઓફિસ ખાતે હતા. જેને મળવા હર્ષિલ ત્યાં ગયો હતો. મળીને ત્યાં પાણી પીતો હતો ત્યારે જ અચાનક ઢળી પડયો હતો.

યુવાન મુકેશ નાથા ફોરિયાતળ (ઉ.વ.૪૦, રહે.હનુમાન મઢી, શિવપરા) સાંજે ૪ વાગ્યે પોતાના ઘરે બેઠો હતો ત્યારે બેભાન થઈ ગયા બાદ સિવિલ હોસ્પિટલમાં ખસેડાતા સારવારમાં દમ તોડયો હતો. મૃતક કલરકામ કરતો અને તેને સંતાનમાં ૪ પુત્રી અને ૨ પુત્ર છે. તે ૨ ભાઈમાં નાનો હતો. સંતાનોએ પિતાની છત્રછાયા ગુમાવતા પરિવારમાં કલ્પાંત છવાયો હતો. મૃતદેહ પીએમમાં ખસેડી ગાંધીગ્રામ પોલીસે જરૂરી કાગળ કાર્યવાહી કરી હતી.

મોદી

(પહેલા પાનાનું ચાલું)

પ્રહાર કર્યા હતા તો જણાવ્યુ કે કોંગ્રેસ અને તેના ચટ્ટાબટ્ટાને ત્રણ મુદ્દાઓ પર પડકાર ફેંકું છું. હું પૂછવા માંગુ છું કે જેઓ ૭૫ વર્ષ સુધી બંધારણની વાત કરતા હતા પણ શું આપણું બંધારણ આખા દેશમાં લાગુ પડતુ હતું. કાશ્મીરમાં અલગ બંધારણ, અલગ ધ્વજ અને અલગ વડાપ્રધાન હતા. મે કલમ ૩૭૦ની નાબુદી કરીને સરદાર પટેલના સ્વપ્નને પુરુ કર્યુ છે. પાકિસ્તાનને પણ આડે હાથે લેતા તેઓએ કહ્યું કે જે દેશ ક્યારેક આતંકીઓને સમર્થન કરતુ હતુ અને હાથમાં બોંબ લઈને ફરતુ હતું તે આજે દુનિયામાં કટોરો લઈને ફરે છે. શ્રી મોદીએ અનામત મુદ્દે પણ કોંગ્રેસને કહ્યું કે તે કદી ધર્મ આધારીત અનામત નહી આપે ઓબીસી અને એસટી, એસસીની અનામતમાં બીજાને ઘુસાડશે નહી તે લેખિતમાં આપે તે મારો પડકાર છે. શ્રી મોદીએ પાકિસ્તાન પર ફરી પ્રહાર કરતા કહ્યું કે પાકિસ્તાનને હવે રાહુલ ગાંધીને વડાપ્રધાન બનાવવાની ઉતાવળ છે. સંજોગો જુઓ કે દેશમાં કોંગ્રેસ નબળી પડી રહી છે અને પાકિસ્તાન રોઈ રહ્યું છે.કોંગ્રેસ અને પાકિસ્તાનની ભાગીદારી ખુલ્લી પડી ગઈ છે. પાકિસ્તાન ઈચ્છે છે કે શાહજાદા જલ્દી ભારતના વડાપ્રધાન બને, તે શિવ અને રામભકતોને પણ લડાવવા માંગે છે. રાહુલ ગાંધીના વિધાનોને ટાંકતા કહ્યું કે તે દેશમાં શક્તિનો વિનાશ કરવા માંગે છે. શ્રી મોદીએ રાજકોટમાં તેમની પ્રથમ ચુંટણીને યાદ કરી હતી અને કહ્યું કે સૌરાષ્ટ્રે મને પ્રથમ વખત ધારાસભ્ય બનાવ્યો અને પછી હું ક્યાંય કાચો પડયો હોવ તો જણાવજો, આપણે ક્યારેય નાનુ વિચારતા નથી, સ્ટેચ્યુ બનાવ્યુ તો પણ દુનિયાનું સૌથી ઉંચુ, સ્ટેડીયમ બનાવ્યુ તો પણ દુનિયાનું સૌથી મોટુ બનાવ્યુ છે. શ્રી મોદીએ મતદાનમાં રેકોર્ડ બનાવવાની અપીલ કરી હતી. આ સભામાં સુરેન્દ્રનગર લોકસભા બેઠકના ભાજપના ઉમેદવાર ચંદુભાઈ સિહોરા, રાજકોટ લોકસભા બેઠકના ઉમેદવાર પરસોતમ રૂપાલા, ભાવનગર લોકસભા બેઠકના ઉમેદવાર નીમુબેન બાંભણીયા પણ ઉપસ્થિત હતા.

અવસાન નોંધ

રાજકોટ: સ્વ.લીલાવતીબેન મનસુખભાઈ પેશાવરિયા (ઉ.વ.૮૦)નું તા.૧ને બુધવારના રોજ અવસાન થયેલ છે.તે સ્વ.મનસુખભાઈ ટપુભાઈ પેશાવરીયાના ધર્મપત્ની તથા દિનેશભાઈ, ગીતાબેન, નીતાબેન, ભાવનાબેન શોભનાબેનના માતૃશ્રી, દલસુખભાઈ તથા જગદીશભાઈના ભાભી, જયભાઈ, મોનિકાબેન, રીનાબેનના દાદી તથા સ્વ.ગોપાલભાઈ મગનભાઈ કથ્રેચાના બહેન થાય. સદ્ગતનું બેસણું તા.૩ને શુક્રવાર ૪ થી ૬ કલાકે શ્રી લીંબાસીયા હોલ, શુભમપ્રાક મેઈન રોડ, પાણીના ટાકાની આગળ, સોલ્વન્ટ ફાટક, કોઠારીયા સોલ્વન્ટ, રાજકોટ ખાતે રાખેલ છે. પિયર પક્ષનું બેસણું સાથે રાખેલ છે. દિનેશભાઈ મનસુખભાઈ પેશાવરિયા ૯૯૯૮૪ ૬૮૭૬૧

રાજકોટ: સ્વ.પ્રીતિબેન નીતિનભાઈ રાવલ તે નીતિનભાઈ પ્રફુલચંદ્ર રાવલ એડવોકેટ (વાંકાનેર વાળા)ના ધર્મપત્ની જીગ્નેશભાઈના ભાઈનાં પત્ની, શ્રદ્ધાબેનના દેરાણી, માનકના કાકી, સ્વ.કામેશ્વર કાશીરામ તથા રમાબેન વ્યાસના પુત્રી, રાજેશભાઈ વ્યાસના બહેનનું અવસાન તા.૧ના થયું છે. તેમનું બેસણું પંચનાથ મહાદેવ મંદિર, રાજકોટ ખાતે તા.૩ના રોજ સાંજના ૪ થી ૬ વાગ્યા સુધી રાખવામાં આવ્યું છે.

તમામ

(પહેલા પાનાનું ચાલું)

નિકાસ પર જોખમ સર્જાઈ શકે છે. એટલે સરકારે તત્કાળ આ વિવાદ પર પૂર્ણવિરામ જીલ્લાની જરૂરીયાત ઉભી થઈ છે.

ઓસ્ટ્રેલીયા ન્યુઝીલેન્ડનાં ફૂડ સ્ટાન્ડર્ડ ઓથોરીટીએ પણ ભારતીય મસાલાની ચકાસણી કરવાનું જાહેર કર્યું હતું તે સંજોગોમાં ઓસ્ટ્રેલીયામાંથી પણ માલ રીજેકટ થઈ શકે છે હોંગકોંગ તથા સિંગાપોરે પણ સમાન કાર્યવાહી કરી છે.

અમેરિકા

(પહેલા પાનાનું ચાલું)

હોવાનું બહાર આવ્યું છે આ ઘટનાએ ભારત જ નહીં પૂરી દુનિયામાં સનસનાટી મચાવી દીધી હતી. હવે આ મામલે એવો ખુલાસો થયો છે કે ગોળીબારમાં મરનાર ગોલ્ડી બ્રાર નહીં પણ આફ્રિકી શખ્સ ગ્લેડને હતો. ગ્લેડનેની હત્યા બાદ ત્યાંથી પસાર થતા કોઈ વ્યકિતએ આફ્રિકી શખ્સનું નામ અને દેખાવ ગોલ્ડી જેવા લાગતા ગોલ્ડી મરી ગયાની ખબર ફેલાવી દીધી હતી. અમેરિકી મીડિયા રિપોર્ટ મુજબ અમેરિકામાં બે જૂથ વચ્ચે ફાયરીંગ થયું હતું. જેમાં ગ્લેડને માર્યો ગયો હતો.

હવામાન

(છેલ્લા પાનાનું ચાલું)

વાતાવરણમાં ૬૨ ટકાને આંબી ગયુ હતુ. પવનની ગતિ પ્રતિકલાક ૧૦.૮ કિ.મિ. રહેવા પામી હતી.

શહેરમાં ખાસ કરી બપોરના સુમારે સુર્યપ્રકોપની - અસર તળે સતત ધમધમતા રાજમાર્ગો પર ચહલ પહલ ઓછી જોવા મળી હતી.બીજી બાજુ આકરી ગરમીથી રક્ષણ માટે લોકો ઠંડાપીણાનો ટોપી, ચશમાં નો સહારો લેતા પણ જોવા મળ્યા હતા.દરમ્યાન રાજકોટમાં ગઈકાલે બપોરે આકરી લૂં કુંકાયા બાદ આજે સવારથી, ફરી હવામાન પલ્ટો આવેલ હતો.અને સવારે આંશિક વાદળછાયું હવામાન છવાયું હતું. રાજકોટમાં ગઈકાલે મહત્તમ તાપમાન ૪૦.૮, તથા સુરેન્દ્રનગરમાં ૪૦.૫ ડિગ્રી તાપમાન નોંધાયું હતું.આ ઉપરાંત અમદાવાદ ખાતે ૪૧ અમરેલીમાં ૪૧.૩, વડોદરામાં ૪૦, ભાવનગરમાં ૩૯.૯, ભુજમાં ૩૯.૫ છોટા ઉદેપુરમાં ૩૯.૮, તથા ડાંગમાં ૩૮.૬, દિવમાં ૩૬, ગાંધીનગરમાં ૪૦.૨, અને દ્વારકામાં ૩૨ ડિગ્રી, મહત્તમ તાપમાન

બ્લાસ્ટ

(પહેલા પાનાનું ચાલું)

આ ઘટનામાં જીતેન્દ્રભાઇ વણઝારા (ઉ.વ.૩૦) તથા છાયા જીતેન્દ્રભાઇ વણઝારા (ઉ.વ.૧૧)નું મોત નિપજયું હતું. આ ઘટનામાં મોતને ભેટેલા બંને પિતા-પુત્રી હોવાનું બહાર આવ્યું છે જયારે ભૂમિકા જીતેન્દ્રભાઇ વણઝારા (ઉ.વ.૯) તથા શિલ્પા જીતેન્દ્રભાઇ વણઝારા (ઉ.વ.૧૧) ગંભીર રીતે ઘાયલ થતા સારવાર માટે હોસ્પિટલમાં ખસેડાયા છે.

પોલીસના સુત્રોએ કહ્યું કે, પ્રાથમિક તપાસમાં કોઇ બોમ્બ ધડાકાની થીયરી માલુમ પડી નથી. ઇલેકટ્રોનિક પ્રોડકટમાં જ ગમે તે કારણોસર બ્લાસ્ટ થયાનું માનવામાં આવી રહ્યું છે છતા એફએસએલ નિષ્ણાંતો સહિતની એજન્સી મારફત તપાસ શરૂ કરવામાં આવી છે. આ ઘટનાને પગલે વડાલીમાં ફફડાટ સર્જાયો હતો. જોકે બોમ્બ બ્લાસ્ટની થિયરી નકારાતા લોકોના શ્વાસ હેઠા બેઠા હતા.

હિટવેવ

(પહેલા પાનાનું ચાલું)

ન્યુનતમ તાપમાન આટલુ ઉંચુ નોંધાયુ છે. ૧૯૮૦ ના દાયકા બાદ દક્ષિણી ક્ષેત્રમાં સરેરાશથી વધુ તાપમાન નોંધાવાનું હવે કાયમી થઈ ગયુ છે.

તેઓએ કહ્યું કે દક્ષિણ રાજસ્થાન, પશ્ચિમી મધ્યપ્રદેશ, વિદર્ભ, મરાઠાવાડા, તતા ગુજરાતમાં ૮ થી ૧૧ મે દરમ્યાન લુ સાથે હીટવેવની સ્થિતિ સર્જાઈ શકે છે. રાજસ્થાનનાં બાકીના ભાગો પૂર્વીય મધ્યપ્રદેશ, પંજાબ, હરીયાણા, ચંદીગઢ, દ

દેશના વ્યાપારી પાટનગર સમાન મેટ્રો સીટીમાં લોકસભા ચૂંટણી જંગ રસપ્રદ

મુંબઈની ત્રણ બેઠકમાં સેના વિરૂદ્ધ સેનાની ટકકરઃ પિયુષ ગોયલ અને ઉજજવલ નિકમ સેલીબ્રીટી ઉમેદવાર

છ લોકસભા બેઠકમાંથી મુંબઈ દક્ષિણ, મુંબઈ દક્ષિણ મધ્ય અને મુંબઈ ઉતર પશ્ચિમમાં શિવસેનાના બે જૂથોની ટકકરઃ ચાર બેઠકો ઉદ્ધવ ઠાકરે જૂથ લડશેઃ બે બેઠક પર કોંગ્રેસના ઉમેદવાર મેદાનમાં

ભાજપે પુનમ મહાજનની ટિકીટ કાપી અને ઉજજવલ નિકમને મુંબઈની ઉતર મધ્યમાં ઉમેદવાર બનાવ્યાઃ કેન્દ્રીયમંત્રી પિયુષ ગોયલ પ્રથમ વખત લોકસભા ચૂંટણી લડશેઃ કોંગ્રેસના ઉમેદવાર સામે ટકકર

મુંબઈ તા.૨

લોકસભા ચૂંટણીમાં દેશના મેટ્રો સીટીમાં પણ જે જંગ લડાવાનો છે તેમાં મુંબઈમાં તમામ છ લોકસભા બેઠક પર ઉમેદવારો નિશ્ચિત થઈ જતા અર્ધા મુંબઈમાં શિવસેના ઉદ્ધવ ઠાકરે જૂથ (યુબીટી) અને એકનાથ શિંદે (શિવસેના) વચ્ચે ટકકર થશે. મહાનગરની ત્રણ બેઠકો પર આ બંને શિવસેનાના જૂથો જ ટકરાશે. જયારે બે બેઠક પર ભાજપ અને કોંગ્રેસની ટકકર થશે. જયારે એક બેઠક પર શિવસેનાના ઉદ્ધવ ઠાકરે જૂથ અને ભાજપની ટકકર થશે. રાજયમાં ચુંટણી સમજુતી મુજબ શિવસેના (ઉદ્ધવ ઠાકરે જૂથ) અને કોંગ્રેસ વચ્ચે બેઠકોની ફાળવણી થઈ ગઈ છે અને પાંચમા તબકકાના તા.૨૦ મે ના રોજ જે મતદાન યોજાશે તેમાં ઉદ્ધવ ઠાકરે જૂથને મુંબઈ દક્ષિણ, મુંબઈ દક્ષિણ મધ્ય અને મુંબઈ ઉતર પશ્ચિમ તેમજ મુંબઈ ઉતર પુર્વ એમ ચાર બેઠકો લડવા મળી છે. જેમાં ત્રણ બેઠકો પર તેનો જુના સાથી અને જેને સુપ્રીમકોર્ટે પણ મુખ્ય શિવસેના તરીકે માન્યતા આપી છે તે શિંદે જૂથ સાથે થશે. મુંબઈ દક્ષિણમાં ઉદ્ધવ ઠાકરેના પક્ષના વર્તમાન સાંસદ અરવિંદ સાવંતનો મુકાબલો શિંદે જૂથના યામીની જાદવ સામે થશે.

યામીનીએ હાલ ભાયખલ્લા વિસ્તારના ધારાસભ્ય છે તો મુંબઈ દક્ષિણ મધ્યમાં ઉતર ઠાકરેના યુબીટીના નેતા અનિલ દેસાઈનો મુકાબલો શિંદેના નેતૃત્વવાળી શિવસેનાના રાહુલ શેવાલે સાથે થશે જે હાલ આ બેઠકના સાંસદ છે જયારે મુંબઈ ઉતર પશ્ચિમમાં ઉદ્ધવ ઠાકરે જૂથના અમોલ કિર્તીકર અને શિંદે જૂથના રવિન્દ્ર વાયકર વચ્ચે થશે. તેઓ હાલ જોગેશ્વરીના ધારાસભ્ય છે તો હાલમાં જ ભાજપમાં ભળેલા ખ્યાતનામ ધારાશાસ્ત્રી ઉજજવલ નિકમ સામે કોંગ્રેસના વર્ષા ગાયકવાડ મુંબઈ ઉતર મધ્યમાં ટકરાશે. ભાજપે અહીથી સીટીંગ સાંસદ પુનમ મહાજનની ટિકીટ કાપી હતી અને ઉજજવલ નિકમને ઉમેદવાર બનાવ્યા છે જયારે કેન્દ્રીયમંત્રી પિયુષ ગોયલનો મુંબઈ ઉતરમાં કોંગ્રેસના ભૂષણ પાટીલ સાથે મુકાબલો થશે. ગોયેલ પ્રથમ વખત લોકસભા ચૂંટણી લડી રહ્યા છે. આમ મુંબઈમાં હવે શિવસેના વિરુદ્ધ શિવસેનાનો જંગ નિશ્ચિત થઈ ગયો છે. મુંબઈ ઉતર પુર્વમાં ભાજપે એક ગુજરાતી મિહીર કોટેચાને ટિકીટ આપી છે તેઓ મુલુંડ વિસ્તારના ધારાસભ્ય છે અને તેમની ટકકર શિવસેનાના ઉદ્ધવ ઠાકરે જૂથના સંજય દીના પાટીલ સાથે થશે.

પ્રથમ વખત ઉદ્ધવ ઠાકરે કોંગ્રેસના ઉમેદવારને મત આપશે

મહારાષ્ટ્રનું રાજકારણ રસપ્રદ બની ગયું છે. શિવસેના અને એનસીપી બંનેના બે જૂથો સામસામા છે અને જેમ ઉદ્ધવ ઠાકરે તેમજ એકનાથ શિંદેની ટકકર છે તો શરદ પવાર અને અજીત પવારની પણ ટકકર છે તેમાં હવે પ્રથમ વખત શિવસેનાના સ્થાપક બાલાસાહેબ ઠાકરેના પરિવારમાંથી કોંગ્રેસને મત જશે. જેમાં ઉદ્ધવ ઠાકરે જે વિસ્તારમાં રહે છે તે ઉતર મધ્ય બેઠક પર કોંગ્રેસના ઉમેદવાર ચુંટણી લડી રહ્યા છે અને ઠાકરે પરિવાર કોંગ્રેસને મત આપશે.

ભારત અને કેનેડા બંને લોકશાહી દેશોએ સાથે ચાલતા શિખવુ જોઈએઃ કેનેડાના વડાપ્રધાનની શિખ

ખાલીસ્તાનને ખુલ્લુ સમર્થન કરતા વડાપ્રધાન જસ્ટીન ટ્રુડો

અમે તમારી સાથે પણ આંદોલન શાંતિપૂર્ણ રાખવા તાકીદઃ ફરી એક વખત ખાલીસ્તાની કાર્યક્રમ બાદ પંજાબી ચેનલને આપેલી મુલાકાતમાં કહ્યું તમારો જે મત હોય તેને અમે સમર્થન કરીએ છીએ

ટોરન્ટો તા.૨

ભારત સાથે સતત તનાવભર્યા સંબંધો રાખી રહેલા કેનેડાના વડાપ્રધાન જસ્ટીન ટ્રુડોએ ફરી એક વખત વિવાદી વિધાનમાં જણાવ્યું હતું કે ભારત અને કેનેડા દુનિયાના બે મોટા લોકતંત્ર છે પરંતુ બંને દેશોએ સાથે ચાલવાનું શીખવુ પડશે. અમે હરદીપસિંહ નિજ્જરની હત્યાને નજરઅંદાજ કરી શકીએ નહી. કેનેડામાં ગત વર્ષે ૧૮ જૂનના રોજ નિજ્જરની હત્યા થઈ હતી અને તેમાં ભારત પર કેનેડાની સરકારે આરોપ મુકયો હતો. તે સમયે ટ્રુડોએ ફરી એક વખત ખાલસાના એક કાર્યક્રમમાં મોટી સંખ્યામાં શિખ અને ખાલીસ્તાની સમર્થકોની હાજરી આપ્યા બાદ એક પંજાબી ચેનલ સાથેની વાતચીતમા જણાવ્યું કે અમે ખાલીસ્તાનીઓની સાથે છીએ પરંતુ તેઓએ જે કાંઈ આંદોલન કરવાનુ હોય તે શાંતિપૂર્વક કરવાનું રહેશે અમે તે રોકશું નહી. કેનેડાના વડાપ્રધાને શિખો અને ખાલીસ્તાની તરફીઓને કહ્યું કે તમારો જે મત છે તેને અમે સમર્થન કરીએ છીએ. કારણ કે કેનેડા એક સ્વતંત્ર દેશ છે પરંતુ તમારે શાંતિપૂર્વક આંદોલન કરવાનુ રહેશે. અમારુ કામ રાજકીય આંદોલનને રોકવાનું નથી. અગાઉ ટ્રુડોએ ખાલીસ્તાની સમર્થકોના કાર્યક્રમમાં ભાગ લીધો હતો અને ભારતે તેમાં આકરો વિરોધ નોંધાવ્યો હતો છતાં પણ જસ્ટીન ટ્રુડોએ પોતાનું વલણ યથાવત રાખ્યું છે.

કંગાળ પાકિસ્તાનમાં હવે લગ્નમાં પણ એક ડીશનો નિયમ લાગુ

મિઠાઈ, શાકભાજી, દાળ કે નોનવેજ કોઈપણની એક ડીશથી વધારે વાનગી આપી શકાશે નહી

ઈસ્લામાબાદ તા.૨

પાકિસ્તાનની નાદારીની સ્થિતિ અત્યંત કરુણ બની રહી છે અને દેશના વડાપ્રધાન શાહબાઝ શરીફ યુએઈ જઈને વધુ મદદ મેળવવા માટે પ્રયાસ કરી રહ્યા છે તે સમયે હવે સરકારે અનાજ બચાવવા માટે લગ્નમાં વન ડીશનો નિયમ લાગુ કર્યો છે અને તેમાં લગ્ન સમારોહમાં જે ખાસ ડીશો હોય છે તે ફકત એક જ રાખી શકાશે અને બાકી રોજબરોજના ભોજનમાં જે વાનગીઓનો ઉપયોગ થાય છે તે જ કરી શકાશે જેમાં શાકભાજીની એક ડીશ અને સ્વીટની એક ડીશ તેમજ દાળ પણ એક જ પ્રકારની આપી શકાશે. જો નોનવેજ ભોજન હશે તો તેને પણ એક ડીશનો નિયમ લાગુ થશે અને તેમાં પણ સરકારી અધિકારીઓ ગમે ત્યારે તપાસ માટે પહોંચી શકશે. સરકાર માને છે કે લોકોએ લગ્ન સહિતના સમારોહમાં બિનજરૂરી ખર્ચા બાદ કરીને તેમની રોજબરોજની આવશ્યકતાઓ પર વધુ ધ્યાન આપવું જોઈએ અને બીજી તરફ અનાજનો જે બગાડ આ પ્રકારના સમારોહમાં થાય છે તે પણ બંધ થવો જરૂરી છે.

લોકસભા ચૂંટણી : તમારા એક વોટ પાછળ કેટલો ખર્ચ થઈ રહ્યો છે ? ૨૦૨૪ ની ચૂંટણી વિશ્વની સૌથી મોંઘી બની રહેશે

નવી દિલ્હી : દેશમાં વર્ષ ૨૦૨૪ માટે લોકસભાની ચૂંટણી ચાલી રહી છે. આ ચૂંટણીમાં બે તબક્કાનું મતદાન થયું છે જ્યારે ૦૫ તબક્કાનું મતદાન બાકી છે. ભારતીય સામાન્ય ચૂંટણીઓ એટલી મોંઘી હોય છે કે તમે કલ્પના પણ કરી શકતા નથી કે તમારા વોટનો કેટલો ખર્ચ થાય છે, એટલે કે જ્યારે તમે વોટ નાખો છો ત્યારે ચૂંટણી પાંચ દ્વારા તેના પર કેટલા પૈસા ખર્ચવામાં આવે છે. ચૂંટણીમાં ફરજ બજાવતા લોકોને એક દિવસ માટે મળતા પૈસા કરતાં તમારા એક વોટની કિંમત વધારે છે.

વર્તમાન ભારતીય ચૂંટણીઓમાં ખર્ચના તમામ રેકોર્ડ તૂટી રહ્યા છે. આ વખતે સમગ્ર ચૂંટણી ખર્ચ લગભગ ૧.૩૫ લાખ કરોડ રૂપિયા થવાનો છે. જ્યારે ગત વખતે ૨૦૧૯ની સામાન્ય ચૂંટણીમાં કુલ ખર્ચ ૬૦,૦૦૦ કરોડ રૂપિયા હતો. ૦૩-૦૪ મહિનાની કવાયત બાદ સેન્ટર ઓફ મીડિયા સ્ટડીઝ એટલે કે CMS દ્વારા ચૂંટણી પર ખર્ચ કરવામાં આવી રહેલી રકમનો અંદાજ લગાવવામાં આવ્યો છે.

CMS લગભગ ૩૫ વર્ષથી દેશમાં ચૂંટણીઓ પર નજર રાખી રહ્યું છે. દર વર્ષે, CMS ચૂંટણી ખર્ચનું સંપૂર્ણ મૂલ્યાંકન કરે છે, જે તમામ પ્રકારના ખર્ચને ઉમેરીને કરવામાં આવે છે. આમાં તમામ પ્રકારના પ્રત્યક્ષ અને પરોક્ષ ખર્ચનો સમાવેશ કરવામાં આવ્યો છે. તેમાં રાજકીય પક્ષોનો ખર્ચ, ચૂંટણી પંચનો ખર્ચ, સરકારનો ખર્ચ, એટલે કે સામાન્ય ચૂંટણીઓમાં થતા તમામ પ્રકારના ખર્ચનો સમાવેશ થાય છે.

જ્યારે અમેરિકામાં ૨૦૨૦ની ચૂંટણીઓ યોજાઈ ત્યારે ભારતીય રૂપિયાની દ્રષ્ટિએ તે ૧.૨ લાખ કરોડ રૂપિયા હતી અને તેને વિશ્વની સૌથી મોંઘી ચૂંટણી કહેવામાં આવી હતી. દુનિયામાં બહુ ઓછા એવા દેશો છે જ્યાં ચૂંટણીમાં આટલી મોટી રકમનો ખર્ચ કરવામાં આવે છે. ભારતીય ચૂંટણીઓમાં, ચૂંટણી પ્રક્રિયા માટે તૈનાત, સુરક્ષા દળોની એક જગ્યાએથી બીજી જગ્યાએ જવા, લોજિસ્ટિક્સ ખર્ચ અને EVM અને VVPAT જેવી વસ્તુઓ પર ભારે ખર્ચ કરવામાં આવે છે.

ભારતમાં આ ચૂંટણીમાં ૯૬.૬ કરોડ મતદારો છે, અને દેશની કુલ વસ્તી ૧૪૦ કરોડની આસપાસ છે. જો આપણે કુલ ચૂંટણી ખર્ચ રૂ. ૧.૩૫ લાખ કરોડ ગણીએ તો એક મતદાર દીઠ એક મતનો ખર્ચ રૂ. ૧૪૦૦ જેટલો થાય, પરંતુ જો દેશની કુલ વસ્તી સાથે એક વ્યક્તિના મતની કિંમતની ગણતરી કરવામાં આવે તો આ ખર્ચ રૂ. દરેક મત રૂ. ૯૬૪.૨૮ થશે.

પ્રિસાઈડિંગ ઓફિસરને કેટલી કિંમત મળે છે, તે ભારતના અડધાથી વધુ લોકોની એક દિવસની આવક સમાન કહી શકાય? જો કે, અમે તમને જણાવી દઈએ કે જ્યારે તમે વોટ કરવા જાઓ છો, ત્યારે ચૂંટણી પંચ દ્વારા ત્યાં તૈનાત પ્રિસાઈડિંગ ઓફિસરને એક દિવસ માટે આપવામાં આવતી ૩૫૦

રૂપિયાની રકમ ભારતીય મતદારના વોટની કિંમત કરતા ૩-૦૪ ગણી છે.

ચૂંટણીમાં તૈનાત તમામ લોકોને એક દિવસના ભોજન માટે ૧૫૦ રૂપિયા અથવા આટલી કિંમતનું ભોજનનું પેકેટ આપવામાં આવે છે. TA અને DAની રકમ ૧૦૦ ટકા છે.

પહેલી ચૂંટણીમાં કેટલો ખર્ચ થયો હતો :

જ્યારે ૧૯૫૨માં દેશમાં પહેલીવાર ચૂંટણી થઈ ત્યારે ૧૦.૪૫ કરોડ રૂપિયાનો ખર્ચ થયો હતો. ત્યારથી લઈને ૨૦૦૯ની ચૂંટણી સુધી ચૂંટણી ખર્ચની રકમમાં ૮૪ ગણો વધારો થયો છે અને જો વર્તમાન ચૂંટણીના ખર્ચની વાત કરીએ તો તે લગભગ હજાર ગણો છે. જો કે સરકારે ૧૯૫૨માં ચૂંટણીમાં વધુ ખર્ચ કર્યો હતો, પરંતુ ત્યારબાદ ૧૯૫૭ અને ૧૯૬૨ની ચૂંટણીમાં આ રકમ ઘટી ગઈ હતી.

૨૦૧૯ની ચૂંટણીમાં ખર્ચવામાં આવેલા કુલ ૬૦,૦૦૦ કરોડ રૂપિયામાંથી ભાજપે તેનો ૪૫ ટકા ખર્ચ કર્યો હતો. ૨૦૨૪ની ચૂંટણીમાં આમાં વધુ વધારો થશે. જો કે, ચૂંટણીમાં જે પણ ખર્ચ કરવામાં આવી રહ્યો છે, વહેલા કે મોડા દેશની જનતાએ તેનો બોજ ટેક્સ અને અન્ય વિવિધ ટેક્સ અને સરચાર્જ દ્વારા ચૂકવવો પડશે.

૧૯૫૨ માં

જ્યારે દેશમાં પહેલીવાર લોકસભાની ચૂંટણી થઈ ત્યારે તેના પર ૧૦ કરોડ રૂપિયાથી વધુ ખર્ચ કરવામાં આવ્યો હતો ૧૯૫૭ અને ૧૯૬૨. કારણ એ હતું કે પ્રથમ ચૂંટણીમાં પ્રક્રિયાગત ખર્ચો હતા જે પ્રથમ વખત કરવામાં આવી રહ્યા હતા.

આ ચૂંટણીમાં ભારતની કુલ વસ્તી ૩૭ કરોડ હતી જ્યારે મતદારોની સંખ્યા ૧૭-૧૮ કરોડની વચ્ચે હતી. તેથી જો આપણે પ્રતિ મતદારની વાત કરીએ તો ખર્ચ આશરે ૮૦ પૈસા હતો અને જો આપણે કુલ વસ્તીની વાત કરીએ તો વ્યક્તિ દીઠ ખર્ચ ૫૦ પૈસા હતો.

જો આ વખતે પ્રતિ વોટ ખર્ચ ૧૪૦૦ રૂપિયા થાય તો ૪૦ ટકા લોકો મતદાન ન કરે તો આ લોકોને અંદાજે ૬૦,૦૦૦ કરોડ રૂપિયાનું નુકસાન થશે ?

ભારત સરકારે ૨૦૨૩-૨૦૨૪ લોકસભા ચૂંટણી માટે કુલ રૂ. ૫,૩૩૧.૭ કરોડના ખર્ચની દરખાસ્ત કરી છે. આમાં પણ સમાવેશ થાય છેઃ

EVM માટે રૂ. ૧,૮૯૧.૭૮ કરોડ રૂ.

૧૮૦ કરોડ લોકસભા ચૂંટણી માટે

રૂ. ૧૮ કરોડ મતદાર ઓળખ કાર્ડ માટે

રૂ. ૯૪ કરોડ અન્ય ચૂંટણી ખર્ચ માટે

સરકારે ૨૦૨૩માં યોજનારી ચૂંટણીઓ માટે વધારાના રૂ. ૩,૦૦૦ કરોડનો પ્રસ્તાવ પણ મૂક્યો હતો. -આ ૨૦૨૪ના બજેટ અંદાજમાં ચૂંટણી સંબંધિત ખર્ચ માટે કાયદા મંત્રાલયને ફાળવવામાં આવેલા ૨,૧૮૩.૭૮ કરોડ રૂપિયા ઉપરાંત હશે.

ત્યારે સોનાનો દર શું હતો અને અત્યારે તે શું છે? સરેરાશ કિંમત ૧૯૬૦ થી ૭૦ ના દાયકામાં ૧૧૨ રૂપિયા પ્રતિ ૧૦ ગ્રામથી વધીને ૧૯૭૦ ના દાયકામાં ૧૮૪.૫૦ રૂપિયા પ્રતિ ૧૦ ગ્રામ થઈ ગઈ. ૧૯૭૦ થી ૧૯૮૦ ના દાયકામાં, સોનાની સરેરાશ કિંમત ૧૮૪.૫૦ પ્રતિ ૧૦ ગ્રામથી વધીને ૧,૩૩૦ પ્રતિ ૧૦ ગ્રામ થઈ હતી.

૧૯૮૦ થી ૧૯૯૦ ના દાયકામાં, સોનાની સરેરાશ કિંમત ૧,૩૩૦ પ્રતિ ૧૦ ગ્રામથી વધીને ૩,૨૦૦ પ્રતિ ૧૦ ગ્રામ થઈ હતી. ૧૯૯૦ થી ૨૦૦૦: આ સમયગાળા દરમિયાન સોનાની સરેરાશ કિંમત ૩,૨૦૦ પ્રતિ ૧૦ ગ્રામથી વધીને ૪,૪૦૦ પ્રતિ ૧૦ ગ્રામ થઈ હતી. ૨૦૦૦ અને ૨૦૧૦ ની વચ્ચે, સોનાનો ભાવ ૪,૪૦૦ પ્રતિ ૧૦ ગ્રામથી વધીને ૧૮,૫૦૦ થયો હતો. ૨૦૨૦માં ભારતમાં સોનાની સરેરાશ કિંમત ૪૮,૬૫૧ પ્રતિ ૧૦ ગ્રામ હતી. હવે સોનાની કિંમત (૨ મે, ૨૦૨૪ના રોજ) ૨૨ કેરેટ સોનાના ૧૦ ગ્રામ દીઠ ૬૬,૫૫૦ અને ૨૪ કેરેટ સોનાના ૧૦ ગ્રામ દીઠ ૬૯,૮૮૦ છે.

કોવિશિલ્ડ વેકસીનનો સર્જાયેલો વિવાદ કારણ કે ચુંટણી આચારસંહિતાનો અમલ!

કોવિડ વેકસીન સર્ટીફીકેટમાંથી વડાપ્રધાન નરેન્દ્ર મોદીની તસ્વીર દુર

સર્ટીફીકેટમાં વડાપ્રધાનની તસ્વીરને બદલે ફકત ક્યુઆર કોડઃ સ્વાસ્થ્ય મંત્રાલય કહે છે કે ચુંટણીપંચે અગાઉ પણ ૨૦૨૨માં આદેશ આપીને મોદીની તસ્વીર દુર કરવા જણાવ્યું હતું

નવી દિલ્હી તા.૨

દેશમાં કોરોના સામે રામબાણ ઈલાજ જેવી વેકસીનના મુદ્દે હવે સર્જાયેલા વિવાદમાં એક નવો રસપ્રદ વળાંક આવ્યો છે. એક તરફ કોવિશિલ્ડ સામે છેક સુપ્રીમમાં તેની આડ અસર અંગે તપાસ માટે મેડીકલ બોર્ડ રચવાની રીટ અરજી થઈ છે તો બીજી તરફ વેકસીનના બે ડોઝ લીધા બાદ દેશભરમાં લોકોને ઓનલાઈન વેકસીન સર્ટીફીકેટમાં વડાપ્રધાન નરેન્દ્ર મોદીની તસ્વીર સાથેનું જે સર્ટીફીકેટ અપાયુ હતું તેમાંથી મોદીની તસ્વીર દુર કરી દેવામાં આવી છે.

અગાઉ સર્ટીફીકેટમાં વડાપ્રધાનની તસ્વીર સાથે દવાઈ ભી ઔર કડાઈ ભી એટલે કે દવાની સાથે કોરોના અંગે જે સાવચેતીના પગલા લેવાના હતા તેનો પણ આકરો અમલનો સંદેશો અપાયો હતો અને જણાવાયું હતું કે સૌ સાથે મળીને ભારત કોવિડ-૧૯ને પરાજીત કરશે. પરંતુ સ્વાસ્થ્ય મંત્રાલયે સ્વીકાર્યુ છે કે વેકસીન સર્ટીફીકેટમાંથી હવે વડાપ્રધાનની તસ્વીર જોવા મળશે નહી. માઈક્રોબ્લોગીંગ પ્લેટફોર્મ એકસ પર લોકો આ અંગે ચર્ચા કરી રહ્યા છે. એક હેન્ડલ પર લખાયુ કે કોવિડ વેકસીન સર્ટીફીકેટમાં હવે મોદીજી નજરે ચડતા નથી તે તપાસવા માટે જ સર્ટીફીકેટ ફરી ડાઉનલોડ કર્યુ અને વાસ્તવમાં મોદીની તસ્વીર ગાયબ થઈ ગઈ છે અને તેની જગ્યાએ ક્યુઆર કોડ આવી ગયો છે. આ અંગે સ્વાસ્થ્ય અને પરિવાર કલ્યાણ મંત્રાલયે એવું કારણ આપ્યુ છે કે લોકસભા ચૂંટણીના કારણે આચારસંહિતાના કારણે વડાપ્રધાનની તસ્વીર વેકસીન સર્ટીફીકેટમાંથી દુર કરવામાં આવી છે. પરંતુ પ્રથમ વખત એવુ બન્યુ નથી. અગાઉ ૨૦૨૨ની ઉતરપ્રદેશ સહિતની ચુંટણી સમયે પણ ચુંટણીપંચના આદેશથી વડાપ્રધાનની તસ્વીર દુર કરાઈ હતી. ૨૦૨૧માં જ આ પ્રકારનો વિવાદ છેડાયો હતો તે સમયે અદાલતમાં પણ મુદ્દો ગયો હતો અને તેમાં કેરળ હાઈકોર્ટે એવો ચૂકાદો આપ્યો હતો કે દેશના વડાપ્રધાનની તસ્વીર આપણા વેકસીન સર્ટીફીકેટ પર છે. બીજા દેશના સર્ટીફીકેટમાં તેમના વડાપ્રધાનની તસ્વીર ન હોય તો તેમને કદાચ તેમના પીએમ પર ગર્વ નહી હોય પણ આપણને છે.

શું મોદીના 'રાજકીય પરિવાર'ના અપરાધીઓને સલામતીની ગેરન્ટી છે! સેકસ ટેપ પર રાહુલનો ચાબખો

જનતાદળ (એસ)ના સાંસદ રેવન્નાના મુદ્દે મોદી કેમ ચૂપ! પ્રિયંકાએ પાણ કહ્યું આ લોકો મહિલાઓની સુરક્ષાની વાતો જ કરે છે

નવી દિલ્હીઃ કાર્ણાટકમાં ભાજપના સાથી પક્ષ જનતાદળ (એસ)ના સાંસદ તથા પુર્વ વડાપ્રધાન એચ.ડી.દેવેગૌડાના પૌત્ર પ્રજજવલ રેવન્નાના સેકસ સ્કેન્ડલની જે હજારો વિડીયો ક્લીપ જાહેર થઈ તેના પર કોંગ્રેસના નેતા રાહુલ ગાંધી અને પ્રિયંકા ગાંધીએ આકરા પ્રહારો શરુ કરી દીધા છે અને રાહુલ ગાંધીએ એક ઓનલાઈન પોસ્ટમાં લખ્યું કે કાયમની જેમ નરેન્દ્ર મોદી આ શરમજનક કોડ પર મૌન સેવી રહ્યા છે. કાર્ણાટકની મહિલાઓ સામે ઘૃણાજનક અપરાધ થયા છે અને ભાજપને તેની ખબર હોવા છતા શા માટે આ વ્યક્તિને પ્રમોટ કર્યા. શું મોદીના રાજકીય પરિવારને આ પ્રકારના અપરાધ સામે પાણ સલામતીની ગેરેન્ટી છે! એક રાક્ષસ જેણે સેકડો બહેન દિકરીઓનું શોષણ કર્યુ તેને પક્ષ માટે બચાવાઈ રહ્યો છે!

રાહુલે લખ્યુ કે કેસરગંજથી કાર્ણાટકા અને ઉન્નાવથી ઉતરાખંડની ઘટનાઓ પર મોદીનું મૌન આ પ્રકારે દિકરીઓના શોષણ કરનારને સમર્થન આપે છે! ગુન્હેગારો મોદીના રાજકીય પરિવારના હોય તેને સલામતીની ગેરેન્ટી છે!

પ્રિયંકા ગાંધીએ આસામમાં એક સભાને સંબોધન કરતા કહ્યું કે આ લોકો (ભાજપ) મહિલાઓની સલામતીની ગેરેન્ટી આપે છે. આ તેઓએ કાર્ણાટકમાં શું બની રહ્યું છે તે જોવું જોઈએ.

ચુકેમાં ભારત પાકિસ્તાન વચ્ચે ચૂંટણી સ્પર્ધા

લંડનમાં આજે મેયરની ચૂંટણી, શું દિલ્હીના તરૂણ ગુલાટી પાકિસ્તાનના સાદિક ખાનને હરાવી શકશે?

તરૂણ ગુલાટીએ ઓપિનિયન પોલ ફગાવી દીધા

લંડન : લંડનમાં આજે એટલે કે ૨૩ મેના રોજ મેયર પદ માટે ચૂંટણી યોજાઈ રહી છે. જેમાં ભારતીય મૂળના તરૂણ ગુલાટી સહિત ૧૪ ઉમેદવારો પોતાનું નસીબ અજમાવી રહ્યા છે. લેબર પાર્ટી તરફથી પાકિસ્તાની મૂળના સાદિક ખાન અને કન્ઝર્વેટિવ પાર્ટી તરફથી સુસાન હોલ અને તરૂણ ગુલાટી વચ્ચે સ્પર્ધા છે. પાકિસ્તાની મૂળના સાદિક ખાન અને તરૂણ ગુલાટીના કારણે ચૂંટણીને ભારત-પાકિસ્તાનની મેચની જેમ જોવામાં આવી રહી છે. જો કે તરૂણ ગુલાટી જીતશે કે નહીં તે તો ૪ મેના રોજ જ ખબર પડશે, કારણ કે ચૂંટણીના પરિણામ ૪ મેના રોજ આવશે. તરૂણ કહે છે કે તેને કેટલા મત મળશે તે અલગ બાબત છે, પરંતુ તે પોતાને સૌથી સક્ષમ અને અનુભવી ઉમેદવાર હોવાનો દાવો કરી રહ્યો છે. તેમણે કહ્યું, જો તેઓ લંડનના મેયર બનશે તો તેઓ શું નીતિ અપનાવશે? તેમણે સિટી પ્લાનિંગ ટ્રાન્સપોર્ટેશન સિસ્ટમમાં સુધારો કરવાની જરૂરિયાત દર્શાવી હતી.

તરૂણ ગુલાટીએ ચૂંટણીના એક દિવસ પહેલા સાંજે ધ હિન્દુ સાથે વાત કરી હતી. તેણે કહ્યું કે હું એક રોકાણકાર બેંકર અને વ્યૂહાત્મક સલાહકાર છું. તેઓ અપક્ષ ઉમેદવાર તરીકે ચૂંટણી લડી રહ્યા છે. આશા છે કે જીત્યા બાદ હું લોકોનું જીવન સરળ બનાવીશ અને મારા અનુભવથી લંડનમાં ફંડની કોઈ કમી નહીં રહે.

તેણે કહ્યું કે, લંડનમાં લૂંટ અને સ્નેચિંગ જેવા ગુનાઓ વધ્યા છે અને તેને રોકવા માટે વધુ પોલીસકર્મીઓ તૈનાત કરશે. અમે લોકોને પરવડે તેવા મકાનો અને સારા રસ્તાઓ આપવા માટે પોલિસી તૈયાર કરીશું.

વાતચીતમાં તેણે ઈઝરાયેલ અને ગાઝાનો મુદ્દો પણ ઉઠાવ્યો હતો. તેણે ગાઝાને સમર્થન આપ્યું અને તેને નરસંહાર ગણાવ્યો. વિદેશમાં જન્મેલા મેયરના પ્રશ્ન પર તેમણે કહ્યું કે, તમારે એવા રાજકારણીઓની જરૂર નથી કે જેમણે લંડન માટેનું વિઝન અસ્પષ્ટ કર્યું હોય અને લંડનને નિષ્ફળ કર્યું હોય.

ચૂંટણીના પરિણામો ૪ મેના રોજ જાહેર થશે

ગુલાટીએ કહ્યું કે તેમના ભારતીય ઉછેરે તેમને વિશ્વ એક કુટુંબ હોવાની કલ્પનામાં વિશ્વાસ કરવાનું શીખવ્યું, જેને તેમણે 'વસુધૈવ કુટુંબકમ' તરીકે વર્ણવ્યું. તેમણે ઓપિનિયન પોલને પણ નકારી કાઢયો હતો જે દર્શાવે છે કે વર્તમાન સાદિક ખાન આગળ છે, ત્યારબાદ સુસાન હોલ, લિબ ડેમ પાર્ટી (રોબ બ્લેકી) અને ગ્રીન પાર્ટી (ઝો ગાર્બેટ).

તેમની નજર ભારતીય મૂળના લંડનવાસીઓના મતો પર છે. લંડનમાં લગભગ ૬૦ લાખ મતદારો છે. તેમાંથી ભારતીય મૂળના લોકોના મત માત્ર ૫ ટકા છે. પરંતુ તરૂણને લાગે છે કે ભારતીય મૂળના લોકોની સાથે તેને અન્ય લંડનવાસીઓના મત પણ મળશે. તે સાદિકને ઘણા મોરચે સંપૂર્ણ નિષ્ફળ ગણાવે છે. તેઓ કહે છે કે લંડનમાં રહેવું ઘણું મોંઘું થઈ ગયું છે. ગુનામાં નોંધપાત્ર વધારો થયો છે. ટ્રાફિક એક મોટી સમસ્યા છે અને તેથી જ લંડનવાસીઓ તેને મત આપશે.

રાજકોટ લોકસભા બેઠકની ચૂંટણીની તૈયારીઓ હવે અંતિમ પડાવમાંઃ મતદાર સ્લીપનું ૮૭% વિતરણ, સાંજ સુધીમાં કામગીરી પૂર્ણ કરવા કવાયત

૨૦૦ મતદાન મથકો પર એરફુલર મુકાશે; મતદાનના દિવસે સવારના ૫-૩૦ વાગ્યે થશે મોકપોલ

EVM મશીનોના ડીસ્પેચીંગ માટે એસટીની ૮૬ સાથે મ્યુ.કોર્પો.ની ૨૦ ઈલેક્ટ્રીક બસ લેવાશે

૧૦૯૨ બુથો પર માંડવા નાંખી છાંયડાની વ્યવસ્થા કરાશે

તમામ મતદાન મથકો પર ORS તેમજ મેડીકલ કીટ રખાશે

શહેર અને ગ્રામ્ય વિસ્તારો માટે સુરક્ષા દળની ૩-૩ કંપનીઓનું આગમન

રાજકોટ તા.૨

રાજકોટ લોકસભા બેઠકની ચૂંટણી શાંતિપૂર્ણ વાતાવરણમાં સુચારૂ રૂપથી યોજવા માટે જીલ્લા ચૂંટણી તંત્ર હવે પૂર્ણ રૂપે સજ્જ બની ગયું છે. ચૂંટણીની તૈયારીઓ અંતિમ પડાવમાં પહોંચી જવા પામી છે. આ વખતે ગરમીનો પ્રકોપની મતદાન ઉપર અસર પડવાની સંભાવના રહેલી હોય તેની સામે ખાસ વ્યવસ્થા ઉભી કરવામાં આવી રહી છે.

જેમાં રાજકોટ લોકસભા બેઠક વિસ્તારના ૨૦૦ મતદાન મથકો ઉપર એરફુલર મુકાશે તેમજ ૧૯૨ મતદાન મથકો ઉપર માંડવા નાખી છાંયડાની વ્યવસ્થા ઉભી કરાશે તેમ કલેકટર અને જીલ્લા ચૂંટણી અધિકારી પ્રભવ જોશીએ જાણાવી ઉમેર્યું હતું કે મતદાન કરવામાં મતદારોને કોઈ મુશ્કેલી ન પડે તે માટે વિશેષ કાળજી લેવામાં આવી રહી છે.

ઝડપથી મતદાન થાય તે માટે રીઝર્વ સ્ટાફને પાણ કામે લગાડાશે-કલેકટર

લોકસભાની ચૂંટણીમાં મતદાનનો સમય સવારે ૭થી સાંજના ૬ વાગ્યા સુધી નિયત કરવામાં આવેલ છે. મતદાનનો પ્રારંભ થાય તે પહેલા સવારના ૫-૩૦ કલાકે રાજકીય પક્ષોના પ્રતિનિધિઓની ઉપસ્થિતિમાં મોકપોલ કરવામાં આવશે. મોકપોલ માટે રાજકીય પક્ષોના પ્રતિનિધિઓની ૧૫ મીનીટ રાહ જોવાની જોગવાઈ છે. આ ૧૫ મીનીટ દરમ્યાન રાજકીય પક્ષોના પ્રતિનિધિઓ ન આવે તો તેમની ગેરહાજરીમાં પણ મોકપોલ કરી શકાશે.

આ ઉપરાંત ઈવીએમ મશીનોને ડીસ્પેચીંગ સેન્ટરો પરથી મતદાન મથકો સુધી પહોંચાડવા માટે એસટીની ૮૬ બસો સાથે મ્યુ.કોર્પો.ની ૨૦ ઈલેક્ટ્રીક બસોને પાણ ઉપયોગમાં લેવામાં આવશે તેમ જાણાવી કલેકટર અને જીલ્લા ચૂંટણી અધિકારી પ્રભવ જોશીએ ઉમેર્યું હતું. ઉનાળાની આ કાળઝાળ ગરમીમાં તમામ મતદાન મથકો પર ઓઆરએસ, તેમજ મેડીકલ કીટને પાણ રાખવામાં આવશે.

ગત ચૂંટણીની સાપેક્ષમાં મતદાનની ટકાવારી વધારવા પ્રયાસો

૬૭ ટકાની આસપાસ મતદાન થવાનો અંદાજ

રાજકોટ તા.૨

રાજકોટ લોકસભા બેઠકની આ ચૂંટણીમાં ગત ચૂંટણીની સાપેક્ષમાં મતદાનની ટકાવારી વધારવા માટે જીલ્લા વહીવટી તંત્ર અને ચૂંટણીપંચ દ્વારા સતત પ્રયાસો કરવામાં આવી રહ્યા છે.

આ વખતે ૭૦ ટકા મતદાનો લક્ષ્યાંક રાખવામાં આવી રહ્યો છે પરંતુ ગરમીના પ્રકોપના કારણે મતદાન પર અસર થવાની શકયતા નકારી શકાય તેમ નથી. તેમ છતા જીલ્લા કલેકટર અને ચૂંટણી અધિકારી પ્રભવ જોશીએ જાણાવ્યું હતું કે આ ચૂંટણીમાં ગત ચુંટણીની સાપેક્ષમાં મતદાનની ટકાવારી ૩થી ૪ ટકા વધે તેવી તેવો અંદાજ છે. ૬૭ ટકા મતદાન થવાની શકયતા વ્યકત કરવામાં આવી રહી છે.

રીસીવીંગ-ડીસ્પેચીંગ સેન્ટરો પર પણ મેડીકલ સુવિધા ઉપલબ્ધ કરાશેઃ કર્મચારીઓને વેફર-બિસ્કીટ અપાશે

મતદાન મથકોને એકસ્ટ્રા ઈવીએમ રખાશેઃ ૬૫ દિવ્યાંગોની ટ્રાન્સપોર્ટ વ્હીલચેર માટે અરજી

રાજકોટ તા.૨

રાજકોટ લોકસભા બેઠકના તમામ રીસીવીંગ ડીસ્પેચીંગ સેન્ટરો પર કર્મચારીઓ માટે મેડીકલ સુવિધા ઉપલબ્ધ કરાશે તેમ જાણાવી કલેકટર અને જીલ્લા ચૂંટણી અધિકારી પ્રભવ જોશીએ ઉમેર્યું હતું કે ચૂંટણી ફરજમાં રોકાયેલા કર્મચારીઓને વેફર-બિસ્કીટ પાણ નાસ્તા માટે અપાશે.

લોકસભાની આ ચૂંટણીમાં મતદાન માટે ઉપયોગમાં લેવાનાર ઈવીએમ કમીશનીંગની કામગીરી પરિપૂર્ણ કરી દેવામાં આવી છે. મતદાન મથકો માટે એકસ્ટ્રા ઈવીએમ પાણ મોકલાશે. જેથી કરીને મતદાન દરમ્યાન કોઈ મશીન ક્ષતિગ્રસ્ત બને તો તાબડતો બીજુ મશીન ઉપયોગમાં લઈ શકાય.

આ ઉપરાંત રાજકોટ લોકસભા બેઠક વિસ્તારમાં ૬૫ જેટલા દિવ્યાંગોએ ટ્રાન્સપોર્ટ અને વ્હીલલચેરની વ્યવસ્થા મતદાન માટે ઉપલબ્ધ કરાવવા સક્ષમ એપ્લીકેશન મારફત અત્યાર સુધીમાં અરજી કરી છે. આ દિવ્યાંગોને વ્હીલચેર અને ટ્રાન્સપોર્ટની સુવિધા અપાશે.

ઝડપથી મતદાન થાય તે માટે રીઝર્વ સ્ટાફને પાણ કામે લગાડવામાં આવશે. આ ઉપરાંત એનસીસીના વોલીયન્ટર્સની સેવા પાણ મતદાન મથકો પર લેવામાં આવશે. કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ જળવાઈ રહે તે માટે રાજકોટ શહેર અને જીલ્લાના ગ્રામ્ય વિસ્તારો માટે સુરક્ષા દળની ત્રાણ ત્રાણ કંપનીઓનું આગમન થઈ ચૂકયું છે.

જેમાં રાજકોટ શહેર માટે બીએસએફની-૨ અને સીઆરએફની-૧ તેમજ જીલ્લાના ગ્રામ્ય વિસ્તાર માટે બીએસએફની-૨ અને રેલ્વે પ્રોટેકશન ફોર્સની એક કંપનીનું આગમન થઈ ચૂકયું છે. શહેરી અને ગ્રામ્ય વિસ્તારોમાં મતદાર સ્લીપનું ૮૭% વિતરણ અત્યાર સુધીમાં કરી દેવામાં આવેલ છે અને સાંજ સુધીમાં બાકીની તમામ સ્લીપોનું વિતરણ પૂર્ણ થાય તેવા પ્રયાસો છે.

રાહુલ-પ્રિયંકા ચૂંટણી લડશેઃ જયરામ રમેશ કહે તેઓ નકકી કરશે

અમેઠી-રાયબરેલીમાં ઉમેદવાર અંગે કોંગ્રેસ ફસાઈઃ કેસરગંજ બેઠક પર ભાજપ દ્વીધામાં

મહિલા કુસ્તીબાજોના શોષાણથી બદનામ બ્રિજભૂષાણના પુત્રને ચૂંટણી લડાવવા ભાજપ તૈયાર

નવી દિલ્હીઃ લોકસભા ચૂંટણીમાં હવે ભાજપ કોંગ્રેસ સહિતના પક્ષોએ મોટાભાગની બેઠકો પર ઉમેદવારોની પસંદગી કરીને આ ઉમેદવારોએ ઉમેદવારીપત્રકો ભરવા સાથે પ્રચાર પાણ શરૂ કરી દીધા છે પાણ ઉતરપ્રદેશની ત્રાણ બેઠકો પર રાજયનો પેચ ફસાયો છે. એક તરફ કોંગ્રેસ પક્ષ ગાંધી પરિવારની પરંપરાગત મનાતી અમેઠી અને રાયબરેલી બેઠક પર હવે રાહુલ અને પ્રિયંકા ગાંધી ચૂંટણી લડે કે કેમ તે અંગે કોંગ્રેસ નકકી કરી શકતું નથી તો બીજી તરફ આ રાજયની કેસરગંજ બેઠક પર ભાજપ તેના વર્તમાન સાંસદ અને મહિલા કુસ્તીબાજોના જાતીય સતામણીના આરોપોથી બદનામ થયેલા વ્રજભૂષાણ શરાણસિંઘને ફરી ટિકીટ આપવા માંગતી નથી પાણ બ્રજભૂષાણ શરાણસિંઘ રાજકીય હેવીવેઈટ છે અને તેથી ભાજપ તેને ઈન્કાર કરી શકતી નથી. હવે તેના પુત્ર કરાણભૂષાણને ચુંટાણી લડાવશે તેવા સંકેત છે. હવે કાલ સાંજ સુધીમાં ઉમેદવારી નોંધાવવાની છે તેથી અમેઠી-રાયબરેલી અંગે કોંગ્રેસ અને કેસરગંજ અંગે ભાજપ કોઈપાણ સમયે નિર્ણય લેશે તેવું માનવામાં આવે છે. આજે કોંગ્રેસના મીડીયા ઈન્ચાર્જ જયરામ રમેશે કહ્યું કે અમેઠી-રાયબરેલી અંગે રાહુલ અને પ્રિયંકા ગાંધીએ નિર્ણય લેવાનો છે અને આજે સાંજ સુધીમાં આ અંગે ચિત્ર સ્પષ્ટ થઈ જશે.

સૂત્રોના જાણાવ્યા મુજબ કોંગ્રેસના પુર્વ પ્રમુખ સોનિયા ગાંધીએ બન્નેને ચુંટાણી લડવા જાણાવ્યુ છે પાણ આ બેઠકોમાં ખાસ કરીને અમેઠી વધુ જોખમી છે અને તેથી રાહુલ હવે ફરી અહી લડવા માંગતા નથી તો રાયબરેલીમાં ભાજપે પાણ હજું ઉમેદવાર જાહેર નહી કરી કોંગ્રેસની મુશ્કેલી વધારી દીધી છે. પ્રિયંકા ગાંધી તેમની મેઈડન ચૂંટાણીમાં પરાજય મળે તે ઈચ્છતા નથી.

બીજી તરફ ભાજપ કેસરગંજમાં વૃજભૂષાણ શરાણસિંઘમાં ફસાયું છે અને તેને ટિકીટ આપે તો વિપક્ષોને પ્રહાર કરવાની તક મળી જાય. એક તો કર્ણાટકમાં સાથી પક્ષ જનતાદળ (એસ)ના સાંસદના સેકસકાંડમાં ભાજપને જવાબ દેવાનું ભારે પડી રહ્યું છે અને જો બૃજભૂષાણ શરાણસિંહને ટિકીટ આપે તો વધુ મુશ્કેલી સર્જાય. આમ હવે તેના પુત્રને ટિકીટ આપીને વિવાદ ઘટે તે જોવા પ્રયાસ કર્યા છે. બૃજભૂષાણ શરાણસિંઘના ત્રાણેય ઉમેદવારોના ચાર સેટ ઉપાડયા છે.

પંજાબમાં સંગઠન પ્રભારીઓ સાથે બેઠક કરતા પુર્વ મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણી

રાજકોટ,તા.૨

લોકસભા ચૂંટણી માટેના પ્રચારનો દોર ચાલુ છે.રાજકોટના કેટલાક પ્રભારીઓને અન્ય રાજયોમાં પ્રચાર પ્રસાર માટે મોકલવામાં આવ્યા છે ત્યાર ગુજરાતના પૂર્વ મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણીને પંજાબના પ્રભારી બની પ્રચાર પ્રસારની જવાબદારી સોપવામાં આવી છે. તેઓ છેલ્લા ચાર દિવસથી પંજાબમાં પડાવનાખી વિવિધ કામગીરીની સમીક્ષા કરી રહ્યા છે. અને આજરોજ વધુ એક બેઠકમાં ભાગ લીધો હતો.આજરોજ પંજાબના તરનતારન સાહિબ લોકસભા સીટની ભાજપ કોર કમીટીના પદાધીકારીઓની સંગઠનાત્મક બેઠક યોજાય હતી.જેમાં ગુજરાતના પુર્વ મુખ્યમંત્રી પણ જોડાયા હતા અને પ્રચાર પ્રસારની કામગીરીની સમીક્ષા કરી હતી. આ તકે ત્યાના ભાજપ પ્રભારીઓને પ્રોત્સાહીત કર્યા હતા અને ભાજપના પ્રચંડ વિજય માટે જયઘોષ કરાવ્યો હતો. તેઓને પંજાબના પ્રભારી તરીકે મોકલવામાં આવ્યા છે.હાલ ચૂંટણીને ગણતરીના દિવસો બાકી છે ત્યારે પ્રચારનો ધમધમાટ ચાલુ છે. પંજાબમાં પ્રચંડ વિજય મેળવવા તૈયારીઓ ચાલી રહી છે.

નાણામંત્રી નિર્મલા સીતારામન ખુશઃ આ એક માઈલસ્ટોન મોમેન્ટ

GST રેકોર્ડઃ IPL- ચુંટણી અને આકરા ઉનાળાથી વધેલા ખર્ચની કમાલ

 બ્રાન્ડેડ ખાદ્ય પદાર્થોની ખરીદી વધીઃ એસી-કુલરની ડિમાન્ડ અને વિજ માંગ ૧ માસમાં ૧૧% વધી ૧૪૪ અબજ યુનિટનો રેકોર્ડ

લોકોએ વેકેશનના એડવાન્સ પ્લાનીંગથી કરાયેલા ટ્રાવેલ બુકીંગથી પણ વેરા આવક વધીઃ વર્ષે ૧૩%નો વૃદ્ધિદર હાંસલઃ કરચોરીના છીંડા પણ ઘટયા

નવી દિલ્હીઃ દેશમાં ૨૦૧૭માં ગુડ્સ એન્ડ સર્વિસ ટેક્ષના અમલ બાદ પ્રથમ વખત આ આડકતરા વેરાનું કુલ માસિક કલેકશન રૂા.૨ લાખ કરોડને પાર થઈને રૂા.૨.૧૦ લાખ કરોડ નોંધાયું તેમાં એક તરફ દેશમાં નવા નાણાકીય વર્ષમાં જે રીતે આર્થિક ગતિવિધિમાં તેજી આવી છે તે ઉપરાંત જીએસટીના કરમાળખામાં થયેલા સુધારા બાદ છીંડા ન રહી જાય અને કરચોરી ડામવા જે પ્રયાસ થયા છે તેને પણ કારણ ગણવામાં આવે છે. નાણામંત્રી નિર્મલા સીતારામને સોશ્યલ મીડીયામાં આ કર આવકને ઐતિહાસિક ગણાવતા તેને દેશમાં અર્થતંત્ર જે રીતે ઝડપથી આગળ વધી રહ્યું છે તેમાં એક માઈલસ્ટોન કે સિમાચિહન સમાન ગણાવ્યું હતું તથા જીએસટી સાથે સંકળાયેલ તમામ રાજય અને કેન્દ્રના સરકારી વિભાગોની કાર્યક્ષમતાને પણ બિરદાવી હતી.

તથા ઈમાનદારીથી કર ભરતા વેપારીઓ તથા ઉદ્યોગની પણ પીઠ થાબડી હતી. તેઓએ જણાવ્યું કે કેન્દ્રએ પણ જીએસટીમાં રાજયોને જે મળવાનો હિસ્સો છે તેમાં તમામ ચુકવણા થઈ ગયા છે. હાલ ૧.૪૫ કરોડ નોંધાયેલા જીએસટી કરદાતા છે. ૨૦૧૯માં જીએસટી લાગુ થયા બાદ માસિક રૂા.૯૦૦૦૦ની સરેરાશ કર આવક હવે એક નવા રૂા.૨ લાખ કરોડના આંકડાને પાર કરી ગઈ છે અને આ વર્ષે ૧૩%ના દરે જીએસટી આવક વધી રહી છે.

એક સર્વે મુજબ લોકો હવે ઘરેલું ખરીદી વધારી રહ્યા છે તે ઉપરાંત આકરા ઉનાળાના કારણે એસી-કુલર સહિતની ખરીદી અને બ્રાન્ડેડ ખાદ્ય પદાર્થ પર વધેલા ખર્ચથી જીએસટી આવક વધી છે. દેશમાં ઔદ્યોગીક પ્રવૃતિ વધી છે તેમાં વિજળીની માંગ પણ વધી છે એપ્રિલમાં તે ૧૧% વધીને ૧૪૪.૨૫ અબજ યુનિટ પહોંચી ગઈ છે જે ૨૦૨૩માં ૧૩૦.૦૮ અબજ યુનિટ હતી અને એક દિવસમાં વિજ માંગ એક વર્ષ પુર્વે ૨૧૫.૮૮ ગીગાવોટ હતી તે ૨૨૪.૧૮ ગીગાવોટ નોંધાઈ છે અને હજુ તે ૨૬૦ ગીગાવોટ પહોંચશે તેવો અંદાજ છે. ઘરેલુ સહિતની માંગ વધી અને આકરા ઉનાળાનો પણ તેમાં ફાળો છે.બીજી તરફ આઈપીએલ અને ચુંટણીને પણ યશ આપવામાં આવે છે. આ માટે બેન્ક ઓફ બરોડાના ચીફ ઈકોનોમીસ્ટ મદન સવનવીસ કહે છે કે એપ્રિલમાં શિયાળું પાકની કમાણી ઉપરાંત લગ્ન તથા અન્ય સમારોહોને પણ કારણ ગણવુ પડે. લોકો તેના વેકેશન પ્લાન એડવાન્સમાં બનાવે છે અને બુકીંગ માટે જે નાણા ખર્ચાય છે તેનો પ્રભાવ છે તો ચુંટણીના કારણે જે સરકારી અને રાજકીય પક્ષોનો ખર્ચ છે તે પણ જીએસટી કલેકશન વધારવામાં મહત્વની ભૂમિકા ભજવી ગયા છે. લોકોને સારા ચોમાસાની આશા છે તેથી હવે ખર્ચ કરવા લાગ્યા છે.

પેટ્રોલ-વિમાની ઈંધણ- LPGની માંગ વધી પણ ડિઝલનો વપરાશ વાર્ષિક ધોરણે ઘટયો

નવી દિલ્હીઃ દેશમાં ચુંટણીના કારણે ખર્ચ વધ્યા છે પણ ભારે ઉનાળાના કારણે પ્રચારમાં વાહનો ઓછા દોડતા ડિઝલની માંગમાં ૨%નો ઘટાડો થયો છે પણ પેટ્રોલની માંગ ૧૨% વધી છે. દેશમાં પેટ્રોલ-ડિઝલનો ૯૦% પુરવઠો પુરો પાડતા જાહેર સાહસની કંપનીઓના આંકડા મુજબ ડિઝલની માંગ ગત વર્ષની સરખામણીએ ૨-૩% ઘટી છે અને આ સતત બીજા મહિને ડિઝલની માંગ ઘટવાનું કોરોના કાળને બાદ કરો તો વાર્ષિક ધોરણે પ્રથમ વખત નોંધાયું છે. જો કે તેમ છતાં પેટ્રોલમાં ડિઝલ વેચાણ ૭.૨% વધ્યુ છે. જેની સામે પેટ્રોલની માંગ ૧૨.૩% વધી છે. વિમાની ઈંધણની માંગ ૭% અને એલપીજીની માંગ (ઘરેલુ વપરાશના ગેસ) પણ ૧૨% વધી છે. વિજ માંગ પણ વધી છે. ચુંટણીના કારણે સલામતદળો અને સરકારી વાહનોની હેરાફેરી વધી છે તેની અસરથી માર્ચ કરતા એપ્રિલમાં ડિઝલની માંગ વધી હોવાનું કારણ છે. જ્યારે ડિઝલ વાહનો જે સરકારી સિવાયના ઉપયોગમાં તેઓ ઘરેલુ કાર વિમો હવે ડિઝલનો વપરાશ ધકતો જાય છે પણ વિમાની ઈંધણનો વપરાશ વધ્યો છે.

એપ્રિલમાં અગાઉના માસની સરખામણીમાં ડિઝલ વપરાશ ૭% વધ્યોઃ મુખ્યત્વે સરકારી ખરીદી કારણ

‘મને ક્ષત્રિયો ધમકી આપે છે, પ્રોગ્રામ નહિ કરવા દઈએ’ હકાભાએ કહ્યું-મારી પાસે ૧૦૦ કરોડ નથી, ડાયરાના ૨૫૦૦૦ માંડ મળે છે

મારી પાસે ફોર્ચ્યુનર ગાડી છે પણ તેના પર લોનના હપ્તા બાકી છે : અગર ૧૦૦ કરોડની સંપતિ હોય તો સરકારને ખબર જ હોય : મે કહ્યુ હતું કે ‘‘ધારો કે ૧૦૦ કરોડની સંપતિ‘‘ - કોઈએ ધારો કે શબ્દ કાઢી નાખ્યો .. : હકાભાઈ

રાજકોટ : રાજકોટ લોકસભા સીટના ભાજપના ઉમેદવાર પુરુષોત્તમ રૂપાલાએ ક્ષત્રિયો અંગે કરેલી ટિપ્પણીનો વિવાદ હજુ પણ શાંત થયો નથી. આ વિવાદ રાજકારણની સાથે સાથે હવે ડાયરાના કલાકારો વચ્ચે પહોંચ્યો છે. તાજેતરમાં જાણીતા હાસ્ય કલાકાર હકાભા ગઢવીની ક્ષત્રિય આગેવાન સાથેની એક ઓડિયો ક્લિપ વાઈરલ થઈ છે. આ ઓડિયોમાં તેઓ ક્ષત્રિય વ્યક્તિને કહે છે કે, હું ૧૦૦ કરોડની પ્રોપર્ટી લઈને બેઠો છું. ઈડીની રેડ પડે તો મારે હિસાબ કેવી રીતે દેવો? એનો મારી પાસે હિસાબ જ નથી. મારી પાસે કેટલી પ્રોપર્ટી હશે? અમે બીજેપીમાં ઘરી ગયા છીએ. કેવી રીતે બોલીએ?

હકાભાઈનો ખુલાસો

આ સમગ્ર વિવાદ અંગે હકાભા ગઢવીએ જણાવ્યું કે, મારો જે ઓડિયો વાઈરલ થયો છે તે ધોળકાની બાજુમાં આવેલા કોઠ ગામના રાજભા ગોહિલ સાથેની વાતચીત હતી. રાજપૂત સમાજ સાચો છે એવું હું નહિ કોઈ કલાકાર બોલતું નથી. શું કામ નથી બોલતા એ ખબર નથી. મેં એવું કહ્યું હતું કે ધારો કે મારી પાસે ૧૦૦ કરોડ હોય તો, પરંતુ મેં જેની સાથે ભરોસાથી વાત કરી એણે 'ધારો કે' કાપી નાખ્યું અને ૧૦૦ કરોડ કરી નાખ્યું એટલે એ અમુક શબ્દો કાપીને ઓડિયો ફરતી કરી છે. સંપત્તિ હોય તો સરકારને બધી ખબર હોય એક એક વ્યક્તિના ખાતાની એ તપાસ કરાવી શકે. મારા ખાતામાં કેટલા પૈસા છે સરકારને ખબર જ હોય. હું તાજેતરમાં જ એક બે મહિના પહેલાં જ સંગીત એકેડેમીમાંથી ભાજપમાં કાર્યકર તરીકે જોડાયો છું. સંપત્તિ બચાવવા ભાજપમાં જોડાયા છો એ સવાલના જવાબમાં હકાભા ગઢવી કહે છે કે, ના...ના... સંપત્તિ કંઈ છે જ નહીં.. મને ક્ષત્રિય ફોન કરી કરીને હેરાન કરે છે અને ધમકીઓ આપે છે કે અમારા સમાજની ફેવરમાં બોલો નહીં તો કાર્યક્રમ નહીં કરવા દઈએ. પ્રોગ્રામ નહીં કરવા દઈએ જ, મને ધમકી આપી છે.

બધાએ પોતાની લડાઈ જાતે જ લડવી પડે

'હું મારા સમાજ પૂરતો જ વ્યક્તિ છું. કોઈ સમાજના વિવાદમાં મારે પડાય જ નહીં. અમે કોઈને કીધું નથી કે અમારા સમાજને તમારી જરૂર છે તો મદદ કરો વચ્ચે પણ અમારે માથાફૂટ થઈ હતી. તો અમે અન્ય કોઈ સમાજ પાસે મદદ માંગી નથી. આ સૌનો વ્યક્તિગત પ્રશ્ન છે. સૌની વ્યક્તિગત લડાઈ છે અને લડવાની હોય હું કોઈ પાસે મદદ માંગવા ગયો નથી. મેં કોલ પણ નથી કર્યો કે મારી મદદમાં આવો, શું કરવા ફોન કરું અમારી લડાઈ અમારે જાતે લડવાની હોય

'હું તો હાસ્ય કલાકાર છું ઈતિહાસનો માણસ નથી. અભણ વ્યક્તિ છું મને વાંચતા પણ આવડતું નથી. મને કોઈ આવા ઈતિહાસની ખબર પણ નથી. જો મને વાંચતા આવડતું હોય તો હું ડાયરાનો કલાકાર નહીં કલેક્ટર હોત' : હકાભા ગઢવી

એસ્ટ્રેજેનેકાની કબૂલાત બાદ ભારતમાં સીરમની મુશ્કેલી વધી

વેક્સિન લીધા બાદ બે યુવતીના મોત મામલે ભારતમાં સીરમ ઈન્સ્ટિટીટયુટ સામે કેસ

નવી દિલ્હી, તા.૨

બ્રિટીશ વેક્સીન નિર્માતા એસ્ટ્રાજેનેકાએ યુકેની હાઈકોર્ટમાં કબુલ કર્યું હતું કે તેમની કોરોના વક્સિનથી લોહી જામી જવાનો ખતરો થઇ શકે છે. હવે એસ્ટ્રાજેનેકાની આ કબૂલાતનો સામનો ભારતમાં તેની સહયોગી કંપની સીરમ ઇન્સ્ટિટયુટ ઓફ ઇન્ડિયાને કરવો પડી રહ્યો છે, વાત એમ છે કે ભારતમાં કોવિશિલ્ડ વેક્સિન લગાવ્યા બાદ બે યુવતીના મોત થયા બાદ હવે આ યુવતીઓના પિતાએ સીરમ ઇન્સ્ટિટીટયુટ સામે કેસ કરવાનો નિર્ણય લીધો છે.

ઉલ્લેખનીય છે કે ઋતિકા અને કરુણ્યા નામની બે યુવતીઓએ કોરોના મહામારી દરમ્યાન બન્નેએ કોવિશિલ્ડ વેક્સિન લગાવી હતી. ૧૮ વર્ષની ઋત્વિકાએ કોવિશિલ્ડનો પ્રથમ ડોઝ લીધો હતો. જો કે એક સમાહ બાદ ઋત્વીકને ભારે તાવ આવ્યો હતો અને ઉલટી થવા લાગી હતી. એમઆરઆઇ સ્કેનમાં બહાર આવેલું હતું કે તેના મસ્તકમાં લોહીના ગઠ્ઠા જમ્યા હતા અને બે સમાહમાં ઋત્વિકાનું મોત થઇ ગયું હતું.

આ જ રીતે વેણુ ગોપાલ ગોવિંદનની પુત્રી કરુણ્યાને પણ જુલાઇ ૨૦૨૧માં કોરોના રસી લગાવ્યા બાદ

મૃતક યુવતીઓના પિતા-પરિવારનો મોટો નિર્ણય

મોત થયું હતું. ત્યારે વેક્સિન પર રાષ્ટ્રીય સમિતિએ એમ કહીને વેક્સિનથી મોતની આશંકાને ફગાવી દીધી હતી કે તેના પર્યાપ્ત પુરાવા નહોત.

હવે જ્યારે બ્રિટનની હાઇકોર્ટમાં એસ્ટ્રેજેનેકાએ કબુલાત કરી છે કે તેની વેક્સિનથી લોહી જામવાનો ખતરો છે ત્યારે ભારતમાં કોવિશિલ્ડ વેક્સિન લીધા બાદ મૃત્યુ પામેલી બે યુવતીના પરિવારોએ એસ્ટ્રેજેનેકાની ભારતની સહયોગી સીરમ ઇન્સ્ટિટયુટ સામે કોર્ટમાં કેસ કરવાનો નિર્ણય લઇ લીધો છે.

સીવીલ કોર્ટ નોટીસ

રાજકોટના મહે.૨૨માં સિનીયર સીવીલ જજ શ્રી એમ.એ.પીપરાની સાહેબની કોર્ટ સમક્ષ દિ.પ.અ.નં.૯૮૩/૨૦૨૪ના કામના અરજદારો, (૧) રમેશભાઈ રવજીભાઈ સાગઠીયા (૨) દક્ષાબેન રવજીભાઈ સાગઠીયા રાજકોટવાળાએ ગુજ. રવજીભાઈ રામજીભાઈ સાગઠીયાના જોગ ગુજરાત રાજયના રજીસ્ટ્રેશન ડિસ્ટ્રીકટ રાજકોટ સબ ડીસ્ટ્રીકટ રાજકોટ શહેરમાં ભક્તિનગર સ્ટેશનથી પશ્ચિમે આવેલ સીટી સર્વે નં.૩૬૦ વોર્ડ નં.૬ જેના સરવે નંબર ૩૨૯૬ પૈકીના બીન ખેડવાણ અને ઈમારત બાંધવાની મંજુરીવાળા જમીનના પ્લોટસ પૈકી પ્લોટ નંબર ૧૧ અગીયાર પૈકીની જમીન ચોરસ યાર ૭૭-૪-૭૨ સીતોતેર વાર ચાર ફૂટ અને બોતેર ઈંચ તથા ચો.મી.આ. ૬૪-૭૯ ઉપરના જમીન ઉભા ઈમલા ઈમારત જેના ૧ નંબરની બુકના નં.૨૭૭, તા.૩૦/૧૨/૧૯૮૧ ના રોજ ઠાકરશીભાઈ હરીભાઈ કાનપરા પાસેથી ખરીદ કરેલ છે. તેની નકલ આ સાથે રજુ છે. જે સદરહું મિલ્કતનું હેરશીપ સર્ટીફિકેટ મેળવવા અંગે અરજદારોએ તેઓના વકીલ શ્રી કિશન ડી. વાંગડીયા તથા પી.એન.કુકાવા, મારફતે ઉપરોકત દિ.૫ અરજી અત્રેની કોર્ટ સમક્ષ દાખલ કરેલ હોય સદરહું અરજી સંબંધે જે કોઈને વાંધો તકરાર હોય આ જાહેરાત પ્રસિધ્ધી થયાના દિવસમાં સવારના ૧૧ કલાકે લેખિત વાંધા સાથે તા.૧૦/૦૫/૨૪ હાજર રહેવું ગેરહાજર રહ્યે યોગ્ય હુકમ કરવામાં આવશે જેની સ્પષ્ટ નોંધ લેશો.

આજ તારીખ ૦૧/૦૫/૨૦૨૪ના રોજ મારી સહી તથા કોર્ટનો સીકકો કરી આપ્યો.

તૈયાર કરનાર (વી.કે.કળોતરા) આસીસ્ટન્ટ

કોર્ટનો સીકકો

હુકમથી (જે.જે.ચાવડા) રજીસ્ટ્રાર, પ્રિન્સીપાલ સિનિયર સિવિલ કોર્ટ, રાજકોટ

દાળભાત ખાવાવાળો શું કરે છે તે બતાવી દઈશઃ હિંમત હોય તો સામેથી વાર કરોઃ કોંગ્રેસને પડકાર સાથે ગુજરાતમાં પ્રચારનો પ્રારંભ કરતા વડાપ્રધાન

મોહબ્બતની દુકાન કહેનારા ખરેખર ફેક વિડીયોની ફેકટરી છેઃ કોંગ્રેસ પર મોદીનો પ્રહાર

ડીસા અને હિંમતનગરમાં વડાપ્રધાનનું આક્રમક સંબોધનઃ રાહુલ ગાંધીના સુરતના નિવેદનનો ઉલ્લેખ કરીને કહ્યું કે શાહઝાદાએ મોદી સમાજ, ઓબીસી સમાજને ચોર કહ્યો, ગુજરાતી વિરૂદ્ધ નફરત ફેલાવે છે

અર્ધો કલાકથી વધુના ભાષણમાં પ્રારંભમાં હિન્દી અને બાદમાં ગુજરાતીમાં સંબોધનઃ સ્થાનિક લહેકાથી કહ્યું પીએમ સાહેબ નહી અહીયા તો આપણા નરેન્દ્રભાઈ આયા સી...ઃ બનાસકાંઠાને સંદેશ

રાજકોટ તા.૨

ગુજરાતમાં ઓચિંતા જ બદલાઈ ગયેલા લોકસભા ચૂંટણીના સમીકરણો વચ્ચે વડાપ્રધાન નરેન્દ્ર મોદીના પ્રથમ ચુંટણી પ્રવાસમાં તેઓએ ફરી એક વખત મોદી કરીશ્મા મતદારો પર છવાઈ જાય તે નિશ્ચિત કરવાની સાથે જ કોંગ્રેસ પક્ષને પણ આડે હાથે લીધી હતી. બે દિવસના ગુજરાત પ્રવાસના પ્રથમ દિવસે તેઓને ચુંટણીમાં સૌથી ટફ ગણાઈ ગયેલી બનાસકાંઠા લોકસભા બેઠક ઉપરાંત કોંગ્રેસ જયાં મજબૂત લડત આપે છે તે પાટણ લોકસભા બેઠક માટે બે જંગી જાહેર સભાઓને ડીસા અને હીમતનગરમાં સંબોધન કરતા પ્રારંભમાં હિન્દી અને બાદમાં ગુજરાતીમાં પોતાનું વકતવ્ય આપ્યુ હતું. તેઓએ ડીસામાં ભારત માતા કી જય ના નારા સાથે જણાવ્યું કે મા અંબાના ચરણોમાં આવીને ગુજરાતમાં આ પ્રથમ ચૂંટણીસભાને સંબોધવાનો મને મોકો મળ્યો છે. તેઓએ પોતે ગુજરાતના જ હોવાનું ફરી લાગણીસભર રીતે પ્રસ્થાપિત કરતા કહ્યું કે કાર્યક્રમનું સંચાલન કરનાર બહેન અને પ્રદેશ પ્રમુખ સી.આર.પાટીલ તેમના પાટણમાં પીએમ સાહેબ... પીએમ સાહેબ કહેતા હતા પરંતુ અહીયા તો આપણા નરેન્દ્રભાઈ આયા સી એમ કહીને તેમને સ્થાનિક ભાષામાં લહેકો માર્યો હતો. શ્રી મોદીએ કહ્યું કે ૨૦૧૯માં પણ લોકો માનતા હતા કે ફરી સરકાર નહી બને અને તે માટે દુનિયાભરના ખેલ થયા. ચોકીદાર ચોર હૈ અને રાફેલના રમકડા સભામાં આવતા હતા પરંતુ પરિણામ તમે જ નકકી કરી લીધુ હતું તો ૨૦૨૪ની ચૂંટણીમાં હું મારી ગેરેન્ટી લઈને આવ્યો છું જેનો લાભ તમામને મળશે.

ફેક વિડીયો મુદાનો ઉલ્લેખઃ

રામમંદિરથી કલમ ૩૭૦ અને ૩૭૦ સાથે અનામત મુદે પડકાર ફેંકતા કહ્યું કે હું જીવુ છુ ત્યાં સુધી અનામત હટવા નહી દઉ અને ધર્મને આધારે અનામત આવવા નહી દઉ

વડાપ્રધાનના પ્રવચનમાં શકિતસિંહથી લઈ કેજરીવાલ, અહમદ પટેલથી લઈ ગાંધી પરિવારનો ઉલ્લેખઃ કોંગ્રેસના ચુંટણી ઢંઢેરાને પણ ઝાટકયો

વડાપ્રધાને તેમના પ્રવચનમાં આ વિસ્તારમાં પ્રચાર કરી ગયેલા પ્રિયંકા ગાંધીથી લઈ 'આપ'ના નેતાઓને પણ નિશાન બનાવ્યા હતા અને મતદાતાઓના મનમાંથી આ તમામની છાપ દુર કરવા પ્રયત્ન કર્યો હતો અને કહ્યું કે અહમદ પટેલનો પરિવાર ભલે ભરૂચમાં રહેતો હોય પણ તે કોંગ્રેસને મત નહી આપી શકે, તેમનો ઉલ્લેખ ભરૂચ બેઠક પર આમ આદમી પાર્ટી ચુંટણી લડી રહી છે તે બાજુ હતો તો બીજી તરફ કોંગ્રેસના ચુંટણી ઢંઢેરામાં જે રીતે આવકની સમાન વહેંચણીનો મુદો છે તેમાં ફરી એકવખત તમારા ઘરમાં, લોકરમાં કે પછી લોટના ડબ્બામાં રહેલા ઘરેણા સલામત નહી રહે તેવું પણ કહીને મહિલાઓને સાવધ કર્યા હતા.

શ્રી મોદીએ પડકાર સાથે કહ્યું કે એસટી, એસસી અને ઓબીસીને જે અનામત મળી છે તે મોદી જીવે છે ત્યાં સુધી ચાલુ રહેશે અને ધર્મના આધારે અનામતનો ખેલ હું થવા દઈશ નહી. તેમણે અનામત અંગે અમીત શાહના જે ફેક વિડીયો વાયરલ થયો છે અને તેનું કનેકશન પણ ગુજરાતમાંથી નીકળ્યું છે તે અંગે કહ્યું કે આ લોકો મોહબ્બતની દુકાન કહે છે પણ તે ફેક ફેકટરી છે અને આ લોકો ફેક વિડીયો બનાવીને ફેલાવે છે. શ્રી મોદીએ પડકાર ફેંકતા કહ્યું કે લડવુ હોય તો બે બે હાથ કરી લો, દાળભાત ખાવાવાળો શું કરે છે તે બતાવી દઈશ. હિંમત હોય તો સામેથી વાર કરો ફેક વિડીયો બંધ કરો.

જો કોંગ્રેસ જીતી તો તમારી બે ભેંસમાંથી એક ભેંસ સરકાર લઈ જશે

ડીસામાં વડાપ્રધાને વિપક્ષના ચુંટણી ઢંઢેરા પર આબાદ પ્રહાર કર્યો

રાજકોટ તા.૨

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ કોંગ્રેસના ચુંટણી ઢંઢેરામાં મિલ્કતના સમાન વહેંચણીનો મુદો અપાયો છે તેને ગુજરાતની સભામાં પણ રસપ્રદ રીતે આગળ ધરીને એક તરફ એવુ જણાવ્યુ હતું કે તમારા ઘર કે બેંક લોકરમાં કે પછી મહિલાઓ જે રીતે લોટ અને અનાજના ડબ્બામાં ઘરેણા સંતાડે છે તે પણ કોંગ્રેસવાળાની નજરથી બચી શકશે નહી તો ડીસામાં વડાપ્રધાન ટકોર કરતા કહ્યું કે જો કોંગ્રેસ જીતી જશે તો તમારી બે ભેસમાંથી એક ભેસ સરકાર લઈ જશે. શ્રી મોદીએ આ રીતે બનાસકાંઠા સહિતના વિસ્તારોમાં જે રીતે ભેસ એ મહત્વની મિલ્કત ગણાય છે તે મુદે પણ કોંગ્રેસને આડકતરી રીતે ઘેરી હતી.

શ્રી મોદીએ હિંમતનગરની સભામાં ત્રીપલ તલ્લાકનો પણ ઉલ્લેખ કર્યો હતો અને સીએએ અંગે પણ કહ્યું હતું. તેમજ કલમ ૩૭૦થી લઈ રામમંદિરના મુદાઓ પણ ઉલ્લેખ કર્યો હતો.

ગુરુદાસ હાઈકોર્ટમાં સસ્પેન્સ થ્રીલર જેવા ગજબ દૃશ્યો સર્જાયા!

જે આરોપીનું મૃત્યુ થઈ ગયેલું, તેના જામીન માટે વકીલે અરજી કરતા જજ હતપ્રભ

સરકારી વકીલે મૃતકની જામીન અરજી સામે વાંધો ઉઠાવતા જજે આરોપીના વકીલને બીજા 'દી એ સુનાવણીમાં હાજર રહેવા કહ્યું

ગુરુદાસપુર તા.૨

અત્રે હાઈકોર્ટમાં રામસે બ્રધર્સની કોઈ હોરર- સસ્પેન્સ કથા જેવી ઘટના બની ગઈ હતી! ડિસેમ્બર ૨૦૨૩માં મારી ચૂકેલા એક શખ્સની જાન્યુઆરી ૨૦૨૪માં જામીન અરજી રજુ કરાઈ હતી, નવાઈની વાત એ હતી કે એ જામીન અરજીમા મૃતક અરજદારની સહી પણ હતી! આ મામલે આશ્ચર્યચકીત કોર્ટે જામીન અરજી કરનારના શખ્સના વકીલ પ્રત્યે કડક વલણ અપનાવીને આરોપીના વકીલને સુનાવણી દરમિયાન હાજર રહેવા આદેશ આપ્યા છે.

આ ગજબ કેસની વિગત એવી છે કલાનોર પોલીસે ગત વર્ષે માર્ચમાં મંજીતસિંહ સામે એનડીપીએસ એકટ અંતર્ગત કેસ કર્યો હતો. ગુરુદાસપુર અદાલતમાં જામીન અરજી ફગાવાયા બાદ આરોપીએ જાન્યુઆરી ૨૦૨૪માં હાઈકોર્ટમાં જામીન અરજી દાખલ કરી હતી. સુનાવણી દરમિયાન કોર્ટને જાણાવવામાં આવ્યું કે મંજીતસિંહનું મૃત્યુ ગત વર્ષે ડિસેમ્બરમાં જ થઈ ચૂકયું છે. ગત વર્ષે ડિસેમ્બરમાં મરી ચૂકેલ વ્યક્તિ જાન્યુઆરી ૨૦૨૪માં પોતાની જામીન અરજી કેવી રીતે દાખલ કરી શકે? આરોપીની જામીન અરજી પર સુનાવણી કરતી વખતે હાઈકોર્ટે આ સવાલ ઉઠાવ્યો હતો. હાઈકોર્ટે આરોપીના વકીલે કહ્યું હતું કે બતાવો કે કેવી રીતે એક મરી ચૂકેલ વ્યક્તિ એક મહિના બાદ પોતાની જામીન અરજી દાખલ કરી શકે? તેમાં તેની સહી પણ છે અને તેણે વકીલને પાવર ઓફ એટર્ની પણ આપી છે.

બુધવારે જયારે આ કેસની સુનાવણી શરૂ થઈ તો સરકારી વકીલે હાઈકોર્ટને આરોપી મંજીતસિંહનું ડેથ સર્ટીફીકેટ દેખાડીને જણાવ્યું હતું કે જે આરોપીની અરજી પર સુનાવણી થઈ રહી છે તેનું તો ગત વર્ષે ૨૭ ડિસેમ્બર ૨૦૨૩માં મૃત્યુ થઈ ગયું છે. આ મામલે જસ્ટીસ મંજરી નેહરુ કૌલે આશ્ચર્ય વ્યકત કરી કડક વલણ અપનાવી આરોપીના વકીલે કેસની સુનાવણીમાં હાજર રહેવાનો આદેશ આપ્યો હતો.

સાંજ સમાચાર

વ્હોટ્સએપ ચેનલમાં મેળવો બ્રેકિંગ ન્યુઝ અપડેટ

આજે જ જોડાવ

એક જ સ્થળે મળશે ઝડપી અને અધિકૃત બ્રેકિંગ ન્યુઝ અને અપડેટ્સ

તમારા સ્માર્ટફોન મોબાઈલના કેમેરામાંથી ક્યુઆર (QR) કોડ ડાઉનલોડ કરો, જોઈન કરો ચેનલ અને મેળવો ઝડપી અપડેટ્સ

Join "સાંજ સમાચાર" WhatsApp Channel

Scan the QR Code or Write 'Sanj Samachar News' on WhatsApp Channel

સાંજ સમાચાર વોટ્સએપ ચેનલમાં જોડાવવાના ફાયદા :

- ઝડપી અને અધિકૃત બ્રેકિંગ ન્યુઝ મેળવો
- સમાચારો ઉપરાંત વિડિયો ન્યુઝ મેળવી શકો
- કોઈ પણ ઈમેજ આવે તે ફોન પર સ્ટોર નહિ થાય, ૩૦ દિવસ બાદ વોટ્સએપ તેના સર્વર પરથી રીમુવ કરે છે તેથી સ્ટોરેજ પ્રોબ્લેમ નહિ
- તમારા મોબાઈલ નંબર કોઈ જોઈ શકતું નથી અને પ્રાઈવેટ રહે છે
- અન્ય સભ્યો મેસેજ નથી કરી શકતા, તેથી ફકત એડમીન પાસેથી અધિકૃત ન્યુઝ અપડેટ જ મળશે અને અન્ય કોઈ ડિસ્ટર્બ થાય તેવા મેસેજ ન આવે
- તમે આસાનીથી અન્ય ગ્રુપ અથવા કોન્ટેક્ટ પર ફોરવર્ડ કરી શકશો

દિલ્હીમાં કેજરીવાલ સરકારને આંચકોઃ મહિલા પંચના ૨૨૩ કર્મચારીઓને છુટા કરાયા

રાજયપાલ દ્વારા પગલુંઃ ભરતી ગેરકાનુની રીતે થઈ હતી

નવી દિલ્હી તા.૨

દિલ્હીમાં કેજરીવાલ સરકારને વધુ એક આંચકો આપતા લેફ. ગવર્નર વિજય સકસેનાએ રાજયના મહિલા આયોગમાં ભરતી કરાયેલ ૨૨૩ કર્મચારીઓને તાત્કાલિક છુટા કરવા આદેશ આપ્યો છે. આ ભરતી મહિલા આયોગના પુર્વ અધ્યક્ષ સ્વાતી માલીવાલે કોઈપણ પુર્વ મંજુરી કે પ્રક્રિયા વગર જ કરવામાં આવી હતી અને તેને ઉપરાજયપાલે માન્ય રાખી ન હતી. રાજભવન તરફથી આ અંગે જણાવાયું કે કેન્દ્ર સરકારના ઓડીટ રિપોર્ટના આધારે એન્ટીકરપ્શન બ્યુરોએ કેસ પણ દાખલ કર્યો છે અને આ નિયુક્તિની તપાસ માટે જે કમીટી રચાઈ હતી તેને પણ સમગ્ર ભરતીને ગેરકાનુની રીતે કરવામાં આવી હોવાનું જણાવ્યું હતું અને તે હવે રદ કરવામાં આવી છે. જેના કારણે તમામ કર્મચારીઓને હવે છુટા કરાશે.

મનીષ સીસોદીયા ફરી જામીન માટે હાઈકોર્ટ પહોંચ્યા

નવી દિલ્હી તા.૨

એક તરફ આમ આદમી પાર્ટીના વડા અને મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલ ખુદ તેમની ધરપકડ અને જામીનનો જંગ લડી રહ્યા છે તે સમયે ફેબ્રુઆરી ૨૦૨૩થી જેલમાં રહેલા પુર્વ નાયબ મુખ્યમંત્રી મનીષ સીસોદીયાએ પણ ફરી એક વખત ઈડી અને સીબીઆઈ બંનેના કેસમાં વધુ એક વખત જામીન અરજી કરી હતી. દિલ્હી હાઈકોર્ટે આ અંગે આવતીકાલે સુનાવણી રાખવા તૈયારી બતાવી છે અને કેન્દ્રીય એજન્સીઓને પણ તેમનો જવાબ રજુ કરવા જણાવ્યું છે. સીસોદીયાના ધારાશાસ્ત્રી દ્વારા જણાવાયું કે તેઓ એક ધારાસભ્ય છે અને મતવિસ્તારમાં ચુંટણીઓ યોજાઈ રહી છે તેથી તેને પોતાના મતવિસ્તારમાં પ્રચાર કરવાનો હકક છે અને તેથી જામીન મળવા જોઈએ.

ઉનાળુ વેકેશનમાં રેલવે પર્યટન સ્થળો માટેની ટ્રેનો દોડાવશે

રાજકોટ,તા.૨

આઈઆરસીટીસી દ્વારા ઉનાળાની રજાઓમાં પ્રવાસીઓ માટે ટ્રેનોની સુવિધા પુરી પાડવામાં આવી રહે છે જેમાં રાજકોટથી તા.૨૫મેથી ઉત્તર દર્શન યાત્રા ટ્રેન, તા.૨૨મી મેથી માનખંડ યાત્રા ટ્રેન ઉપડશે ઉપરાંત ગોવા, જગન્નાથ પુરી, સ્ટેચ્યુ ઓફ યુનિટ, તિરૂપતિ બાલાજી, માતા વૈષ્ણોદેવી, હરિદ્વાર, શિમલા, ઈન્દોર, વારાણસી, સામાહિક ટ્રેનો દોડશે વધુ માહિતી માટે આઈઆરસીટીસી વેબસાઈટ અને અધિકૃત એજન્ટનો સંપર્ક સાધવો.

મતદાનને પ્રોત્સાહન આપવા....

અમૂલની અનોખી પહેલઃ મતદાન કરો'ને એક લીટર દૂધ સાથે વધુ ૧ રૂપિયો મેળવો

અમૂલની પોતાની રજિસ્ટર્ડ પશુપાલકોને ઓફર

અમદાવાદ, તા.૨

ગુજરાતમાં તા.૭મી મેએ લોકસભા ચૂંટણીનું મતદાન થનાર છે. ત્યારે વોટીંગ ટકાવારી વધારવા માટે દૂધ ઉત્પાદક અમૂલે એક અનોખી પહેલ કરી છે. જે મુજબ પશુપાલકને દર લીટરે દૂધ પ્રોત્સાહનરૂપે એક રૂપિયાનું ઈન્સેન્ટીવ અપાશે.

અમૂલ લાખો પશુપાલકોને લોકસભા ચૂંટણી દરમ્યાન મતદાનને પ્રોત્સાહન આપવા માટે પ્રતિ એક લીટર દૂધે એક રૂપિયા પ્રોત્સાહન રૂપે આપશે. આ પ્રોત્સાહનના લાભ માટે સંસ્થાના બધા રજિસ્ટર્ડ પશુપાલકોએ મતદાન કર્યાની નિશાનીની શાહી લગાડેલી આંગળી દેખાડવી પડશે.

ઉલ્લેખનીય છે કે જીસીએમએમએફ ગુજરાતના બધા મિલ્ક યુનિયનો અને તેના ૧૮ સભ્યોના યુનિયનની સર્વોચ્ચ સંસ્થા છે. જેના રજિસ્ટર્ડ સભ્યો તરીકે ૩૬ લાખ પશુપાલકો છે. જજેમાં મોટાભાગના મહિલા સભ્યો છે. જે રોજનું ૩ કરોડ લીટર દુધ એકઠુ કરે છે.

૧૯૬૨ પછી પ્રથમ વખત બનાસકાંઠાને મહિલા સાંસદ મળશે

ગેનીબેન ઠાકોર ઈફેકટઃ રાજકોટ બાદ બનાસકાંઠાની ચૂંટણી નેશનલ હોટ ટોપીક બની

બનાસની બહેન (ગેનીબેન) વિરૂદ્ધ બનાસની દિકરી (ડો. રેખાબેન ચૌધરી)ના જંગમાં ગેનીબેન સ્ટાઈલથી પ્રચાર ભાજપ માટે ચિંતાઃ ગુજરાતમાં કોંગ્રેસને આ બેઠક પર સૌથી વધુ આશા

રાજકોટ, તા.૨

ગુજરાત લોકસભા ચૂંટણીમાં ક્ષત્રિય સમુદાયના આંદોલનના કારણે રાજકોટ સહિતની અનેક બેઠકો પર એક બાજુ રાજકીય સમીકરણો રસપ્રદ બની રહ્યા છે તે સમયે જ કોંગ્રેસના ઉમેદવારો દ્વારા જે રીતે જબરી ટક્કર અપાઈ રહી છે તેના કારણે આ બેઠકો પર રાજકીય વિવેચકોનું ધ્યાન કેન્દ્રીત થયું છે અને તેમાં બનાસકાંઠાની બેઠક પર કોંગ્રેસના ગેનીબેન ઠાકોર અને ભાજપના રેખાબેન ચૌધરી વચ્ચેની ટક્કરએ સમગ્ર દેશનું કેન્દ્રીત કર્યું છે. પાકિસ્તાનની સીમાથી ફકત ૩૦ કિ.મી. દૂર આ જિલ્લો બે મહિલાઓ વચ્ચે રણસંગ્રામ જેવું બની ગયું છે. ખાસ કરીને ગેનીબેન ઠાકોરનો આક્રમક પ્રચાર તેમને સરસાઈ અપાવી રહ્યું છે. છેલ્લે ૧૯૬૨માં આ બેઠક પર કોંગ્રેસની ટીકીટ પર જોહરાબેન ચાવડા સાંસદ બન્યા હતા. આમ ૬૨ વર્ષ બાદ બે મહિલાઓની ટક્કર આ બેઠક પર થઈ રહી છે. ખાસ કરીને તેઓની રાજકીય પૃષ્ટભૂમિ પણ રસપ્રદ છે અને તેઓને ભાજપનો મુકાબલો કેમ કરવો તે પણ વિધાનસભા ચૂંટણીમાં છેલ્લા બે વખત જીતીને સાબિત કરી દીધું છે. આદિવાસી અને ઠાકોર વિસ્તારમાં બનાસકાંઠા લોકસભા ક્ષેત્રમાં કુલ ૭ વિધાનસભા બેઠકમાંથી ચાર ભાજપ પાસે છે, બે પર કોંગ્રેસ અને એક પર અપક્ષ ઉમેદવાર જીત્યા હતા. અહીં ઠાકોર અને ચૌધરીનો જંગ પણ જોવાઈ રહ્યો છે અને જ્યારે જ્યારે આ જંગ થયો છે ત્યારે ઠાકોરનો વિજય થયો હતો. રેખાબેન ચૌધરી એક શિક્ષિત ઉમેદવાર છે અને તેઓ લોકસભામાં સભ્ય બનવા ઈંગ્લીશ આવડવું જોઈએ, બોલતા આવડવું જોઈએ તેમ કહીને ગેનીબેનની આ આવડત પર પ્રશ્ન ઉઠાવી રહ્યા છે. રેખાબેન અત્યાર સુધીમાં સ્થાનિક ચૂંટણી પણ લડ્યા નથી પરંતુ તેઓ બનાસ ડેરીના સ્થાપકના પૌત્રી છે. તે નાતે ભાજપે તેને ટિકિટ આપી હતી. ગેનીબેને ક્રાઉડ ફંડીંગ મારફત પણ નાણાં ઉઘરાવીને પોતાના વોટની સાથે નોટની વિચાર પણ ગેનીબેનને આવ્યો હતોઃ મોદી બાદ હવે પ્રિયંકા પણ અહીં પ્રચાર માટે આવશે

ગેનીબેન ઠાકોરનો પ્રચારમાં લોકલ ટચઃ ડો. રેખાબેનને મોદીની છબી પર મુખ્ય આધારઃ કોંગ્રેસમાં ક્રાઉડ ફંડીંગનો પહેલો

જે અપીલ કરી હતી તે પણ રસપ્રદ નિવડી રહી છે. અને ગુજરાતમાં જો ભાજપ માટે કોઈ મુશ્કેલ બેઠક હોય તો તેમાં બનાસકાંઠાનો સમાવેશ નંબર-૧ પર થઈ રહ્યો છે. આ વિસ્તારમાં ઠાકોર સમાજના મતો ૪.૫૦ લાખ છે અને તે ક્ષત્રિય ઠાકોર તરીકે ઓળખાઈ છે અને તેથી ક્ષત્રિય આંદોલનની અસર પણ આ વિસ્તારમાં જોવા મળી રહી છે. ગુજરાતની મુલાકાતે આવેલા વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ બનાસકાંઠાને આવરી લીધી સભા યોજીને ગેનીબેનના પ્રભાવને તોડવા માટે પ્રયત્ન કર્યો હતો તો ભાજપના પ્રદેશ પ્રમુખ સી.આર. પાટિલ પણ અગાઉ કહી ગયા હતા કે અહીંના ઉમેદવાર (ગેનીબેન) આપણને દરેક સમયે નડે છે અને તેથી તેનો ઈલાજ લોકસભા ચૂંટણીમાં કરવાનો છે. પરંતુ ગેનીબેનની પ્રચાર સ્ટાઈલ એ સૌને આકર્ષી રહી છે તેમનું પિયર અને સાસરુ બંને આ વિસ્તારમાં છે અને તેથી તેઓ સ્થાનિક સ્તરે લોકો સાથે ઝડપથી ભળી જાય છે. જ્યારે ડો. રેખાબેન ચૌધરી હજુ બહારના જ ગણાય છે અને તેથી જ તેમને માટે સ્થિતિ જરા જુદી છે. આ જંગને બનાસની બહેન અને બનાસની બેટી તરીકે ઓળખવામાં આવે છે. ગેનીબેનને બનાસની બહેન અને રેખાબેન બનાસની દિકરી તરીકે વંદન તેમ કહીને પોતાનો પ્રચાર શરુ કરે છે. સ્થાનિક લોકો ગેનીબેનને વધુ ઓળખતા હોવાથી તેઓને દરેક વર્ગમાંથી ટેકો મળી રહ્યાનો દાવો છે.

ચકચારી અશ્લીલ વિડીયો કાંડનો ભાગેડુ પ્રજજવલ ૧૫મી મે એ બેંગ્લુરુ પહોંચશે

જર્મની ભાગેલા પ્રજજવલે એસઆઈટી સામે રજુ થવા સમય માંગ્યો

બેંગ્લુરુ (કર્ણાટક) તા.૨

પુર્વ વડાપ્રધાન એચ.ડી.દેવેગૌડાના પૌત્ર અને જદ(એસ)ના નેતા પ્રજજવલ રેવન્નાના ચકચારી અશ્લીલ વિડીયો કાંડે દેશભરમાં ખળભળાટ જગાવ્યો છે. એસઆઈટીની નોટીસ બાદ જદ(એસ)ના સસ્પેન્ડેડ નેતા લાપતા બન્યા છે ત્યારે આ નેતા ૧૫ મે એ બેંગ્લુરુમાં પહોંચશે તેવા અહેવાલો છે. બીજી બાજુ રેવન્નાનો પુર્વ ડ્રાઈવર પણ એસઆઈટીની નોટીસ બાદ લાપતા થઈ ગયો છે.

આ અંગે વધુમાં જાણવા મળતી વિગત મુજબ હાલના સાંસદ અને હાસત લોકસભા ક્ષેત્રના એનડીએના ઉમેદવાર પ્રજવલ રેવન્નાએ વિશેષ તપાસ દળ (એચઆઈટી) સામે રજૂ થવા માટે સમય માંગ્યો હતો. હવે નવા અહેવાલો મુજબ તે ૧૫ મે એ ફ્રેન્કફર્ટથી બેંગ્લુરુમાં પહોંચવાની આશા છે. જ્યારે પ્રજવલનો પુર્વ ડ્રાઈવર કે જેણે કબુલ કર્યું હતું કે તેણે મહિલાઓ સાથે જદ (એસ) નેતાના યૌન શોષણ વાળી અશ્લીલ વિડીયોની પેનડ્રાઈવ ભાજપ નેતા દેવરાજે ગૌડાને આપી હતી, તે પુર્વ ડ્રાઈવર એસઆઈટીની નોટિસ બાદ ગાયબ થઈ ગયો છે.

રાજકોટના બજાર ભાવ

તેલ (૧૫ કિલો)	ભાવ
સીંગતેલ તેલ (નવા ડબ્બા)	૨૫૧૦-૨૫૬૦
સીંગતેલ (જૂના ડબ્બા)	૨૪૬૦-૨૫૧૦
કપાસીયા તેલ (નવા ડબ્બા)	૧૬૯૦-૧૭૨૦
કપાસીયા તેલ (જૂના ડબ્બા)	૧૬૪૦-૧૬૭૦
પામોલીયન તેલ	૧૪૭૦-૧૪૭૫
મસ્ટર્ડ તેલ	૧૬૧૦-૧૬૪૦
સનફ્લાવર તેલ	૧૫૪૦-૧૫૬૦
મકાઈ તેલ	૧૫૨૦-૧૫૪૦
વનસ્પતિ ઘી	૧૬૯૦-૧૭૩૦
કોપરેલ	૨૩૬૦-૨૩૮૦
દિવેલ	૨૦૧૦-૨૦૩૦



સોનુ-ચાંદી

સોનુ (૧૦ ગ્રામ) ૭૩૮૦૦(+૫૦૦)

ચાંદી ૮૨૫૫૦(+૧૦૫૦)

(તસ્વીર : દેવેન અમરેલીયા)

શ્રી રણજીત વિલાસ પેલેસ ખાતે ગુજરાતના રાજવીઓની ચિંતન બેઠક

પુનઃ એક વખત નરેન્દ્રભાઈ મોદીને દેશભરમાંથી ૪૦૦+ કમળની ભેટ અર્પણ કરવા માટે રાજવીઓનું આહવાન

રાજકોટ, તા.૨

રાજ પરિવારના આંગણે ૪૫થી પણ વધારે રાજવીઓ અને ભાયાતોનાં આગમનને આવકારતાં રાજકોટના ઠાકોર સાહેબ શ્રી માંધાતાસિંહજી જાડેજાએ જણાવ્યું હતું કે, શ્રી નરેન્દ્રભાઇ મોદીમાં આપણને પ્રથમ દ્રષ્ટીએ જ આજોડતા, અનુપમતા અને નિખાલસતાનું દર્શન થાય. સનાતન ધર્મ અને ભારતીય સંસ્કૃતિના રક્ષક, વિરલ વ્યક્તિત્વના માલિક અને ગુજરાતના પનોતા – પુત્ર નરેન્દ્રભાઈ મોદી ભારતને પ્રધાનમંત્રી સ્વરૂપે પ્રાપ્ત થયાં એ આપણે સહુ ભારતવાસીઓનો પુણ્યોદય છે એવું મને લાગે છે અને આપણને આવશ્યકતા છે એક એવી સ્થિર અને મજબૂત સરકારની, એક એવા સક્ષમ નેતૃત્વની, એક એવા સ્વયં સ્પષ્ટ અને આર્યદ્રષ્ટા પ્રધાનમંત્રીની જે આપણાં રાષ્ટ્ર સહિત સમગ્ર વિશ્વ માટે દીવાદાંડી બનીને દિશાનિર્દેશ અને દિશાદર્શન કરાવી શકે.

મારી દ્રષ્ટીએ સને ૨૦૨૪ની વર્તમાન લોકસભાની ચૂંટણીએ સામાન્ય ચૂંટણી નથી, પરંતુ સનાતન ધર્મ, સનાતન સંસ્કૃતિ, ભારત દેશ અને આપણી ભાવી પૈઢીના સ્થિર, સુરક્ષિત તેમજ ઉજ્જવળ ભવિષ્યના સુર્યોદય માટેની ચૂંટણી છે ત્યારે એક ગુજરાતી નરેન્દ્ર દામોદરદાસ મોદી અંદાજે ૧૪૫ કરોડ દેશવાસીઓની સર્વાંગીણ સુખાકારી અને સુરક્ષા માટે પ્રતિદિન લગાતાર ૧૬ થી ૧૮ કલાક સુધી કાર્યરત રહીને ''વસુધૈવ કુટુંબકમ ની વૈદિક વિભાવનાને અનુસરીને નૂત્તન ભારતના નિર્માણ અર્થે સહુનો સાથ-સહુનો વિકાસ અને સહુનો સંગાથ-સહુનો વિશ્વાસ માટે પોતાનું અસ્તિત્વ ઓગાળી રહ્યા છે ત્યારે આપણે સહુ ભારતવાસીઓનું નૈતિક કર્તવ્ય બને છે કે સને. ૨૦૨૪ની લોકસભા ચૂંટણીમાં આપણે સહુ સાથે મળીને પ્રચંડ મતદાન કરીને પુનઃ એક વખત શ્રી નરેન્દ્રભાઈ મોદીને દેશભરમાંથી દૈવીય સિંહાસન સ્વરૂપ ૪૦૦+ કમળની ભેટ અર્પણ કરીએ અને એક પૂર્ણ બહુમતિ સાથેની સરકારનું સુકાન તેમને સોંપીએ.

નવરંગ નેચર ક્લબ દ્વારા માટીના પાણીના પરબનું નિઃશુલ્ક વિતરણ

રાજકોટ,તા.૨

નવરંગ નેચર ક્લબ દ્વારા માટીના પાણીના પરબનું વિનામૂલ્યે તા.૪ ને શનિવારે પ્રાદેશિક લોકવિજ્ઞાન કેન્દ્ર, આર્ટ ગેલેરી સામે અને તા.૫ ને રવિવારે (દર રવિવારે) ૧૫૦ ફૂટ રીંગરોડ, અમીન માર્ગ નો ખૂણો, રાજકોટ ખાતે વિતરણ કરવામાં આવશે.

ઓશો હાસ્ય ધ્યાનનું આયોજન

તા.૫ને રવિવારે વિશ્વ હાસ્ય દિન નિમિતે કિશાનપરા ચોકમાં આવેલ ઓશો ગીતા નિવેદિતા ધ્યાન મંદિરે સવારે ૧૦ થી ૧૧ મંદિરના ટ્રસ્ટીઓ અને કાર્યકરોની વિશેષ મીટીંગ યોજાશે અને સાંજે ૬ થી ૮ હાસ્ય ધ્યાન અને સંધ્યા ધ્યાન રાખેલ છે.

શાંતિ ધુન

પુનિત સદ્ગુરુ ભજન મંડળના શાંતિ ધુન કાલે સાંજે ૪ થી ૬, અમિતભાઇ ભટ્ટીને ત્યાં એ-૬૦૪, આદિત્ય હાઇટ્સ, સાધુવાસવાણી રોડ ખાતે રાખેલ છે.

'વોટ ફોર સ્યોર' : અટલ સરોવર મતદાન સંકલ્પનું સાક્ષી બન્યું

'વિંગ્સ સ્ટેન્ડી' પર મોટી સંખ્યામાં ફોટો પડાવતા નાગરિકો : સહકુટુંબ લોકશાહીનું પર્વ ઉજવવા નિર્ધાર

રાજકોટ, તા. ૨

એસવીઇઇપી અને ટીઆઇપી રાજકોટ ઈલેક્શન દ્વારા લોકસભાની ચૂંટણી અનુસંધાને અટલ સરોવર ખાતે ગઈકાલે સાંજના સમયે ગુજરાત સ્થાપના દિવસે મતદાર જાગૃતિ અભિયાન અંતર્ગત મતદાન માટે નાગરિકોમાં જાગૃતિ ફેલાવવા માટે કાર્યક્રમ યોજવામાં આવેલ હતો.

આ મતદાર જાગૃતિ કાર્યક્રમ સાંજે ૭ વાગ્યે શરૂ કરવામાં આવ્યો હતો. જેમાં 'ચુનાવ કા પર્વ, દેશકા ગર્વ' થીમ પર 'વિંગ્સ સ્ટેન્ડી' રાખવામાં આવી હતી. કાર્યક્રમમાં મોટી સંખ્યામાં ઉપસ્થિત નાગરિકો દ્વારા 'વિંગ્સ સ્ટેન્ડી' પાસે ઉભા રહી ફોટો પાડવામાં આવ્યા હતાં.

'હું છું ભારત, ભારત છે મુજમાં ઓડિયો સોંગ પર સ્થાનિક પરફોમન્સ (ડાન્સ) રજુ કરવામાં આવેલ હતો. નાગરિકો દ્વારા 'અમે સહ કુટુંબ મતદાન કરી, લોકશાહીનો અવસર ઉજવીશું' જેવી મતદાન જાગૃતિની શપથ પણ લીધા હતા..

કાર્યક્રમ સ્થળે રાખવામાં આવેલ સેલ્ફી બૂથ અને 'વોટ ફોર સ્યોર' જેવી સ્ટેન્ડી પાસે ઉભા રહી નાગરિકોએ પોતાની તસવીરો પણ ખેંચાવી હતી. ફલેશ મોબાઇલ અને બેનર દ્વારા મતદાન જાગૃતિ માટે જેવી વિવિધ એક્ટીવીટી પણ કરવામાં આવી હતી. જેમાં ખુબ મોટી સંખ્યામાં નાગરિકો જોડાયા હતા.

ગુજરાતમાં સર્વ પ્રથમવાર આર. બી. કોઠારી નિદાન કેન્દ્રમાં

હૃદયરોગ નિદાન માટે PHILIPS AFFINITI CVX 2-D ECHO મશીન મુકાયું

ગતીશીલ હાર્ટ મોડેલને કારણે વોલ્યુમ્સ અને કાર્યાત્મક મુલ્યાંકન સંપૂર્ણ 3D પ્રમાણીકરણ પુરૂ પાડશે

રાજકોટ:તા ૨

હાલ જે Philips 20-Echo હૃદયરોગ નિદાન માટે મશીન માર્ચમાં ચાલુ કરેલ છે. તેમાં X-5-1 xMatrix પ્રોબવાળું છે. ગુજરાતમાં આ મોડેલનુ મશીન પ્રથમ જ આર. બી. કોઠારી નિદાન કેન્દ્રમાં મુકવામાં આવેલ છે. જેથી આ મશીન બહુમુખી પ્રોબ ટેકનોલોજીથી ઇમેજ ગુણવત્તા તથા બહુવિધ પ્રશ્નોનું નિરાકરણની ક્ષમતા ધરાવતુ હોવાથી 2D-Echo ની ઇમેજ શકય ન હોય એવા દ્રશ્યો માટે સર્મથન પ્રદાન કરે છે. દર્દીઓને ઇમેજ મેળવવા માટે જે મુશ્કેલી હોય તેને સરળતાથી રચાય છે.

2D અને 3D બંન્નેમાં મજબુત કાર્ડિયાક પ્રમાણીકરણ માટે સંપુર્ણપણે 2D ડોપલર અને લંબાઈ માપ ઓટોમેશનથી પ્રદાન કરે છે. આ મશીન ગતીશીલ હાર્ટ મોડેલને કારણે વોલ્યુમ્સ અને કાર્યાત્મક મુલ્યાંકન સંપૂર્ણ 3D પ્રમાણીકરણ પુરૂ પાડે તેમજ MV Mitral Valve ગતિશીલ વિશ્લેષણ પુરૂ પાડે છે.આ મશીનમાં X5-1 xMatrix પ્રોબને કારણે જટિલ કેસોમાં ઇમેજ ગુણવત્તા અને આત્મ વિશ્વાસ પ્રદાન કરે છે વાસ્કયુલર મુલ્યાંકન માટે ખુબ જ ઉપયોગી બનેલ છે.

આ મશીન નવી ટેકનોલોજીને કારણે અસ્પષ્ટ વિન્ડો શોધવા માટે હાથથી રોટેટ કરવાના બદલે પાંસળીઓ વચ્ચેની એકોસ્ટીક વિન્ડોની અંદર ઇલેકટ્રોનિક રીતે શ્રેષ્ઠ દ્રશ્ય જોઇ શકાય છે. જેથી LV વોલ્યુમ માપવામાં ચોકસાઇ વધારી શકાય છે.

૪૦ બેસ્ટ સફાઈ કામદારની પસંદગી : કમિશ્નરે પ્રમાણપત્ર આપ્યા

૧૮ વોર્ડમાં ચાલતી કામગીરીની પ્રશંસા : શહેરને ઘરની જેમ સ્વચ્છ રાખવાની સલાહ આપતા આનંદ પટેલ

રાજકોટ, તા. ૨

નિર્મળ ગુજરાત ૨.૦ તથા સ્વચ્છ સર્વેક્ષણ અન્વયે મનપાના સોલીડ વેસ્ટ મેનેજમેન્ટ શાખાના ત્રણેય ઝોનના ૧૮ વોર્ડમાં ફરજ બજાવતા સફાઈ કામદારોને એપ્રિલ-૨૦૨૪ની સારી કામગીરીને ધ્યામાં રાખીને દરેક વોર્ડમાંથી ૧ સ્ત્રી અને ૧ પુરૂષ એમ કુલ ૩૬ સફાઈ કામદાર, રાત્રી સફાઈના ૨ સફાઈ કામદાર અને ડ્રેનેજ વિભાગ ૨ સફાઈ કામદાર એમ કુલ ૪૦ સફાઈ કામદારોને બેસ્ટ સફાઈ કામદાર તરીકે પસંદગી કરી કમિશનર આનંદ પટેલના હસ્તે પ્રમાણપત્ર આપી બિરદાવવામાં આવ્યા હતા.

આ અવસરે કમિશનર આનંદ પટેલે સફાઈ કામદારોને અભિનંદન પાઠવતા જણાવ્યું હતું કે, આપ સૌ સફાઈ કામદારો જે કામગીરી કરી રહ્યા છો તેના થકી રાજકોટ શહેર ઉજળું છે. આ કામગીરી થકી કોર્પો. પણ ઉજળું છે. ભવિષ્યમાં પણ રાજકોટ શહેરને ખુબ સારું ચોખ્ખું બનાવીશું. સૌ સાથે મળીને શહેરને પોતાના ઘરની જેમ ચોખ્ખું રાખીએ અને અન્ય નાગરિકોને પણ જાહેરમાં ગંદકી ન કરવા પ્રેરણા આપીએ.

આ તકે ડે. કમિશનર સ્વપ્નિલ ખરે, પર્યાવરણ ઈજનેર નિલેશ પરમાર, સહાયક કમિશનર કાથરોટીયા, આસી. મેનેજર મનીષ વોરા, ના.ઈજનેરો વલ્લભ જીંજાળા, દિગ્વિજયસિંહ તુવર, પ્રજેશ સોલંકી, વિરલ ચાવડા તેમજ સોલીડ વેસ્ટ મેનેજમેન્ટ શાખાની ટીમ ઉપસ્થિત રહી હતી.

બેસ્ટ સફાઈ કામદારો

વોર્ડ નં. ૧ : શિંગાળા વિજયભાઈ વિઠ્ઠલભાઈ, નેયા ભાનુબેન ગોપાલભાઈ, વોર્ડ નં.૨ : જીગ્નેશભાઇ ગોવિંદભાઈ વઘેલા, ધર્મિષ્ઠાબેન વિજયભાઈ મેરાણ, વોર્ડ નં.૩ :ભૂપતભાઈ શામજી ભાઈ વાઘેલા, રમાબેન નાથાભાઈ ટીમાણીયા, વોર્ડ નં.૪ : ઉમેષભાઈ હરિલાલ વાઘેલા, ગીતાબેન મનસુખભાઈ મેરાણ, વોર્ડ નં.૫ : બાબુભાઈ ટપુભાઈ પરમાર, લલીતાબેન આર નારોલા, વોર્ડ નં. ૬ : પ્રકાશભાઈ ધનજીભાઈ વાઘેલા, રમાબેન ધીરુભાઈ ગડિયલ, વોર્ડ નં. ૭ : સતીશ મનસુખભાઇ પરમાર, નીમુ બેન રમેશભાઈ પરમાર, વોર્ડ નં. ૮ : તરૂણ દીપકભાઈ વાઘેલા, ડિમ્પલબેન ચંદ્રેશભાઈ વાઘેલા, વોર્ડ નં. ૯ : વિપુલભાઇ છગનભાઈ વઘેલા, જયાબેન મોહનભાઈ વાળા, વોર્ડ નં. ૧૦ : કપિલભાઈ દેવજીભાઈ બાબરીયા, રેખાબેન ગોવિંદભાઈ સોલંકી, વોર્ડ નં.૧૧ : વિજયભાઈ કરસનભાઈ ઝાલા, હંસાબેન વાઘજીભાઈ ચૌહાણ, વોર્ડ નં. ૧૨ : ભવાનભાઈ ખીમજીભાઈ સોલંકી, નીમુબેન દેવજીભાઈ ઝાલા, વોર્ડ નં.૧૩ : ધીરૂભાઈ ખીમાભાઇ મકવાણા, ગીતાબેન રામજીભાઈ ચૌહાણ, વોર્ડ નં. ૧૪ : કરશનભાઈ જીવાભાઈ વાઘેલા, સુમનબેન સરમણભાઈ મેરાણ, વોર્ડ નં.૧૫ : મુકેશભાઈ મોહનભાઈ વઘેલા, લીલાબેન દેવજીભાઈ ચાવડા, વોર્ડ નં. ૧૬ : રાઠોડ ભરતભાઈ કાનજીભાઈ, ચુડાસમા હંસાબેન જેન્તીભાઇ, વોર્ડ નં. ૧૭ : દેવેન્દ્ર અશોકભાઈ નારોલા, લિલાબેન ભાનુભાઈ ઝાલા, વોર્ડ નં. ૧૮ : વિજયભાઈ બાબુભાઈ ધાવરી, જીલુંબેન બાલુભાઈ રાઠોડ, રાત્રી સફાઈ : શીગારા પ્રવીણભાઈ ડાયાભાઇ, વાઘેલા લલિતભાઈ અમરશીભાઈ, ડ્રેનેજ વિભાગ : બારૈયા નીલેશભાઈ નાથાભાઈ, માનવભાઈ ઘાવરી.

છત્તીસગઢમાં આયોજિત નેશનલ ફુટબોલ ટુર્નામેન્ટ માટે રાજકોટના ત્રણ ખેલાડીઓની પસંદગી

રાજ જાદવ, હરીશસિંગ બીસ્ટ તથા હર્ષલ દાવડા કેરલા, આંધ્રપ્રદેશ,હરિયાણાની સામે રમશે

રાજકોટ:તા ૨

છત્તીસગઢ નારાયણપુર ખાતે તા.૦૩-૦૫-૨૦૨૪ થી શરૂ થઈ રહેલ U-20 ભાઈઓની નેશનલ ફુટબોલ ટુર્નામેન્ટ માટે ગુજરાતની ટીમમાંથી રાજકોટ શહેરના ત્રણ ખેલાડીઓ સર્વે રાજ જાદવ, હરીશસિંગ બીસ્ટ તથા હર્ષલ દાવડા પસંદગી પામેલ છે. ગુજરાતની ટીમ પ્રથમ મેચ તા. ૦૩-૦૫-૨૦૨૪ ના રોજ કેરાલા સામે, બીજો મેચ તા. ૦૫-૦૫-૨૦૨૪ ના આંધ્રપ્રદેશ સામે તથા ત્રીજો મેચ તા.૦૭-૦૫-૨૦૨૪ ના રોજ હરિયાણા સામે રમશે.

પસંદગી પામેલ ખેલાડીઓને એસોસિએશનના પ્રમુખ ગુણુભાઈ ડેલાવાળા, ડી. વી. મહેતા, મુકેશ બુંદેલા, બી. કે. જાડેજા, રોહિત બુંદેલા, જીવણસિંહ બારડ, અમીત શિયાળીયા, અજય ભટ્ટ, અમૃતલાલ બહુરાશી, રાજેશ ચૌહાણ, જયેશ કનોજીયા, મનદીપસિંહ બારડ, ઉપેન્દ્રસિંહ ઝાલા, દિપક યશવંતે, રોહીત પંડીત, શિવરાજસિંહ ચાવડા, ધર્મેશ વગેરે સભ્યોએ અભિનંદન પાઠવેલ છે.

રાજકોટ મશીનરી સ્પેર્સ સપ્લાય એસોસિએશન દ્વારા

નવા વર્ષને આવકારવા એન્યુઅલ જનરલ મીટીંગ અને સ્નેહમિલન યોજાયું

રાજકોટ, તા ૨

તાજેતરમાં રાજકોટ મશીનરી સ્પેર્સ સપ્લાયર્સ એસોસીએશન-રાજકોટ દ્વારા નવા વર્ષ એપ્રિલ ૨૦૨૪ ની સાલને વધાવતા આવકારતા એન્યુઅલ જનરલ મીટીંગ ભોજન સમારંભ સાથે ગેટ ટુ ગેધર સ્નેહમિલનનું આયોજન કરવામાં આવેલ હતું, જેમાં બહોળી સંખ્યામાં સભ્ય સંખ્યા પરિવાર સહિત ઉપસ્થિત રહી ગેટ ટુ ગેધર કાર્યક્રમ સફળતાપૂર્વક સંપન્ન થયો.

કાર્યક્રમમાં માનંદ મંત્રી અશ્વિનભાઈ પટેલએ તા. ૭-૫-૨૪ ના રોજ રાજકોટમાં લોકસભાની ચુંટણી સંદર્ભે દરેક સભ્ય પરિવારને મતદાન કરવા ખાસ અપિલ કરી.કાર્યક્રમને યશસ્વી બનાવવામાં પ્રમુખ સમીરભાઈ ચંદે, ઉપપ્રમુખ રામજીભાઈ લાડાણી, માનદ મંત્રી અશ્વિનભાઈ પટેલ, સહમંત્રી વિનોદભાઈ અકબરી, ટેઝરર પરેશભાઈ અઢીયા એ જહેમત ઉઠાવી હતી.

શનિવારે સત્યયુગ રામજી મંદિરમાં અખંડ ધૂનનો ૩૪માં વર્ષમાં પ્રવેશ

ધૂનને ૩૩ વર્ષ પૂર્ણ થતાં વાર્ષિકોત્સવ ઉજવાશેઃ સાંજે આરતી બાદ ધૂન, રવિવારે મંદિરની સુવર્ણ જયંતિ વર્ષની ઉજવણી નિમિત્તે રાત્રીના સમુહ ધૂન કાર્યક્રમ

રાજકોટ, તા.૨

શહેરનાં ગોંડલ રોડ પર આવેલા સત્યયુગ શ્રી રામજી મંદિર અને શ્રી ન્યાલભગત અન્નક્ષેત્ર સ્થળે ૩૩ વર્ષથી ચાલતી અખંડ ધૂનને શનિવારે ૩૩ વર્ષ પૂર્ણ થતાં ૩૪મા વર્ષમાં પ્રવેશ નિમિતે વાર્ષિક મહોત્સવની ઉજવણી કરવામાં આવશે.સત્યયુગાવતાર શ્રી આત્મન ભગવાન પ્રેરિત બ્રહ્મમંત્ર 'ઓમ હ્રીં રામ જય રામ જય જય રામ'ની અખંડ ધૂન ગૌમાતા તથા સર્વમુક પ્રાણીઓની બંધારણીય રક્ષાર્થે અને મહાવિનાશક આપત્તિઓના નિવારણ માટે તેમજ સારાએ વિશ્વમાં સત્યયુગ સંસ્થાપન અર્થે છેલ્લા ૩૩ વર્ષથી અવિરત અખંડધૂન ચાલી રહી છે. તા.૪ને શનિવારે ૩૪માં વર્ષમાં મંગલ પ્રવેશ કરે છે.

આ ૩૩માં વાર્ષિક મહોત્સવ પ્રસંગે વિશેષ સંધ્યા આરતી સાંજના ૭-૩૦ કલાકે તથા વિશેષ સમૂહધૂન તથા પાઠ સાંજના ૭ થી ૯ રાખવામાં આવેલ છે.

તા.૫ને રવિવારના રોજ શ્રી મંદિરના સુવર્ણ જયંતિ વર્ષની ઉજવણીરૂપે સમુહ ધૂનનો કાર્યક્રમ સાંજે ૫ થી રાત્રીના ૨ વાગ્યા સુધી સર્વ ગામોમાં ચાલતી ધૂનની વિવિધ ધુન મંડળો દ્વારા રાખવામાં આવેલ છે. આ દિવ્ય પ્રસંગે સત્યયુગ શ્રી રામજી મંદિરમાં ભક્તો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહેશે.

શ્રી આત્મન ભગવાન કહે છે કે જેમ દુન્યવી ક્ષેત્રે કુશળતા ધરાવતા લોકો પછી ભલે તેઓ બૌધ્ધિક, વૈજ્ઞાનિક, ઔદ્યોગિક કે રાજકારણમાં નિપૂણ હોય તો પણ તેમને માટે સતધર્મનું સુક્ષ્મતત્વ સંપૂર્ણપણે સમજવું શકય નથી એટલે નિર્દોષ પ્રાણીઓ તથા ગાયો પર થતી ક્રુરતા તથા અમાનુષી હિંસા અને દેશ પર આવતી આપત્તિઓ વચ્ચેનો સંબંધ તેઓ જોઇ શકે નહીં. આવો સબંધ તો આધ્યાત્મિક આર્ષદ્રષ્ટાઓ જ જોઇ શકે એટલે ધર્મના આ નિયમનાં અનુસંધાનમાં જગતભરમાં વિવિધ હેતુસર નિર્દોષ પ્રાણીઓની ઘોર હિંસા જ પૃથ્વી પર આપતી અથવા આવી રહેલ પ્રલયકારી આપત્તિઓનું મુખ્ય કારણ છે.

આ બ્રહ્મમંત્રની અખંડધૂન ગોંડલમાં છેલ્લા ૪૪ વર્ષથી, ગોંડલના નાના વડિયામાં ૪૩ વર્ષ, સાંઢવાયામાં ૪૪ વર્ષ, ભાડલામાં ૪૩ વર્ષ, બીલડીમાં ૩૫ વર્ષ, કોટડા સાંગાણી ૨૦ વર્ષ, રામોદમાં ૧ વર્ષથી નિયમિત રોજ એક કલાક બ્રહ્મમંત્રની ધૂન ચાલે છે.રાજકોટ ખાતેના સત્યયુગ રામજી મંદિરમાં અખંડ ધૂનને ૩૩ વર્ષ શનિવારે પૂર્ણ થતાં ૩૪ વર્ષમાં મંગલ પ્રવેશ થઇ રહ્યો ત્યારે આ પ્રસંગે યોજનાર મહોત્સવને સફળ બનાવવા સુરેશ મહારાજ, રાહુલભાઇ જોષી, બ્રિજેશ આસોડીયા, છગનભાઇ ગજેરા, કિશોરભાઇ ચાવડા, ઓમ માડ જહેમત ઉઠાવી રહ્યા છે.

તસ્વીરઃ પંકજ શિશાંગીયા

બ્રહ્માકુમારીઝ દ્વારા લેબર ડે તથા ગુજરાત ડેની શાનદાર ઉજવણી

રાજકોટ,તા.૨

તારીખ ૧ મે ના આંતરરાષ્ટ્રીય શ્રમિક દિવસની પણ દિવ્ય ઉજવણી કરી. સાથોસાથ ગુજરાત ડે અર્થાત ગુજરાત સ્થાપના દિવસ (તારીખ ૧ મે ૧૯૬૦) ની પણ શાનદાર ઉજવણી કરવામાં આવી હતી. બ્રહ્માકુમારીઝ ગુજરાત ઝોન ડાયરેક્ટર ભારતી દીદીના માર્ગદર્શન હેઠળ કાર્યક્રમ યોજાયો હતો.

બુધવારે સવારે બ્રહ્માકુમારીઝ જ્યોતિ દર્શન સેવા કેન્દ્ર ખાતે શ્રમિક દિવસ નિમિતે એક કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં શ્રમિક ભાઈ બહેનોએ હિસ્સો લીધો હતો. યોગાનુયોગ જ્યોતિ દર્શનમાં પણ રીનોવેશન ચાલતું હોય ત્યાં શ્રમીકો હાજર હતા. તેમજ પી.જી.વી.સી.એલ.નાં કામદાર તથા સફાઈકામદારોને શ્રમ દાનનું મહત્વ સમજાવવમાં આવ્યું હતું.આ તકે બ્રહ્માકુમારી અંજુબેનના હસ્તે શ્રમીકોને સન્માન રૂપ ઈશ્વરીય સૌગાદ આપવામાં આવી હતી. તેમણે પ્રસંગોચિત સંબોધન કર્યું હતું. બ્રહ્માકુમારી કિંજલ દીદી પણ ઉપસ્થિત હતાં.

શી ટીમની અદ્ભુત કામગીરીઃ વૃદ્ધા અને ગર્ભવતી મહિલાને સહીસલામત ઘરે પહોંચાડી

રાજકોટ,તા.૨

શી ટીમ ઈન્ચાર્જ સંગીતાબેન ધીરુભાઈ, કાજલબેન વલ્લભભાઇ, શિલ્પાબેન મનજીભાઈ દ્વારા પેટ્રોલિંગ દરમિયાન કિશાનપરા ચોક પાસે ઉભા બે સિનિયર સીટીઝનને સહીસલામત ગાડીમાં બેસાડી તેના ઘરે પહોચાડેલ. તેમજ માધાપર ચોકડી ખાતે ગર્ભવતી મહિલાને મોડી રાતએ વાહન ન મળતાં શી ટીમ દ્વારા તેના ઘરે પહોંચાડવામાં આવેલ.શી ટીમના મહિલા પોલીસ બંસીબેન ,WPC પાયલબેન અને WLR અસ્મિતા બેન દ્વારા રૈયાધાર માં આવેલી કન્સ્ટ્રકશન સાઈડ આશરે ૭૦ મહિલા અને,૭૦ બાળકો ની મુલાકાત લઈ શી ટીમની માહિતી તેમજ સાયબર ક્રાઇમ હેલ્પલાઇન ૧૮૧ હેલ્પલાઇન, તેમજ બાળકોને ગુડ ટચ બેડ ટચ વિશે માર્ગદર્શન આપ્યું હતું.

'ડીશ ટીવી સ્માર્ટ+' સર્વિસીઝની સાથે લાવી છે મનોરંજન ક્ષેત્રે ક્રાંતિ

કોઈપણ સ્થળે વધારાના ખર્ચ વિના ટીવી અને ઓટીટી કન્ટેન્ટ આપશે

રાજકોટ, તા ૨

ડીશ ટીવીએ ભારતમાં મનોરંજનની અનુભૂતિની નવી વ્યાખ્યા કરવાની અભૂતપૂર્વ પહેલ હાથ ધરી છે. અગ્રગણ્ય ઉઝઈ પ્રોવાઈડરે પોતાના-જેવી-સર્વપ્રથમ પહેલ આદરતાં પોતાની નવીનતમ પ્રસ્તુતિ 'ડીશ ટીવી સ્માર્ટ+' ની ઘોષણા કરી છે. આ લોંચ થકી આ ઈન્ડસ્ટ્રીમાં સીમાચિહ્નરૂપ શરૂઆત થઈ છે, જે તેના ગ્રાહકોને કોઈ પણ સ્ક્રીન પર, કોઈ પણ સ્થળે વધારાના કોઈ પણ ખર્ચ વિના ટીવી અને ઓટીટી કન્ટેન્ટ સુધી પહોંચ પૂરી પાડશે. તે પોતાના ગ્રાહકોને સુગમતા, વધુ સુવિધા, અને વધેલા મનોરંજનના વિકલ્પો પૂરા પાડીને ટીવી નિહાળવાની અનુભૂતિને વધુ સશક્ત બનાવવાનું સુનિશ્ચિત કરે છે.

'ડીશ ટીવી સ્માર્ટ+' સર્વિસ થકી, નવા તેમજ પ્રવર્તમાન ગ્રાહકો સહિત એવા તમામ ડીશ ટીવી અને D2H સબસ્ક્રાઈબર્સ હવે તેમની પસંદગીના ટીવી સબસ્ક્રીપ્શન પેકની સાથે લોકપ્રિય ઓટીટી એપ્સને નિહાળવાનો આનંદ માણી શકશે. 'ડીશ ટીવી સ્માર્ટ+' સર્વિસ ઈકોસિસ્ટમ વોચો- ધ ઓટીટી સુપર એપ, સેટ-ટોપ બોક્સ અને સ્માર્ટ એન્ડ્રોઈડ જ્જઇત સહિત સ્માર્ટ ડિવાઈસીસ દ્વારા કોઈ પણ સ્ક્રીન પર, કોઈ પણ સ્થળે, કોઈ પણ સમયે મનોરંજનને ઉપલબ્ધ કરાવે છે. ડીશ ટીવી આ ડિવાઈસીસ પર તેમની સર્વિસીઝને સીમલેસ રીતે એકીકૃત કરવા ટોચના ટીવી એન્ડ મોબાઈલ ઓરિજિનલ ઈક્વિપમેન્ટ મેન્યુફેક્ચરર્સ (OEMS) સાથે સહયોગ સાધશે, અને આ રીતે એકંદર ઉપભોક્તા અનુભૂતિનું સ્તર સમૃદ્ધ બનાવશે.

ત્રણ વર્ષ બાદ પ્રવેશ ફી, પાંચ વર્ષ બાદ રાઈડસ ફી વધશે : લાઈટ-સાઉન્ડ શોના રૂા.૮૦ જુદા

પાર્ટી પ્લોટનું ભાડુ રૂા. એક લાખ : પાર્કિંગ ચાર્જ ટુ વ્હીલરના રૂા.૧૦, ફોર વ્હીલરના રૂા. ૨૦ : કુલ ૧૫ વર્ષનો કોન્ટ્રાકટ : કોર્પો.ની સ્કુલ, આંગણવાડીના બાળકોને ફી એન્ટ્રી

રાજકોટ, તા. ૨

મ્યુનિ. કોર્પોરેશન દ્વારા રૈયા સ્માર્ટ સીટીમાં નિર્માણ કરવામાં આવેલા અટલ સરોવરમાં પ્રવેશ માટે પ્રોજેકટના પ્લાનીંગ મુજબ પ્રવેશ ફી લેવાનું શરૂ કરવામાં આવ્યું છે. અટલ સરોવરમાં પ્રથમ દિવસે લોકોની ભીડ આશ્ચર્યજનક હતી. હાલ ટીકીટ દર બાળકો માટે રૂા. ૧૦ અને મોટા માટે રૂા. ૨૫ નકકી કરવામાં આવ્યો છે. પરંતુ દર ત્રણ થી પાંચ વર્ષે પ્રવેશ ફીથી માંડી જુદી જુદી રાઈડસના દર સંચાલક કંપની વધારી શકે તેવી જોગવાઇ પણ રહેલી છે.

અમદાવાદ અને અન્ય મેટ્રો સીટીમાં જે રીતે આવા સ્થળે પ્રવેશ ટીકીટ હોય છે તે પ્રકારે જ આ પ્લાનીંગ કરવામાં આવ્યું છે. જે સુવિધામાં હજુ ઉત્તરોતર વધારો થવાનો છે. રાઈડસના દર રૂા. ૮૦ રાખવામાં આવ્યા છે. તો પાર્કિંગના દર રૂા. ૧૦ થી ૨૦ નકકી કરાયા છે. પ્રવેશ ટીકીટમાં લાઇટ એન્ડ લેસર શો સામેલ નથી અને તેના રૂા. ૮૦ અલગથી નકકી કરવામાં આવ્યા છે.

હાલ પ્રથમ ત્રણ વર્ષ માટે બાળકોની એન્ટ્રી ટીકીટ રૂા. ૧૦ અને મોટાની રૂા. ૨૫ છે. તો ત્રણ વર્ષ બાદ બાળકોની ટીકીટ રૂા. ૨૦ અને મોટાની રૂા. ૪૦ થશે. કોર્પો.ની સ્કુલ અને આંગણવાડીના બાળકોને પ્રવેશ ફી રાખવામાં આવ્યો છે. તો પાર્કિંગમાં ટુ વ્હીલરનો ચાર્જ રૂા. ૧૦ અને ફોર વ્હીલરનો ચાર્જ રૂા. ૨૦ નકકી કરવામાં આવ્યો છે.

મહાપાલિકાને રેવન્યુ શેરીંગ મોડમાં દર વર્ષે પ્રિમીયમ મળશે. એજન્સી દર વર્ષે કોર્પો.ની કંપની રાજકોટ સ્માર્ટ સીટી ડેવલપમેન્ટને પ્રથમ પાંચ વર્ષ માટે રૂા. ૫૧ લાખ, બીજા પાંચ વર્ષ માટે રૂા. ૭૦ લાખ, ત્રીજા તથા છેલ્લા પાંચ વર્ષ માટે વાર્ષિક રૂા. ૮૦ લાખ ચૂકવશે.

રાઈડસના દર

થોડા દિવસ બાદ શરૂ થનારા એમ્યુઝમેન્ટ પાર્કમાં વિવિધ રાઈડસની ટીકીટ ન્યુનતમ રૂા.૮૦ નકકી કરવામાં આવી છે. તેમાં પ્રતિ રાઇડ ટોય ટ્રેનના રૂા. ૮૦, બોટ રાઇડના ૮૦, ફેરીસ વ્હીલના ૮૦, લેસર શો, લાઇટ એન્ડ સાઉન્ડ શોના રૂા. ૮૦ પ્રતિ વ્યકિત નકકી કરાયા છે.

એમ્ફીથિયેટરનો પ્રતિ ઇવેન્ટ ચાર્જ રૂા. ૨૫ હજાર, પાર્ટી પ્લોટ રૂા. એક લાખનો ચાર્જ રહેશે. આ રીતે આ તમામ રાઇડ, પાર્કિંગ, ઇવેન્ટના દર બાદ કોન્ટ્રાકટર પાંચ ટકાના દરથી વધારી શકે તેવી જોગવાઇ રાખવામાં આવી છે.

અટલ સરોવરમાં ફીના દર

એન્ટ્રી ફી પ્રથમ ત્રણ વર્ષ : રૂા. ૧૦ અને ૨૫
કોર્પો. સ્કુલ-આંગણવાડીના બાળકો માટે ફી
એન્ટ્રી ફી ત્રણ વર્ષ બાદ : રૂા. ૨૦ અને ૪૦
કોર્પો. સ્કુલ-આંગણવાડીના બાળકો માટે ફી
આ બાળકો માટે ત્રણ રાઇડસ માટે કન્સેશન અને ફી સુવિધા ફરજીયાત રાખવામાં આવી છે.

રાઈડસની મહત્તમ ફી

ટોય ટ્રેન : રૂા. ૮૦
બોટ રાઇડસ : રૂા. ૮૦
ફેરીસવ્હીલ : રૂા. ૮૦
લેસર, લાઇટ સાઉન્ડ શો : રૂા. ૮૦
એમ્ફીથીયેટર : રૂા. ૨૫,૦૦૦ (પ્રતિ ઇવેન્ટ)
પાર્ટી પ્લોટ : રૂા. ૧ લાખ (પ્રતિ ઇવેન્ટ)
પાર્કિંગ ટુ વ્હીલર : રૂા. ૧૦
પાર્કિંગ ફોર વ્હીલર : રૂા. ૨૦
આ તમામ દર પાંચ વર્ષ બાદ કોન્ટ્રાકટર પાંચ ટકાના દરે વધારી શકશે

કોર્પો.ને રેવન્યુ શેરીંગ

પ્રથમ પાંચ વર્ષ રૂા. ૫૧ લાખ વાર્ષિક
બીજા પાંચ વર્ષ રૂા. ૭૦ લાખ વાર્ષિક
ત્રીજા અને છેલ્લા પાંચ વર્ષ રૂા. ૮૦ લાખ વાર્ષિક

રાજકોટના તમામ વકીલો ૧૦૦ ટકા મતદાન કરવા શપથ લેશે

શનિવારે નાગર બોર્ડીંગ ખાતે વકિલો માટે સહપરીવાર સ્નેહમિલન સમારોહ સાથે મતદાન જાગૃતિ કાર્યક્રમ

રાજકોટ, તા.૨

રાજકોટના તમામ વકીલો ૧૦૦ ટકા મતદાન કરવા શપથ લેશે. આ માટે આગામી તા. ૪ મેને શનિવારે સાંજે ૭ કલાકે નાગર બોર્ડીંગ ખાતે વકીલો માટે સહપરિવાર સ્નેહમિલન સમારોહ સાથે મતદાન જાગૃતિ કાર્યક્રમ યોજવામાં આવ્યો છે. જેમાં સિનિયર ધારાશાસ્ત્રીઓ, યુવા એડવોકેટો, મહિલા એડવોકેટો, પ્રોવિઝનલ સનદ ધરાવતા જુનિયરો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહેશે.

વકીલો સમાજમાં પોતાના વ્યકિતત્વની એક આગવી છાપ ધરાવે છે. ઘણા લોકો વકિલની સલાહ મુજબ પોતાના પ્રશ્નનનો ઉકેલ કે સમસ્યાનુ સમાધાન મેળવતા હોય છે અને વકીલોનું સમાજમાં એક મોભાદાર સ્થાન હોય છે ત્યારે વકીલો જો જાગૃત થઈને મોટી સંખ્યામાં મતદાન કરે તો સમાજનો અન્ય વર્ગ પણ તેમાંથી પ્રેરણા લઈને અવશ્ય મતદાન કરે તેથી લીગલ સેલ દ્વારા આ કાર્યક્રમ આયોજિત કરાયો છે. જેમાં રાજકોટ ઉપરાંત ટંકારા, પડધરી, જસદણ, વિંછીયા, વાંકાનેર જેવા સેન્ટરના વકીલ સભ્યોના પણ જોડાશે.

આ તકે આ સ્નેહમીલન ને સફળ બનાવવા માટે લીગલ સેલના સંયોજક પિયુષભાઈ શાહ, સહકન્વીનર કમલેશભાઈ ડોડીયા, પી.સી. વ્યાસ, અર્જુનભાઈ પટેલ, અજયભાઈ જોશી, અંશભાઈ ભારદ્વાજ, ભાખ્કરભાઈ જસાણી, સી.એચ.પટેલ, વિજયભાઈ તોગડીયા, આર.ડી. દવે, મુકેશભાઈ પીપળીયા, પરાગભાઈ શાહ, તુષારભાઈ બસલાણી, નૃપેનભાઈ ભાવસાર, પ્રશાંતભાઈ વાઢેર, જીતેન્દ્રગીરી ગોસ્વામી, કમલેશભાઈ ઠાકર, મહેન્દ્રભાઈ શાહ, ઈશાંતભાઈ ભટ્ટ, દિલેશભાઈ શાહ, દિવ્યેશભાઈ મહેતા, અશ્વીનભાઈ મહાલિયા, બાલાભાઈ સેફાત્રા, દિવ્યેશભાઈ શેઠ, જીતેન્દ્રસિંહ જાડેજા, વીજયભાઈ ગોહેલ, એન.ડી.જેઠવા, ચંદ્રેશભાઈ પરમાર, અનીલભાઈ ગોગીયા, મહેશભાઈ જોષી, અતુલભાઈ જોષી, મનીષભાઈ દવે, ભાવેશભાઈ રંગાણી, મહેશભાઈ સખીયા, પ્રશાંતભાઈ પટેલ, જયભારત ધામેચા,

તસ્વીરઃ પંકજ શિશાંગીયા

રાજેશભાઈ ચાવડા, કેવલ હીગરાજીયા, અશોકભાઈ ત્રાંબડીયા, નંદકીશોર પાનોલા, કલ્પેશ મૈયડ, વીશાલ સોલંકી, અજયસિંહ ચુડાસમા, આનંદ સદાવ્રતી, મનન ભીમાણી, કેતન પાટડીયા, મુકેશ પંડયા, હેમાંશુભાઈ પારેખ નીવીદભાઈ પારેખ, રૂપલબેન થડેશ્વર, પુનમ પટેલ, જયસુખભાઈ બારોટ, શૈલેષભાઈ વ્યાસ, રાકેશભાઈ ગોસ્વામી, વિરેનભાઈ વ્યાસ, વીમલભાઈ ડાંગર, ધર્મેશભાઈ સખીયા, નેહાબેન જોષી, રક્ષીતભાઈ કલોલા, નૃપેનભાઈ ભાવસાર, અશ્વીનભાઈ શેખલીયા, આબીદભાઈ સોશન, લલીતભાઈ કાલાવડીયા, પંકજભાઈ દોંગા, હરેશભાઈ પરસોંડા, મનસુખભાઈ સાંકળીયા, જીતેન્દ્રભાઈ પારેખ, હેમાંશુભાઈ પારેખ, રવીરાજ પરમાર, પારસભાઈ શેઠ, જસ્મીનભાઈ ગઢીયા ઉપસ્થીત રહેલ છે.

યુવા લીગલ સેલ સહાયક ટીમ યુવા વકિલોને મોટી સંખ્યામાં સંમેલનમાં જોડશે

આ વર્ષની ચુંટણીમાં છેલ્લા ૫ વર્ષમાં નવા નોંધાયેલા યુવા મતદારો પોતાનુ પ્રથમ મતદાન કરી રહયા હોય યુવાધનમાં ખુબજ ઉત્સાહ વર્તાય રહ્યો છે ત્યારે યુવા વકિલોને આ સ્નેહમિલન સમારોહમાં મોટી સંખ્યામા જોડવા માટે યુવા લીગલ સહાયક સેલના કન્વીનર અભિષેક શુકલ, સહકન્વીનર સાગર હપાણી, પાર્થરાજસિંહ ઝાલા, નીશાંત જોષી, કિશન રાજાણી, રવી ધ્રુવ, હિમાલય મીઠાણી, હીત અવલાણી, મીત સોમૈયા, આનંદ રાઘનપુરા, જીતેશ રાઠોડ, ભુમીકા પટેલ, હેમલ ગોહેલ, ચેતન ચોવટીયા, પ્રતીક વ્યાસ, રીતીન મેંદપરા, કેવલ પુરોહીત, રવી લાલ, કરણ ગઢવી, રાહુલ મકવાણા, ભાર્ગવ બોડા, મીલન મેનોરા, પ્રદીપ પરમાર, અજયસિંહ ચુડાસમા, પ્રશાંત રૂપારેલીયા, હુશેન હેરંજા, અલય ખખ્ખર, મૌલીક જોષી, સ્મીત પારેખ, ભાર્ગવ જોષી, ચાંદની પુજારા વગેરે જહેમત ઉઠાવી રહ્યા છે.

ચૂંટણી પ્રચાર-પ્રસારમાં આવુ પણ થાયઃ મોરબીમાં ધારાસભ્ય કાંતિલાલ અમૃતિયાએ પ્રશ્ન પુછનાર પાસેથી માઈક છીનવી લીધું

"બે વર્ષથી ધકકા ખવડાવો છો હવે કામ કરો" તેમ કહેતા ધારાસભ્ય અમૃતિયાએ ચાલતી પકડીઃ સોશ્યલ મીડિયામાં વિડીયો વાયરલ

રાજકોટ,તા.૨

મોરબી-માળીયાના ભાજપના ધારાસભ્ય કાંતિ અમૃતિયા અને મોરબી-કચ્છ લોકસભા બેઠકના ભાજપના ઉમેદવાર વિનોદ ચાવડાએ મોરબી સતવારા સમાજ દ્વારા આયોજિત એક કાર્યક્રમમાં હાજરી આપી હતી. આ દરમિયાન જાહેર મંચ પર જ એક આગેવાને ધારાસભ્યને કહી દીધું કે 'તમે ૨ વર્ષથી ધક્કા ખવડાવો છો, હવે આશા રાખીએ ધક્કા ન ખવડાવો અને કામ કરો' આ દરમિયાન ધારાસભ્ય કાંતિલાલે તેમના હાથમાંથી માઈક ખેંચી લીધું હતું.

મોરબીમાં સતવારા સમાજ દ્વારા શકિતધામ ખાતે ત્રિદિવસીય ધાર્મિક મહોત્સવની ઉજવણી કરવામાં આવી રહી છે. આ કાર્યક્રમમાં ધારાસભ્ય કાંતિલાલ અમૃતિયા અને કચ્છ-મોરબી લોકસભા બેઠકના ભાજપના ઉમેદવાર વિનોદ ચાવડા પહોંચ્યા હતા. આ દરમિયાન સ્ટેજ પર જ મોરબીમાં ધારાસભ્ય કાંતિ અમૃતિયાને આગેવાનોએ સીધા સવાલો કર્યા હતા. સતવારા સમાજના આગેવાનોએ જાહેર મંચ પર ધારાસભ્યની સમક્ષ લાઈટ કનેકશન, ભૂગર્ભ ગટરના કામે સહિતના મુદ્દાઓ ઉઠાવ્યા હતા અને વહેલી તકે કામ કરાવી આપજો તેવી અપીલ કરી હતી.

'કોઈપણ કામ હોય તો મારે ઘરે આવી શકો છો' એવું ધારાસભ્યએ કહેતા જ એક આગેવાને કહ્યું હતું કે, 'બે વર્ષથી તો ધક્કા ખવડાવો છો, હવે આશા રાખીએ ધક્કા ન ખવડાવો અને કામ કરો' ત્યારે કાંતિ અમૃતિયાએ કહ્યું હતું કે, આચારસંહિતાના કારણે અત્યારે બોલવામાં મર્યાદા હોય કેમ કે વીડિયો ઉતરતો હોય. આ ધાર્મિક છે એટલે આપણે કંઈ ચર્ચા કરવી નથી. રાત્રે હું આવીશ અને આ મંદિર ઉપર બેસીને આપણે ચર્ચા કરીશું. આટલું કહ્યા બાદ ધારાસભ્ય કાંતિ અમૃતિયા, વિનોદ ચાવડા સહિતના આગેવાનો આ કાર્યક્રમમાંથી નીકળી ગયા હતા. જે સમગ્ર ઘટનાનો વીડિયો સોશિયલ મીડિયામાં ખૂબ વાયરલ થઈ રહ્યો છે.જાહેરમંચ પર સવાલોથી ભોંઠા પડેલા ભાજપનાં ધારાસભ્ય કાંતિલાલ અમૃતિયાએ ભાજપ ઉમેદવાર સાથે ચાલતી પકડતા મોરબી પંથકમાં ભારે ચર્ચા જાગી છે.

સ્વયંમ ઠકકરનો આજે જન્મદિવસઃ ગણેશ વંદના, સુંદરકાંડ પાઠ સહિતના કાર્યક્રમો

રાજકોટ,તા.૨

વિધાનસભા-૬૮ના સેવાકીય ક્ષેત્રે સતત સક્રિય અને લોકપ્રિય ધારાસભ્ય ઉદયભાઈ કાનગડના જનસેવા કાર્યાલયના મીડીયા વિભાગના ઈન્ચાર્જ અને હાલ ભાજપ રાજકોટ લોકસભા મધ્યસ્થ કાર્યાલયમાં મીડીયા વિભાગના સહ કન્વીનર તરીકે જવાબદારી સંભાળી રહેલા રાજન ઠકકરના પુત્ર સ્વયંમ ઠકકરનો આજે તા.૨ મેના રોજ જન્મદિવસ છે ત્યારે સ્વયમને આજે ઠેર-ઠેરથી શુભેચ્છાઓ મળી રહી છે.સ્વંયમ ઠકકર બી.સી.એ.માં અભ્યાસ કરે છે. સાથોસાથ ઓનલાઈન બીઝનેશ ક્ષેત્રે પણ કાર્યરત હોવાથી સાથોસાથ સ્વીમીંગ, ડાન્સીંગ અને સીંગીગની તાલીમ લઈ કોલેજની અનેક વિધ સાંસ્કૃતિક પ્રવૃતિઓમાં અગ્રેસર રહે છે. આજે સ્વયમને તેમના જન્મદિવસે પરિવારજનો, ધારાસભ્ય ઉદયભાઈ કાનગડ જનસેવા કાર્યાલય પરિવાર, ભાજપ પરિવાર, મિત્રો, શુભેચ્છકો તરફથી મોબાઈલનં.૯૭૩૭૭૧૮૩૬૯ ઉપર શુભેચ્છાઓ મળી રહી છે.

ગુજરાતી ફિલ્મ અને હિન્દી સિરીયલ કલાકાર જેનિશ બુદ્ધદેવનો આજે જન્મદિવસ

રાજકોટ:તા ૨

ગુજરાતી ફિલ્મ ધમણ સહિત અનેક હિન્દી સિરીયલોમાં રોલ કરનાર રાજકોટના યંગ કલાકાર અને રઘુવંશી રત્ન જેનિશ બુદ્ધદેવનો આજે જન્મદિવસ છે. તેઓએ આજે ૧૮ વર્ષ પૂર્ણ કરી ૧૯માં વર્ષમાં મંગલ પ્રવેશ કર્યો છે. આજે સોશિયલ મીડિયા પર જન્મદિવસની અઢળક શુભકામનાઓ મળી રહી છે.



જેનિશ બુદ્ધદેવે રાજકોટમાં ગુજરાતી ફિલ્મ સ્ટાર મલ્હાર ઠાકર સાથે શુભયાત્રા ફિલ્મનું પ્રમોશન કર્યું હતું. અગાઉ પણ રાજકોટના અને રઘુવંશી સમાજના ગૌરવ ગણાતા જેનિશ બુદ્ધદેવ સાથે પ્રથમ વખત ખજૂરભાઈ (નીતિન જાની)એ સ્ટેજ શેર કર્યું હતું. જેનીશભાઈ મૂળ રાજકોટના વતની છે.જેનીશ બુધ્ધદેવે હિન્દી સિરિયલ અહિલ્યાબાઈ, મેરે સાંઈ, વિઘ્નહર્તા ગણેશ, રાધાકૃષ્ણ, ભીમરાવ આંબેડકરમાં કામ કર્યું છે. જેનીશ બુદ્ધદેવે હાલમાં જ ધોરણ ૧૨ બોર્ડની પરીક્ષા આપી છે. તેઓ મુંબઈમાં એકટિંગની તાલીમ લઈ રહ્યા છે. પિતા ભરતભાઈ બુધ્ધદેવ, માતા દક્ષાબેન બુધ્ધદેવ, ભાઈ જયદીપ બુધ્ધદેવ, ભાભી શ્વેતાબેન બધા ઘરના સભ્યો જેનીશને સતત પ્રોત્સાહન આપે છે.આજે તેમના જન્મ દિવસ નિમિત્તે શુભેચ્છા મળી રહી છે.

મહિલાઓના આંદોલન મુદ્દે મોદી કેમ મૌન ? કોંગ્રેસનો આકરો પ્રહાર

ક્ષત્રિય મહિલાઓ, રમતવીર બહેનો જેવા અનેક આંદોલનોમાં મોદી એક શબ્દ બોલતા નથીઃ રાજકોટમાં કોંગ્રેસના નેતા અનિતસિંઘનો આક્ષેપ

રાજકોટ તા.૨

મહિલા સશક્તિકરણ તથા બ્હેનોની મદદ માટે ગમે ત્યારે તૈયાર હોવાનો દાવો કરતા વડાપ્રધાન મોદી ક્ષત્રિય સહિતની મહિલાઓના આંદોલન મુદ્દે મૌન હોવાનો આક્ષેપ કોંગ્રેસના રાજકીય પ્રવકતા અનિતસિંઘે કર્યો હતો.

રાજકોટ આવેલા ડો. અનિતસિંઘે ગુજરાતમાં ચાલી રહેલા ક્ષત્રિય બહેનોના અસ્મિતાના આંદોલન સંદર્ભે વાત કરતાં જણાવ્યું હતું કે ભારતના વડાપ્રધાન નરેન્દ્ર મોદી ગુજરાતના જુદા જુદા ક્ષેત્રોમાં ચુંટણી પ્રચાર કરી રહ્યા છે ત્યારે રસ્તા પર તડકામાં આંદોલન કરતાં ક્ષત્રિય સમાજના ભાઈ બહેનોની ખબર શુદ્ધાં પૂછી નથી. પોતાના લાંબા ભાષણોમાં દુનિયાભરની વાતો કરતાં નરેન્દ્ર મોદી ગુજરાતની બહેનોના આંદોલન વિશે વાત પણ કરતાં નથી અને ક્ષત્રિય સમાજની દુભાયેલી લાગણી માટે અહંકારમાં રહેલા વડાપ્રધાન નજર અંદાજ કરી રહ્યા છે. થોડા સમય પહેલા દિલ્હીમાં રમતવીર બહેનો ભાજપના સાંસદ સામે શોષણના આરોપ સામે આંદોલન કરી રહી હતી તે વખતે પણ વડાપ્રધાન મૌન હતા. મણીપુરમાં થયેલા બહેનો પરના અત્યાચાર વખતે પણ વડાપ્રધાન મૌન થઈ ગયા હતા. થોડા દિવસ પહેલા કર્ણાટકના સાંસદ અને ભાજપના સહયોગી દળ સાથે ચુંટણી લડતા પ્રસન્ના માટે મત માંગતા હતા અને આજ પ્રસન્નાના મહિલા અત્યાચારના વિડીયો સામે આવ્યા ત્યારે નરેન્દ્રભાઈ મોદીએ બોલવાનું ટાળ્યું. આ જ શ્રૃંખલાને આગળ વધારતા ક્ષત્રિય બહેનોના આંદોલન માટે પણ નરેન્દ્ર મોદી મૌન છે. મત માંગતી વખતે જોર જોરથી બૂમો પાડીને બોલતા વડાપ્રધાન જ્યારે બહેનોની મદદ માટે આવવાનો સમય છે ત્યારે મૌન બેસી ગયા છે જેની કોંગ્રેસ નિંદા કરે છે.

ગત વખતની ચૂંટણીઓ વખતે ભાજપે કરેલ રોજગારી મોંઘવારી અને વિદેશથી કાળું નાણું પરત લાવવાના વાયદા પુરા કર્યા નથી અને હવે નવી ગેરેન્ટી લઈને આવ્યા છે. સમગ્ર દેશ ભાજપની કથની અને કરણી જુદી છે તે ઓળખી ગયો છે. આગામી દિવસોમાં સતા પરિવર્તન થવાનું છે અને સમગ્ર દેશમાં ઈન્ડિયા ગઠબંધનની સરકાર બનવાની છે તેવો તેમને વિશ્વાસ વ્યકત કર્યો હતો. આ તકે પત્રકાર પરિષદમાં ડો. નિદત બારોટ, સંજય લાખાણી અને કૃષ્ણદત્ત રાવલ ઉપસ્થિત રહ્યા હતા.

સૌરાષ્ટ્રના જાણીતા શાસ્ત્રીજી દિપ્તેશજી અનંતપ્રસાદજીના વ્યાસાસને

ભાગવત કથાનું દિવ્ય આયોજન : વિવિધ પ્રસંગોની ભવ્ય ઉજવણી કરાશે : રવિવારે ઉજવાશે નંદ ઉત્સવ

રાજકોટ, તા. ૨

સૌરાષ્ટ્રના જાણીતા શાસ્ત્રીજી દિપ્તેશજી અનંતપ્રસાદજીના વ્યાસાસને 'વ્રજધામ' શ્રી ગિરનાર સોની જ્ઞાતિની વાડી, રાણીંગા વાડી, કાંતા સ્ત્રી વિકાસ ગૃહ રોડ, મહેતા પેટ્રોલ પંપ પાછળ, રાજકોટ ખાતે શ્રીમદ્ ભાગવત કથાનું ભવ્ય આયોજન કરવામાં આવેલ છે. કથાનો પ્રારંભ તા.૧ના બુધવારથી થયો છે અને તા.૮મીના બુધવારે કથાનું સમાપન થશે.

કથાનો સમય સવારે ૯.૩૦ થી ૧૨.૩૦ તથા બપોરે ૪ થી ૭નો રાખવામાં આવેલ છે. કથામાં શ્રી ઠાકોરજીના ચરિત્ર ગુણવાન, શ્લોકબધ્ધ કથા પ્રાચીન પધ્ધતિ મુજબ વર્ણન કરાશે. તા.૫મીના રવિવારે ૬ વાગે નંદ ઉત્સવ, તા.૭મીના સાંજે ૫ વાગે ગોપી ગીત થશે. કથા શ્રી સુબોધિનીજી અનુસાર શ્રી ઠાકોરજી, શ્રી સ્વામિનીજી, શ્રી યમુનાજી, કપિલ ગીતા, ઉધ્ધવ ગીતા, જ્ઞાનગમ્ય કથાઓ થશે.

ઉપરોકત કથાનું આયોજન બંગડીવાળા ભાટીયા પરિવાર દ્વારા સ્વ. બાબુભાઇ સંપટ પરિવાર દ્વારા કરવામાં આવેલ છે. દરરોજ સાંજે ૫.૩૦ કલાકે શાસ્ત્રીજી દિપ્તેશજી અનંતપ્રસાદજી પુષ્ટિ માર્ગ શ્રી ઠાકોરજી વિષે વકતવ્ય આપશે. ભાગવતજીનો સારાંશ તથા દિવ્ય ભકિત સુત્રો સમજાવશે.

શાસ્ત્રીજી દિપ્તેશજીની અમૃતવાણીનો લાભ લેવા યજમાન સંપટ બંગડીવાળા પરિવારે અનુરોધ કર્યો છે.

વધુ ૬૩ આસામી પાસેથી પ્લાસ્ટીક જપ્ત : ગંદકી કરતા નાગરિકોને રૂા.૧૪ હજારનો દંડ

મનપાની સોલીડ વેસ્ટ શાખા દ્વારા જુદા જુદા વિસ્તારોમાં ચેકીંગ ચાલુ

રાજકોટ, તા. ૨

મનપાની સોલીડ વેસ્ટ શાખા દ્વારા ત્રણેય ઝોનમાંથી કુલ ૬૩ આસામીઓ પાસેથી ૪.૧૫ કિલો પ્રતિબંધિત પ્લાસ્ટિક જપ્ત કરી તથા ગંદકી કરતા આસામી પાસેથી રૂ.૧૪૪૫૦નો વહીવટી ચાર્જ વસુલ કરવામાં આવ્યો હતો.

સેન્ટ્રલ ઝોનના વિવિધ મુખ્ય માર્ગો પર ઝુંબેશરૂપે પ્રતિબંધીત પ્લાસ્ટીકનું વેચાણ કરતા ૨૬ આસામીઓ પાસેથી ૧.૫ કિલો પ્રતિબંધિત પ્લાસ્ટીક જપ્ત કરી તથા ગંદકી કરતા આસામી પાસેથી રૂ. ૫૪૦૦નો વહીવટી ચાર્જ વસુલવામાં આવેલ છે. જયારે વેસ્ટ ઝોનમાં ૧૮ આસામીઓ પાસેથી ૧.૮૫ કિલો પ્રતિબંધિત પ્લાસ્ટીક જપ્ત કરી રૂ. ૪૪૦૦નો વહીવટી ચાર્જ વસુલવામાં આવેલ હતો.

ઈસ્ટ ઝોનના વિવિધ મુખ્ય માર્ગો પર પ્લાસ્ટીકનું વેચાણ કરતા ૧૯ આસામીઓ પાસેથી ૮૦૦ ગ્રામ પ્લાસ્ટીક જપ્ત કરી તથા ગંદકી કરતા આસામી પાસેથી રૂ.૪૬૫૦નો વહીવટી ચાર્જ વસુલ કરાયો હતો.

આ કામગીરી કમિશનર આનંદ પટેલની સુચનાથી સોલીડ વેસ્ટ મેનેજમેન્ટની ટીમ કરી રહી છે.

ગંભીર રીતે દાઝેલા દર્દીઓને મોતના મુખમાંથી બચાવી નવજીવન આપતાં સ્ટર્લિંગહોસ્પીટલના ડો. મયુર વાઘેલા

એનેસ્થેસિયા આપી ઍસ્કર રીમુવ કરવાથી આવી મેજર બાર્ન્સને થતા Sepsis - ઈન્ફેકશનથી બચાવી શકાયઃ ટ્રોમા સર્જન

રાજકોટ, તા.૨

તાજેતરમાં કોઈ કારણોસર મોરબીના ઘરમાં બ્લાસ્ટ થતા પરિવારના ત્રણ સભ્યોને ગંભીર ઈજા સાથે મેજર બર્ન્સ (દાઝી ગયા હતાં) થયું હતું. જેમાં ત્રણ વર્ષની બાળકીને ૫૫ થી ૬૦% જેટલું તેમના પિતાને ૭૫% તથા સ્ત્રીને અતિગંભીર ઈજાઓ સાથે ૯૦% જેટલું દાઝી ગયા હતા. આ પ્રકારના ઘણા દર્દીઓને સફળતાપૂર્વક સારવાર તથા ઓપરેશન કરી દર્દીઓનો જીવ બચાવવાનો બહોળો અનુભવ ધરાવતા સ્ટર્લિંગ હોસ્પિટલ્સ, રાજકોટના ટ્રોમા સર્જન ડો. મયુર વાઘેલાની સારવાર હેઠળ દર્દીઓને દાખલ કરવામાં આવ્યા હતા.

૫૦% ઉપર દાઝેલા દર્દીઓને બચવું મુશ્કેલ હોય છે ત્યારે ઉપરોક્ત ત્રણેય દર્દીઓને સફળતાપૂર્વક બચાવી લીધેલા. નાનાં બાળકોમાં ૫૫% થી વધુ દરેક દર્દીઓને ૧૦૦% દાઝેલા હોય તેટલું જ જોખમ હોય છે. આટલી ગંભીર રીતે દાઝેલા હોવા છતાં ડો. મયુર વાઘેલાએ દર્દીને ઘનિષ્ઠ સારવારથી બચાવી લીધેલ. ડો. મયુર વાઘેલાના કહેવા પ્રમાણે તેઓએ એક નવી જ પદ્ધતિ જેમાં રોજ ઓપરેશન થિયેટરમાં એનેસ્થેસિયા આપી ઍસ્કર રીમુવ કરવાથી આવી મેજર બાર્ન્સને થતા Sepsis - ઈન્ફેક્શનથી બચાવી શકાય છે. આ પ્રકારના અત્યાર સુધીમાં અસંખ્ય દર્દીઓને બચાવી લેવાયા છે. આ જટિલ ઓપરેશન પાર પાડવા માટે ડો. મયુર વાઘેલા ઉપરાંત ક્રિટિકલ કેર ડિપાર્ટમેન્ટનાં હેડ ડો. સંકલ્પ વણઝારા, જનરલ ફિઝિશિયન અને ઈન્ટેન્સિવિસ્ટ ડો. કૃણાલ દેસાઈ, ઈન્ફેકશન ડિસીઝ સ્પેશ્યાલીસ્ટ ડો. કૃતાર્થ કાંજીયા તેમજ પિડીયાટ્રીક ઈન્ટેન્સિવિસ્ટ ડો. ઉર્વી સંઘવીનો પણ આઈસીયુંની આ ઘનિષ્ઠ સારવાર કરી દર્દીઓને નવજીવન આપવામાં મુખ્ય ફાળો છે.

રજવાડાઓ વિશેની રાહુલ ગાંધીની ટિપ્પણી સામે જામસાહેબનો સણસણતો જવાબ

અમારા દાદાએ લોકોની પાસે લીધું તેના કરતા ઘણું વધુ આપ્યાના કિસ્સા અમારા માટે ગૌરવસમાન છે

જામનગર તા.૨

તાજેતરમાં રાહુલ ગાંધી દ્વારા દેશના રાજા–રજવાડાઓ અંગે થયેલી ટીપ્પણી પણ રૂપાલાની ટીપ્પણીની જેમ વિવાદી બની છે. ત્યારે જામનગરના પુર્વ રાજવી જામ શત્રુશલ્યસિંહજીએ પોતાના દાદા જામ રણજીતસિંહજીના શાસનકાળમાં બનેલી સત્ય ઘટના રાહુલ ગાંધીની માહિતી માટે પોતે રજુ કરતા હોવાનું જણાવ્યું છે. જેમાં રાજવી દ્વારા ખેડુત સાથેનો વ્યવહાર કેવો હતો તે દર્શાવવામાં આવ્યું છે. જ્યારે મહારાજા જામસાહેબ રણજીતસિંહજી ઓફ નવાનગર તેમનું નવું ગેસ્ટહાઉસ બનાવી રહ્યા હતા. તે સમય દરમિયાન ગેસ્ટ હાઉસને લગત જગ્યામાં આવેલી નાની વાડીની મુલાકાતે ગયા હતા. અને ખેડુતને ગેસ્ટ હાઉસ માટે બગીચો બનાવવા પોતાની વાડી આપશે ? તેવો પ્રશ્ન કર્યો હતો. ત્યારે ૩ ખેડુતે પોતાના પરિવારનું ગુજરાન –વાડી ઉપર નિર્ભર હોવાનું જણાવ્યું હતું. તેથી જામ રણજીતસિંહજીએ તેઓને વાડીની જગ્યા જેટલી જ જગ્યા ખેડુતને આપવા તૈયારી દેખાડવામાં આવતા ખેડુતે જણાવ્યું હતું કે, આપ જગ્યા આપશો તે પડતર હશે. ત્યારે જામ રાજવીએ જણાવ્યું કે, તમે

એક વર્ષનો સમય લઈને નવાનગર રાજયની માલિકીની ગમે તે તમને લાયક જમીન દેખાય અને તમને પસંદ હોય તે જમીન હું તમને આપીશ. જે બાદ ખેડુતે એક જમીન પસંદ કરી હોવાનું રાજવીને જણાવ્યું હતું. આ જગ્યા રાજના અમલદારને દેખાડી દેવામાં આવી હતી. ઘણા દિવસો વીતી ગયા બાદ ખેડુત અને પરિવારને લાગ્યું કે રાજા બધું ભુલી ગયા લાગે છે. ત્યારે અચાનક એક દિવસ અમલદાર ખેડુત પાસે આવ્યા અને તેને એક જમીન જોવા લઈ ગયા. જ્યાં બાજરાનો ઉભો મોલ હતો, કુવો હતો અને એક સરસ મકાન હતુ. ખેડુતે અમલદારને જણાવ્યું કે, મેં તો નાની અને ઉજ્જડ જમીન પસંદ કરી હતી. ત્યારે અમલદારે જણાવ્યું કે, રાજવીએ તમને કુવો અને મકાન બનાવી આપીને જમીનમાં મોલ. ઉભો કરી દેવા સાથે બમણી જમીન આપવા નિર્ણય કર્યો હતો. આ તમારી પસંદ કરેલી જ જમીન છે. આ બધું કાર્ય રાજના ખર્ચે થયું છે. આ જાણીને ખેડુત આશ્ચર્ય પામી ગયો હતો. રાજાશાહીના વખતમાં રાજા–મહારાજાઓ આ રીતે કામ કરતા. તેમ પોતાના નિવેદનના અંતે જામ શત્રુશલ્યસિંહજીએ જણાવ્યું છે.

ચાર દિવસ બાદ આજે ગિરનાર રોપ-વે શરૂ

પવનની ગતિ મંદ પડતા રોપ–વે શરૂ થયો : પ્રવાસીઓ ખુશ

જુનાગઢ, તા. ૨

જુનાગઢ ગિરનાર પર્વત પર ૬૦ કિ.મી.ની ઝડપે પવન ફુંકાતા છેલ્લા ચાર દિવસથી રોપ–વે બંધ હોવાથી યાત્રાળુઓ નિરાશ થયા હતા. આજે પવનની ગતિમાં ઘટાડો થતા ચાર દિવસ બાદ ફરી રોપ–વે શરૂ થતાં યાત્રાળુઓએ રાહત અનુભવી છે.

જુનાગઢ ભવનાથ ક્ષેત્રમાં દરરોજ દુર–દુરના અન્ય રાજયોમાંથી પણ યાત્રાળુઓ મોટી સંખ્યામાં આવતા હોય અને ગિરનાર પર્વત પર માઁ અંબાજી, ગુરૂ દત્તાત્રેય મંદિરે દર્શન કરવા રોપ–વેની પણ સફર માણતા હોય છે. સમયાંતરે પવનની ગતિમાં વધારો થતા રોપ–વે બંધ કરવામાં આવે છે. છેલ્લા ચાર દિવસ સુધી પવનની ગતિમાં વધારો રહેતા રોપ–વે સેવા બંધ રહી હતી. આજે પવનની ગતિ મંદ પડતા રોપ–વે શરૂ થતા પ્રવાસીઓ ખુશ થયા હતા અને રોપ–વેની સફર માણી આનંદ માણ્યો હતો.

ગોંડલના મોટીખીલોરી ગામનો બનાવ

ઝઘડો કરતાં મનોદિવ્યાંગ પુત્રને બેલાનો ઘા ઝીંકી હત્યા કરી પિતા અને ભાઈએ અંતિમવિધી પણ કરી નાખી

૩૫ વર્ષીય હરેશ ઉર્ફે રામો ગઈકાલે વ્હેલી સવારે જમવા બાબતે ઝઘડો કરતાં તેના પિતા બાબુ સોરઠીયા અને ભાઈ હસમુખે મારમારી જીવ લઈ લીધો

ગામના સરપંચ પરસોતમભાઈ ચોવટીયાને જાણ થતાં પોલીસને જાણ કરીઃ સુલતાનપુર પોલીસે હત્યાની કલમ હેઠળ ગુનો નોંધી આરોપીની ધરપકડ કરી

રાજકોટ. તા.૨

ગોંડલના મોટીખીલોરી ગામમાં ઝઘડો કરતાં મનોદિવ્યાંગ પુત્રને બેલાનો ઘા ઝીંકી હત્યા કરી પિતા અને ભાઈએ અંતિમવિધિ પણ કરી નાંખવાનો બનાવ સામે આવતાં ગામના સરપંચ પરસોતમભાઈ ચોવટીયાને જાણ થતાં પોલીસને જાણ કરતાં સુલતાનપુર પોલીસે હત્યાની કલમ હેઠળ ગુનો નોંધી આરોપીની ધરપકડ કરી હતી.

બનાવ અંગે ગોંડલના મોટીખીલોરી ગામના સરપંચ પરષોતમભાઇ વલ્લભાઇ ચોવટીયા (ઉ.વ.૭૪) એ નોંધાવેલ ફરીયાદમાં આરોપી તરીકે બાબુ બાવા સોરઠીયા અને હસમુખ બાબુ સોરઠીયા (રહે. બંને મોટીખીલોરી, ગોંડલ) નું નામ આપતાં સુલતાનપુર પોલીસે આઇપીસી કલમ ૩૦૨ હેઠળ ગુનો નોંધી આરોપી પિતા–પુત્રની ધરપકડ કરી હતી.

વધુમાં ફરિયાદીએ જણાવ્યું હતું કે, તેઓ મોટી ખીલોરી ગામના સરપંચ તરીકે સેવા આપે છે. ગઈકાલ સવારના છ વાગ્યાની આસપાસ ગામના સરદાર આવાસ હાઇસ્કુલની સામેના રોડના કામ માટે જે.સી.બી. ચાલતા હોય ત્યાં આંટો મારવા ગયેલ હતાં. ત્યાં વાતોવાતથી જાણવા મળેલ કે, ગામનો હરેશ ઉર્ફે રામો બાબુભાઇ સોરઠીયા (ઉ.વ.૩૫) વ્હેલી સવારે ગુજરી ગયેલ છે અને તેની અંતિમવિધી પણ પુરી થઇ ગયેલ છે. બાદમાં તેઓ બપોરના સમયે ગામમા જઈને તપાસ કરતા જાણવા મળેલ કે, મૃતક હરેશ અને તેના પિતા વચ્ચે કોઇ કારણે ઝઘડો થયેલ હતો.

જેથી મૃતક હરેશના પિતા બાબુ બાવા સોરઠીયાને મળેલ અને આ બનાવ બાબતે પુછતા તેમને વાત કરેલ કે, ગઇ તા. ૩૦/૦૪/૨૦૨૪ ના હું આખો દિવસ આપણા ગામના હરેશભાઈ જાદવની વાડીએ મજુરી કામ કરતો હતો અને મારો દિકરો હરેશ ઉર્ફે રામો પણ ત્યા જ કામ કરતો હતો. સાંજના સમયે કામ કરીને ત્યા સુઇ ગયેલ હતો અને ગઈકાલે વહેલી સવારના પાંચેક વાગ્યે ઉઠીને અમારા ઘરે જવા નીકળેલ અને હરેશ ઉર્ફે રામો ઘરે આવીને કોઇની સાથે ઝઘડો ન કરે માટે હું પણ તેની સાથે ઘરે આવેલ અને ઘરે આવીને તેને જમવાનુ બનાવાનુ કહેલ જેથી મેં કહેલ કે, તારી મા અને બહેનો સુતી છે તેને જગાડવી નથી ઉઠશે ત્યારે બનાવી દેશે કહેતાં હરેશ ઉર્ફે રામો ઝઘડો કરવા લાગેલ અને મને મારવા દોડેલ હતો.

બાદમાં અમારા બન્ને વચ્ચે મારામારી થયેલ અને હરેશ મને મારતો હતો ત્યારે મારો બીજો પુત્ર હસમુખ જે બીજા રૂમમાં સુતો હતો ત્યાંથી જાગીને દોડી આવેલ અને હરેશને પકડીને છોડાવા જતા તેના હાથમાં બટકુ ભરી લીધેલ હતું. જેથી હસમુખે મૃતક હરેશને પકડીને ધક્કો મારતા તે નીચે જમીન પર પડી ગયેલ અને ઘરમાં બેલા પડેલ હતાં જેમાથી મે એક બેલુ લઇ હરેશના માથામાં મારી દેતા તેને લોહી નીકળવા લાગેલ અને થોડીવારમાં તે મોતને ભેંટયો હતો. ત્યારબાદ પિતા–પુત્રએ પત્નિ અને બન્ને દિકરીઓને જગાડેલ તેમજ તેમના ભાઈ દેવરાજ તથા ભત્રીજા રાજેશને બોલાવી હરેશ અગાસી ઉપરથી પડી ગયેલ છે તેમ કહી હરેશની લાશની અંતિમવિધી કરી નાખેલ છે. જે વાત ઘરના સભ્યો કે અન્ય ગામના લોકોને પણ કરેલ ન હતી તેમ વાત કરતા યુવાનની હત્યા થયાનું સામે આવ્યું હતું.

ઉપરાંત મૃતક હરેશ ઉર્ફે રામાને છેલ્લા ઘણા સમયથી મગજની બીમારી હોય અને માનસિક રીતે અસ્થિર હતો. તેની માનસિક અસ્થિરતાના કારણે તેના ઘરના સભ્યો સાથે ઝઘડો કરતો હતો. બનાવ અંગેની ફરીયાદ પરથી સુલતાનપુર પોલીસે ગુનો નોંધી યુવકની હત્યા કરનાર પિતા અને તેના ભાઈની ધરપકડ કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરવામાં આવી હતી.

સાત ભાઈ-બહેનમાં વચ્ચેટ મૃતક હરેશ ૨૦ દિવસ પહેલાં જ શાપરથી પોતાના ગામ ગયો હતો

રાજકોટ. તા.૨

મૃતક હરેશ ઉર્ફે રામો માનસિક બીમારીથી પીડિત હતો. તે શાપરમાં કારખાનામાં કામ કરતો હતો. પરંતુ બીમારીના કારણે તે ૨૦ દિવસ પહેલાં જ પોતાના ગામ મોટીખીલોરી ગયેલ હતો. મૃતક ત્રણ ભાઈ અને ચાર બહેનમાં વચ્ચેટ હતો. બનાવથી નાના એવા ગામમ અરેરાટી વ્યાપી ગઈ હતી.

જામનગરમાં વડાપ્રધાનની સભા પૂર્વે રાતોરાત ડેમેજ કંટ્રોલ કરવા પ્રયાસો : નારાજગી શાંત પાડવા મથામણ

ભાજપ સામે વિરોધ હોય તો પણ કોંગ્રેસને મત નહીં જ : ધ્રોલ પંથકના સરપંચોનો સંકલ્પ

મોટા વાગુદળ ગામે પુનમબેન, રાઘવજીભાઈ, મેઘજીભાઈની હાજરીમાં એસો.ની બેઠક : 'ઘોડો ન ગમે તો ગધેડાને મત ન અપાય' : મોટુ મન રાખવા રાજભા જાડેજા સહિતના આગેવાનોની અપીલ

રાજકોટ, તા. ૨

રાજકોટ લોકસભાના ભાજપના ઉમેદવાર પરસોતમ રૂપાલા સામે ક્ષત્રિય સમાજના ચાલી રહેલા આંદોલનના પડઘા દુર દુર સુધી પડયા છે ત્યારે જામનગર જિલ્લામાં સમાજનો રોષ શાંત કરવા પ્રયાસો ચાલી રહ્યા છે. તેના ભાગરૂપે ગઈકાલે મોડી સાંજે ધ્રોલ તાલુકાના મોટા વાગુદળ ગામે તાલુકા સરપંચ એસો.ના પ્રમુખ સહિતના ૧૦ ગામોના સરપંચોની મીટીંગમાં ભાજપને નહીં તો કોંગ્રેસને પણ મત નહીં આપવા સંકલ્પ લેવામાં આવ્યો હતો. ભાજપના ઉમેદવાર પુનમબેન માડમ, મંત્રી રાઘવજીભાઈ પટેલ, ધારાસભ્ય મેઘજીભાઈ ચાવડાએ મજબુત રાષ્ટ્રવાદ ધ્યાને રાખી હાલારના મતદારોને મોટુ મન રાખવા અનુરોધ કર્યો હતો.

આજે સાંજે જામનગરમાં વડાપ્રધાન નરેન્દ્રભાઇ મોદીની સભા છે તે પૂર્વે આ બેઠક પરનું ગરમ વાતાવરણ શાંત પાડવા ગત રાત્રે આ મીટીંગનું આયોજન કરવામાં આવ્યું હતું. આ રીતે ડેમેજ કંટ્રોલ માટે છેલ્લી ઘડી સુધી બેઠકો ચાલી છે.

મોટા વાગુદળ ગામે પૂર્વ તાલુકા ભાજપ પ્રમુખ રાજભા સતુભા જાડેજાના ફાર્મહાઉસ ખાતે આ મીટીંગનું આયોજન કરવામાં આવ્યું હતું. જામનગર સંકલન સમિતિના પ્રમુખ ગોવુભા, જામનગર જિલ્લા પંચાયતના સભ્ય લખધીરસિંહ જાડેજા, તાલુકા સરપંચ એસો.ના પ્રમુખ સહિત ૧૦ ગામના સરપંચોએ આ બેઠકમાં ભાગ લીધો હતો. ૧૦૦ જેટલા આગેવાનોએ નિષ્પક્ષ અને તટસ્થ ચર્ચાઓ કરી શાંતિથી વિરોધ કરવા મન બનાવ્યું હતું.

રાજભા જાડેજા સહિતના આગેવાનોએ કહ્યું હતું કે ઘોડો ન ગમતો હોય તો ગધેડાને મત તો ન જ અપાઇ. જે કંઇ વિવાદ ઉઠયો છે તે રાજકોટમાં ભાજપના ઉમેદવાર સામે થયો છે. પરંતુ ભાજપ સામેના રોષનો લાભ કોંગ્રેસ લઈ જવી ન જોઇએ. ૧૦ ગામના લોકોની પણ આ લાગણી છે. વર્ષોથી ભાજપ પરિવાર સાથે સૌ જોડાયેલા છે. કોંગ્રેસનું બટન દબાવીને લોકો આવી ભુલ કરવા માંગતા નથી.

ભાજપના ઉમેદવાર પુનમબેન માડમે કહ્યું હતું કે ગામના સરપંચોએ જે જાગૃતિ દર્શાવી તે અભિનંદનને પાત્ર છે. સરપંચો ગામમાં શાંતિપૂર્ણ અને રાષ્ટ્રહિતમાં મતદાન વ્યવસ્થા કરાવવા તૈયાર થયા છે. આ પહેલ પરિવાર જેવી જ છે. દરેક ગામડામાં દેશના વિકાસને ધ્યાને રાખીને મત આપવા તેમણે અપીલ કરી હતી.

સરપંચોએ કહ્યું હતું કે આ વિવાદનો ગેરલાભ કોંગ્રેસ લઈ જવી ન જોઈએ. શાંતિથી વિરોધ કરીને પણ સંદેશો આપી શકાય છે. જો ભાજપને મત ન આપવો હોય તો નોટાનો વિકલ્પ પણ છે. પરંતુ કોંગ્રેસને લાભ મળવો ન જોઈએ. આ મીટીંગમાં પ્રમુખ વિરેન્દ્રસિંહ જાડેજા, મોટા વાગુદળના ઉપસરપંચ અનિરૂધ્ધસિંહ જાડેજા, નાના વાગુદળના ઉપસરપંચ યુવરાજસિંહ જાડેજા, અન્ય સરપંચો વિરેન્દ્રસિંહ જાડેજા, કનકસિંહ જાડેજા, હકુમતસિંહ જાડેજા, મયુરસિંહ જાડેજા, હિતેન્દ્રસિંહ જાડેજા, મહેન્દ્રસિંહ જાડેજા, પ્રદિપસિંહ જાડેજા વગેરે હાજર રહ્યા હતા.

સાંજ સમાચાર ટચુકડી જાહેર–ખબર

સંજય તુજબની અખબારોમાં સંસ્થાની જાહેરાતો કરવાનું... સાંજ સમાચાર ટૂંકી જાહેરાત સાંજ સમાચારમાં ગુરૂવાર–શનિવારના અંકમાં પ્રસિધ્ધ ★ઓછામાં ઓછી ૪ લાઈન ★ફકત રોકડા રૂપિયાથી સ્વીકારાશે ★સવારના ૧૦ થી સાંજના ૮ સુધી ★અમારે દરેક ગામ/શહેર એજન્ટ અને ખબરપત્રી દ્વારા પણ આપી શકાશે. - વ્યવસ્થાપક

કામદાર પબ્લીસીટી
કોઈપણ દૈનિક ન્યુઝ પેપરની નાની-મોટી કે ટચુકડી જાહેરાત આપવા સંપર્ક કરો
ચંદ્રકાન્તભાઈ કામદાર–૯૮૭૯૨ ૬૬૫૧૫
નિતેશ કામદાર–૯૮૯૮૯ ૭૨૮૩૮
પ્રમુખસ્વામી આર્કેડ, ૩જા માળે, માલવીયા ચોક, રાજકોટ

શશી પબ્લીસીટી
૧/૩ લક્ષ્મીવાડી કોર્નર, રાજકોટ.
દરેક પેપરની ટચૂકડી જા.ખ. માટે મળો: પ્રકાશ ગાંગડીયા
મો: ૯૮૨૫૫ ૫૫૮૪૫, ૮૮૪૯૩ ૮૦૭૪૮

Raymond શુટ રૂ. ૩૦૦૦ – કાપડ + સિલાઇ સાથે સફારી શુટ રૂ. ૧૫૫૦ – રેમન્ડ જોડી સિલાઇ સાથે રૂ. ૧૨૦૦ – વિમલ, મયુર, સિયારામ કાપડ + સિલાઇ સાથે ફકત રૂ. 3000 શુટ કોટ પેન્ટ – વિમલ, મયુર, સિયારામ કાપડ સિલાઇ સાથે – બ્રાન્ડેડ જોડી રૂ. ૧૧૦૦
ભાડે મળશે શુટ-સેરવાની – ચણીયા ચોળી – ઇન્ડો-વેસ્ટર્ન જોધપુરી-બ્લેઝર સાફા-મોજડી – ચામુંડા ટેઇલર્સ એન્ડ સિલેકશન – વિશ્વેશ્વર મંદિર સામે, મવડી મેઇન રોડ રાજકોટ. મો. ૯૮૨૫૫ ૪૮૬૫૫
રાજપૂતાના પોષાક – રજવાડી બીજીસ ઇન્ડર શર્ટ, અચકણ બેલ્ટ, બ્લોચ કલગી સાફો-પાઘડી, મોજડી, ઇન્ડર જોધપુરી તેમજ બાળકોના ઇન્ડર શર્ટ - બીજીસ મળશે – ન્યુ બન્ના કલેકશન
ચામુંડા શુટ ઝોન – શુટ ફેન્સી →૩૫૦૦થી; ઇન્ડોવેસ્ટર્ન →૩૫૦૦થી; ફેન્સી બ્લેઝર →૨૫૦૦થી; સેમી ઇન્ડોવેસ્ટર્ન →૨૨૦૦થી; કોટન કુર્તા સેટ →૫૫૦થી; ફેન્સી કોટ →૧૦૦૦થી; સિલ્ક કુરતા જેકેટવાળા →૧૮૫૦થી; કાઉલ કુરતા શેટ →૨૫૦૦થી; કોટી →૫૫૦થી

ભાડે આપવાનું છે
ભાડે આપવાનું છે
૧ બીએચકે મકાન, ઉપરના માળે ભાડે આપવાનું છે. શીતલ પાર્ક, ઓમકારેશ્વર મંદિર સામે, રાજકોટ. મો.નં. ૯૮૨૫૮ ૮૬૪૮૬ (ગાંધી)

વાહન લે–વેચ
એકસીસ સ્કુટર સફેદ વેચવાનું છે, ૧૦ વર્ષ જુનુ, ભરતભાઈ પારેખ, કિંમત ૨૫, મો. ૮૧૨૮૫૩૫૫૬૨ (૬૫૯૨)

વેચવાનું છે
મકાન વેચવાનું છે
કિ. ૨૭, ૫૦ વાર, લોનેબલ, મેહુલનગર–૧, કોઠારીયા રોડ, બદલામાં ૧ બીએચકે ચાલશે, મો.૮૮૪૯૯૫૩૯૦૨ (૬૫૭૨)

ફલેટ વેચવાના છે
૦૨ રૂમ, સીટીંગ, ડાઈનીંગ મીલપરા શેરી નં.૫, બીજા માળે, ફુલ બિલ્ટઅપ ૯૦.૫૫ ચો.વાર., રાજકોટ. મો. ૯૮૨૫૬૭૩૭૭૧(૬૫૩૨/૧)

મકાન વેચવાના છે
૦૨ મકાન બાજુ બાજુમાં, કુલ ૧૫૩.૯૩ વાર, જે.કે.પાર્ક, શેરી નં. ૨, આલાપ ગ્રીન પાછળ, રાજકોટ. મો.૯૮૨૫૬ ૭૩૭૭૧ (૬૫૩૨/૨)

કસમાં દુકાન વેચવાની છે
કોઠારીયા મેઈન રોડ, દરેક ધંધાલાયક કિ. ૪૫ ફાઈનલ, મો. ૯૪૦૮૯ ૨૪૫૧૮ (૬૬૦૩)

કસમાં ફલેટ વેચવાનો છે
ફલેટ–૨ બીએચકે, ફુલ ફર્નિચર, ૧૦૦% લોન, ૨૪ કલાક પાણી, બજરંગવાડી, જામનગર રોડ, મો. ૮૨૬૪૩ ૩૩૪૬૦ (૬૬૦૨)

મોમાઈ એસ્ટેટ બંગલા વેચવાના છે પંચવટી સોસાયટીમાં
૩૪૫ = વાર
૩૦૦ = વાર = ૨૭૦ = વાર
એસ્ટ્રોન સોસાયટીમાં
૪૦૦ = વાર = ભાવ ૧૮૦
૩૦૦ = વાર = ૨૦૦ = વાર
ગુલાબ વાટીમાં
૩૦૦ = વાર = મેઈન રોડ પ્લોટ છે = ૪૩૨ = વાર
૪ ફલેટ વેચવાના છે
નુતનનગરમાં
બે બંગલા વેચવાના છે
ઈન્દ્રપ્રસ્થમાં
૫૯૦ = વાર બંગલો વેચવાનો છે
બ્રો. સોની જેન્તીભાઈ : ૯૧૫૭૦ ૪૫૯૦૯ (દલાલ માફ) (૬૫૨૯)

મકાન વેચવાના છે
૦૩ મકાન બાજુ–બાજુમાં ભરતી ભરણી, ડો. યાજ્ઞિક રોડથી પૂર્વ બંધ શેરી (૧) ચો.વાર આ. ૧૨૮ અને (૨) ચો.વાર. આ. ૧૩૯ (૩) ચો.વાર ૧૧૯.૫ છે. મો. ૯૮૨૫૬૭૩૭૭૧(૬૫૩૨/૩)

જગ્યા વેચવાની છે – આગળ ૪૦ ફુટનો રોડ સાઈઝ: ૧૨x ૨૦(ઓફેક ભાગે) ૪૦૦ વાર ૬૦ નો ફુટ – ચારભુજા મારબલની પાછળ માઝુતિ ઈન્ડસ્ટ્રીઝ એરીયા જુના જકાતનાકા પાસે – ગોંડલ રોડ રાજકોટ – 88666 07250

તાત્કાલીક ફલેટ વે. નો છે
એપલ એલીગન્સ, ૨ બેડ, હોલ, કીચન, સેમી ફર્નિ., જીમ, સ્વીમીંગ, ફુલ પાર્કિંગ, ઈશ્વરીયા પહેલા, કાલાવડ રોડ, રાજકોટ. મો. ૯૭૨૭૬ ૫૫૩૨૫ (૬૬૦૬)

પરસાણાનગર મેઈન રોડ ઉપર ૧૮૦ વારનું મકાન, બેસ્ટ લોકેશન, ફુલ પાણી, ઉપર નીચે બાંધકામ, પાર્કિંગ, બે સાઈડ ઓપન, શહેરની મધ્યમાં વેચવાનું છે. મળો : ૯૮૨૫૩ ૫૭૧૨૪/૯૮૨૫૭ ૪૫૭૪૩ (૬૬૦૦)

મકાન વેચવાનું છે
૩ બેડ, હોલ, કિચન, ૮૭.૫ વાર, વેસ્ટ ઓપન, ફુલ પાણી, પેક સોસાયટી, શાંતિ નિકેતન એવન્યુ બ્લોક નં. ડી–૯, આલાપ ગ્રીન સીટી પાછળ, રૈયા રોડ, મો. ૯૭૨૬૧ ૯૮૧૮૯ (૬૫૯૭)

તાત્કાલીક ફલેટ વેચવાનો છે
મવડી કણકોટ રોડ, પટેલ એરીયા, ઈસ્કોન એમ્બીટો, ૩ બીએચકે વીથ ફુલ ફર્નિચર, દલાલ ભાઈઓ આવકાર્ય, સંપર્ક : ૮૦૦૦૬ ૭૪૨૨૪ (૬૬૦૯)

ધંધાદારી

શ્રી યમુના પેકેજીંગ – રાજકોટ
પ્લાસ્ટીક બોકસ–પ્લાસ્ટીક બોકસ ઝટકા મશીન બનાવવા– ઓટો પાર્ટસ ઓટો મોબાઈલ્સ– નટ બોલ્ટ– મશીન પાર્ટસ– ટ્રેકટર પાર્ટસ–જેસીબી પાર્ટસ– ટુલ્સ– હાર્ડવેર–બ્રાસ પાર્ટસ– મોબાઈલ એસેસરી– વી.એમ.સી. – સી.એન.સી. – પાર્ટસ ઈલેકટ્રોનિક પાર્ટસ– ચશ્માની ફ્રેમ તથા ગ્લાસ રાખવા, મેડીકલ (દવાઓ રાખવા) સર્જીકલમાં– પ્લેટ– સ્ક્રુ તથા નેઈલ રાખવા, સોની કામના ઓજાર– ચાંદી કામ વેક્ષ માટે–કટલેરી હોઝીયરી તથા આપની નાની મોટી ફેકટરીમાં દરેક જાતના ટુલીંગ– પાર્ટસ રાખવા માટે પ્લાસ્ટીકના હેવી બોકસ હાજર સ્ટોકમાં મેળવવા માટે– શ્રી યમુના પેકેજીંગ, રાજકોટ. મો. ૯૮૭૯૪ ૭૯૬૯૫, ૯૭૨૭૮ ૭૪૨૬૬ (૬૪૯૪)

એસી, ફ્રીઝ, વોશિંગ મશીન, વોટર કુલર, રીપેરીંગ/સર્વિસ, મહેન્દ્રભાઈ– ૯૮૨૪૬ ૯૪૫૬૭ (૬૨૮૯)

હોમ કેર
૩૩ વર્ષ સરકારી હો. અનુભવ, ડ્રેસીંગ, ઈજેકશન, પાઈન્ટ એનીમા કેપેટર વગેરે મો. ૯૯૨૪૮ ૭૦૧૨૬ (૬૫૧૨)

ઘરઘંટી, વોશીંગ મશીન, ફ્રીઝ
ગીઝર, આરો, ઓવન, ગેસ ચુલો રીપેરીંગ, મો. ૯૭૨૩૧ ૨૫૯૬૪ (૬૪૬૬)

સાંઈરામ, ઘરે બેઠા આઈ.ટી. રીટર્ન અને GST સર્વિસ મેળવો, મો. ૯૩૭૬૬ ૪૨૩૬૦ (એસ/એસ)

ગાર્ડન માટે લોનમુવર
ઈલેકટ્રીક તથા નેમીપુઅલ લોનમુવર ભારમલ બ્રધર્સ રાજકોટ મ્યુનિસીપલ કોર્પોરેશનની સામે, ઢેબર રોડ, રાજકોટ. મો. ૯૮૨૫૩ ૨૦૮૨૯ (મહાદેવ)

ઘરબેઠા ફ્રીઝ રીપેરીંગ
સીંગલ–ડબલ ડોર ફ્રીઝ માટે શ્રી સદગુરૂ રેફ્રીજરેશન, રૈયા રોડ, મો.૯૪૨૬૨ ૩૮૨૧૪ (૬૫૯૮)

કામદાર પબ્લીસીટી

કલરકામ / વોટરપ્રુફીંગ
કડીયાકામ, મારબલ–ટાઈલ્સ રીપેરીંગ, ૯૪૨૬૭ ૩૪૩૪૫ (૬૫૯૫)

ઘર બેઠા બત્રીસી બનાવી આપશુ તથા ફિકસ દાંત ગોલ્ડન, સિલ્વર બનાવી આપશું. દાંતના તમામ કામ માટે મળો. ભારતીબેન પંડયા : ૯૯૯૮૦૦૧૭૧૪ (૬૫૯૯)

હોલસેલ ભાવે મળશે, ડ્રેસ મટીરીયલ, કુર્તી, કોટન, પ્રિન્ટેડ ડ્રેસ, કુર્તીપેર તથા વર્કમાં મળ શે. દેવેન્દ્ર ડ્રેસીસ, વોરાવાડ, રાજકોટ. મો. ૯૮૨૪૪ ૮૦૬૬૪ (૬૪૭૬)

જોઈએ છે

(તાત્કાલીક જરૂરીયાત છે)
અમને તાત્કાલીક સિવિલ એન્જીનીયર્સ CAD ઓપરેટર, કલેરીકલ સ્ટાફની જરૂર છે, પેટ્રોલીયમ કંપનીને લાગતો અનુભવ જરૂરી, ઈ–મેલ : bhadrashilp@gmail.com મો. (૧) ૭૦૪૬૧ ૨૫૪૨૪, (૨) ૯૪૨૬૮ ૧૬૦૨૪

જોઈએ છે
કુરીયર કંપનીમાં પાર્ટટાઈમ સાંજે ૬ થી૯ વર્ક કરી શકે તેવા ઉત્સાહી માણસની જરૂર છે. મેટોડા જીઆઈડીસી માટે મો. ૯૯૯૮૩ ૬૫૫૯૦, ૮૩૨૦૫ ૨૬૮૦૯ (૬૬૦૧)

દુકાન માટે માણસની જરૂર છે
પ્લાસ્ટીક બંગડી હોલસેલ માટે માણસની જરૂર છે, પેડક રોડ, ચંપકનગર–૩માં, ૯૦૬૭૫ ૪૫૭૦૯ (૬૬૦૪)

જોઈએ છે
ડાયસોપ સુપરવાઈઝર–૧ (અનુભવી), ડેલ કેમ વીએમસી પ્રોગ્રામર–૨, ઓનલાઈન ફલેટ ફોર્મના સેલિંગ ફિલ્ડના અનુભવી સ્ટાફ–૪, (મેલ / ફિમેલ), વીએમસી ઓપરેટર–૩, પ્લાસ્ટીક મોલ્ડ ડાયમેકર–૩, સીટ મેટર ડાયમેકર–૨, ટર્નર–૨, ફીટર–૩, ડ્રીલીંગ ઓપરેટર–૩, કન્વેસનલ મીલીંગ ઓપરેટર–૨, વાહન અને રહેવાની સગવડ છે. મો. ૯૮૨૪૮ ૩૫૨૫૧ (વિકાસ)

યાત્રા પ્રવાસ

સદગુરૂ યાત્રા
(૧) ચિત્રકુટ, બનારસ, અયોધ્યા, છપૈયા, ગયા, પ્રયાગરાજ, બોધગયા (૨) ચંપારણ્ય, જગન્નાથપુરી, કલકતા, ગંગાસાગર (૩) મહારાષ્ટ્રના પાંચ જયોતિર્લિંગ, ત્રંબકેશ્વર, ભીમાશંકર, પર્લી બેજનાથ, ધુશ્મેશ્વર, ઓઢા, નાગનાથ, ઈલોરા, ઔરંગાબાદ, શીરડી (૪) હૈદરાબાદ, સિકંદરાબાદ, શ્રી સેલમ મલ્લિકાર્જુન, તિરૂપતિ, વેલુર, ગોલ્ડન ટેમ્પલ, રામોજી ફિલ્મ સીટી, ગુજરાતી ભોજન, કપલ રૂમ, દાસભાઈ : ૯૮૨૫૪ ૦૯૯૪૦ / ૮૧૫૫૮ ૮૧૨૮૮ (૬૫૦૧)

ખોડીયાર ટ્રાવેલ્સ સ્લીપર
તા. ૩૦/૫ ચોકકસ ઉપડશે, ચારધાર દિ. ૨૧૫૦૦/–માં કેદાર, બદ્રી, ગંગોત્રી, યમનોત્રી દિ.૧૬, રહેવા– જમવા જુજ સીટ બાકી તા. ૨૦/૫ દિ.૧૨, હરીદ્વાર રાઉન્ડ, તા.૧૫/૫ દિ.૪, સ્ટેચ્યુ, પાવાગઢ, એ.સી. ૨×૩, બુકીંગ, મો. ૯૮૨૫૩ ૫૯૦૯૦ (૬૬૦૭)

યાત્રા પ્રવાસ

રામા ટ્રાવેલ્સ–જેતપુર ધમાકા–ધમાકા–ધમાકા
ઉજ્જૈન, ઓમકારેશ્વર, ચિત્રકુટ, અલ્હાબાદ, કાશી, અયોધ્યા, હરિદ્વાર, મથુરા, રામદેવડા, અંબાજી દિવસ–૨૦ ભાડુ રૂા. ૯૦૦૦/– રહેવા– જમવા સાથે ઉપડશે. તા. ૧/૬/૨૪ (૨) દિવસ–૨૦ રૂટ ઉપર મુજબ ભાડુ રૂા. ૭૦૦૦/– (ફકત ભાડુ) મો. ૯૯૭૮૮ ૧૨૫૩૮

જય બાલાજી ટુર્સ
ઉપડશે તા. ૧૬/૫ રાત્રે, ચાલો વેકેશનમાં હરીદ્વાર, દિલ્હી, ગોકુળ–મથુરા, આગ્રા, જયપુર, પુષ્કર, નાથદ્વારા, અંબાજી, ઉંઝા, કેસરીયાજી, શામળાજી, ડાકોર વિગેરે ઘણા સ્થળો રહેવા જમવા ચા–નાસ્તો સહિત સ્લીપર કોચ બસ, આનંદદાયક ગેરંટીથી યાત્રા કરાવનાર એક માત્ર નામ ચંદુભાઈ મૈયડ : ૯૮૭૯૯ ૫૬૯૯૦, મુકેશભાઈ મૈયડ : ૮૨૩૮૪ ૮૨૯૨૩, નવલનગર–૧૯, રાજકોટ (બહાદુરગઢવાળા) બીજી બસમાં ફકત પાંચ સોફા બાકી છે. જલ્દી ડીપોઝીટ ભરી નામ નોંધાવો.

વેચવાનું છે
નવલનગર, કૃષ્ણનગરમાં નાના બજેટના મકાન વેચવાના છે. તેમજ લેવાના છે. મળો ચંદુભાઈ મૈયડ : મો. ૯૮૭૯૯ ૫૬૯૯૦

જોઈએ છે
જોઈએ છે માણસો
દુકાનમાં કામ કરી શકે તેવા ઉંમર– ૧૮ થી ૪૦, અનંત ઓટોમોબાઈલ્સ, ૩૪, સ્વામિનાર

ભારતમાં અંદાજે ૩ કરોડ લોકોને અસ્થમાની બિમારીઃ વાયુ પ્રદૂષણ મુખ્ય કારણઃ ડો. જયકુમાર મહેતા

૮૦ ટકા લોકોને ફેફસાના કેન્સરની ચોથા સ્ટેજે જાણ થાયઃ જાગૃતતાનો અભાવ

૧૨ વર્ષનો બહોળો અનુભવ ધરાવતા ગોલ્ડ મેડાલીસ્ટ ફેફસાના નિષ્ણાંત ડો. જયકુમાર મહેતાએ 'સાંજ સમાચાર'ની મુલાકાત લઇ ફેફસાની અનેક બિમારીઓ અંગે માહિતી આપી

રાજકોટ, તા.૨

આજની હરણફાળ જીવનશૈલીના કારણે લોકો રોજ કોઇને કોઇ નવી બીમારીનો શિકાર બને છે. તેમાં પણ છેલ્લા કેટલાક સમયથી હાર્ટએટેકના કિસ્સાઓએ ચિંતામાં વધારો કર્યો છે. ઉંમર લાયક જ નહીં પરંતુ નાની ઉંમરના યુવાનોમાં હાર્ટએટેકનું પ્રમાણ ખુબ વધી રહ્યું છે. ઉપરાંત સીઝનલ બિમારીનો મોટો ઉછાળો નોંધાયો છે.

કહેવાય છે કે સગવળતા સાથે અગવળતા પણ ઉભી થાય છે. નવી ટેકનોલોજીએ સગવળતા તો આપી છે પરંતુ તેના કારણે નવી બીમારીઓએ પણ જન્મ લીધો છે. હાર્ટએટેકની સાથે ભારતમાં ફેફસાની અંદરની બીમારીમાં ઉત્તરોત્તર વધારો થઇ રહ્યો છે. જેનું મુખ્ય કારણ આજની જીવનશૈલી, વાયુ પ્રદૂષણ, બાંધકામના કામના કારણે ઉડતી ધૂળ, અચાનક વાતાવરણમાં બદલાવ સહિતના પરિબળો જવાબદાર છે.

ફેફસાને લગતી કોઇપણ પ્રકારની બિમારીના લક્ષણો જણાય ત્યારે તુરંત ફેફસાના નિષ્ણાંત ડોકટરનો (પલ્મોનોલોજીસ્ટ)નો સંપર્ક કરી માર્ગદર્શન મેળવવું ત્યારે અમદાવાદની એપિક મલ્ટીસ્પેશ્યાલીસ્ટ હોસ્પિટલમાં પ્રેક્ટીસ કરતા ડો. જયકુમાર મહેતા (એમ.બી.બી.એસ. ગોલ્ડ મેડાલિસ્ટ, એમ.ડી., ડી.એન.બી., પી.ડી.એડ. ફોમ સી.એચ.સી. વેલ્બોર)એ 'સાંજ સમાચાર'ની મુલાકાત લઇ ફેફસાના રોગ વિશે માહિતી આપી હતી. ઉપરાંત લક્ષણો જણાતા ફેફસાના નિષ્ણાંતનો સંપર્ક કરવા અપીલ કરી હતી.

(તસ્વીરઃ પંકજ શીશાંગીયા)

ડો. જયકુમાર મહેતા જણાવે છે કે, લોકોની જીવનશૈલી બદલાતા ફેફસાની બિમારીમાં પણ વધારો થયો છે. વિશ્વમાં ૧૦ થી ૩૦ ટકા લોકોમાં એલર્જી હોય છે. જેના કારણે પ્રમાણમાં દર્દીઓ વિશ્વમાં છે. તેટલા જ પ્રમાણમાં ભારતમાં નોંધાયા છે. અંદાજે ૧૪ કરોડ લોકોને એલર્જીની બીમારી છે. અંદાજે ૩ કરોડ લોકો અસ્થમાથી પીડાય છે જેમાં ૮૦ ટકામાં એલર્જીનું કારણ છે. ૨૦ ટકા અન્ય કારણોથી થયા હોવાનું જાણવા મળ્યું છે.

જ્યારે શ્વાચ્છોશ્વાસમાં નાક આસપાસના બીન ચેપી ઘટકો શ્વાસમાં આવે છે અને તે શ્વાસ નળીને અસર છે. જેના કારણે એલર્જીની બીમારી થાય છે. ડો. જયકુમાર મહેતા જણાવે છે કે જ્યારે નિયમીત પંપની જરૂર પડે ત્યારે ખાસ ફેફસાના નિષ્ણાંતનો સંપર્ક કરવો અને તેની સલાહ બાદ પંપ લેવો જોઇએ. ડો. જયકુમાર મહેતા ૧૨ વર્ષનો બહોળો અનુભવ ધરાવે છે.

ક્યારે ફેફસાના નિષ્ણાંતનો સંપર્ક કરવો

- ★ ૧૪ દિવસથી વધુ ચાલતી ઉધરસ, કફ.
- ★ ચાલવામાં હાંફ ચડવો
- ★ કફમાં લોહી પડવું
- ★ સતત ઉધરસ આવવી
- ★ અકારણ તાવ અને વજનમાં ઘટાડો થવો.

ફેફસાની બિમારી થવાના કારણો

ફેફસાની બિમારી થવાનું પ્રાથમિક કારણ એર પોલ્યુશન (વાયુ પ્રદૂષણ) જવાબદાર છે. ફેફસાની અંદર ઝેરીવાયુ જવાથી દમની (COPD) બિમારી બહોળા પ્રમાણમાં જોવા મળે છે. જેમ કે ગામડાઓમાં ચૂલો ફુંકતી મહિલાઓમાં દમની બિમારી વધારે છે. તેઓને ઇન્હેલરની જરૂર પડે છે. આ બિમારી ૧૪ થી ૫૦ વર્ષની વયના લોકોમાં વધુ જોવા મળે છે.

ત્યારબાદ ધુમ્રપાન મુળભૂત કારણ છે. જે લોકો ધુમ્રપાન વધુ કરે છે. લાંબા સમયે તેઓમાં ફેફસાના કેન્સરનું પ્રમાણ વધુ જોવા મળે છે. આ કેન્સર ૪૦ થી ૮૦ વર્ષના લોકોમાં વધુ જોવા મળે છે. આ ઉપરાંત શહેરમાં કબુતરની હવા, તેના પીછાની રજ ફેફસામાં પહોંચે છે ત્યારે લેગ ફાઇબ્રોસીસ એટલે કે ફેફસામાં બાવા જળા બાજવાની બીમારી જોવા મળે છે. તેમજ ખોદકામ કરતા મજુરોમાં ફેફસાના પડ આવરણનું કેન્સર વધી રહ્યું છે. જ્યારે મજુરો માઇન્સમાં ખોદકામ કરે ત્યારે સીલીકા ધાતુ નીકળે છે જેને શ્વાસમાં લેવાથી ફેફસાના પડ આવરણનું કેન્સર થઇ શકે છે.

ફેફસાના રોગના નિદાન માટેના જરૂરી ટેસ્ટ

ફેફસાના નિદાન માટે પ્રાથમિક પલ્મોનરી ફેકશનલ ટેસ્ટ ત્યારબાદ બ્રોન્કોસ્કોપી જે શ્વાસનળીના અગ્ર ભાગમાં કેમેરાથી ગળફાની તપાસ કરે છે જે ન્યુમોનીયા, ટીબી, ફાઇબ્રોસીસ અને લંગ કેન્સર સમયે કરવામાં આવે છે ત્યારબાદ ઇ-બસ (એન્ડો બ્રોન્કીયલ અલ્ટ્રા સાઉન્ડ) ટેસ્ટ કરવામાં આવે છે. જે છાતીના મધ્ય ભાગમાં થયેલ લસીકાગ્રંથીઓનું નિદાન કરે છે. જે ટીબી અને લંગ કેન્સર ક્યા સ્ટેજ પર પહોંચ્યું છે. તેની જાણકારી આપે છે. ૮૦ ટકા લોકોને ચોથા સ્ટેજમાં પહોંચ્યા બાદ લંગ કેન્સરની જાણ થાય છે. જાગૃતતાના અભાવે લોકોને નિદાન કરાવવા માટે સમય રહેતો નથી અને તેઓ મૃત્યુને ભેટે છે.

રવિવારે નિઃશુલ્ક ફિઝિયોથેરાપી નિદાન-સારવાર કેમ્પ

રાજકોટ,તા.૨

જંકશન પ્લોટ ખાતે મનહરલાલજી મહારાજ સ્થાપિત ગીતા વિદ્યાલય ટ્રસ્ટ-ગીતા મંદિરમાં તબીબી સહાય અંતર્ગત રવિવાર તા.૫ મેના રોજ સવારે ૧૦-૦૦ થી ૧૨-૦૦ સુધી નિઃશુલ્ક ફિઝિયોથેરાપી નિદાન-સારવાર કેમ્પનું આયોજન કરેલ છે. જેમાં જાણીતા ફિઝિયોથેરાપિસ્ટ ડો.દેવકી મહેતા તથા ડો.ભાર્ગવ કાનાબાર સેવા આપશે.આ કેમ્પમાં નાત-જાત કે ધર્મના ભેદભાવ વિના સંધિવા, કમરનો દુખાવો, સાયેટિકા, હાથ-પગના સાંધાનો દુખાવો, મણકાના દર્દો, ખભા અને ગરદનના દુખાવાની તકલીફો, સ્પોંડીલાઇટિસ, કરોડરજ્જૂની નસનું દબાવવું, ગોઠણનો દુખાવો, પગની પેની અને પંજાની તકલીફો વગેરે દર્દોનું નિદાન કરીને અદ્યતન સાધનો દ્વારા તેમજ યોગ્ય ફિઝિયોથેરાપી કસરત દ્વારા નિઃશુલ્ક સારવાર આપવામાં આવશે.

રવિરત્ન પાર્ક નાગરિક મંડળ દ્વારા નિઃશુલ્ક નોટબુક વિતરણ

રાજકોટ,તા.૨

રવિરત્ન પાર્ક નાગરિક મંડળ રાજકોટ દ્વારા માનવ સેવાના વિવિધ કાર્યો કરવામાં આવે છે. જે અંતર્ગત જરૂરિયાતવાળા ધો.૫ થી ઉપરની કક્ષાના વિદ્યાર્થીઓ માટે નિઃશુલ્ક નોટબુકનું વિતરણ આગામી તા.૫ થી ૯ મે સુધી સાંજના ૫:૩૦ થી ૭ વાગ્યા દરમ્યાન સોમેશ્વર મહાદેવ મંદિર, રવિરત્ન પાર્ક શેરી નં.૩, ઇન્દિરા સર્કલ પાસે, યુનિવર્સિટી રોડ રાજકોટ ખાતે કરવામાં આવશે. વિદ્યાર્થીઓએ છેલ્લે ઉત્તીર્ણ કરેલ પરીક્ષાની માર્કશીટ સાથે રાખવાની રહેશે.રૂબરૂમાં રજીસ્ટ્રેશન કરાવીને ટોકન મેળવી લેવાનું રહેશે.

રાહત દરે ઓર્થોપેડીક ડોકટરની સેવા

લોહાણા સેવા મંડળ ટ્રસ્ટ કનક રોડ, એસટી પાછળ કૃષ્ણ ચિકિત્સાલયમાં રાહત દરે ઓર્થોપેડીક નિષ્ણાંત ડો. એમ.પી. રાજા દર સોમવાર, બુધવાર, ગુરૂવાર, શનિવાર સવારે ૯ થી ૧૦ સેવા આપશે તેમજ ડો. હિરેનભાઇ કોઠારી દર મંગળવારે, શુક્રવારે સવારે ૯ થી ૧૦ સેવા આપશે.

પુજીત રૂપાણી મેમોરિયલ ટ્રસ્ટ દ્વારા આયોજિત

જ્ઞાનપ્રબોધિની પ્રોજેક્ટની ૫૨૯ વિદ્યાર્થીઓએ પ્રવેશ પરીક્ષા આપી : પરીક્ષાનું પરિણામ ૮મેના થશે જાહેર

મેયર નયનાબેન પેઢડીયા સહિત રાજકીય આગેવાનો, સમાજશ્રેષ્ઠીઓ-અગ્રણીઓની પ્રેરણાદાયી ઉપસ્થિતિ

રાજકોટ, તા.૨

પુજીત રૂપાણી ટ્રસ્ટ અંતર્ગત ચાલતા જ્ઞાનપ્રબોધિનીની શૈક્ષણિક પ્રોજેક્ટમાં પસંદગી પામવાની ચાર મુખ્ય વિષયોની લેખિત પરીક્ષા 'ચાણક્ય વિદ્યામંદિર' ખાતે લેવામાં આવી હતી. આ પરીક્ષામાં પૂરી તૈયારી કરીને આવેલા ૫૨૯ વિદ્યાર્થીઓએ ગણિત-વિજ્ઞાન- સામાજિક વિજ્ઞાન જેવા વિષયોની પરીક્ષા આપી હતી.

જ્ઞાન પ્રબોધિની શૈક્ષણિક પ્રોજેક્ટમાં પસંદગી થવા ધો.૭ માં સરકારી કે ખાનગી શાળાઓમાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓ કે જે ધો.૭ માં પ્રથમ સેમેસ્ટરમાં ૮૫% કે તેથી વધુ માર્કસ મેળવ્યા હોય તેવા વિદ્યાર્થીઓ આ પરીક્ષા આપવાને લાયક બને છે. મેરીટ મુજબ પસંદ થનાર વિદ્યાર્થીઓને ધો.૮ માં શહેરની શ્રેષ્ઠ શાળાઓમાં ટ્રસ્ટ દ્વારા પ્રવેશ અપાવવામાં આવે છે. આજરોજ યોજાયેલ આ પરીક્ષામાં વિદ્યાર્થીઓને શુભેચ્છા પાઠવવા મેયર નયનાબેન પેઢડીયા, પૂર્વ મેયર ડો.જૈમનભાઈ ઉપાધ્યાય, ધનસુખભાઈ ભંડેરી, પૂર્વ સ્ટેન્ડિંગ કમિટી ચેરમેન નીતિનભાઈ ભારદ્વાજ, ધારાસભ્ય ડો.દર્શિતાબેન શાહ સહિતનાઓએ વિદ્યાર્થીઓને શુભેચ્છા પાઠવી હતી અને ટ્રસ્ટના ચેરમેન વિજયભાઈ રૂપાણી તથા ટ્રસ્ટી અંજલિબેન રૂપાણીએ શિસ્તબદ્ધ આયોજન માટે અભિનંદન પાઠવ્યા હતા. આજની આ પ્રવેશ પરીક્ષા સફળતાપૂર્વક સંપન્ન કરવા માટે ટ્રસ્ટી અંજલીબેન રૂપાણી, મહેશભાઇ ભટ્ટના માર્ગદર્શન હેઠળ જ્ઞાનપ્રબોધીની પ્રોજેક્ટ કમિટીના હિમતભાઈ માલવિયા, હસુભાઈ ગણાત્રા ઉપરાંત કાર્યકરો કનુભાઈ હિંડોચા, રાજુભાઈ શેઠ, જયસુખભાઈ ડાભી, કેતનભાઈ મેસવાણી સહિત જ્ઞાનપ્રબોધિની પ્રોજેક્ટના પૂર્વ વિદ્યાર્થીઓ તથા હાલમાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓએ જહેમત ઉઠાવેલ હતી. આજની આ પરીક્ષામાં સામેલ તમામ વિદ્યાર્થીઓને મિસ્ટ ભાવતા ભોજન પણ કરાવવામાં આવ્યું હતું.

આજની આ પરીક્ષાનું પરિણામ આગામી તા.૮ મે ને બુધવારના રોજ ટ્રસ્ટના ભવન 'કિલ્લોલ', ૧-મયુરનગર, રાજકોટ મ્યુનિસિપલ કોર્પોરેશન પૂર્વ ઝોન ઓફિસ સામે, ભાવનગર રોડ, રાજકોટ ખાતે મૂકવામાં આવશે.

રાજકોટના બેંક મેનેજર હેત પંડિતનું ૨૫મીવાર રકતદાન બદલ લાઈફ બ્લડ સેન્ટર દ્વારા સન્માન

રાજકોટ,તા.૨

રાજકોટની એક્સિસ બેંકના સિનિયર મેનેજર, પોરબંદરના વતની અને એ પોઝીટીવ ગ્રુપ ધરાવતા હેત જનકભાઈ પંડિતે તાજેતરમાં પિતાના પગલે ૨૫મી વખત રકતદાન કર્યું હતું.રાજકોટ એકસીસ બેંક દ્વારા આયોજિત કરવામાં આવેલ રકતદાન શિબિરમાં ૨૫મી વખત કર્યું હતું. હેતભાઈ અવારનવાર જરૂરિયાત સમયે રકતદાન કરતા રહે છે.

રકતદાન મહાદાન ને સાર્થક કરતા રાજકોટની એક્સિસ બેંકના સિનિયર મેનેજર હેત પંડિત દ્વારા ૨૫ મી વાર રકતદાન કરવામાં આવ્યું હતું. હમેશા લોકોની મદદ માટે તૈયાર રહેતા હેત અનેકવાર રકતદાન કરી ચૂકયા છે. ૨૫ મી વાર રકતદાન કરવા બદલ હેત નું લાઈફ બ્લડ સેન્ટર દ્વારા પ્રમાણપત્ર આપી સન્માનિત કરવામાં આવ્યા હતા.

મોઢ યુથ ઓર્ગેનાઇઝેશન દ્વારા

સૌપ્રથમ બે દિવસીય મોઢ પ્રિમીયર લીગ સિઝન-૧નું આયોજન

રાજકોટ, તા.૨

મોઢ યુથ ઓર્ગેનાઇઝેશન દ્વારા તા. ૪ અને ૫ મે ના રોજ બોકસ ક્રિકેટ ટુર્નામેન્ટનું આયોજન રાજકોટ સ્થિત મોઢ વણિક જ્ઞાતિજનો માટે સૌપ્રથમ વાર કરવામાં આવશે. જેમાં ૧૫ વર્ષથી ઉપરના લેડીઝ તથા જેન્ટસ રમતવીરો રમશે.

વિવિધ જ્ઞાતિ શ્રેષ્ઠીઓ દ્વારા ટીમને સ્પોન્સર કરેલ. જેમાં મેડિકલ સ્પોન્સર સમયક હોસ્પિટલ (ડો. નીરજ મહેતા) તથા ટીમ સ્પોન્સર (૧) રેન ફાર્મા (ભાવિક વોરા), શીતલ એન્જી. કોર્પો. (વિશાલ ભાડલીયા), મનીષ સ્ટેશનરી (આશીષ પરીખ), અમુર સ્ટીલ (અક્ષત આશીષ પટેલ), યંગ સ્ટાર ઇવેન્ટ (મહેશ વોરા), ઉત્સવ ડેવલોપર (મોહિત રાઠોડ), મિડલેન્ડ ગ્રુપ (અરવિંદ શાહ), આર.ડી. પાઈપ (રાજ શાહ), કસક એન્ટરપ્રાઈઝ (કૌશીક કલ્યાણી), અજય ગઢીયા, ધ અલેક્મી ડ્રીપ (બેંગ્લોર) (ભાગ્યેશ વોરા), વિશ્ડમ સ્કુલ (ઝીલ ભવ્ય દોશી),વિકાસ સ્ટવ (યશ રાઠોડ), વિકાસ પબ્લસીટી (રીશીત મહેતા). દરેક ટીમ ઓનરના સહકારથી ૧૨ થી વધુ ટીમો દ્વારા બોકસ ક્રિકેટ રમવામાં આવશે. મોઢ યુથ ઓર્ગેનાઈઝેશનના ફાઉન્ડર મેમ્બર યશ રાઠોડ, શ્રેયાંસ મહેતા, પ્રશાંત ગાંગડીયા તથા એમવાયઓ ટીમ ચીંતન વોરા, નીશા ધ્રાફણી, ચૈતાલી શાહ, સૌરભ ભાડલીયા, વિક્રમ દોશી, દર્શિત વોરા, આદિત્ય વોરા, પ્રથમ મહેતા, રીચા દોશી, વિરલ પારેખ, કિશન પારેખ દ્વારા જેહમત ઉઠાવવામાં આવી રહી છે.

સમાજના વિદ્યાર્થીઓ માટે રવિવારે વિશાશ્રીમાળી જૈન સમાજની વાડીખાતે નિઃશુલ્ક ચોપડા વિતરણ

રાજકોટ,તા.૨

રાજકોટ વિશાશ્રીમાળી જૈન સમાજ (૧૧, કરણપરા) દ્વારા તા.૫મીના રવિવારે સવારે ૯ થી ૧૦ સુધી સમાજના બાળકો વિદ્યાર્થીઓને ફુલ પેઈજ રજીસ્ટર નોટબુકનું નિઃશુલ્ક વિતરણ કરવામાં આવશે.આ ક્રમ ચાર રવિવાર સુધી સમાજનીવાડીમાં રહેશે.લાભાર્થી સ્વ.દુર્લભજીભાઈ લક્ષ્મીચંદભાઈ મહેતા (ભાણવડ) પરિવાર હસ્તે પ્રમોદભાઈના હસ્તે બુક વિતરણ કરવામાં આવશે.તમામ બાળકોએ જુની અથવા નવી માર્કશીટ અચૂક સાથે લાવવાની રહેશે તેમ મંત્રી મુકે શભાઈ સંઘવી તથા પૂ.પ્રમુખ પ્રદીપભાઈ પાટડીયાએ જણાવેલ છે.

શનિવારે લોક વિજ્ઞાન કેન્દ્ર ખાતે આંતરરાષ્ટ્રીય ડ્રોન દિવસની ઉજવણી સંદર્ભે સેમિનાર

લોક વિજ્ઞાન કેન્દ્ર રાજકોટ ખાતે તા.૪ ને શનિવારના રોજ સાંજે ૫ થી ૬:૩૦ દરમિયાન ડ્રોન શું છે? તેની ટેકનોલોજી, તેમજ ભવિષ્યમાં તે અંગેની કારકિર્દી સંદર્ભમાં રાજકોટમાં ડ્રોનના ઉત્પાદન કરનાર તેમજ તેના તજજ્ઞ એવા ઇનોવેટીવ અનમેન સિસ્ટમના સ્થાપક ગર્વિત પંડ્યા આ અંગેનું વ્યાખ્યાન ઉપરાંત ડ્રોનનું નિર્દેશન કરી સમજુતી આપશે. આ સેમિનારમાં ખાસ કરીને ઉચ્ચતર માધ્યમિકના વિદ્યાર્થીઓ તેમજ કોલેજમાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓ તેમજ ભવિષ્યમાં આ ક્ષેત્રે કારકિર્દી ઘડનારાને ખાસ હાજર રહેવા જણાવ્યું છે.

બે દિવસ અવકાશમાં ઈટા-એકવેરીડ્સ ઉલ્કાવર્ષાનો અદ્ભૂત નજારો જોવા મળશેઃ જાથા

રાજકોટ, તા.૨

વિશ્વના ખગોળ વૈજ્ઞાનિકોએ દરિયાઈ તથા પર્વતીય વિસ્તારોમાં પડાવ નાખવાની તૈયારી આરંભી છે.

લોકોને ખગોળીય જ્ઞાન આપવા માટે એક દિવસીય મધ્યરાત્રિ-પરોઢે આયોજન

તા. ૫ અને ૬ મી મેના રોજ મહત્તમ ઉલ્કા વર્ષા પડતી જોવા મળશે. ત્યારે રાજયમાં જાગૃતોને અવકાશી ઉલ્કાવર્ષાનો અદભૂત નજારો નિહાળવા ભારત જનવિજ્ઞાન જાથાની રાજય કચેરીએ જણાવ્યું છે.

જાથાના રાજય ચેરમેન અને એડવોકેટ જયંત પંડયા જણાવે છે કે શનિવારે મધ્યરાત્રિ બાદ સોમવાર પરોઢ સુધી આકાશમાં ઈટા-એકવેરીડ્સ ઉલ્કાવર્ષા પડતી જોવા મળશે. તા. ૫ અને ૬ મેના રોજ આકાશમાં રીતસર ઉલ્કાવર્ષાનો વરસાદ જોવા મળશે. કલાકના ૧૫ થી ૫૦ અને વધુમાં વધુ એકસો ઉલ્કાવર્ષા આકાશમાં જોવા મળશે. કુદરતી નજારો હોય દિશા-સમયમાં થોડા ફેરફારની પુરતી શકયતા છે.

જાથાનો પ્રયાસ લોકોને અવકાશ તરફ નજર કરતા થાય, તેમાં રસ લઈ, બાળકો સાથે ખગોળીય માહિતી મેળવતા થાય, નજારો નિહાળવા માટે રાજયભરમાં જાગૃતોએ આયોજન ગોઠવ્યું છે. તેમાં રાજકોટ, અમરેલી, ભાવનગર, જુનાગઢ, પોરબંદર, જામનગર, સુરેન્દ્રનગર, કચ્છ, અમદાવાદ, આણંદ, નડીયાદ, વડોદરા, ભરૂચ, સુરત, નવસારી, વલસાડ, ગાંધીનગર, મહેસાણા, પાટણ, પાલનપુર, ધાનેરા, ડીસા, હિંમતનગર, મોરબી, પાવગઢ, ગોધરા વગેરે નાના-મોટા નગરોમાં જાથાના સદસ્યો માટે એક દિવસીય મધ્યરાત્રિ-પરોઢે વ્યવસ્થા કરી છે. ઈટા-એકવેરીડ્સ ઉલ્કાવર્ષાનો નજારો નિહાળવાની તૈયારીમાં જાથાના અંકલેશ ગોહિલ, દિનેશ હુંબલ, નિર્ભય જોશી, સહિતના અનેક સદસ્યો જોડાયા છે.

જિલ્લા રજિસ્ટ્રાર કચેરીના સહકારી અધિકારી સિકંદરભાઈ એ.સુમરા નિવૃત થતાં ભવ્ય વિદાયમાન અપાયું

રાજકોટઃતા ૨

સિકંદરભાઈ એ.સુમરા, સહકારી અધિક ારી (બજાર) જિલ્લા રજિસ્ટ્રાર, સહકારી મંડળીઓ, રાજકોટની કચેરીમાંથી તા. ૩૦/૪/૨૦૨૪ના રોજ વયનિવૃતિથી ગુજરાત સરકારની સેવામાંથી નિવૃત થતાં ભવ્ય વિદાયમાન આપવામાં આવ્યુ હતું.કેન્દ્રીયકૃત ભરતી યોજના અંતર્ગત કલેકટર દ્વારા સિલેકશન થતાં ૧૯૮૯માં જુ. કલાર્ક તરીકે સરકારી સેવામાં જોડાયા, મદદનીહ સહકારી અધિકારી, સબ ઓડીટર તરીકે ફરજો બજાવ્યા બાદ સહકારી અધિકારી(બજાર)જેવી સહકાર ખાતાની મહત્વના હોદા પરથી નિવૃત થયા.

૩૪.૫ વર્ષની સરકારી સેવા યાત્રા સંઘર્ષ સાથે ચાલતી રહી.આ સેવાયાત્રા દરમ્યાન સહકાર ખાતાની અગત્યની કામગીરી જેવી બજાર સમિતિઓની ચુંટણી પ્રક્રિયા, ટાઈપકામમાં અદભુત ઝડપના કારણે કોઈ પણ કોર્ટ કેસના રીમાર્કસ માત્ર ૧૫થી ૩૦ મીનીટમાં તૈયાર કરી આપવાની માસ્ટરી, જિલ્લા સહકારી દુધ સંઘોના ઓડીટ અને સુપ્રત કરવામાં આવેલ કોઈ પણ કામગીરી સુપેરે પાર પાડવાની તેમની આવડત અદ્વિતિય રહી. ક્યારેય પણ કોઈ પણ પ્રકારના વાંધા-વિરોધ-અવગણના વગેરે ધ્યાને લીધા સિવાય સરકારી સેવા નિષ્ઠાથી બજાવી હતી.

કોઠારીયા નાકા મિત્ર મંડળ ટ્રસ્ટ દ્વારા બહેનો માટે ઓપન સિવણ સ્પર્ધાનું આયોજન

રાજકોટ,તા.૨

કોઠારીયા નાકા મંડળ ટ્રસ્ટ છેલ્લા ૫૧ વર્ષથી સામાજીક, શૈક્ષણિક, સાંસ્કૃતિક, સેવાકીય પ્રવૃતિ અંતર્ગત બહેનોની ઓપન રાજકોટ સિવણ સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું છે. ઈચ્છીત બહેનોએ આગામી તા. ૮ ને બુધવાર સુધી લાયબ્રેરી વિભાગ ખાતે, કિશોરસિંહજી શાળા નં. ૧ કોઠારીયા નાકા રાજકોટ ખાતે સવારે ૮:૩૦ થી ૧૧ સુધીમાં સંપર્ક કરવાનો રહેશે.

તસ્વીરઃ પંકજ શિશાંગીયા

લોકશાહીના મહાપર્વે મતદાન જાગૃતિ માટે

કાલે સમસ્ત સોની સમાજનું સ્નેહમિલન : બહોળી સંખ્યામાં ઉમટી પડવા આગેવાનોની હાકલ

પૂર્વ મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણી, કેબીનેટ મંત્રી ભાનુબેન બાબરીયા, સાંસદ રામભાઈ મોકરીયા સહિતના અગ્રણીઓ ઉપસ્થિત રહેશે

રાજકોટ, તા. ૨

દેશભરમાં યોજાઇ રહેલ લોકસભા ચૂંટણી સંદર્ભ આગામી ૭ મે એ ગુજરાત રાજયમાં મતદાન હોય ત્યારે સમગ્ર સોની સમાજ ઝાલાવાડી સોની, હાલારી સોની, પરજીયા ગિરનારા સોની, પરજીયા પટણી સોની, ગોહીલવાડી સોની, કચ્છી સોની સમાજ દ્વારા ચૂંટણીને લઇને અનેક જૂથ સભાઓ થઇ રહી છે. તેની તૈયારીને આખરી ઓપ આપવા જનજાગૃતિ વધુમાં વધુ મતદાન થાય તે માટે રાજકોટ મંવસતા સોનીઓનું એક મહા સંમેલન આવતીકાલે શુક્રવારે, સાંજે ૭-૦૦ વાગ્યે, રંગારંગ સંગીત કાર્યક્રમ સાથે નાગર બોર્ડીંગ, વિરાણી સ્કુલ સામે યોજાશે. જેમાં વિશાળ સંખ્યામાં સોની સમાજના લોકો ઉમટી પડશે.આ સંમેલનમાં વિજયભાઈ રૂપાણી (પૂર્વ મુખ્યમંત્રી), ભાનુબેન બાબરીયા (કેબીનેટ મંત્રી), રામભાઈ મોકરીયા(સાંસદ), મોહનભાઈ કુંડારીયા(સાંસદ), પ્રકાશભાઈ સોની(પ્રભારી-રાજકોટ શહેર), ધારાસભ્ય રમેશભાઈ ટીલાળા, ધારાસભ્ય ડો. દર્શિતાબેન શાહ, ધારાસભ્ય ઉદયભાઈ કાનગડ, પૂર્વ કૃષિ મંત્રી ગોવિંદભાઈ પટેલ, મહામંત્રી વિરેન્દ્રસિંહ ઝાલા, કેબીનેટ મંત્રી કુંવરજીભાઈ બાળવીયા, પ્રમુખ મુકેશભાઈ દોશી, મેયર નયનાબેન પેઢડીયા, ડે.મેયર નરેન્દ્રસિંહ જાડેજા, સ્ટે.ચેરમેન જયમીનભાઈ ઠાકર સહિતના મહાનુભાવો ઉપસ્થિત રહેશે. આ કાર્યક્રમ અંતર્ગત અશોકભાઈ ઝીંઝુવાડીયા, ડેનીશ આડેસરા, વિશાલ માંડલિયા, અરૂણાબેન આડેસરા, નિશાબેન રાણપરા, મહેશ ધધડા, વર્ષા રાણપરા,ગુણું ભાઈ આડેસરા, નેહાબેન ધાણક, રાજુભાઈ ફીચડીયા, હસ્મિતાબેન પાટડીયા, હિરલ રાણપરાએ 'સાંજ સમાચાર'ની મુલાકાત લીધી હતી.

પરમ કથ્થકકેન્દ્ર દ્વારા શુદ્ધ શાસ્ત્રીય નૃત્યકથ્થક પ્રસ્તુતિ 'અભિવ્યકિત'ની પૂર્ણાહુતિ

સંસ્થાના શિષ્યો દ્વારા દેવાલય નૃત્યો પ્રસ્તુત કરી ઉપસ્થિતોને કર્યા મંત્રમુગ્ધ

રાજકોટ, તા.૨

ગુજરાત રાજ્ય સંગીત નાટક અકાદમીના આર્થિક સહયોગથી વિશ્વ નૃત્ય દિવસ નિમિતે શહેરના પરમ કથક કેન્દ્ર દ્વારા પરંપરાગત શુદ્ધ શાસ્ત્રીય નૃત્ય કથક પ્રસ્તુતિ 'અભિવ્યકિત'નું આયોજન કરવામાં આવ્યું હતું.કાર્યક્રમ અંતર્ગત પરમ કથક કેન્દ્ર સંસ્થાના શિષ્યો દ્વારા દેવાલય નૃત્યો પ્રસ્તુત કરવામાં આવ્યા હતા. જેમાં હાર્મોનિયમ ઉપર ઋષિકેષ પંડયા, તબલા ઉપર કુણાલ વ્યાસ, પખાવજ ઉપર યશ પંડયા, સારંગી ઉપર અર્પિત માંડવિયા અને સિતાર ઉપર ગૌરવ નાગોર સંગત કરી હતી. આ કાર્યક્રમમાં વરિષ્ઠ નાટયકાર ભરત યાજ્ઞિક, નાટયવિદ નયન ભટ્ટ તથા મૃણાલિની ભટ્ટ, તપસ્વી સ્કૂલના સંસ્થાપક અને કેળવણીકાર અમિષ દેસાઈ, સહિતના ઉપસ્થિત રહ્યા હતા. સમગ્ર કાર્યક્રમની પરિકલ્પના, નૃત્ય નિર્દેશન તેમજ સંચાલન ગૌરવ પુરસ્કૃત પલ્લવી વ્યાસએ કરી હતી.

રાષ્ટ્રીય શાયર ઝવેરચંદ મેઘાણીના પૌત્ર પિનાકી મેઘાણીનો આજે જન્મદિન

રાજકોટ,તા.૨

સાહિત્ય-લોકસાહિત્ય-અભ્યાસુ, સંશોધક, લેખક, સંગીતજ્ઞ, વકતા જેવી બહુમુખી પ્રતિભા ધરાવતા અને ૦૨ મે ૧૯૭૦ના રોજ રાજકોટ ખાતે જન્મેલા પિનાકી મેઘાણી વ્યવસાયે ઈન્ફોટેક ક્ષેત્રે કાર્યરત છે. શાળા-જીવન દરમિયાન કિશોરવયે જ સંગીત વિશારદ તથા સંસ્કૃત વિશારદની પદવી પ્રાપ્ત કરી હતી. અગ્રગણ્ય ગુજરાતી મેગેઝીન ચિત્રલેખા દ્વારા પ્રગટ થયેલ દેશ-વિદેશનાં ૫૧ ગૌરવવંતા ગુજરાતીઓનાં શબ્દચિત્રની વિશેષ પૂર્તિ (૨૦૧૬)માં પિનાકી મેઘાણી પસંદગી પામ્યા છે. પ્રતિષ્ઠિત વર્તમાનપત્રો, સામયિકો અને ટીવી ચેનલમાં પિનાકી મેઘાણી અને તેમના કાર્ય વિશે લેખ/

સમાચાર નિયમિતપણે પ્રસિધ્ધ થાય છે. ઝવેરચંદ મેઘાણી સ્મૃતિ સંસ્થાન ટ્રસ્ટની સ્થાપના ૨૦૧૨માં પિનાકી મેઘાણીએ કરી છે.

ઉત્તમ પુસ્તકો વાચકો અને ખાસ કરીને યુવા પેઢી સુધી પહોંચે તે માટે પિનાકીભાઈના પિતા સ્વ. નાનકભાઈ ઝવેરચંદ મેઘાણી આજીવન કાર્યશીલ રહ્યા હતા. નાનકભાઈએ રાજકોટમાં ધર્મેન્દ્રસિંહજી કોલેજની સામે સાહિત્ય મિલાપની સ્થાપના ૧૯૬૧માં તથા અમદાવાદ ખાતે ગ્રંથાગારની સ્થાપના ૧૯૭૭માં કરી હતી. પ્રાધ્યાપક રહી ચૂકેલાં માતા સ્વ. કુસુમબેન મેઘાણી પિનાકીભાઈના સતત પથદર્શક રહ્યાં હતાં.પિનાકી મેઘાણીને મો.નં.૯૮૨૫૦૨૧૨

પશ્ચિમ રાજકોટના છેવાડે રૈયા સ્માર્ટ સીટીમાં નિર્માણ પામેલા અટલ સરોવરને ગઇકાલે જનતા માટે ખુલ્લુ મુકવામાં આવ્યું છે. આ સાથે જ વર્ષો બાદ રાજકોટને તળાવ સાથે મુક્ત રીતે હરવા-ફરવા માટેનું નવું સ્થળ મળ્યું છે. અમદાવાદના રીવરફ્રન્ટ અને કાંકરીયા તળાવની યાદ કરાવતા અટલ સરોવરમાં રાત્રે લેસર શોએ જમાવટ કરી હતી. જેને નિહાળવા સ્ટેપ પર સેંકડો લોકો બેઠા હતા. નવા નઝરાણાથી યુવાધન ગરબા અને ડીજેના તાલે ઝુમી ઉઠયું હતું. પ્રવેશદ્વાર પર જબરી ભીડ જામી હતી અને સરોવરનો નઝારો ઠેઝ આપે તેવો હતો. (તસ્વીર : દેવેન અમરેલીયા / પંકજ શીશાંગીયા)

વર્ષો બાદ રાજકોટની જનતાને મળ્યું તળાવ સાથેનું નવું પર્યટન સ્થળ : પૈસા વસુલ થયાની લાગણી સાથે ટીકીટબારી પર રાત્રી સુધી લાઇનો

અટલ સરોવરે પહેલા દિવસે જ 'મેળો' : ૧૦ હજાર લોકો ઉમટી પડયા

તળાવમાં લેસર શો અને સંગીત સાથે નગરજનો ઝુમી ઉઠયા : રોજ પ્રવેશનો સમય સવારે ૬ થી રાત્રે ૧૧ : ૬૦૦ કાર અને ૧૦૦૦ સ્કુટર માટે પાર્કિંગ શરૂ થશે : વિશાળ બીઆરટીએસ સ્ટોપ પણ ગેટ પાસે

રાજકોટ, તા. ૨

ન્યુ રાજકોટમાં રૈયા સ્માર્ટ સીટી ખાતે ૧૩૬ કરોડના ખર્ચે મહાપાલિકા દ્વારા નિર્માણ પામેલા અને ખાનગી કંપનીને સંચાલન માટે સોંપવામાં આવેલા અટલ સરોવરને ગઇકાલે ગુજરાત સ્થાપના દિને લોકો માટે ખુલ્લુ મૂકવામાં આવતા જ પ્રથમ દિવસે શહેરની ભાગોળે આવેલા આ નવા પીકનીક પોઇન્ટ પર મોટી સંખ્યામાં શહેરીજનો ઉમટી પડયા હતા. મનપા અને કંપનીની ધારણાથી વધુ એટલે કે ૧૦ હજાર જેટલા મુલાકાતીઓ ટીકીટ લઇને અટલ સરોવરમાં પહોંચ્યા હતા અને સાંજથી માંડી રાત્રી સુધી મોજ કરી હતી.

અટલ સરોવર વિસ્તારમાં હજુ જુદી જુદી રાઇડસ સાથેનું એમ્યુઝમેન્ટ પાર્ક થોડા દિવસ બાદ શરૂ થવાનું છે. પરંતુ તળાવ ફરતેના રમણીય સ્થળે ફરીને પણ લોકોને મોજ પડી ગઇ હતી. આ પ્રોજેક્ટ માટે થયેલા કરોડોના ખર્ચથી માંડી સામાન્ય ટીકીટના ખર્ચ પણ વસુલ થઇ ગયાની લાગણી રંગીલા રાજકોટના લોકોએ વ્યકત કરી હતી. આ બાદ રાત્રે ૮ વાગ્યાથી શરૂ થયેલા લેસર શોથી ચીચીયારી ગુંજી ઉઠી હતી. યુવાધન ગરબે રમ્યું હતું. ડી.જે.ના તાલે નૃત્ય કર્યા હતા અને સેલ્ફી લેવા પણ હરીફાઇ કરી હતી.

મહાપાલિકા અને એજન્સીમાં થયેલી સત્તાવાર નોંધ મુજબ પ્રથમ દિવસે સાંજથી રાત્રી સુધીમાં ટીકીટ સાથે ૧૦ હજાર જેટલા મુલાકાતીએ અટલ સરોવરમાં પ્રવેશ મેળવ્યો હતો. આ જગ્યાએ લોકોને પ્રવેશ માટેનો સમય સવારે ૬ થી રાત્રે ૧૧ વાગ્યા સુધીનો નકકી કરવામાં આવ્યો છે. સવારે મોર્નિંગ વોક, જોગીંગ, સાયકલ ટ્રેક, ગાર્ડન સહિતની સુવિધાનો લોકોને લાભ મળવાનો છે.

ગઇકાલે મુખ્ય રોડ પર મોટર કાર સહિતના વાહનોના ઢગલા હતા. પાર્કિંગની વ્યવસ્થા પ્રથમ દિવસે પૂરી પડી ન હતી. પરંતુ રસ્તાનું સામાન્ય ટર્ચીંગ કામ પુરૂ થાય એટલે ૬૦૦ મોટર અને ૧૦૦૦ સ્કુટર રાખવાનું પાર્કિંગ ઉપલબ્ધ થઇ જશે તેમ પણ મનપાના અધિકારીઓએ જણાવ્યું હતું. અટલ સરોવરને કનેકટ જ બીઆરટીએસના વિશાળ બસ સ્ટોપ બનાવવામાં આવ્યા છે. રાત્રે લોકો લેસર શો બાદ એક સાથે બહાર નીકળે એટલે થનારી ભીડને ધ્યાનમાં રાખીને બસ સ્ટોપની સાઇઝ વિસ્તારવામાં આવી છે.

મહાનગરમાં રેસકોર્સ બાદ સંપૂર્ણપણે પીકનીક પોઇન્ટ જેવું આ નવા રેસકોર્સ જેવું નઝરાણું મળ્યું છે. હવેનું તમામ સંચાલન કંપની કરવાની છે. પરંતુ આ જગ્યાએ કોઇ સુવિધા ન ઘટે, લોકો નિરાંતે ફરી શકે, કોઇ પણ પ્રકારના ભાવમાં લુંટફાટ ન થાય તેના પર મનપાનું સુપરવિઝન જરૂર રહેવાનું છે.

રૈયા ટીપી સ્કીમ નં. ૩રમાં સ્માર્ટ સીટી અંતર્ગત બનેલા અટલ સરોવરનું કુલ ક્ષેત્રફળ ૨,૯૩,૪૫૭ ચો.મી.છે.જેમાં વોટર બોડીનો કુલ વિસ્તાર ૯૨,૮૩૭ ચો.મી. છે. આશરે ૧૩૬ કરોડના ખર્ચે બનેલા અટલ સરોવરમાં એજન્સી દ્વારા ૧૫ વર્ષ સુધી નિભાવ મરામતની જવાબદારી રહેશે.જેમાં, બોટીંગ, ગાર્ડન, લેન્ડસ્કેપિંગ, બોટોનિકલ ગાર્ડન, બોટોનિકલ કલોક, સાઈકલ ટ્રેક, પાર્કિંગ એરિયા, વોક-વે, પાર્ટી પ્લોટ, ટોય ટ્રેઈન, ફેરીસવ્હીલ, એમ્ફીથીયેટર, પાર્ટી લોન, ફુડ કોર્ટ, ગ્રામ હાટ, મોન્યુમેન્ટલ ફલેગ વગેરે જેવી અનેક સુવિધા ઉપલબ્ધ કરાશે. આ તળાવમાં અંદાજે ૪૭૭ મીલીયન લીટર પાણીનો સંગ્રહ થશે. અટલ સરોવરનું કુલ ક્ષેત્રફળ ૨,૯૩,૪૫૭ ચો.મી. છે. જેમાં વોટર બોડી ૯૨૮૩૭ ચો.મી. વિસ્તારમાં છે. આ વિસ્તારમાં લાઇટ એન્ડ સાઉન્ડ શો સહિતની સુવિધા સાથે ગ્રામ હાટ માટે કુલ ૪૨ દુકાનોનું નિર્માણ કરવામાં આવ્યું છે. બે ફલેગ પોલ પૈકી એકની ઉંચાઇ ગુજરાતમાં સૌથી ઉંચી ૭૦ મીટરની છે. આ તિરંગો ખુલ્લા આકાશમાં ખુબ ઉપરથી લહેરાતો હોય તે પણ આકર્ષણનું કેન્દ્ર બન્યો છે.

વૃધ્ધાશ્રમના વડીલોના આશિર્વાદથી અટલ સરોવર લોકો માટે ખુલ્લુ મૂકાયું

અનાથ આશ્રમના બાળકોને પણ મહેમાન બનવાની મળી તક

રાજકોટ, તા. ૨

સ્માર્ટ સીટીના અટલ સરોવરને ગઇકાલે જનતા માટે ખુલ્લુ મૂકવામાં આવ્યું છે. ચૂંટણી આચારસંહિતાના કારણે કોઇ કાર્યક્રમ રાખી શકાયો ન હતો. પરંતુ અનાથ આશ્રમના બાળકો અને વૃધ્ધાશ્રમના વડીલોને મહેમાનની જેમ પહેલા પ્રવેશ આપીને કાર્યક્રમની ગરીમા વધારવામાં આવી હતી.

વડીલોના આશિર્વાદથી આ અટલ સરોવર લોકો માટે ખુલ્લુ મૂકવામાં આવ્યું છે. આ જગ્યાએ બાળકોથી માંડી વૃધ્ધો માટે નિરાંતે ફરવાની અને મનોરંજનની તમામ સુવિધા ઉપલબ્ધ કરાવવામાં આવી છે. ગુજરાત સ્થાપના દિને રાજકોટના આ નવા રમણીય પર્યટન સ્થળના પહેલા મહેમાન વડીલો બન્યા હતા.

કોંગ્રેસે છેલ્લી ઘડીએ પત્તા બદલ્યા? રાહુલ ગાંધી અમેઠી નહિ પણ હવે આ બેઠક પરથી ચૂંટણી લડી શકે છે : આજે બપોર સુધીમાં થશે જાહેરાત

નવી દિલ્હી:

ગાંધી પરિવારનો ગઢ ગણાતી યુપીની અમેઠી અને રાયબરેલી બેઠકો અંગે કોંગ્રેસે હજુ સુધી તેનું પત્તું ખોલ્યું નથી. દરમિયાન મીડિયા રિપોર્ટ અનુસાર કોંગ્રેસ નેતા રાહુલ ગાંધી અમેઠીને બદલે રાયબરેલીથી ચૂંટણી લડી શકે છે.

તે જ સમયે, કોંગ્રેસ અમેઠીથી કે.એલ શર્માને ભાજપના ઉમેદવાર અને કેન્દ્રીય મંત્રી સ્મૃતિ ઈરાની સામે મેદાનમાં ઉતારી શકે છે. પાર્ટી ગુરુવારે (૨ મે, ૨૦૨૪) બપોરે યુપીની બંને બેઠકો માટે ઉમેદવારોની જાહેરાત કરી શકે છે.

પ્રિયંકા ગાંધી ક્યાંથી ચૂંટણી લડશે?

સૂત્રોએ જણાવ્યું કે રાહુલ ગાંધીએ કોંગ્રેસના પૂર્વ અધ્યક્ષ અને તેમની માતા સોનિયા ગાંધીની સલાહ પર પોતાના નિર્ણય પર પુનર્વિચાર કર્યો છે. એ સ્પષ્ટ થઈ ગયું છે કે પ્રિયંકા ગાંધી રાયબરેલીથી લોકસભાની ચૂંટણી નહીં લડે. જો કે, અત્યાર સુધી રાજકીય વર્તુળોમાં એવી અટકળો ચાલી રહી હતી કે સોનિયા ગાંધીએ સક્રિય રાજકારણમાંથી નિવૃત્તિ લીધા બાદ કોંગ્રેસ પ્રિયંકા ગાંધીને રાયબરેલીથી ટિકિટ આપી શકે છે.

આ નિર્ણય ચોંકાવનારો છે કારણ કે રાહુલ ગાંધી ૨૦૦૪થી ૨૦૧૯ સુધી અમેઠીના સાંસદ રહી ચૂક્યા છે. તેમણે કેરળની અમેઠી અને વાયનાડ બેઠકો પરથી ૨૦૧૯ની લોકસભા ચૂંટણી લડી હતી, પરંતુ અમેઠીમાં કેન્દ્રીય મંત્રી સ્મૃતિ ઈરાની સામે ચૂંટણી હારી ગયા હતા. આ વખતે પણ રાહુલ ગાંધી વાયનાડ બેઠક પરથી ચૂંટણી લડ્યા છે.

જો કે અમેઠી અને રાયબરેલીમાં ૨૦મી મેના રોજ મતદાન થવાનું છે. બંને બેઠકો પર નામાંકન પ્રક્રિયા ૩ મે સુધી ચાલુ રહેશે. સ્મૃતિ ઈરાનીએ અમેઠી બેઠક પરથી ઉમેદવારી નોંધાવી છે. વાસ્તવમાં, વિપક્ષી ગઠબંધન 'ઇન્ડિયા'નો ભાગ બનેલી સમાજવાદી પાર્ટી ઉત્તર પ્રદેશમાં કોંગ્રેસ સાથે મળીને ચૂંટણી લડી રહી છે. યુપીમાં ગઠબંધનમાં કોંગ્રેસને ૮૦માંથી ૧૭ સીટો આપવામાં આવી છે. આ ૧૭ સીટોમાં અમેઠી અને રાયબરેલીનો સમાવેશ થાય છે.

OTT પ્લેટફોર્મ, મોટી ફિલ્મોની ગેરહાજરી તથા IPL ટુર્નામેન્ટ

ઉનાળુ વેકેશન છતાં સિનેગૃહો-મલ્ટીપ્લેક્સો ખાલીખમ

પ્રાઇમ ટાઇમ શોમાં પણ માંડ ૧૦ ટકા દર્શકો જ આવતા હોવાનો એસોસીએશનનો એકરાર

રાજકોટ, તા.૨

રાજકોટ હોય કે અમદાવાદ અથવા કોઇપણ મહાનગર, ઉનાળાના બળબળતા તાપમાં એરકંડીશન્ડ સિનેગૃહમાં બેસીને ઠંડા વાતાવરણમાં ફિલ્મની મજા લેવાનો ટ્રેન્ડ હતો પરંતુ હવે તે ગાયબ થઇ ગયો છે. કોઇ મોટી ફિલ્મોનો અભાવ તથા ઓટીટીના વધતા ચલણને કારણે સિનેગૃહોમાં દર્શકોની હાજરી ઘણી ઓછી થઇ ગઇ છે. અમુક અંશે આઇપીએલના મેચોને પણ કારણરૂપ ગણાવાય રહ્યા છે.

સિનેગૃહોના સંચાલકોએ એવો એકરાર કર્યો છે કે સિનેગૃહના એસીમાં બેસીને ફિલ્મ જોવાનો ટ્રેન્ડ ધીમો પડી ગયો છે અને તેના બદલે લોકો ઘરમાં જ આરામદાયક માહોલમાં ફિલ્મ જોવા કે સમય ગાળવા લાગ્યા હોય તેવો માહોલ છે. કોઇ મોટી-સારી ફિલ્મોની રીલીઝ નથી. ઉપરાંત આઇપીએલ ટુર્નામેન્ટ ચાલુ છે તેમજ ઓટીટી પર વ્યાપક વિકલ્પો ઉપલબ્ધ હોવાના કારણે સિનેગૃહોને મોટો ફટકો છે.

ગુજરાત મલ્ટીપ્લેક્સ ઓનર્સ એસો.ના અંદાજ છે કે પીક અવર્સ કે રાત્રીના પ્રાઇમ ટાઇમ શોમાં પણ દર્શકોની સંખ્યા માંડ ૮ થી ૧૦ ટકાની રહી છે અર્થાત થિયેટરની ક્ષમતાની ૯૦ ટકા સીટો ખાલી રહે છે. એસો.ના પ્રમુખ મનુભાઇ પટેલે કહ્યું કે સિને સંચાલકોને હવે ભાગ્યે જ કમાણી રહી છે. છેલ્લા બે મહિનાથી આવી સ્થિતિ છે. માર્ચ ૫ વિકનો મહિનો હોવાથી કાયમી ધોરણે તેમાં દર્શકોની હાજરી ઓછી રહેતી હોવાથી તે સમજી શકાય તેવી વાત હતી. પરંતુ એપ્રિલ મહિનો પણ ઘણો ઠંડો જ રહ્યો છે અને તે પાછળનું મુખ્ય કારણ કોઇ મોટી-બ્લોકબસ્ટર ફિલ્મની રીલીઝ ન હોવાનું છે.

થિયેટરમાં બેસીને ફિલ્મ જોવાની મજા અનુભવ અલગ જ રહેતો હોવા છતાં હવે નવી ફિલ્મો પણ રજુઆત બાદ ટુંકાગાળામાં જ નબળી પડવા લાગતી હોવાનો નિર્દેશ આપતા સિનેગૃહ સંચાલકોએ કહ્યું કે અગાઉ ૩-૩ સપ્તાહ સુધી નવી ફિલ્મોમાં દર્શકોની સારી સંખ્યા રહેતી હતી હવે નવી ફિલ્મ એક સપ્તાહમાં જ નબળી પડી જાય છે. દર્શકોની સંખ્યા ઘટી જાય છે.

સિનેગૃહોમાં દર્શકોની ઘટતી સંખ્યા પાછળ ઓટીટી પ્લેટફોર્મ પણ એક મોટુ કારણ છે. સ્માર્ટ ટીવીના યુગમાં લોકો ઘેર બેઠા ઓટીટી પર જ મુવી કે સીડીઝ જોવાનું વધુ પસંદ કરવા લાગ્યા છે. થિયેટર માલિકો દ્વારા ટિકિટ પર ડીસ્કાઉન્ટથી માંડીને વિવિધ સ્કીમો ઓફર કરવાનું શરુ કર્યું છે. દર્શકોને આકર્ષવા વિવિધ વિકલ્પો વિચારવા લાગ્યા છે. જુની ક્લાસિક, એવોર્ડ-વીનીંગ કે થીમ બેઇઝડ ફિલ્મો રીલીઝ કરવાની પણ વિચારણા થવા લાગી છે.

રાજકોટના સિને સંચાલકોના કહેવા પ્રમાણે નવી મોટી ફિલ્મોની ગેરહાજરીથી ૩૦ ટકા તથી ઓટીટી પ્લેટફોર્મથી ૪૦ ટકા અસર છે.

સિનેદર્શકોની ઘટતી સંખ્યાથી મોલ પર પણ અસર છે. મલ્ટી પ્લેક્સ ચેઇન સાથે ભાગીદારી કરનારા મોલને પણ કમાણીમાં ફટકો છે. ઉપરાંત ફિલ્મ જોવાની સાથોસાથ મોલમાં થતી ખરીદીને પણ અસર થવા લાગી છે.

'હીરામંડી': વેબસીરીઝના દરેક સીનમાં ભણશાલીની ભવ્યતાનો સ્પર્શ પણ બધા પાત્રોને પૂરતો ન્યાય નહીં

મુંબઈ: હિન્દી સિનેમાના હાલના શો મેન તરીકે ઓળખાતા સંજય લીલા ભણસાલીની તવાયફોના જીવન પર આધારિત પ્રથમ વેબસીરીઝ 'હીરામંડી-ધી ડાયમંડ બાઝાર' નેટ ફ્લિક્સ પરથી પ્રસારિત થઈ રહી છે. આ સીરીઝમાં ભણસાલીએ સમાજની મુખ્ય ધારાથી અલગ જીવતી તવાયફોને પ્રતિષ્ઠા, પ્રેમ અને સહાનુભૂતિ અપાવવાની કોશિષ કરી છે. પ્રથમ દોર પર શરૂ થતી વાર્તા મૂલતઃ આઝાદીની લડાઈમાં તવાયફોના ભુલાયેલા યોગદાનની છે. જેમાં ઈશ્ક, બદલા અને વિદ્રોહનો વધારે છે.

હીરામંડીની હજૂર મલ્લિકા જાન (મનિષા કોઈરાલા)નો પૂરી હીરામંડીમાં સિક્કો ચાલે છે. મલ્લિકાની મોટી દીકરી બિબ્બો જાન (અદિતી રાવ હૈદર) હીરામંડીની શાન છે. નાની દીકરી આલમઝેબ (શરમિન સહગલ)ને તે કોઠા પર બેસાડવાની તૈયારીમાં છે.

વાર્તાનો વળાંક ત્યાં છે કે બિબ્બોનો ખરો ઉદ્દેશ દેશને ગુલામીથી આજાદ કરાવવાનો છે. તો શેર શાયરીના શોખ રાખનારી આલમ આ તવાયફના ધંધામાં જ ઉતરવા નથી માગતી. બીજી બાજુ મલ્લિકાની મર્હુમ બહેન રેહાનાની દીકરી ફરીદન (સોનાક્ષી સિંહા) તેની મુશ્કેલી વધારે છે. આ સિવાય મલ્લિકાની નાની બહેન વહીદા (સંજીદા શેખ) પક્ષ છે જે દરેક પગલે મલ્લિકાથી અપમાનિત થતી રહે છે. લજ્જો (રિચા ચઢ્ઢા) પણ છે. જે એક નવાબજાદાના પ્રેમમાં પડી છે. હવે નવાબો, અંગ્રેજો અને આઝાદીના લડવૈયાઓની વચ્ચે ચાલતા સંઘર્ષમાં આ તવાયફોની જિંદગી શું વળાંક લે છે? શું તે તેમના ઉદ્દેશમાં સફળ થાય છે? તેની ખબર સીરીઝ જોયા પછી જ પડશે.

સીરીઝના વિઝયુઅલ અપીલની વાત કરીએ તો તેની ભવ્યતા ભણશાલીની ઓળખ છે અને આ છાપ 'હીરામંડી'ના દરેક સીમમાં જોવા મળે છે. મોઈન બેગના કન્સેપ્ટ પર ભણસાલીએ પ્રોડક્શન ડિઝાઈનર સુબ્રત ચક્રવર્તી, અમિત રે અને નામાંકીત ડીઓપી સુદીપ ચેટર્જી, મહેશ લિમયે, હ્યુસ્ટંગ મોહયાત્રાની સાથે મળીને જે શાનદાર દુનિયા રચી છે તેને જોઈને આંખો ચકિત થઈ જાય છે.

ભણશાલીની આ પ્રથમ વેબસીરીઝ છે અને તેમાં અનેક ટ્રેક, અનેક લેયર્સ, સાથે ચાલે છે. જોકે અહીં ભણશાલી અનેક પાત્રોના ગ્રાફ અને ટ્રેક સાથે ન્યાય નથી કરી શકયા. રિચા ચઢ્ઢાનો ટ્રેક શરૂ થતા જ ખતમ થઈ જાય છે. વહીદાની અંદર દબાયેલી ચિનગારી કોઈ આગ નથી લગાડી શકતા. આવા જ હાલ અધ્યયન સુમનના ટ્રેકના છે. એકિટંગની વાત કરીએ તો મનીષા કોઈરાલાએ તેનું દમદાર પાત્ર જોરદાર ભજવ્યું છે. અદિતી રાવ હૈદર સોનાક્ષી સિંહાએ પણ પોતાના પાત્રમાં જીવ રેડયો છે. દિવ્યા નિધિ, વિભુ પુરીના ડાયલોગ યાદગાર છે. ફિલ્મોમાં યાદગાર સંગીત આપનાર ભણશાલી અહીં વધુ અસરકારક નથી રહ્યા.

જો સારી સ્ક્રીપ્ટ અને બરાબર મહત્વ મળે તો...

સલમાન ખાન અને શાહરૂખ ખાન સાથે ફિલ્મ કરવા આમિર ખાન તૈયાર

'ધી ગ્રેટ ઇન્ડિયન કપિલ' શોમાં એક્ટરનો ખુલાસો

મુંબઇ, તા.૨

હાલમાં જ આમિર ખાન 'ધી ગ્રેટ ઇન્ડિયન કપિલ શો'માં હાજર રહ્યો હતો. શોના હોસ્ટ કપિલ શર્માએ શૂટીંગ દરમિયાન કેટલાક ફ્રેજ શેર કર્યા છે. એક ખાસ સંગમેન્ટમાં આમિરને પૂછવામાં આવ્યું કે તે સલમાન ખાન અને શાહરુખ ખાન સાથે એક ફિલ્મમાં કામ કરવા તૈયાર છે? આ સવાલ પર આમિરે જણાવ્યું હતું કે તેને એવો મોકો મળશે તો જરુર તે ફિલ્મનો હિસ્સો બનવા ઇચ્છે છે. તેણે વધુમાં જણાવ્યું હતું કે ત્રણેય ખાન એક સાથે કામ કરે તો આ દર્શકો માટે કોઇ સપનું સાચુ થવા જેવું હશે. આમિરે એ પણ જણાવ્યું હતું કે ત્રણેયને સાથે લાવવા માટે એક સારી સ્ક્રીપ્ટની જરૂર પડશે, જે ત્રણેયના પાત્રને બરાબર મહત્વ આપે. જો ખરી સ્ક્રીપ્ટ મળશે તો તે આ પ્રોજેક્ટ પર કામ કરવા ઉત્સુક છે.

આમિર ખાનના વર્ક ફ્રન્ટની વાત કરીએ તો તે તેની અપકમીંગ ફિલ્મ 'સિતારે જમીન પર'માં નજરે પડશે. આ ફિલ્મમાં તેની સામે જેનિલિયા ડિસૂઝા ચમકશે. ફિલ્મ આ વર્ષે ડિસેમ્બરમાં રિલીઝ થશે. 'હેપી પટેલ' કોમેડી ફિલ્મમાં આમિર કેમિયો કરતો નજરે પડશે, જેમાં તેનો રોલ ડોનનો છે. 'ડોન' બોલીવૂડનું પોપ્યુલર કેરેક્ટર છે.

ભારતમાં સસ્તા ડેટા અને સ્માર્ટ ટીવી એ મલ્ટીપ્લેકસ કરતા ઘરે જ બેસીને મુવી જોવાનું સસ્તુ બનાવી દીધુ

મુવી, મલ્ટીપ્લેકસ અને પોપકોર્નનું કોકટેલ : દર્શકો આવશે ?

એક સમય એવો હતો કે આઇપીએલના કારણે બોલીવુડની ચિંતા વધી જતી હતી અને અનેક ફિલ્મોની ડેટ પાછી ઠેલાતી હતી પરંતુ હવે બોલીવુડ પાસે મસાલો ઓછો થઇ ગયો છે અને હોલીવુડ પણ કદાચ હાલ હોટ બિઝનેસ કરી રહ્યું નથી જેથી વધુ ચિંતા મલ્ટીપ્લેકસને થઇ રહી છે કે જયાં વિક ડેમાં ૧૦ ટકા પ્રેક્ષકો આવે તો પણ રાહતનો શ્વાસ લેવાય છે

ચાલુ વર્ષે જાન્યુઆરીથી એપ્રિલ સુધીમાં ૨૦ જેટલી ફિલ્મો રજુ થઇ જેમાં પરાણે એકાદને હિટ કે સુપરહિટનું લેબલ આપવું પડે અને હજુ આ વર્ષના અંત સુધીમાં કોઇ મોટી સ્ટારકાસ્ટવાળી ફિલ્મોનો ઇન્તજાર પણ નથી તેથી મલ્ટી પ્લેકસમાં પ્રેક્ષકોને ખેંચવા માટે હવે સસ્તી મુવી ટીકીટ અને પાસપોર્ટ સ્કીમની સાથે પોપકોન અને સોફટડ્રીંકસના કોમ્બોની ઓફર થાય છે એક વખત મલ્ટીપ્લેકસમાં પોપકોર્ન શા માટે આટલા મોંઘા તે પ્રશ્ન પુછાતો હતો હવે એટલા સસ્તા કર્યા કે એક વખત ખરીદો અને ત્રણ વખત ફીલઅપ કરાવો ઘર જતા સમયે પણ... છતાં ૧૦ ટકા પ્રેક્ષકો વધ્યા નથી

તમે છેલ્લે ક્યારે મલ્ટીપ્લેકસમાં મુવી જોવા ગયા હશો કદાચ તમારે પણ તેના માટે ગુગલ પે કે ફોન પે પર જવું પડે જેમાં તમે ઓનલાઇન ટીકીટ ખરીદી હોય અને સાથોસાથ પોપકોર્ન કે સમોસાના ઓર્ડર આપ્યા હોય, એક સમય એવો હતો કે જ્યારે આઇપીએલ સામે મલ્ટીપ્લેકસનો જંગ હતો અને બોલીવુડ પણ ક્રિકેટના આ મેગા શો સમયે દુર થઇ જતું હતું કારણ કે રાતના ૧૧-૧૨ વાગ્યા સુધી ચાલતા મુકાબલાના કારણે સિનેમા ઘરોમાં ફુટપ્રિન્ટ એટલે કે દર્શકોનું આગમન ઘટી જતું હતું અને અનેક ફિલ્મોના રીલીઝ પણ પાછા ઠેલાતા હતા પરંતુ જો આઇપીએલ સિવાયનો સમય બાદ કરો તો ચાલુ વર્ષે ૨૨ જાન્યુઆરથી ૨૬ એપ્રિલ સુધીમાં ૨૦ મુવી રજુ થયા અને તેમાં જો તમે ટોપ ટેનની પણ ચિંતા કરો તો વધુમાં વધુ બિઝનેસ ફાયટર ફિલ્મ લઇ ગયું જેને એપ્રિલના અંત સુધીમાં ૨૧૨ કરોડની કમાણી કરી જોકે આ કમાણી છે નફો નહીં જેની સામે શેતાન સહિતની ટોપ ટેનમાં જે આવે તે તમામ ફિલ્મોમાં એક માત્ર શેતાન ૧૫૦ કરોડની બિઝનેસ કરી શકી જ્યારે અન્ય તમામ ફિલ્મો ૩૩ થી ૮૭ કરોડના બિઝનેસ વચ્ચે સમેટાઇ ગઇ હવે જો તમે કુ ફિલ્મો લો તો તેમાં કરીનાકપુર સહિતની ટોચની ત્રણ અભિનેત્રીઓ હતી જોકે આ ફિલ્મ નેટફલીકસ પર અત્યંત લોકપ્રિય થયેલી મની હેસ્ટનું અત્યંત કંગાળ બોલીવુડ રૂપાંતર હતું અને તેમાં ત્રણ એરહોસ્ટેસ કઇ રીતે પોતાની આર્થિક તંગી નિવારવા સોનાની દાણચોરીમાં સામેલ થાય છે તે બોલીવુડ સ્ટાઇલથી રજૂ ન થયું રૂા. ૮૩ કરોડનો બિઝનેસ કર્યો, પણ ઓલ ઇન્ડિયામાં જો તમે ફિલ્મની ચિંતા કરો તો કદાચ તેને પુરતું વળતર પણ ન મળ્યું તે પણ નિશ્ચિત છે. મોટા ભાગના મલ્ટીપ્લેકસના સંચાલકો હવે શો સમયે ૧૦ થી ૨૦ ટકા સીટ પર જો પ્રેક્ષકો હોય તો તેને ખુશનસીબ માને છે.

એક સમય એવો હતો કે આકરા ઉનાળામાં મોલ થી લઇ મલ્ટીપ્લેકસમાં ૭ થી ૮ કલાક વિતાવી દેતા હતા. વીક એન્ડ સહિતના સમયમાં તો ઓનલાઇન ટીકીટના ભાવ પણ વધી જતા હતા અને મલ્ટીપ્લેકસમાં પોપકોન અને સમોસા એ ૨૦૦ થી ૩૦૦ રૂપિયામાં પણ હોટ કેકની જેમ વેચાતા હતા આ આકરો ઉનાળો હોવા છતાં લોકો મલ્ટીપ્લેકસ ભણી જતા નથી તેના કદાચ આઇપીએલના મેચ ઓટીટી પર જે રીતે મેચ ફ્રીમાં દેખાડાય છે અને રોજ કરોડો લોકો તે જોતા હોય તે દર્શાવાઇ છે પછી કદાચ ઘરમાં એર કંડીશનમાં બેસીને મુવી કરતા મેચ જોવો વધુ સાનુકુળ બની રહ્યું છે. પીક અવર ગણો તેમાં પણ ૮ થી ૧૦ ટકાની ફુટ પ્રિન્ટ રહે છે અને ફિલ્મો પણ કદાચ હવે પ્રેક્ષકોને આકર્ષી શકતી નથી તે નિશ્ચિત બની ગયું છે. માર્ચ તો કદાચ પરીક્ષાનો સમય હોય એટલે મુવી કે મલ્ટીપ્લેકસમાં ઓછા ફેમીલી જાય તે સમજી શકાય છેલ્લા કેટલાક સમયથી બોલીવુડ નહીં હોલીવુડની ફિલ્મોનો દુકાળ સર્જાયો છે. થીયેટરમાં ફિલ્મ જોવી એક મજા હોઇ શકે. પરંતુ કોઇપણ મુવી એક સમાહથી વધુ જો ટકી રહે તો તેના માટે હિટનું બોર્ડ લાગી જાય છે. છેલ્લા ચાર માસમાં આ પ્રકારે જો જુઓ તો હનુમાન ફિલ્મને સુપરહિટનું લેબલ લાગ્યું છતાં પણ તેનો બિઝનેસ એટલો ઉંચો રહ્યો નહીં કે હોલીવુડના સુપરહિટ સાથે સરખામણી કરી શકે. મોટાભાગની ફિલ્મોમાં ફલોપના લેબલ લાગ્યા છે અને તેના કારણે હવે મલ્ટીપ્લેકસ ઓનર કંપનીઓને પણ તેની સ્ટેટેજી ફેરવવી પડી છે અને તેમાં મુવી ટીકીટથી લઇ પોપકોન તમામમાં હવે ઓફર થઇ રહી છે. ફિલ્મ ચાલે કે ન ચાલે મલ્ટીપ્લેકસ ચાલવા જોઇએ તે ફોર્મ્યુલા અપનાવવામાં આવી રહી છે. દેશમાં સૌથી વધુ સ્ક્રીન ધરાવતા મલ્ટીપ્લેકસ ચેન પીવીઆર આઇનોકસ સમક્ષ સતત બે પ્રશ્ન પુછાતા હતા કે સિનેમાઘરમાં શા માટે પોપકોન આટલા મોંઘા કે શું મલ્ટી પ્લેકસમાં મુવી ટીકીટ સસ્તી થશે અને કંપનીએ હવે તેના બંનેના જવાબ એકી સાથે આપવાની કોશીશ કરી છે. તમે ભાગ્યે જ નામ સાંભળ્યું હોય તેવી ઓફર થઇ રહી છે. કોવિડ પૂર્વેના સમય કરતા મલ્ટીપ્લેકસમાં પણ જયારે ઓછા દર્શકો આવતા હોય ત્યારે આ બિઝનેસને ટકાવી રાખવા માટે પણ હવે નવી ઓફરો થઇ રહી છે.

મલ્ટીપ્લેકસ સંચાલકો અનલીમીટેડ પોપકોર્ન અને સોફટ ડ્રીંકસની ઓફર કરી રહ્યા છે. તમે એક વખત પોપકોનનું આ કોમ્બો ખરીદો પછી સિનેમાઘરમાં બેઠા બેઠા ઇચ્છો ત્યાં સુધી પોપકોનનું બોકસ ફરી ભરાવી શકો છો અને મુવી પુરી થયા બાદ બહાર નીકળતા સમયે પોપકોનનું બોકસ ફરી એક વખત ભરાવીને ઘર પણ લઇ શકો છો અને કોમ્બો ઓફરને કદાચ તેવો પ્રતિસાદ મળ્યો નથી. તો હવે મુવી પાસપોર્ટ નામે એક નવો અભિગમ પણ શરૂ થયો છે સૌપ્રથમ તો કાઉન્ટર પર ટીકીટના ભાવ ઘટાડયા પછી મુવી પાસપોર્ટ મુજબ તમે રૂા.૩૪લના સોમથી ગુરૂવાર સુધીના ૪ વખત મલ્ટીપ્લેકસમાં મુવી જોવા જઇ શકો છો તેનાથી તમારી ટીકીટ રૂા. ૮૭ જેવી નીચી આવી ગઇ છે. એટલું જ નહીં વાર્ષિક રીતે પાસપોર્ટ ઓફર થાય છે. તો તેના કારણે પીવીઆરનો અનુભવ છે કે ૧૦ ટકા પ્રેક્ષકો વધ્યા છે. પણ તેમ છતાં ફિલ્મ જો આકર્ષણ સર્જી શકે એવી ન હોય તો કદાચ ઉનાળામાં બપોરના સમયે એ.સી.માં દોઢ બે કલાક કાઢવા માટે રૂા. ૮૭ મોંઘા પડે નહીં મોટા ભાગના મલ્ટીપ્લેકસની દલીલ છે કે ભારતમાં ડેટા એટલા સસ્તા છે કે તેના કારણે ઓટીટી પર મુવી જોવાનું વધુ સસ્તુ પડે છે. જોકે મલ્ટીપ્લેકસમાં પણ મુવી ટીકીટ સરેરાશ વિદેશી ચલણની દ્રષ્ટિએ જુઓ તો ૩ ડોલરના ભાવે મળે છે અને દેશમાં ૧૫૦ જેટલા થિયેટરો એવા છે કે જેની ટીકીટ રૂા. ૧૫૦ કે તેની આજુ બાજુ છે જયારે તમે આંતરરાષ્ટ્રીય માર્કેટમાં જુઓ તો અમેરિકા અને બ્રિટનમાં ૧૪ થી ૧૮ ડોલરમાં ઓફર થાય છે. હવે તો ૨૦૨૫નો ઇન્તેજાર છે જયારે બોલીવુડ અને હોલીવુડની ફિલ્મો પાઇપલાઇનમાં છે તે આવી રહી છે અને ત્યારે કદાચ ફરી એક વખત આઇપીએલની ચિંતા કરવી પડશે.

ભારતમાં મલ્ટીપ્લેકસ પણ સસ્તા છે તેવી દલીલ થાય છે, આંતરરાષ્ટ્રીય ભાવની દ્રષ્ટિએ જુઓ તો ૩ ડોલરમાં મલ્ટીપ્લેકસમાં ફિલ્મ જોઇ શકાય છે તે બ્રિટન અને અમેરિકામાં ૧૨ થી ૧૪ ડોલરમાં તમે મુવી જોઇ શકો પરંતુ એક સમયે મલ્ટીપ્લેકસ સંચાલકોએ ટીકીટના ભાવ અને પોપકોર્નનો એવો હાવ સર્જી દીધો હતો કે અંદર ગયા પછી પોપકોર્ન માટે કેટલા ખર્ચવા પડશે તે ચિંતા રહે છે અને તેમાં ફ્રી આઇપીએલના કારણે મોબાઇલ સ્ક્રીન પર રોજના ૧૦ થી ૧૨ કરોડ લોકો મેચ જુએ છે જેમને મલ્ટીપ્લેકસ સુધી જવા માટે આકર્ષક મુવી પણ નથી

સ્પોટ-લાઈટ
કે.આર.
krisht555@gmail.com

પંજાબે IPLમાં સતત પમી વખત ચેન્નાઈને હરાવ્યું: ટીમ પ્લેઓફની રેસમાં જીવંત: ધોની સિઝનમાં પ્રથમ વખત આઉટ

જોની બેરસ્ટોએ ૪૬ રન બનાવ્યા; PBKSના બ્રારને ૨ વિકેટ બદલ પ્લેયર ઓફ ધ મેચ જાહેર: ગાયકવાડની સિઝનમાં ચોથી ફિફટી

ચેન્નાઈ :

IPL-૨૦૨૪ની ૪૯મી મેચમાં પંજાબ કિંગ્સે ચેન્નાઈ સુપર કિંગ્સને ૭ વિકેટે હરાવ્યું. આ લીગમાં ચેન્નાઈ સામે પંજાબની આ સતત પમી જીત છે. ટીમે વર્તમાન સિઝનમાં પ્રથમ વખત સતત બીજી મેચ જીતી છે. આ જીત સાથે પંજાબે પ્લેઓફમાં પહોંચવાની આશા જાળવી રાખી છે. ટીમ ૨ પોઈન્ટ સાથે ૭મા સ્થાને આવી ગઈ છે. ૪ જીત બાદ પંજાબના કુલ ૮ પોઈન્ટ છે.

ચેન્નાઈના એમએ ચિદમ્બરમ સ્ટેડિયમમાં બુધવારે પંજાબે ટોસ જીતીને બોલિંગ કરવાનું પસંદ કર્યું હતું. ચેન્નાઈએ ૨૦ ઓવરમાં ૭ વિકેટે ૧૬૨ રન બનાવ્યા હતા. જવાબમાં પંજાબે ૧૭.૫ ઓવરમાં ૩ વિકેટે ટાર્ગેટ હાંસલ કરી લીધો હતો. હરપ્રીત બ્રાર પ્લેયર ઓફ ધ મેચ રહ્યો હતો. તેણે ૧૭ રન આપીને ૨ વિકેટ ઝડપી હતી.

ખેલાડીઓનું પ્રદર્શન: ગાયકવાડ દ્વારા ફિફ્ટી

CSKના કેપ્ટન રુતુરાજ ગાયકવાડે ૪૮ બોલમાં ૬૨ રન બનાવ્યા. તેણે સિઝનમાં તેની ચોથી અડધી સદી ફટકારી હતી. ગાયકવાડ સિવાય અજિંક્ય રહાણેએ ૨૯ રન અને સમીર રિઝવીએ ૨૧ રનનું યોગદાન આપ્યું હતું. હરપ્રીત બ્રાર અને રાહુલ ચહરે ૨-૨ વિકેટ લીધી હતી. કાગીસો રબાડા અને અર્શદીપ સિંહને એક-એક વિકેટ મળી હતી.

પીબીકિએસના ઓપનર જોની બેયરસ્ટોએ ૪૬ રનની મહત્વની ઇનિંગ રમી હતી અને રિલે રૂસોએ ૪૩ રનની ઇનિંગ્સ રમી હતી. કેપ્ટન સેમ કુરન ૨૬ રને અને શશાંક સિંહ ૨૫ રને અણનમ પરત ફર્યા હતા. શાર્દુલ ઠાકુર, રિચર્ડ ગ્લીસન અને શિવમ દુબેને એક-એક વિકેટ મળી હતી.

રસપ્રદ હકીકત

★ પંજાબે IPLમાં ચેન્નાઈને સતત પમી વખત હરાવ્યું છે. ૨૦૨૧ની સિઝનથી ચેન્નાઈ ટીમને હરાવી શકી નથી.

★ એમએસ ધોની વર્તમાન સિઝનમાં પ્રથમ વખત આઉટ થયો છે. તે છેલ્લી ૭ ઇનિંગ્સમાં અણનમ રહ્યો હતો.

મહારાષ્ટ્ર: સંજય નિરુપમની ૨૦ વર્ષ પછી શિવસેનામાં ઘર વાપસી, CM શિંદેની હાજરીમાં પાર્ટીમાં જોડાશે

મુંબઈ : કોંગ્રેસમાંથી હાંકી કાઢવામાં આવેલા સંજય નિરુપમ ટૂંક સમયમાં મુખ્યમંત્રી એકનાથ શિંદેના નેતૃત્વમાં શિવસેનામાં જોડાશે. નિરુપમ ૨૦૦૫માં કોંગ્રેસમાં જોડાયા અને મહારાષ્ટ્ર પ્રદેશ કોંગ્રેસ સમિતિના જનરલ સેક્રેટરી તરીકે નિયુક્ત થયા હતા.

તેમણે ૨૦૦૯ની ચૂંટણીમાં મુંબઈ ઉત્તર લોકસભા બેઠક પરથી જીત મેળવી હતી. જેમાં તેમણે ભાજપના દિગ્ગજ નેતા રામ નાઈકને મામૂલી અંતરથી હરાવ્યા હતા. જો કે, ૨૦૧૪માં તેમને આ જ મતવિસ્તારમાંથી ભાજપના ગોપાલ શેટ્ટી સામે કારમી હારનો સામનો કરવો પડ્યો હતો. ૨૦૧૭ની મુંબઈ મ્યુનિસિપલ ચૂંટણીમાં પાર્ટીની હાર બાદ નિરુપમે મુંબઈ કોંગ્રેસના અધ્યક્ષ પદેથી રાજીનામું આપ્યું હતું.



કોંગ્રેસે ગયા મહિને નિરુપમને અનુશાસનહીન અને પક્ષ વિરોધી નિવેદનો બદલ છ વર્ષ માટે હાંકી કાઢ્યા હતા. મુખ્યમંત્રી એકનાથ શિંદેએ બુધવારે શિવસેના અધિકારીઓની બેઠક બાદ કહ્યું કે સંજય નિરુપમ ટૂંક સમયમાં શિવસેનામાં જોડાશે.

મૂળ બિહારના નિરુપમે ૧૯૯૦ના દાયકામાં પત્રકારત્વ દ્વારા રાજકારણમાં પ્રવેશ કર્યો હતો. આ પછી, બાળ ઠાકરેના સમયમાં, સંજય નિરુપમ શિવસેનાના મુખપત્ર સામનાના સંપાદક બન્યા. તેમના કામથી પ્રભાવિત થઈને શિવસેના પ્રમુખ બાળ ઠાકરેએ તેમને ૧૯૯૬માં રાજ્યસભામાં મોકલ્યા. જોકે, ૨૦૦૫માં તેમને રાજ્યસભાના સભ્ય પદેથી રાજીનામું આપવાનું કહેવામાં આવ્યું ત્યારે તેમને આંચકો લાગ્યો હતો. આ પછી મતભેદો વધ્યા અને નિરુપમ શિવસેના છોડીને કોંગ્રેસમાં જોડાયા. તે જ સમયે, હવે તેમને ગયા મહિને કોંગ્રેસ દ્વારા હાંકી કાઢવામાં આવ્યા હતા.

દક્ષિણ આફ્રિકા અને ઈંગ્લેન્ડએ T20 વર્લ્ડ કપ માટે ટીમોની જાહેરાત કરી

એનરિકની વાપસી, ટીમમાં બે નવા ચહેરાનો સમાવેશ



જોહાનિસબર્ગ : દક્ષિણ આફ્રિકાએ મંગળવારે T20 વર્લ્ડ કપ માટે તેની ૧૫ સભ્યોની ટીમની જાહેરાત કરી છે. આમાં ફાસ્ટ બોલર એનરિક નોર્ટજે ઇજાને કારણે નવ મહિના પછી આંતરરાષ્ટ્રીય ક્રિકેટમાં પરત ફર્યો હતો. બે અનકેપ્ડ ખેલાડીઓ રેયાન રિકલટન અને ઓટનીએલ બાર્ટમેનને પણ ટીમમાં સ્થાન મળ્યું છે. પીઠની ઈજાને કારણે નોર્કિયા સપ્ટેમ્બરથી દક્ષિણ આફ્રિકા માટે રમ્યો નથી. તે આઈપીએલમાં દિલ્હી તરફથી રમે છે.

માર્કરામ કપ્તાન રહેશે

કેપ્ટન તરીકે નિયુક્ત થયા બાદ એઇડન માર્કરામ પ્રથમ વખત વર્લ્ડ કપમાં દક્ષિણ આફ્રિકાની ટીમનું નેતૃત્વ કરશે. રિકલટન SA20 ની બીજી સિઝનમાં MI કેપટાઉન માટે રમ્યો હતો અને ૫૮.૮૮ ની સરેરાશથી ૫૩૦ રન સાથે ટૂર્નામેન્ટનો ટોચનો સ્કોરર હતો. બાર્ટમેને ડિફેન્ડિંગ ચેમ્પિયન સનરાઈઝર્સ ઈસ્ટર્ન કેપ માટે આઠ મેચમાં ૧૮ વિકેટ લીધી હતી. તે હાલમાં આઈપીએલમાં દિલ્હી કેપીટલમાં રમે છે.

દક્ષિણ આફ્રિકાની ટીમના કોચ રોબ વોલ્ટરે પણ વર્લ્ડ કપ પહેલા વેસ્ટ ઈન્ડિઝ સામેની ત્રણ મેચની T20 શ્રેણી માટે ટીમની જાહેરાત કરી હતી. IPLમાં રમતા ખેલાડીઓની ઉપલબ્ધતાના આધારે મેનેજમેન્ટ તેમાં ફેરફાર કરશે. કામચલાઉ ટીમ પ્રિટોરિયામાં શિબિરમાં ભાગ લેશે ત્યારબાદ અંતિમ ટીમની જાહેરાત કરવામાં આવશે.

ટીમ: માર્કરામ (કેપ્ટન), ઓટ્ટનીલ બાર્ટમેન, ગેરાલ્ડ કોએત્ઝી, ક્વિન્ટન ડી કોક, બ્યોર્ન ફોર્ટ્યુન, રીઝા હેંડ્રિક્સ, હેનરિક ક્લાસેન, માર્કો જેન્સેન, કેશવ મહારાજ, ડેવિડ મિલર, કાગીસો રબાડા, રેયાન રિકલટન, તબરેઝ શમ્સી, એનરિચ નોર્કિયા અને ટ્રિસ્ટાનબ્સ. અનામત: નંદ્રે બર્જર, લુંગી એનગીડી.

આર્ચરને ૧૪ મહિના પછી તક મળી, બટલરને કમાન મળી

લંડન : ફાસ્ટ બોલર જોફ્રા આર્ચરને ૨૦૨૦ વર્લ્ડ કપ માટે ડિફેન્ડિંગ ચેમ્પિયન ઈંગ્લેન્ડની ટીમમાં જગ્યા મળી છે. આનાથી તેના ૧૪ મહિના બાદ આંતરરાષ્ટ્રીય ક્રિકેટમાં વાપસીનો રસ્તો સાફ થઈ ગયો છે. ઈંગ્લેન્ડ અને વેલ્સ ક્રિકેટ બોર્ડે મંગળવારે ૨ જૂનથી અમેરિકા અને વેસ્ટ ઈન્ડિઝમાં યોજાનારી ટુર્નામેન્ટ માટે ટીમની જાહેરાત કરી હતી. કમાન તરીકે બટલરની પસંદગી થઈ છે.

તેમના નેતૃત્વમાં ઈંગ્લેન્ડે ૨૦૨૨માં ઓસ્ટ્રેલિયામાં ખિતાબ જીત્યો હતો. આર્ચર છેલ્લી મેચ માર્ચ ૨૦૨૩માં બાંગ્લાદેશ સામે ટી-૨૦ શ્રેણી દરમિયાન રમ્યો હતો. આ ૨૯ વર્ષીય ઝડપી બોલર ત્રણ મેચમાં ચાર વિકેટ સાથે તે શ્રેણીમાં ઈંગ્લેન્ડનો સૌથી સફળ બોલર હતો. ત્યારથી, જો કે, આર્ચર તેની જમણી કોણીમાં સ્ટ્રેસ ફ્રેક્ચરના કારણે ટીમની બહાર છે.

હાર્ટલી નવો ચહેરો: ટીમમાં લેન્કેશાયરના ઓલરાઉન્ડર ટોમ હાર્ટલી એકમાત્ર એવો ખેલાડી છે જેણે T-20 ઈન્ટરનેશનલ મેચ રમી નથી. દરમિયાન, બટલર અને લિયામ લિવિંગસ્ટોન (રાજસ્થાન રોયલ્સ), મોઈન અલી (ચેન્નઈ સુપર કિંગ્સ), જોની બેરસ્ટો અને સેમ કુરાન (પંજાબ કિંગ્સ), ફિલ સોલ્ટ (કોલકાતા નાઈટ રાઈડર્સ), વિલ જેક્સ અને રીસ ટોપલી (રોયલ ચેલેન્જર્સ બેંગ્લોર) રમશે.

ટીમ: જોસ બટલર (કેપ્ટન), મોઈન અલી, જોફ્રા આર્ચર, જોની ટિમ બેરસ્ટો, હેરી બ્રુક, સેમ કુરાન, બેન ડકેટ, ટોમ હાર્ટલી, વિલ જેક્સ, ક્રિસ જોર્ડન, લિયામ લિવિંગસ્ટોન, આદિલ રશીદ, ફિલ સોલ્ટ, રીસ ટોપલી અને માર્ક વુડ.

ભારતમાં નોકરીયાતોની સંખ્યા ૫૮ કરોડ

એક વર્ષમાં પાંચ ટકાનો વધારો: રિઝર્વ બેન્કના રિપોર્ટમાં અંદાજ

નવી દિલ્હી તા.૨

આર્થિક ક્ષેત્રે અસામાન્ય વિકાસ સાધી રહેલા ભારતમાં નોકરીયાત વર્ગની સંખ્યામાં મોટો વધારો છે. નાણાંકીય વર્ષ ૨૦૨૨-૨૩ માં નોકરીયાતોની સંખ્યા પાંચ ટકા વધીને ૫૮ કરોડે પહોંચી હોવાનું રીઝર્વ બેન્ક દ્વારા તૈયાર કરાયેલા અનુમાન રીપોર્ટમાં બહાર આવ્યું છે.

રિઝર્વ બેન્કનાં રીપોર્ટનાં પ્રાથમિક નિષ્કર્ષોમાં એમ કહેવાયું છે કે ૨૦૨૧-૨૨ માં ભારતમાં નોકરીયાતોની સંખ્યા ૫૫.૩ કરોડ હતી તે ૨૦૨૨-૨૩ માં ૩ કરોડ વધી ગઈ છે. છેલ્લા પાંચ વર્ષમાં ૧૧ કરોડ નવી નોકરી સર્જાઈ છે. ૨૦૧૭-૧૮ માં નોકરીયાતોની સંખ્યા ૪૭ કરોડ હતી. ૨૦૨૧-૨૨ ના આંકડા પ્રમાણે સૌથી વધુ ૨૩.૭ કરોડ નોકરી-રોજગારી કૃષિ અને તેને સંલગ્ન ક્ષેત્રોમાં રહી છે. આ સિવાય બાંધકામ ક્ષેત્રમાં ૬.૮ કરોડ તથા વ્યાપાર-ઉદ્યોગમાં ૬.૩ કરોડ રોજગારીનું સર્જન થયુ હતું. સૌથી ઓછી ૩.૨૪ લાખ રોજગારી-નોકરી પેટ્રોલીયમ ઉત્પાદન તથા તેને સંલગ્ન ક્ષેત્રમાં ઉભી થઈ હતી. પ્લાસ્ટીક ઉદ્યોગમાં ૧૩ લાખથી વધુ નોકરી સર્જાઈ હતી.

બેંગ્લોરની ડો.બી.આર.આંબેડકર સ્કુલ ઓફ ઈકોનોમિકસ યુનિવર્સીટીનાં કુલપતિ પ્રો.એન.આર.ભાનુમૂર્તિએ કહ્યું કે બે વર્ષનાં ગાળા દરમ્યાન નોકરીઓમાં ૨.૭ કરોડની અંદાજીત વૃધ્ધિ મોટી સંખ્યા છે. ખાસ કરીને કોરોનાકાળમાં સંગઠીત તથા અસંગઠીત એમ બન્ને ક્ષેત્રો પ્રભાવીત થયા હતા. ત્યારે આ સંખ્યા મહત્વપૂર્ણ છે.

જાણીતા અર્થશાસ્ત્રી તથા ઈન્ટરનેશનલ ગ્રોથ સેન્ટરનાં ભારતના પૂર્વ વડા પ્રોનલ સેને કહ્યું કે ગત વર્ષોમાં કોરોનાને કારણે રોજગારીને મોટો ફટકો પડયો હતો તેને કારણે બેરોજગારી દર ૩ ટકાથી વધીને ૯ ટકા થયો હતો.

મહામારી દરમ્યાન બંધ થયેલી નોકરીઓ-રોજગારી ફરી ખુલ્લી હોવાનું માની શકાય છે.

મોદી કમલમમાં; વધુ મતદાન, વહેલું મતદાન, રાજય ભાજપ માટે જીતનો મંત્ર બની રહેશે

વ્યસ્ત ચુંટણી પ્રવાસ બાદ પ્રદેશ વડામથકે મુખ્યમંત્રી, પ્રદેશ પ્રમુખ અને અગ્રણીઓ સાથે હળવી પળો માણતા વડાપ્રધાનઃ સૌરાષ્ટ્રમાં આજની સભા અંગે પણ ચર્ચા થઈ હોવાના સંકેત

રાજકોટ: ગુજરાત ચુંટણી પ્રવાસે આવેલા વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદીએ ગઈકાલે ગુજરાતની પાંચ લોકસભા બેઠકોને આવરી લેતી જાહેર સભામાં ભાજપના પ્રચારને એક નવી ઉંચાઈએ પહોંચાડયા પછી આજે તેઓ સૌરાષ્ટ્રમાં સુરેન્દ્રનગર-જુનાગઢ અને જામનગરમાં પણ સભાને સંબોધી રહ્યા છે તે પુર્વે કાલે સાંજે તેઓ ગાંધીનગરમાં રાત્રી રોકાણ કર્યુ હતું અને ગુજરાત ભાજપના વડામથક 'કમલમ' પહોંચ્યા હતા. શ્રી મોદી છેલ્લે વિધાનસભા ચૂંટણી સમયે પણ તેમના જ ગુજરાતના મુખ્યમંત્રી તરીકેના કાર્યકાળમાં નિર્મિત થયેલા આ પ્રદેશ વડામથકની મુલાકાતે પહોંચ્યા હતા અને કાલે તેઓ પહોંચ્યા તે સમયે મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલ, પ્રદેશ પ્રમુખ સી.આર.પાટીલ તથા પ્રદેશ અગ્રણી શ્રી સુરેન્દ્રભાઈ પટેલ (સુરેન્દ્રકાકા) ગૃહ રાજયમંત્રી હર્ષ સંઘવી અને કમલમમાં કાર્યરત ભાજપના અગ્રણીઓ તથા કાર્યકર્તાઓએ વડાપ્રધાનનું સ્વાગત કર્યુ હતું. શ્રી મોદી પહેલા કમલમમાં પક્ષના નેતાઓ, કાર્યકર્તાઓ વચ્ચે થોડી હળવી પળો માણી હતી અને અહીથી રાજયભરમાં જે રીતે ચુંટણી સંચાલન થઈ રહ્યું છે તે અંગે માહિતી મેળવી હતી અને જૂના કર્મચારીઓને પણ તેમના સ્વાસ્થ્ય વિ.ની માહિતી મેળવી હતી. શ્રી મોદી અને ગુજરાત ભાજપના કાર્યકર્તાઓ વચ્ચે એક અત્યંત હૃદયસભર નાતો છે તે ગઈકાલે પણ ફરી જોવા મળ્યું બાદમાં તેઓએ મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલ તથા પ્રદેશ પ્રમુખ સી.આર.પાટીલ સાથે બેસીને ગુજરાતના ચુંટણી ચિત્ર અંગે માહિતી મેળવી હતી. ખાસ કરીને જે રીતે રાજયમાં કેટલીક બેઠકોમાં ક્ષત્રિય આંદોલનની અસર હોવાની ચર્ચા છે તે અંગે પણ રાજયના વરિષ્ઠ નેતાઓ પાસેથી ફીડબેક મેળવ્યા હોવાનો સંકેત છે અને આજે સૌરાષ્ટ્રમાં તેમની સભામાં તેનો પ્રતિભાવ પણ જોઈ શકાતો હતો. શ્રી મોદીના આજના સૌરાષ્ટ્ર પ્રવાસથી ભાજપનું ચુંટણી ચિત્ર વધુ પ્રભાવી થઈ જશે તેઓ પક્ષના નેતાઓને વિશ્વાસ છે.

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ લોકસભા ચૂંટણીમાં સૌરાષ્ટ્રની ત્રણ સભાઓના આધારે સમગ્ર સૌરાષ્ટ્રની તમામ લોકસભા બેઠકને આવરી લેવા પ્રયાસ કર્યો છે. જૂનાગઢ તેમજ સુરેન્દ્રનગર તેમજ જામનગરમાં વડાપ્રધાનની સભાને કારણે રાજકોટ, પોરબંદર, અમરેલીની બેઠકોને પણ સંદેશ જશે. અગાઉ ગૃહમંત્રી અમીત શાહ જામકંડોરણા આવ્યા હતા અને આ રીતે પોરબંદર લોકસભા બેઠક પર કેન્દ્રીય મંત્રી ચુંટણી લડી રહ્યા છે તેમના માટે પ્રચાર કર્યો હતો. વડાપ્રધાનની આ સભાઓને કારણે સૌરાષ્ટ્ર અને ગુજરાતમાં ફરી એક વખત મોદીનો ક્રેઝ છવાઈ જશે અને જે કંઈ વિવાદોને કારણે ભાજપ માટે થોડુ ડિફેન્સીવ રહેવું પડયું હતું પણ વડાપ્રધાને આક્રમક પ્રવચન આપીને પ્રજાને સ્પષ્ટ સંદેશો મોકલી આપ્યો છે અને હવે છેલ્લા દિવસોના પ્રચારમાં તેની ઝલક જોવા મળશે.

ચૂંટણી સ્ટાફની અવર-જવર માટે એસ.ટી નિગમ રાજયભરમાં ૪૩૦૦ બસોની ફાળવણી કરશે

રાજકોટ એસ.ટી.વિભાગ પણ તા.૬ અને ૭નાં રોજ ૮૬-બસો ફાળવશે

રાજકોટ,તા.૨

હાલ રાજકોટ સહિત રાજય ભરમાં વેકેશન અને લગ્ન ગાળાની સિઝન અંતર્ગત બસો ચિક્કાર દોડી રહી છે. અને વ્યાપક ટ્રાફિક નિકળ્યો છે.ત્યારે, આગામી તા.૬ અને ૭નાં રોજ આ ટ્રાફિકમાં થોડી બ્રેક લાગી જશે કારણ કે લોકસભાની ચૂંટણીમાં ફરજ બજાવનાર હજારો સરકારી કર્મચારીઓને પોલીંગ બુથ સુધી મતદાન સામગ્રી સાથે પહોંચાડવા અને ત્યાંથી પરત લાવવા માટે એસ.ટી.નિગમની ૫૦-ટકા જેટલી બસો રોકાઈ જવાની છે. અત્રે ઉલ્લેખનીય છે કે, મોટા ભાગે ચૂંટણીઓ વધુ પોલીંગ સ્ટાફની અવર-જવર માટે એસ.ટી.ની સંખ્યા બંધ બસો રોકી લેવામાં આવે છે ત્યારે, હવે ગુજરાતમાં, આગામી તા.૭ મેના રોજ લોકસભા ચૂંટણીનું મતદાન થનાર છે.અને આ ચૂંટણીમાં ફરજ બજાવનાર હજારો સરકારી કર્મચારીઓની અવર-જવર માટે એસ.ટી.નિગમ દ્વારા ૪૩૦૦ બસોની ફાળવણી જુદા-જુદા જિલ્લાઓમાં કરનાર છે.

એસટી નિગમનાં સુત્રો માંથી પ્રાપ્ત થતી વધુ વિગતો મુજબ જુદા-જુદા જિલ્લાઓમાં તા.૬ અને ૭નાં રોજ બસોની ફાળવણી કરી દેવામાં આવનાર છે.ઉલ્લેખનીય બાબતએ પણ છે કે રાજકોટ એસ.ટી.વિભાગ દ્વારા પણ પોલીંગ સ્ટાફની અવર-જવર માટે તા.૬ અને ૭નાં રોજ ૮૬-બસોની ફાળવણી કરનાર છે.

રાજકોટમાં વધુ એક હત્યા? ચોથા માળેથી નીચે પટકાતા યુવાનનું મોત : અંતિમ શ્વાસ લેતા સમયે કહ્યું 'મને કોઈએ ધક્કો માર્યો'

સ્ટર્લિંગ હોસ્પિટલ પાછળ આવેલ ધરમનગર ક્વાર્ટરમાં ગઈકાલે બપોરે બનેલી ઘટના : યુનિવર્સિટી પોલીસ દ્વારા તપાસનો ધમધમાટ

મૂળ ધ્રાંગધ્રાનો મૃતક વિપુલ ઉર્ફે વાસુદેવ ગુજ્જરને ૧૦૮માં લઈ જતા હતા ત્યારે અંતિમ કથન કહ્યું, બે સંતાનોએ પિતાની છત્રછાયા ગુમાવી

રાજકોટ, તા.૨

રાજકોટમાં વધુ એક હત્યા થઈ હોવાની શંકાએ પોલીસે તપાસ આદરી છે. ગઈકાલે બપોરે ચોથા માળેથી નીચે પટકાતા એક યુવાનનું મોત થયું હતું. જોકે મરતા પહેલા યુવાને કહ્યું હતું કે 'મને કોઈએ ધક્કો માર્યો હતો' જેને બનાવ હત્યાનો છે? કે કેમ ? તેને લઈ આંટી ઘૂંટી રચાઈ છે. રાજકોટની સ્ટર્લિંગ હોસ્પિટલ પાછળ આવેલ ધરમનગર ક્વાર્ટરમાં ગઈકાલે આ બનેલી બની હતી.

મૂળ ધ્રાંગધ્રાનો મૃતક વિપુલ ઉર્ફે વાસુદેવ ગુજ્જરને ૧૦૮માં લઈ જતા હતા ત્યારે અંતિમ કથન કહ્યું હતું. જેથી યુનિવર્સિટી પોલીસ દ્વારા તપાસનો ધમધમાટ શરૂ કરાયો છે. બે સંતાનોએ પિતાની છત્રછાયા ગુમાવતા પરિવારમાં કલ્પાંત છવાયો છે.

આ અંગે મળતી વિગત મુજબ, મૃતક વિપુલ ઉર્ફે વાસુદેવ માધાભાઈ ગુજ્જર (ઉ.વ.૩૫, રહે.ધરમનગર આવાસ ક્વાર્ટર, સ્ટર્લિંગ હોસ્પિટલ પાછળ, રાજકોટ) ગઈકાલે બપોરે ત્રણ વાગ્યા આસપાસ ધરમનગર આવાસના ચોથા માળે પોતાના ક્વાર્ટરમાં હતો. એ પછી તે અચાનક ચોથા માળેથી જમીન પર પટકાયો હતો. તેના બહેન પણ ત્યાં ક્વાર્ટરમાં રહેતા હોય કોઈએ તેને જાણ કરતા તેઓ દોડી ગયા હતા.

તત્કાલ કોઈએ ૧૦૮ને ફોન કર્યો હોય, એમ્બ્યુલન્સ આવી જતા તેમાં વિપુલને રાજકોટ સિવિલ હોસ્પિટલમાં લઈ જવામાં આવી રહ્યો હતો ત્યારે રસ્તામાં તેની બહેને પૂછ્યું કે, ભાઈ તે આવું કેમ કર્યું? ત્યારે વિપુલ બોલ્યો કે, હું જાતે નથી પડ્યો. કોઈએ મને ધક્કો માર્યો હતો.આ બાદ એમ્બ્યુલન્સના ડોક્ટરે કોણે ધક્કો માર્યો એવું પૂછતાં વિપુલે કહ્યું કે, મને ખબર કોણે ધક્કો માર્યો, પણ હું દવાખાને જઈને કહીશ. આટલી વાત થયા બાદ સિવિલ હોસ્પિટલમાં લાવતા વિપુલે દમ તોડી દીધો હતો. ડોકટર અને મૃતકના બહેને અંતિમ કથન સાંભળ્યું હોય, પોલીસને જણાવતા યુનિવર્સિટી પોલીસે વધુ તપાસ હાથ ધરી છે.

મૃતક મજૂરી કરતો, તેને સંતાનમાં ૧ દીકરી અને એક દીકરો છે. તે ૩ ભાઈ અને બે બહેનમાં નાનો હતો. તેઓ મૂળ ધ્રાંગધ્રાના વતની હતા.

પોલીસ તપાસમાં મૃતક પીધેલો હોવાના નિવેદન મળ્યા

યુનિવર્સિટી પોલીસના અધિકારીઓએ જણાવ્યા મુજબ, ધરમનગરમાં વિપુલ ઉર્ફે વસુદેવના મોત બાદ તપાસ હાથ ધરવામાં આવી હતી. બનાવ વખતે હાજર લોકોએ મૃતક નશામાં હોવાનું જણાવ્યું હતું. ઉપરાંત એમ્બ્યુલન્સના ડોકટરને પૂછતાં તેમણે પણ જણાવેલ કે, મૃતક નશામાં હતું તેવું લાગતું હતું. તે ઘડીક પોતે પડી ગયો એમ વાત કરતો હતો અને ધકો માર્યો એવી બે વાતો કરી રહ્યો હતો. ઉપરાંત મૃતકની પત્નીના આક્ષેપો છે. જેને પગલે પત્ની અંગે જાણવા મળેલ કે, તેણી ૨૦ દિવસથી રિસામણે ધ્રાંગધ્રા હતી. એટલે પોલીસ હાલ તુર્ત હત્યાના નિષ્કર્ષ પર આવી નથી. હજુ વધુ તપાસ હાથ ધરવામાં આવી છે.

રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુએ રામમંદિરમાં પૂજા-અર્ચના કરી

ભગવાન શ્રીરામની જન્મભૂમિ અયોધ્યામાં નિર્મિત અતિ ભવ્ય રામમંદિરનાં દર્શને દેશ વિદેશમાંથી લાખો હરિભકતો પહોંચી રહ્યા છે. ભારતના રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુએ પણ રામમંદિરનાં ગર્ભગૃહમાં પૂજા-અર્ચના કરી હતી.દર્શન પૂર્વે પવિત્ર સરયુ આરતીમાં સામેલ થયા હતા અને હનુમાનમઢી મંદિરમાં પણ પૂજા કરી હતી. રામમંદિર પ્રાણ પ્રતિષ્ઠા બાદ તેઓ પ્રથમ વખત અયોધ્યા ગયા હતા.

વેસ્ટર્ન ડિસ્ટર્બન્સઃ સવારથી આંશિક વાદળીયું હવામાન

હજુ બે દિવસમાં રાજયમાં વિવિધ સ્થળોએ વાદળીયુ વાતાવરણ રહેશેઃ તા.૫ થી ફરી ગરમી વધશેઃ તા.૭મે મતદાનનાં દિવસે પારો ૪૨ થી ૪૪ ડિગ્રી સુધી પહોંચી જશે

રાજકોટ,તા.૨

રાજકોટ સહિત રાજયમાં અનેક સ્થળોએ આજે સવારથી વેસ્ટર્ન ડિસ્ટર્બન્સની, અસર હેઠળ આંશિકવાદળ છાયું હવામાન છવાયું હતું.અને આવું વાતાવરણ હજુ બે દિવસ સુધી છવાયેલુ રહેશે અને મહત્તમ તાપમાન ૪૦ થી ૪૧ ડિગ્રી વચ્ચે રહેશે. બાદમાં તા.૫થી ફરી તાપમાન વધવા પામશે.ખાસ કરીને તા.૭ને મતદાનનાં દિવસે હિટવેવની અસર હેઠળ અનેક સ્થળે ૪૨ થી ૪૩ ડિગ્રી તાપમાન રહેશે.તેમજ સુરેન્દ્રનગર અમરેલીમાં, ૪૪ ડિગ્રી સુધી તાપમાન પહોંચી જશે તેમ હાજર હવામાન વિભાગે એક આગાહીમાં જણાવેલ છે.જામનગર શહેરમાં આજે સતત બીજા દિવસે પણ મહતમ તાપમાનનો પારો ૩૮ ડિગ્રી રહ્યો હતો.જો કે સવારથી વાદળછાયું વાતાવરણ હતું.જ્યારે પવનની ગતિ ૧૦.૪ નોંધાઇ હતી.ત્યારે બપોરના સમયે ઉનાળાના સૂર્યનારાયણના આકરા મિજાજથી અંગ દઝાડતા તાપનો અહેસાસ લોકોએ કર્યો હતો.

શહેરમાં મહતમ તાપમાન ૩૮ ડિગ્રી નોંધાયુ હતુ.જયારે પવનની નોંધપાત્ર ઝડપ સાથે ભેજનુ પ્રમાણ વધતા લોકોએ બપોરે ઉકળાટનો અનુભવ કર્યો હતો. જામનગરમા છેલ્લા એકાદ સમાહથી મહતમ તાપમાનમાં ક્રમશ વધારો જોવા મળી રહયો છે. ચૈત્ર માસમાં સુર્યનારાયણે આગવો મિજાજ દર્શાવતા આકરી ગરમીનુ જોર ઉત્તરોત્તર વધી રહયુ છે. શહેરમાં દિવસનુ તાપમાન વધવાની સાથે વેગીલા વાયરા, ફૂંકાતા ખાસ કરી બપોરના સુમારે લોકો અંગ દઝાડતા તાપ સાથે લૂ વર્ષાનો અહેસાસ કર્યો હતો. જોકે,બપોર બાદ પવનના યથાવત જોરના કારણે મોડીસાંજે વાતાવરણમાં થોડી ટાઢક પ્રસરતા શહેરીજનોએ રાહત અનુભવી હતી.શહેરમાં મહતમ તાપમાન ૩૮.૬ ડિગ્રી અને લઘુતમ તાપમાન ૨૪ ડિગ્રી નોંધાયુ હતુ.જયારે ભેજનુ પ્રમાણ

(અનુસંધાન છઠ્ઠા પાને)

કોંગ્રેસના ઉમેદવાર પરેશ ધાનાણીના 'હરખપદુડા' નિવેદન સામે ચૂંટણીપંચની તપાસ

ડે.કલેકટરને તપાસ સોંપતા કલેકટર પ્રભવ જોશીઃ ચૂંટણી જાહેરનામા બાદ આચારસંહિતા ભંગની ૩૦૪ ફરિયાદો

રાજકોટ તા.૨

રાજકોટ લોકસભા બેઠકના ચૂંટણી પ્રચારમાં ભાજપના પરસોતમ રૂપાલા બાદ હવે કોંગ્રેસના ઉમેદવાર પરેશ ધાનાણીના 'હરખપદુડા' ચર્ચાસ્પદ નિવેદને ખાસ્સી ચર્ચા જગાવી દીધી છે. આ અંગે ચૂંટણીપંચ દ્વારા તપાસ શરૂ કરી દેવામાં આવી છે.

જીલ્લા ચુંટણી અધિકારી અને કલેકટર પ્રભવ જોશીએ આ મામલે જણાવ્યું હતું કે રાજકોટ લોકસભા બેઠકના કોંગ્રેસના ઉમેદવાર પરેશ ધાનાણીએ ચૂંટણી પ્રચાર દરમ્યાન કરેલા 'હરખપદુડા' નિવેદનના મામલે તેઓ દ્વારા ડે.કલેકટરને તપાસ સોંપવામાં આવી છે. આ અંગે ફરીયાદ મળતા જ તપાસની કામગીરી શરૂ કરાયેલ છે.

અહીં એ ઉલ્લેખનીય છે કે રાજકોટમાં તાજેતરમાં કોંગ્રેસની એક સભા દરમ્યાન કોંગ્રેસના ઉમેદવાર પરેશ ધાનાણીએ તેમના પ્રવચનમાં જણાવ્યું હતું કે અમારા પેટલો અને બાપુઓએ 'હરખપદુડા' થઈ ભાજપને વટવૃક્ષ બનાવવા માટે સિંચન કર્યુ હતું. આ જ ભાજપે ૨૦૧૫માં અમારે અખતરો

કરવાનો થયો ત્યારે ખબર પડી કે વાંસા ફાટી ગયા. શહેરના વોર્ડ નં.૫માં કોંગ્રેસની સભા દરમ્યાન પરેશ ધાનાણીએ તેમના પ્રવચનમાં પાટીદાર આંદોલનને યાદ કરી આ પ્રવચન આપ્યુ હતું. જેમાં તેઓએ હાલના ક્ષત્રિય સમાજના આંદોલનને પણ આવરી લીધુ હતું. પરેશ ધાનાણીના આ હરખપદુડા નિવેદન સામે ભાજપે આચારસંહિતા ભંગની ફરીયાદ કરતા જીલ્લા ચૂંટણી અધિકારી દ્વારા આ મામલે તપાસ શરૂ કરવામાં આવી છે.

લોકસભાની ચૂંટણીનું જાહેરનામુ પ્રસિધ્ધ થયા બાદ અત્યાર સુધીમાં સી વિઝીલ-એપ મારફતે જીલ્લા ચૂંટણીપંચ દ્વારા અત્યાર સુધીમાં ૩૦૫ જેટલી આચારસંહિતાની ફરીયાદો મળી છે. જેમાં સૌથી વધુ ૧૩૨ ફરીયાદો રાજકોટ વિસ્તારમાંથી મળી છે જયારે જસદણ વિસ્તારમાંથી આચાર સંહિતાની ૭ ફરીયાદો મળી છે.

કાલે કોંગ્રેસના રાષ્ટ્રીય પ્રમુખ મલ્લીકાર્જુન ખડગે રાજકોટમાંઃ બોટાદમાં સુનીતા કેજરીવાલનો રોડ-શો

રાજકોટ તા.૨

રાજકોટ સહિત રાજયભરની લોકસભાની ૨૬ (એક બિનહરીફ) અને વિધાનસભાની પાંચ બેઠકોની આગામી તા.૭ મેના આયોજીત કરાયેલ ચુંટણીના આડે હવે માત્ર ચાર દિવસ જ બાકી રહ્યા છે ત્યારે મતદારોને રીઝવવા માટે રાજકીય પક્ષોના રાષ્ટ્રીય નેતાઓ ચુંટણીસભા ગજાવી રહ્યા છે.

જેમાં આવતીકાલે તા.૩ને શુક્રવારના રોજ કોંગ્રેસના રાષ્ટ્રીય પ્રમુખ મલ્લીકાર્જુન ખડગે રાજકોટની મુલાકાત લઈ ત્રિકોણબાગ ખાતે સવારના ૧૦ કલાકે જંગી જનસભાને સંબોધીત કરનાર છે. જયારે આજે દિલ્હીના મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલના પત્ની સુનીતા કેજરીવાલે બોટાદ ખાતે રોડ શો કર્યો હતો.

સુનીતા કેજરીવાલ તેમના નિર્ધારિત સમય કરતા બોટાદ ખાતે થોડા મોડા આવી પહોંચેલ હતા છતાં તેઓએ બોટાદ ખાતે જંગી રોડ શો કરી જનમેદનીનું અભિવાદન ઝીલ્યુ હતું. જયારે આવતીકાલે કોંગ્રેસના રાષ્ટ્રીય પ્રમુખ મલ્લીકાર્જુન ખડગે રાજકોટની મુલાકાતે આવી પહોંચનાર છે જેઓ સવારના ૧૦ કલાકે ત્રિકોણબાગ ખાતે સભા સંબોધન કરશે.

યુ-ફોમ ગાદલા સોફા મટીરીયલ્સ
વ્યાજબી ભાવે છુટક તથા જથ્થાબંધ મળશે
આપની ડીઝાઈન મુજબ સોફાસેટ બનાવી આપીશું
લાલા ફોમ એજન્સી
પ્રજ્ઞ આર્કેડ, ૨-ભક્તિનગર સ્ટેશન રોડ, બેંક ઓફ બરોડાની બાજુમાં, રાજકોટ.
સંપર્ક : 98253 60033, 98242 18687

દરેક કારની ચીપ (સેન્સર)વાળી ચાવી
રાજુ ભુતખાના ચોક, રાજકોટ
ડીજીટલ મો.: ૯૮૨૫૨ ૭૭૧૬૯

ઓફિસ સ્ટાફ જોઈએ છે
ઓફિસ કલાર્ક 3 M/F
કેશીયર 1 M
૧૨ પાસ, ગ્રેજયુએટ, ઓફિસ રૂટીન કામ તથા કોમ્પ્યુટર તથા એકાઉન્ટના જાણકાર, અનુભવીને પ્રથમ પસંદગી, વાહન હોવું જરૂરી, સ્વહસ્તે અરજી સાથે રૂબરૂ મળવું
કામકાજનો સમય : સવારે ૮:૩૦ થી રાત્રે ૮:૩૦ સુધી
આશાપુરા એન્ટરપ્રાઈઝ
P-રોડ, રાજાવીર ફાઉન્ડ્રીની બાજુમાં, કીર્તી પેકેઝીંગની સામે આજી જી.આઈ.ડી.સી., રાજકોટ. મો. ૯૩૭૫૦ ૭૭૬૩૬
SIMPLE

કુબલીયાપરામાં કમળાની બિમારીથી પીડિત ૨૬ વર્ષના યુવકનું મોત

હાર્ડવેરનું કામ કરતા સુનિલ કુબાવતને છેલ્લા એક માસથી લીવરમાં તકલીફ ઉભી થઈ'તી : બે સંતાનોએ પિતાની છત્રછાયા ગુમાવતા પરીવારમાં અરેરાટી

રાજકોટ, તા. ૨

ઘણા સમયથી શહેરને રોગચાળાએ ભરડામાં લીધુ હોય તેમ ઝાડા-ઉલ્ટી, શરદી, ઉધરસ, કમળા જેવી બિમારીથી લોકોના જીવ થઇ રહ્યા હોય તેવું સામે આવી રહ્યું છે. ત્યારે આજે કુબલીયાપરામાં રહેતા ૨૬ વર્ષના સુનિલ કુબાવત નામના યુવકનું કમળાથી બીમારીથી મોત નિપજતા અરેરાટી વ્યાપી ગઇ હતી.

પ્રાપ્ત વિગત મુજબ કુબલીયાપરામાં લાખાજીરાજ, ઉદ્યોગનગર શેરી નં.૯માં રહેતા સુનિલભાઇ અશોકભાઇ કુબાવત (ઉ.વ.૨૬) આજે સવારે ૧૧ વાગ્યે પોતાના ઘરે હતો ત્યારે અચાનક બેભાન થઇ ઢળી પડયો હતો જેમને તાત્કાલીક સારવાર અર્થે સીવીલ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યો હતો.

પરંતુ સારવાર કારગત નિવડે તે પહેલા યુવકનું મોત નિપજયું હતું. બનાવ અંગે સીવીલ ચોકીના સ્ટાફે થોરાળા પોલીસને જાણ કરી હતી. વધુમાં મળેલ વિગત મુજબ મૃતક યુવક હાર્ડવેરનું કામ કરતો હતો અને તે છેલ્લા એક મહિનાથી લીવરની બીમારીમાં સપડાયો હતો. બાદમાં ૨૦ દિવસની કમળાની બિમારીમાં સપડાયો હતો. મૃતક બે ભાઇ ત્રણ બહેનમાં નાનો અને સંતાનમાં એક પુત્ર-પુત્રી છે. બે સંતાનોએ પિતાની છત્રછાયા ગુમાવતા પરિવારમાં કાળો કલ્પાંત છવાયો હતો.

નવલનગરમાં કડીયા કામ કરતી વખતે વીજ શોક લાગતા યુવકનું મોત

મૃતક હરેશ પરમાર કોટડાસાંગાણી પંથકનો વતની હતો

રાજકોટ, તા.૨

શહેરના નવલનગર શેરી નં.૨માં કડીયા કામ કરતી વખતે વીજ કરંટ લાગતા હરેશ ભીખાભાઇ પરમાર (ઉ.વ. ૩૫) નામના યુવકનું મોત થયું હતું.આ અંગે મળતી વિગત મુજબ આજે બપોરે ૧-૪૫ વાગ્યા આસપાસ હરેશ નવલનગરના એક મકાનમાં બાથરૂમની ટાઇલ્સ લગાવવાનું કામ કરતો હતો. લાદી કાપવા ગ્રાઇન્ડર ચાલુ કરતા જ તેને વીજ કરંટ લાગ્યો હતો. તત્કાલ રાજકોટ સિવિલ હોસ્પીટલમાં ખસેડતા અત્રે તેને મૃત જાહેર કરાયો હતો. બનાવના પગલે માલવીયાનગર પોલીસના વી.એન. પરમાર ટીમ સાથે દોડી આવેલા. મૃતક હરેશભાઇ અહીં રાજકોટ તેના મામાના ઘરે આવ્યો હતો જ્યાંથી મામાના દિકરા નરેશભાઇ સાથે નવલનગરમાં કડીયા કામ કરવા આવ્યો હતો. હરેશ કોટડા સાંગાણી નજીક આવેલા એક ગામમાં રહે છે તેને સંતાનમાં ત્રણ દિકરા છે. સંતાનોએ પિતાની છત્રછાયા ગુમાવતા પરિવારમાં શોક છવાયો છે.

અંધશ્રદ્ધામાં અટવાયેલી નર્સિંગ કોલેજની વિદ્યાર્થિનીએ આપઘાતનો પ્રયાસ કર્યો

રાજકોટ, તા.૨

રાજકોટમાં અંધશ્રદ્ધામાં અટવાયેલી નર્સિંગ કોલેજની વિદ્યાર્થિનીએ આપઘાતનો પ્રયાસ કર્યો હતો. ભુવા - ભારાડી પાસે અવારનવાર જતી હોય, પિતાને અણબનાવમાં કંઈક થઈ જશે તેવુ કોઈએ જણાવી દેતા ડર પેસી જતા ઝેરી દવા પીધી હતી.

બનાવની વિગત અનુસાર ભગવતીપરામાં રહેતી નર્સિંગ કોલેજની વિદ્યાર્થિનીએ ઝેરી દવા પી આપઘાતનો પ્રયાસ કર્યો હતો. આ અંગે તેઓનાં પિતાએ જણાવ્યું કે, તેની દીકરીના પીતરાઈ ભાઈએ અગાઉ આપઘાત કરી લીધો હતો. બાદ માનસીક રીતે તેઓને અંધ શ્રદ્ધાની ધારણા પેઠી ગઈ હતી. કે તેણીના પિતા સાથે પણ આવો બનાવ બનશે. જેને લઈને તેણી ભુવા પાસે પણ જતી હતી.

આવા વિચાર વાયુના કારણે વિદ્યાર્થિનીએ ગઈ કાલે મક્કમ ચોક પાસે ઝેરી દવા પી લીધી હતી. બાદ ચૌધરી હાઇસ્કૂલના ગ્રાઉન્ડમાં ઝેરી દવા પીધેલી હાલતમાં બેઠેલ હોય જેને સારવાર અર્થે રાજકોટ સિવિલ હોસ્પિટલમાં દાખલ કરવામાં આવી છે. તેણીનાં પિતા રાજકોટ કોર્પોરેશનમાં નોકરી કરે છે. તેણી ત્રણ બહેન અને એક ભાઈમાં મોટી છે. બનાવને લઈને તેઓનાં પરિવારમાં ચિંતાની લાગણી પ્રસરી છે.

ચાર દિવસ બાદ આજે ગિરનાર રોપ-વે શરૂ

પવનની ગતિ મંદ પડતા રોપ–વે શરૂ થયો : પ્રવાસીઓ ખુશ

ગોંડલના મોટીખીલોરી ગામનો બનાવ

ઝઘડો કરતાં મનોદિવ્યાંગ પુત્રને બેલાનો ઘા ઝીંકી હત્યા કરી પિતા અને ભાઈએ અંતિમવિધી પણ કરી નાખી

૩૫ વર્ષીય હરેશ ઉર્ફે રામો ગઈકાલે વ્હેલી સવારે જમવા બાબતે ઝઘડો કરતાં તેના પિતા બાબુ સોરઠીયા અને ભાઈ હસમુખે મારમારી જીવ લઈ લીધો

ગામના સરપંચ પરસોતમભાઈ ચોવટીયાને જાણ થતાં પોલીસને જાણ કરીઃ સુલતાનપુર પોલીસે હત્યાની કલમ હેઠળ ગુનો નોંધી આરોપીની ધરપકડ કરી

રાજકોટ. તા.૨

ગોંડલના મોટીખીલોરી ગામમાં ઝઘડો કરતાં મનોદિવ્યાંગ પુત્રને બેલાનો ઘા ઝીંકી હત્યા કરી પિતા અને ભાઈએ અંતિમવિધિ પણ કરી નાંખવાનો બનાવ સામે આવતાં ગામના સરપંચ પરસોતમભાઈ ચોવટીયાને જાણ થતાં પોલીસને જાણ કરતાં સુલતાનપુર પોલીસે હત્યાની કલમ હેઠળ ગુનો નોંધી આરોપીની ધરપકડ કરી હતી.

બનાવ અંગે ગોંડલના મોટીખીલોરી ગામના સરપંચ પરષોતમભાઇ વલ્લભાઇ ચોવટીયા (ઉ.વ.૭૪) એ નોંધાવેલ ફરીયાદમાં આરોપી તરીકે બાબુ બાવા સોરઠીયા અને હસમુખ બાબુ સોરઠીયા (રહે. બંને મોટીખીલોરી, ગોંડલ) નું નામ આપતાં સુલતાનપુર પોલીસે આઇપીસી કલમ ૩૦૨ હેઠળ ગુનો નોંધી આરોપી પિતા-પુત્રની ધરપકડ કરી હતી.

વધુમાં ફરિયાદીએ જણાવ્યું હતું કે, તેઓ મોટી ખીલોરી ગામના સરપંચ તરીકે સેવા આપે છે. ગઈકાલ સવારના છ વાગ્યાની આસપાસ ગામના સરદાર આવાસ હાઇસ્કુલની સામેના રોડના કામ માટે જે.સી.બી. ચાલતા હોય ત્યાં આંટો મારવા ગયેલ હતાં. ત્યાં વાતોવાતથી જાણવા મળેલ કે, ગામનો હરેશ ઉર્ફે રામો બાબુભાઇ સોરઠીયા (ઉ.વ.૩૫) વ્હેલી સવારે ગુજરી ગયેલ છે અને તેની અંતિમવિધી પણ પુરી થઇ ગયેલ છે. બાદમાં તેઓ બપોરના સમયે ગામમા જઈને તપાસ કરતા જાણવા મળેલ કે, મૃતક હરેશ અને તેના પિતા વચ્ચે કોઇ કારણે ઝઘડો થયેલ હતો.

જેથી મૃતક હરેશના પિતા બાબુ બાવા સોરઠીયાને મળેલ અને આ બનાવ બાબતે પુછતા તેમને વાત કરેલ કે, ગઇ તા. ૩૦/૦૪/૨૦૨૪ ના હું આખો દિવસ આપણા ગામના હરેશભાઈ જાદવની વાડીએ મજુરી કામ કરતો હતો અને મારો દિકરો હરેશ ઉર્ફે રામો પણ ત્યા જ કામ કરતો હતો. સાંજના સમયે કામ કરીને ત્યા સુઇ ગયેલ હતો અને ગઈકાલે વહેલી સવારના પાંચેક વાગ્યે ઉઠીને અમારા ઘરે જવા નીકળેલ અને હરેશ ઉર્ફે રામો ઘરે આવીને કોઇની સાથે ઝઘડો ન કરે માટે હું પણ તેની સાથે ઘરે આવેલ અને ઘરે આવીને તેને જમવાનુ બનાવાનુ કહેલ જેથી મેં કહેલ કે, તારી મા અને બહેનો સુતી છે તેને જગાડવી નથી ઉઠશે ત્યારે બનાવી દેશે કહેતાં હરેશ ઉર્ફે રામો ઝઘડો કરવા લાગેલ અને મને મારવા દોડેલ હતો.

બાદમાં અમારા બન્ને વચ્ચે મારામારી થયેલ અને હરેશ મને મારતો હતો ત્યારે મારો બીજો પુત્ર હસમુખ જે બીજા રૂમમાં સુતો હતો ત્યાંથી જાગીને દોડી આવેલ અને હરેશને પકડીને છોડાવા જતા તેના હાથમાં બટકુ ભરી લીધેલ હતું. જેથી હસમુખે મૃતક હરેશને પકડીને ધક્કો મારતા તે નીચે જમીન પર પડી ગયેલ અને ઘરમાં બેલા પડેલ હતાં જેમાથી મે એક બેલુ લઇ હરેશના માથામાં મારી દેતા તેને લોહી નીકળવા લાગેલ અને થોડીવારમાં તે મોતને ભેંટયો હતો. ત્યારબાદ પિતા-પુત્રએ પત્નિ અને બન્ને દિકરીઓને જગાડેલ તેમજ તેમના ભાઈ દેવરાજ તથા ભત્રીજા રાજેશને બોલાવી હરેશ અગાસી ઉપરથી પડી ગયેલ છે તેમ કહી હરેશની લાશની અંતિમવિધી કરી નાખેલ છે. જે વાત ઘરના સભ્યો કે અન્ય ગામના લોકોને પણ કરેલ ન હતી તેમ વાત કરતા યુવાનની હત્યા થયાનું સામે આવ્યું હતું.

ઉપરાંત મૃતક હરેશ ઉર્ફે રામાને છેલ્લા ઘણા સમયથી મગજની બીમારી હોય અને માનસિક રીતે અસ્થિર હતો. તેની માનસિક અસ્થિરતાના કારણે તેના ઘરના સભ્યો સાથે ઝઘડો કરતો હતો. બનાવ અંગેની ફરીયાદ પરથી સુલતાનપુર પોલીસે ગુનો નોંધી યુવકની હત્યા કરનાર પિતા અને તેના ભાઈની ધરપકડ કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરવામાં આવી હતી.

સાત ભાઈ-બહેનમાં વચ્ચેટ મૃતક હરેશ ૨૦ દિવસ પહેલાં જ શાપરથી પોતાના ગામ ગયો હતો

રાજકોટ. તા.૨

મૃતક હરેશ ઉર્ફે રામો માનસિક બીમારીથી પીડિત હતો. તે શાપરમાં કારખાનામાં કામ કરતો હતો. પરંતુ બીમારીના કારણે તે ૨૦ દિવસ પહેલાં જ પોતાના ગામ મોટીખીલોરી ગયેલ હતો. મૃતક ત્રણ ભાઈ અને ચાર બહેનમાં વચ્ચેટ હતો. બનાવથી નાના એવા ગામમ અરેરાટી વ્યાપી ગઈ હતી.

જામનગરમાં વડાપ્રધાનની સભા પૂર્વે રાતોરાત ડેમેજ કંટ્રોલ કરવા પ્રયાસો : નારાજગી શાંત પાડવા મથામણ

ભાજપ સામે વિરોધ હોય તો પણ કોંગ્રેસને મત નહીં જ : ધ્રોલ પંથકના સરપંચોનો સંકલ્પ

મોટા વાગુદળ ગામે પુનમબેન, રાઘવજીભાઈ, મેઘજીભાઈની હાજરીમાં એસો.ની બેઠક : 'ઘોડો ન ગમે તો ગધેડાને મત ન અપાય' : મોટુ મન રાખવા રાજભા જાડેજા સહિતના આગેવાનોની અપીલ

રાજકોટ, તા. ૨

રાજકોટ લોકસભાના ભાજપના ઉમેદવાર પરસોતમ રૂપાલા સામે ક્ષત્રિય સમાજના ચાલી રહેલા આંદોલનના પડઘા દુર દુર સુધી પડયા છે ત્યારે જામનગર જિલ્લામાં સમાજનો રોષ શાંત કરવા પ્રયાસો ચાલી રહ્યા છે. તેના ભાગરૂપે ગઇકાલે મોડી સાંજે ધ્રોલ તાલુકાના મોટા વાગુદળ ગામે તાલુકા સરપંચ એસો.ના પ્રમુખ સહિતના ૧૦ ગામોના સરપંચોની મીટીંગમાં ભાજપને નહીં તો કોંગ્રેસને પણ મત નહીં આપવા સંકલ્પ લેવામાં આવ્યો હતો. ભાજપના ઉમેદવાર પુનમબેન માડમ, મંત્રી રાઘવજીભાઇ પટેલ, ધારાસભ્ય મેઘજીભાઇ ચાવડાએ મજબુત રાષ્ટ્રવાદ ધ્યાને રાખી હાલારના મતદારોને મોટુ મન રાખવા અનુરોધ કર્યો હતો.

આજે સાંજે જામનગરમાં વડાપ્રધાન નરેન્દ્રભાઇ મોદીની સભા છે તે પૂર્વે આ બેઠક પરનું ગરમ વાતાવરણ શાંત પાડવા ગત રાત્રે આ મીટીંગનું આયોજન કરવામાં આવ્યું હતું. આ રીતે ડેમેજ કંટ્રોલ માટે છેલ્લી ઘડી સુધી બેઠકો ચાલી છે.

મોટા વાગુદળ ગામે પૂર્વ તાલુકા ભાજપ પ્રમુખ રાજભા સતુભા જાડેજાના ફાર્મહાઉસ ખાતે આ મીટીંગનું આયોજન કરવામાં આવ્યું હતું. જામનગર સંકલન સમિતિના પ્રમુખ ગોવુભા, જામનગર જિલ્લા પંચાયતના સભ્ય લખધીરસિંહ જાડેજા, તાલુકા સરપંચ એસો.ના પ્રમુખ સહિત ૧૦ ગામના સરપંચોએ આ બેઠકમાં ભાગ લીધો હતો. ૧૦૦ જેટલા આગેવાનોએ નિષ્પક્ષ અને તટસ્થ ચર્ચાઓ કરી શાંતિથી વિરોધ કરવા મન બનાવ્યું હતું.

રાજભા જાડેજા સહિતના આગેવાનોએ કહ્યું હતું કે ઘોડો ન ગમતો હોય તો ગધેડાને મત તો ન જ અપાઇ. જે કંઇ વિવાદ ઉઠયો છે તે રાજકોટમાં ભાજપના ઉમેદવાર સામે થયો છે. પરંતુ ભાજપ સામેના રોષનો લાભ કોંગ્રેસ લઇ જવી ન જોઇએ. ૧૦ ગામના લોકોની પણ આ લાગણી છે. વર્ષોથી ભાજપ પરિવાર સાથે સૌ જોડાયેલા છે. કોંગ્રેસનું બટન દબાવીને લોકો આવી ભુલ કરવા માંગતા નથી.

ભાજપના ઉમેદવાર પુનમબેન માડમે કહ્યું હતું કે ગામના સરપંચોએ જે જાગૃતિ દર્શાવી તે અભિનંદનને પાત્ર છે. સરપંચો ગામમાં શાંતિપૂર્ણ અને રાષ્ટ્રહિતમાં મતદાન વ્યવસ્થા કરાવવા તૈયાર થયા છે. આ પહેલ પરિવાર જેવી જ છે. દરેક ગામડામાં દેશના વિકાસને ધ્યાને રાખીને મત આપવા તેમણે અપીલ કરી હતી.

સરપંચોએ કહ્યું હતું કે આ વિવાદનો ગેરલાભ કોંગ્રેસ લઇ જવી ન જોઇએ. શાંતિથી વિરોધ કરીને પણ સંદેશો આપી શકાય છે. જો ભાજપને મત ન આપવો હોય તો નોટાનો વિકલ્પ પણ છે. પરંતુ કોંગ્રેસને લાભ મળવો ન જોઇએ. આ મીટીંગમાં પ્રમુખ વિરેન્દ્રસિંહ જાડેજા, મોટા વાગુદળના ઉપસરપંચ અનિરૂધ્ધસિંહ જાડેજા, નાના વાગુદળના ઉપસરપંચ યુવરાજસિંહ જાડેજા, અન્ય સરપંચો વિરેન્દ્રસિંહ જાડેજા, કનકસિંહ જાડેજા, હકુમતસિંહ જાડેજા, મયુરસિંહ જાડેજા, હિતેન્દ્રસિંહ જાડેજા, મહેન્દ્રસિંહ જાડેજા, પ્રદિપસિંહ જાડેજા વગેરે હાજર રહ્યા હતા.

સાંજ સમાચાર ટચુકડી જાહેર-ખબર

સાંજ સમાચાર
ટૂંકી જાહેરાત સાંજ સમાચારમાં ગુરૂવાર–શનિવારના અંકમાં પ્રસિધ્ધ
★ઓછામાં ઓછી ૪ લાઈન
★ફક્ત રોકડા રૂપિયાથી સ્વીકારાશે
★સવારના ૧૦ થી સાંજના ૮ સુધી
★અમારે દરેક ગામ/શહેર એજન્ટ અને ખબરપત્રી દ્વારા પણ આપી શકાશે.
- વ્યવસ્થાપક

Raymond શુટ રૂ. 3000
કાપડ + સિલાઇ સાથે સફારી શુટ રૂ. ૧૫૫૦
રેમન્ડ જોડી સિલાઇ સાથે રૂ. ૧૨૦૦
વિમલ, મયુર, સિયારામ કાપડ + સિલાઇ સાથે ફક્ત રૂ. 3000 શુટ કોટ પેન્ટ
વિમલ, મયુર, સિયારામ કાપડ સિલાઇ સાથે બ્રાન્ડેડ જોડી રૂ. ૧૧૦૦

ભાડે મળશે શુટ-સેરવાની
ચણીયા ચોળી
ઇન્ડો-વેસ્ટર્ન જોધપુરી-બ્લેઝર સાફા-મોજડી
ચામુંડા ટેઇલર્સ એન્ડ સિલેકશન
વિશ્વેશ્વર મંદિર સામે, મવડી મેઇન રોડ રાજકોટ.
મો. ૯૮૨૫૫ ૪૮૬૫૫

રાજપૂતાના પોષાક
રજવાડી બીજીસ ઇન્ડર શર્ટ, અચકણ બેલ્ટ, બ્લોચ કલગી સાફો-પાઘડી, મોજડી, ઇન્ડર જોધપુરી તેમજ બાળકોના ઇન્ડર શર્ટ - બીજીસ મળશે
ન્યુ બન્ના કલેકશન

ચામુંડા શુટ ઝોન
શુટ ફેન્સી →૩૫૦૦થી
ઇન્ડોવેસ્ટર્ન →૩૫૦૦થી
ફેન્સી બ્લેઝર →૨૫૦૦થી
સેમી ઇન્ડોવેસ્ટર્ન →૨૨૦૦થી
કોટન કુર્તા સેટ → ૫૫૦થી
ફેન્સી કોટ →૧૦૦૦થી
સિલ્ક કુરતા જેકેટવાળા →૧૮૫૦થી
કાઉલ કુરતા શેટ→૨૫૦૦થી
કોટી → ૫૫૦થી

વેચવાનું છે

મકાન વેચવાનું છે
કિ. ૨૭, ૫૦ વાર, લોનેબલ, મેહુલનગર–૧, કોઠારીયા રોડ, બદલામાં ૧ બીએચકે ચાલશે, મો.૮૮૪૯૯૫૩૯૦૨ (૬૫૭૨)

ફલેટ વેચવાના છે
૦૨ રૂમ, સીટીંગ, ડાઈનીંગ મીલપરા શેરી નં.૫, બીજા માળે, ફુલ બિલ્ટઅપ ૯૦.૫૫ ચો.વાર., રાજકોટ. મો. ૯૮૨૫૬૭૩૭૭૧(૬૫૩૨/૧)

મકાન વેચવાના છે
૦૨ મકાન બાજુ બાજુમાં, કુલ ૧૫૩.૯૩ વાર, જે.કે.પાર્ક, શેરી નં. ૨, આલાપ ગ્રીન પાછળ, રાજકોટ. મો.૯૮૨૫૬ ૭૩૭૭૧ (૬૫૩૨/૨)

કસમાં દુકાન વેચવાની છે
કોઠારીયા મેઈન રોડ, દરેક ધંધાલાયક કિ. ૪૫ ફાઈનલ, મો. ૯૪૦૮૯ ૨૪૫૧૮ (૬૬૦૩)

કસમાં ફલેટ વેચવાનો છે
ફલેટ–૨ બીએચકે, ફુલ ફર્નિચર, ૧૦૦% લોન, ૨૪ કલાક પાણી, બજરંગવાડી, જામનગર રોડ, મો. ૮૨૬૪૩ ૩૩૪૬૦ (૬૬૦૨)

મોમાઈ એસ્ટેટ બંગલા વેચવાના છે પંચવટી સોસાયટીમાં
૩૪૫ = વાર
૩૦૦ = વાર = ૨૭૦ = વાર
એસ્ટ્રોન સોસાયટીમાં
૪૦૦ = વાર = ભાવ ૧૮૦
૩૦૦ = વાર = ૨૦૦ = વાર
ગુલાબ વાટીમાં
૩૦૦ = વાર = મેઈન રોડ પ્લોટ છે = ૪૩૨ = વાર
૪ ફલેટ વેચવાના છે
નુતનનગરમાં
બે બંગલા વેચવાના છે
ઈન્દ્રપ્રસ્થમાં
૫૯૦ = વાર બંગલો વેચવાનો છે
બ્રો. સોની જેન્તીભાઈ : ૯૧૫૭૦ ૪૫૯૦૯ (દલાલ માફ) (૬૫૨૯)

મકાન વેચવાના છે
૦૩ મકાન બાજુ–બાજુમાં ભરતી ભરણી, ડો. યાજ્ઞિક રોડથી પૂર્વ બંધ શેરી (૧) ચો.વાર આ. ૧૨૮ અને (૨) ચો.વાર. આ. ૧૩૯ (૩) ચો.વાર ૧૧૯.૫ છે. મો. ૯૮૨૫૬૭૩૭૭૧(૬૫૩૨/૩)

જગ્યા વેચવાની છે
આગળ ૪૦ ફુટનો રોડ સાઈઝ: ૧૨x ૨૦(બોક્સ બાર્ડ) ૪૦૦ વાર ૬૦ નો ફુટ
ચારભુજા મારબલની પાછળ માઝુતિ ઈન્ડસ્ટ્રીઝ એરીયા જુના જકાતનાકા પાસે
ગોંડલ રોડ રાજકોટ
88666 07250

તાત્કાલીક ફલેટ વે. નો છે
એપલ એલીગન્સ, ૨ બેડ, હોલ, કીચન, સેમી ફર્નિ., જીમ, સ્વીમીંગ, ફુલ પાર્કિંગ, ઈશ્વરીયા પહેલા, કાલાવડ રોડ, રાજકોટ. મો. ૯૭૨૭૬ ૫૫૩૨૫ (૬૬૦૬)

પરસાણાનગર મેઈન રોડ ઉપર ૧૮૦ વારનું મકાન, બેસ્ટ લોકેશન, ફુલ પાણી, ઉપર નીચે બાંધકામ, પાર્કિંગ, બે સાઈડ ઓપન, શહેરની મધ્યમાં વેચવાનું છે. મળો : ૯૮૨૫૩ ૫૭૧૨૪/૯૮૨૫૭ ૪૫૭૪૩ (૬૬૦૦)

મકાન વેચવાનું છે
૩ બેડ, હોલ, કિચન, ૮૭.૫ વાર, વેસ્ટ ઓપન, ફુલ પાણી, પેક સોસાયટી, શાંતિ નિકેતન એવન્યુ બ્લોક નં. ડી–૯, આલાપ ગ્રીન સીટી પાછળ, રૈયા રોડ, મો. ૯૭૨૬૧ ૯૮૧૮૯ (૬૫૯૭)

તાત્કાલીક ફલેટ વેચવાનો છે
મવડી કણકોટ રોડ, પટેલ એરીયા, ઈસ્કોન એમ્બીટો, ૩ બીએચકે વીથ ફુલ ફર્નિચર, દલાલ ભાઈઓ આવકાર્ય, સંપર્ક : ૮૦૦૦૬ ૭૪૨૨૪ (૬૬૦૯)

ધંધાદારી

શ્રી યમુના પેકેજીંગ – રાજકોટ
પ્લાસ્ટીક બોકસ–પ્લાસ્ટીક બોકસ ઝટકા મશીન બનાવવા– ઓટો પાર્ટસ ઓટો મોબાઈલ્સ– નટ બોલ્ટ– મશીન પાર્ટસ– ટ્રેકટર પાર્ટસ–જેસીબી પાર્ટસ– ટુલ્સ– હાર્ડવેર–બ્રાસ પાર્ટસ– મોબાઈલ એસેસરી– વી.એમ.સી. – સી.એન.સી. – પાર્ટસ ઈલેકટ્રોનિક પાર્ટસ– ચશ્માની ફ્રેમ તથા ગ્લાસ રાખવા, મેડીકલ (દવાઓ રાખવા) સર્જીકલમાં– પ્લેટ– સ્ક્રુ તથા નેઈલ રાખવા, સોની કામના ઓજાર– ચાંદી કામ વેક્ષ માટે–કટલેરી હોઝીયરી તથા આપની નાની મોટી ફેકટરીમાં દરેક જાતના ટુલીંગ– પાર્ટસ રાખવા માટે પ્લાસ્ટીકના હેવી બોકસ હાજર સ્ટોકમાં મેળવવા માટે– શ્રી યમુના પેકેજીંગ, રાજકોટ. મો. ૯૮૭૯૪ ૭૯૬૯૫, ૯૭૨૭૮ ૭૪૨૬૬ (૬૪૯૪)

એસી, ફ્રીઝ, વોશિંગ મશીન, વોટર કુલર, રીપેરીંગ/સર્વિસ, મહેન્દ્રભાઈ– ૯૮૨૪૬ ૯૪૫૬૭ (૬૨૮૯)

હોમ કેર
૩૩ વર્ષ સરકારી હો. અનુભવ, ડ્રેસીંગ, ઈજેકશન, પાઈન્ટ એનીમા કેપેટર વગેરે મો. ૯૯૨૪૮ ૭૦૧૨૬ (૬૫૧૨)

ઘરઘંટી, વોશીંગ મશીન, ફ્રીઝ
ગીઝર, આરો, ઓવન, ગેસ ચુલો રીપેરીંગ, મો. ૯૭૨૩૧ ૨૫૯૬૪ (૬૪૬૬)

સાંઈરામ, ઘરે બેઠા આઈ.ટી. રીટર્ન અને GST સર્વિસ મેળવો, મો. ૯૩૭૬૬ ૪૨૩૬૦ (એસ/એસ)

ગાર્ડન માટે લોનમુવર
ઈલેકટ્રીક તથા નેમીપુઅલ લોનમુવર ભારમલ બ્રધર્સ રાજકોટ મ્યુનિસીપલ કોર્પોરેશનની સામે, ઢેબર રોડ, રાજકોટ. મો. ૯૮૨૫૩ ૨૦૮૨૯ (મહાદેવ)

ઘરબેઠા ફ્રીઝ રીપેરીંગ
સીંગલ–ડબલ ડોર ફ્રીઝ માટે શ્રી સદગુરૂ રેફ્રીજરેશન, રૈયા રોડ, મો.૯૪૨૬૨ ૩૮૨૧૪ (૬૫૯૮)

કામદાર પબ્લીસીટી

કોઈપણ દૈનિક ન્યુઝ પેપરની નાની-મોટી કે ટચુકડી જાહેરાત આપવા સંપર્ક કરો
ચંદ્રકાન્તભાઈ કામદાર–૯૮૭૯૨ ૬૬૫૧૫
નિતેશ કામદાર–૯૮૯૮૯ ૭૨૮૩૮
પ્રમુખસ્વામી આર્કેડ, ૩જા માળે, માલવીયા ચોક, રાજકોટ

કલરકામ / વોટરપ્રુફીંગ
કડીયાકામ, મારબલ–ટાઈલ્સ રીપેરીંગ, ૯૪૨૬૭ ૩૪૩૪૫ (૬૫૯૫)

ઘર બેઠા બત્રીસી બનાવી આપશુ તથા ફિકસ દાંત ગોલ્ડન, સિલ્વર બનાવી આપશું. દાંતના તમામ કામ માટે મળો. ભારતીબેન પંડયા : ૯૯૯૮૦૦૧૭૧૪ (૬૫૯૯)

હોલસેલ ભાવે મળશે, ડ્રેસ મટીરીયલ, કુર્તી, કોટન, પ્રિન્ટેડ ડ્રેસ, કુર્તીપેર તથા વર્કમાં મળશે. દેવેન્દ્ર ડ્રેસીસ, વોરાવાડ, રાજકોટ. મો. ૯૮૨૪૪ ૮૦૬૬૪ (૬૪૭૬)

જોઈએ છે

(તાત્કાલીક જરૂરીયાત છે)
અમને તાત્કાલીક સિવિલ એન્જીનીયર્સ CAD ઓપરેટર, કલેરીકલ સ્ટાફની જરૂર છે, પેટ્રોલીયમ કંપનીને લાગતો અનુભવ જરૂરી, ઈ–મેલ : bhadrashilp@gmail.com મો. (૧) ૭૦૪૬૧ ૨૫૪૨૪, (૨) ૯૪૨૬૮ ૧૬૦૨૪

જોઈએ છે
કુરીયર કંપનીમાં પાર્ટટાઈમ સાંજે ૬ થી૯ વર્ક કરી શકે તેવા ઉત્સાહી માણસની જરૂર છે. મેટોડા જીઆઈડીસી માટે મો. ૯૯૯૮૩ ૬૫૫૯૦, ૮૩૨૦૫ ૨૬૮૦૯ (૬૬૦૧)

દુકાન માટે માણસની જરૂર છે
પ્લાસ્ટીક બંગડી હોલસેલ માટે માણસની જરૂર છે, પેડક રોડ, ચંપકનગર–૩માં, ૯૦૬૭૫ ૪૫૭૦૯ (૬૬૦૪)

જોઈએ છે
ડાયસોપ સુપરવાઈઝર–૧ (અનુભવી), ડેલ કેમ વીએમસી પ્રોગ્રામર–૨, ઓનલાઈન ફલેટ ફોર્મના સેલિંગ ફિલ્ડના અનુભવી સ્ટાફ–૪, (મેલ / ફિમેલ), વીએમસી ઓપરેટર–૩, પ્લાસ્ટીક મોલ્ડ ડાયમેકર–૩, સીટ મેટર ડાયમેકર–૨, ટર્નર–૨, ફીટર–૩, ડ્રીલીંગ ઓપરેટર–૩, કન્વેસનલ મીલીંગ ઓપરેટર–૨, વાહન અને રહેવાની સગવડ છે. મો. ૯૮૨૪૮ ૩૫૨૫૧ (વિકાસ)

યાત્રા પ્રવાસ

સદગુરૂ યાત્રા
(૧) ચિત્રકુટ, બનારસ, અયોધ્યા, છપૈયા, ગયા, પ્રયાગરાજ, બોધગયા (૨) ચંપારણ્ય, જગન્નાથપુરી, કલકતા, ગંગાસાગર (૩) મહારાષ્ટ્રના પાંચ જયોતિર્લિંગ, ત્રંબકેશ્વર, ભીમાશંકર, પર્લી બેજનાથ, ધુશ્મેશ્વર, ઓઢા, નાગનાથ, ઈલોરા, ઔરંગાબાદ, શીરડી (૪) હૈદરાબાદ, સિકંદરાબાદ, શ્રી સેલમ મલ્લિકાર્જુન, તિરૂપતિ, વેલુર, ગોલ્ડન ટેમ્પલ, રામોજી ફિલ્મ સીટી, ગુજરાતી ભોજન, કપલ રૂમ, દાસભાઈ : ૯૮૨૫૪ ૦૯૯૪૦ / ૮૧૫૫૮ ૮૧૨૮૮ (૬૫૦૧)

ખોડીયાર ટ્રાવેલ્સ સ્લીપર
તા. ૩૦/૫ ચોકકસ ઉપડશે, ચારધાર દિ. ૨૧૫૦૦/–માં કેદાર, બદ્રી, ગંગોત્રી, યમનોત્રી દિ.૧૬, રહેવા– જમવા જુજ સીટ બાકી તા. ૨૦/૫ દિ.૧૨, હરીદ્વાર રાઉન્ડ, તા.૧૫/૫ દિ.૪, સ્ટેચ્યુ, પાવાગઢ, એ.સી. ૨×૩, બુકીંગ, મો. ૯૮૨૫૩ ૫૯૦૯૦ (૬૬૦૭)

ભાડે આપવાનું છે

ભાડે આપવાનું છે
૧ બીએચકે મકાન, ઉપરના માળે ભાડે આપવાનું છે. શીતલ પાર્ક, ઓમકારેશ્વર મંદિર સામે, રાજકોટ. મો.નં. ૯૮૨૫૮ ૮૬૪૮૬ (ગાંધી)

વાહન લે–વેચ

એકસીસ સ્કુટર સફેદ વેચવાનું છે, ૧૦ વર્ષ જુનુ, ભરતભાઈ પારેખ, કિંમત ૨૫, મો. ૮૧૨૮૫૩૫૫૬૨ (૬૫૯૨)

શશી પબ્લીસીટી

૧/૩ લક્ષ્મીવાડી કોર્નર, રાજકોટ.
દરેક પેપરની ટચૂકડી જા.ખ. માટે મળો: પ્રકાશ ગાંગડીયા
મો: ૯૮૨૫૫ ૫૫૮૪૫, ૮૮૪૯૩ ૮૦૭૪૮

યાત્રા પ્રવાસ

રામા ટ્રાવેલ્સ–જેતપુર ધમાકા–ધમાકા–ધમાકા
ઉજ્જૈન, ઓમકારેશ્વર, ચિત્રકુટ, અલ્હાબાદ, કાશી, અયોધ્યા, હરિદ્વાર, મથુરા, રામદેવડા, અંબાજી દિવસ–૨૦ ભાડુ રૂા. ૯૦૦૦/– રહેવા– જમવા સાથે ઉપડશે. તા. ૧/૬/૨૪ (૨) દિવસ–૨૦ રૂટ ઉપર મુજબ ભાડુ રૂા. ૭૦૦૦/– (ફકત ભાડુ) મો. ૯૯૭૮૮ ૧૨૫૩૮

જય બાલાજી ટુર્સ
ઉપડશે તા. ૧૬/૫ રાત્રે, ચાલો વેકેશનમાં હરીદ્વાર, દિલ્હી, ગોકુળ–મથુરા, આગ્રા, જયપુર, પુષ્કર, નાથદ્વારા, અંબાજી, ઉંઝા, કેસરીયાજી, શામળાજી, ડાકોર વિગેરે ઘણા સ્થળો રહેવા જમવા ચા–નાસ્તો સહિત સ્લીપર કોચ બસ, આનંદદાયક ગેરંટીથી યાત્રા કરાવનાર એક માત્ર નામ ચંદુભાઈ મૈયડ : ૯૮૭૯૯ ૫૬૯૯